# રોજંદી મનશાની

અને

# નેક વિચારો.

પ્રગટ કર્તા

દીનશા મેહેરવાન



સરસ સૌથી ખરો રહેબર
અશો જરથોસ્ત પયગમ્બર
દરૂડ તાહુરા રવાન ઉપર—અશો

જગતને કાજ તે દુખને
લીધુ માથે તજી સુખને
કીધો દુખનો દિલે નહિ ડર—અશો

ભલે દાદાર તે સ્થાપ્યો
જરથોસ્તને જન્મ આપ્યો
ટળ્યા જેથી ભવોના ભાર—અશો

પુકારી આક્રીન લાખો
ફીદા જાનો કરી નાખો
કહો તુ રાહનુમાઇ કર—અશો

લડાઇ તુ લડયો સત્યની
વળી તે પાક હોરમઝદની
તજી મેહેલ માલો જર—અશો

અમારી દાદ તે લીધી
તજાવી તે બદી દીધી—અશો

## ખુદાની શોધમાં.

નથી જગની મને કાંઇ આશ,
નથી સુખની મને કાંઇ પ્યાસ.

અરે હું લઇને છું વનવાસ,
તને મળવા થકીજ નિરાશ

અમીરી છોડી રખડું હું,
ફકીરી લઇને શોધું હું

પહેરી તુજ નામની માળા,
ભટકું છું [illegible] નહી નાના

નથી પહાડો કે પર્વતમાં
નથી પાતાલ [illegible] તમાં

નથી ઝાડો કે ફુલ ફળમાં,
અરે પડશે નજર તું ક્યાં?

નથી જીન્દગી મારી પ્યારી!
તુજ વિણ ને ખરી ખારી

દયાની કર નજર તારી!
નથી તુજ વિન પ્રીયા મારી!

હું પ્યાસી પા, મને તુજ પ્રેમ,
[illegible] તુજ વિન પ્રભુ હું કેમ?

ખુદા તુજને અરજ મારી, છે
લે મુજને પનાહ તારી,

વૈરાગ

નમુ [illegible] નુ ને આ પાક પરવરદેગાર,
સતાએશ કરૂં છું તારી હજારો હજાર,

તુજ છે મારો ખાવંદ મદદનો કરનાર,
તુજ છે મારો સાહેબ નેઆમત બખશનાર

તુજ છે મારો રોજી પાળનાર પોષનાર,
તુજ છે મારો પાદશાહ દાદનો દેનાર,

તારી આગળ હાથ જોડી ખડો હું રહું,
મોરાદ મારા મનની માગી [illegible]

કે તંદરોસ્ત આબાદને [illegible] તુ કર,
સદા રહેમ નજરથી હમારે હાથ ધર

બનાઉના ને અશોઇના કામ તુ કરાવ,
ગોનાહ માટે કરી ન મારગ ચલાવ

અશોઇ જોર હીમત [illegible] આપ,
[illegible] બધા [illegible] આપ

આપ નેક મનની ને એક [illegible]
[illegible]

હમોપર સદા રાખજ તારો [illegible] હાથ,
ના [illegible] હમને [illegible] સાથ

[illegible]
[illegible]

[illegible] મનને [illegible], મોટુ કામ તો [illegible]
એ કામ [illegible] તો નુકશાન [illegible]

# રોજીંદી મનશની, ગવશની,

અને

# નેક વિચારો

સંગ્રહ કરી પ્રગટ કરનાર

## દીનશાહ મેહેરવાન.

**૬૧૭ સચ્ચા પીર સ્ટ્રીટ, પુના.**

ધી જમશેદજી નશરવાનજી પીતીત પારસી ઑરફનેજ
કૅપટન પ્રીંટીંગ વર્કસ, ન. ૧૪૧, લાલબાગ પરેલ,
મુંબઈમા મી૦ મેહેરજી બેહેરામજી મીઠાઈ-
વાલાએ છાપ્યુ છે, અને મી૦ દીનશાહ
મેહેરવાને પુના, સચ્ચા પીર સ્ટ્રીટ
મધેથી પ્રસિદ્ધ કીધું છે.

કીંમત રૂ. ૧)

# ખોલાસો.

બગીચામાના ઝાડ ઉપરના જુદા જુદા ફુલો જમા કરીને સુદર ગજરો બનાવવામા આવે છે તેમ જુદા જુદા ચોપડી ચોપાન્યા ચેરાગ, જામે, વગેરેમાથી લખાણો લઇ આ નાની ચોપડી છપાવી છે, તે માટે એ સરવે ગ્રથકારોના એહેસાનનો સ્વીકાર કરૂ છુ

# અર્પણ પત્રીકા.

આ નાની ચોપડી "**રોજીંદી મનશાની અને નેક વિચાર**" માહરા અઝીઝ મીત્ર અને ભલા ભાઇ શેઠ શોરાબજી નશરવાનજી પહોચખાનાવાલાની મારા તરફની ભલી લાગણીની યાદમા અર્પણ કરૂ છુ

સેવક,

**દીનશાહ મેહેરવાન.**

પુણા, ૧-૨-૨૫.



શેઠ સોરાબજી નસરવાનજી પોચખાનાવાલા

જરથોસ્તી સ્વભાવ, ને જરથોસ્તી આચાર વિચાર સાથ જરથોસ્તી ધર્મ પર પુર એતબાર, તથા એતેકાદ ધરાવનાર કોમની તેમ જ દેશની કીર્તિ વધારનાર વેપારી વર્ગના સાચ્ચા દીલશોજ સલાહકાર મારા ભલા ભોળા મિત્ર ભાઈ સોરાબજી નસરવાનજી પોચખાનાવાલાની જશવતી કારકીર્દી ફતેહમદ થાય ને તદરોસ્તી સાથ લાબુ આયુષ્ય ભોગવી કોમની તથા દેશની સેવા કરવા શકતીવાન થાઓ એવી મુજ કમતરીન સેવકની દુઆ પરવરદેગાર આમીન કરે

દી મે

A 4832-Lakshmı Art, Bombay, 8

## શાંન્તિ.

આ ચોપડી રોજ વાચવાથી થાકેલા જીવને આસાએસ મળશે, રવાનને પ્રકાશ મળશે, અક્કલ હુશીયારી વધશે, જીંદગીમા જીવેલુ પ્રમાણુ થાય છે, સંકટમા સબુરી મળે છે, દુખ ભુલી જવાય છે, ખુદાની વધારે નજદીક જવામા મદદ મળે છે, પાપમાંથી છુટકો થાય છે, ખુદાઇ ગ્નાન મળે છે.

---

## ૩૦ રોજની ગજલ.

( દીવાને આદીલ પરથી ) રંગત ખડી.

અહુરમઝદને જે આરાધે તે નર દુખીયો ફરે નહી
બહમનની જે કરે બંદગી તે વિન મોહતે મરે નહી
અરદીબેહસ્તની યાદ કરેતો મળશે અંતમા બેહસ્ત મુકામ
સહરેવરની સ્તુતી જે કરશે તે નરને મળશે આરામ
અસપનદારમદની યાદ કરજે મનની પુરણ થાશે હામ
ખોરદાદની ખુબી પીછાણો બેહસ્તમા આપે અમરત જામ
અમરદાદની યાદ સદા જે કરે તે કોઇથી ડરે નહી
બહમનની જે કરે બંદગી તે વિન મોહતે મરે નહી

૧

દેપાદર દાદારનો દરજો બુલદ રાખો મનથી યાદ
આદર બખશે ઇઝત આમરૂ કરે દરૂઝોને બરબાદ
આવા ઇઝદ મુરાદ બખશે તન મનથી રાખે આબાદ
ખુરસેદ રાખે ખુશાળ દીલથી સદા લીય સર્વેની દાદ
મોહોર ઇઝદને નમે માનથી તેહના કાજ કેમ સરે નહી
બહમનની જે કરે બદગી તે વિન મોહતે મરે નહી

૨

તેસ્તરતીરની પદવી ભારી જુવો માથવાણી દરમ્યાન
ગોશ ઇઝદ ગોસ્પદનો વાલી ગુન જેહના સમજો ગુનવાન
દપમહેર દાતા સદા દયાનો દયા કરે સઉપર દીલજાન
મહેર યઝદ છે ધણી મેહેરનો પ્રાણ કરો જેપર કુરબાન
સરોશ ગેબી કરે બશારત તેહની બીજો કોઇ કરે નહી
બહમનની જે કરે બદગી તે વિન મોહતે મરે નહી

૩

રસનેરાસ્ત રાસ્તીનો ધણી છે સમજો સરવે નાર નરો
ફરોખ ફરવરદીન ઇઝદ છે ફતેનો જે દેનાર ખરો

બેહરામ ઇઝદની મદદને માગી ભવનો સાગર પાર તરો
રામ ઇઝદ રસકસને આપે યાદ જેની હરવાર કરો
ગુવાદ છે પરમુખ પવનપર જેહના વગર મન ઠરે નહી
બહમનની જે કરે બંદગી તે વિન મોહતે મરે નહી

૪

છે દેપદીન દાતાર દયાનો ઘટઘટમા જે વાસ કરે
દીન કરે દીનની રખવાળી દેવ દરૂજનો નાસ કરે
અરશેસવંગની અપાર ખુબી મનની પુરણ આસ કરે
આસતાદ અન ધનને આપે સુખીયા બારેમાસ કરે
આસમાનની અજબ ખુલદી સમજે તે દુખ ભરે નહી
બહમનની જે કરે બંદગી તે વિન મોહતે મરે નહી

૫

જર બખશે જમીયાદ જગતમાં સઉ કોઇ તેહની યાદ કરો
મારેસ્પંદ છે મીનો ખરેખર સમજી દીલને શાદ કરો
અનેરાન અનદાતા સઉનો ભજીને તન આબાદ કરો
મળશે ગ્યાન સંપુરન તમને સતગુરૂને ઉસતાદ કરો
કહે આંદીલ સત ગુરૂ વગર કોઇ ગ્યાનનો સાગર તરે નહી
બહમનની જે કરે બંદગી તે વિન મોહતે મરે નહી

# મોનાજાત ૩૩ ફરેશતાઓની.

આ મુનાજાત ભણુનારને ઘણો ફાયદો થાય છે.

ઇજદ હરવસ્તુનો અમર્ગ હુસેપાસ,
ખોરહમદ અહુરમજદ નીકી શનાસ,
બોકુન જિન્દગાની તો મારા ફરાખ,
બ યારાનો ખીસાનો પએવદો શાખ
બેફરમા બા બહમન અમશાસ્પદ,
કે દારદ બગીતી મરા અરજુમદ.
જે દીબાએ જર-મકત પુશીશ મરા,
બેબક્ષદ દેહદ ખલઅતે પુર-સફા.
બ મરહુમ બેસાજદ મરા આસ્તી,
હમીશેહ દેહદ બર જબાન રાસ્તી.
મનશ્ની મરા દારદ ઉ ખુબતર,
રેહાનદ રવાને મરા અજ સકર
રસાનદ રવાનમ બ કુરસાએ અર્શ,
અબા જામેહ-ઓ સાજે જર બફનો ફર્શ
નેગેબાને મન કુન તો અરદીબેહેરત,

કે બેદેહદ મરા જાએ રોશન બેહેસ્ત.
બગીતી મરા શાદ-કામી દેહદ,
બ મીનો બરમ મેહેરબાની નેહદ
બેફરમા બ શેહેરીઆર અએ દાદગર,
કે અક્ષફ બગીતી મગ સીમો જર.
બ પીશે બુઝોરગાનો નામ-આવોરાન,
મરા આબરૂઇ નેગેહદારેદ આન.
બ હર જા દેહદ ઇમની મરા મરા,
દેહદ શાદ-કામી ફઝુનતર મરા
બોકુન પાસબાનમ સપદારમદ,
કે બર રૂયે અંજમ ફરાખી દેહદ
બ જાએ અશોઆન મુકામમ દેહદ,
બ મન શેફકતો મેહેરબાની નેહદ
બ ખોરદાદો અમરદાદ ફર્માં ચુનાન,
કે બાશદ નેગેહબાને મન નાતવાન.
જે હર મુશ્કેલા કારમ આસાન કુનદ,
બ મન ચાર-પાયાન ફેરાવાન કુનદ.

કુનદ જાને મન સબજે શાદાબનીજ,
રસાનદ નીકુ નેઅેમતો ખાનો ચીજ.
તો આદર યજદ કુન નેગેહબાને મન,
કે પુર નુર દારદ મરા જાનો તન
રસાનદ બ ફીરૂજી અદર મરા,
દેહદ ખોરરમીઅમ બ હરદો સરા
બ આબાન ખેફરમા અએ દાદગર,
કે જાનમ કુનદ રોશનો તાજેહતર.
તો ખુરશીદો માહ કુન મરા પાસ્બાન,
કે અજ નુર પાકમ બેસાજદ શાન.
રેહાનદ જે હર કારે મુસ્કેલ મરા,
રેહાનદ જે અદુહો અજ બીમહા.
બેફરમા અબા તિસ્તર અએ દાદગર,
કે બા મન કુનદ રાદીહા બીસ્તર
બ હર જા કુનદ પાસ્બાની મરા,
બ દેલ દાનેશો હુશ બક્ષદ મરા
જીઆદત કુનદ ઓઝ્મ અંદર દયાર,

બ પએવંદો દેલબંદો ખીશો તબાર.
ખોદાયા બેદ્દરમા તો બા ગુશો રામ,
કે શાદીઓ રામેશ રસાનદ મુદામ.
ઓકુન પાસ્આન મેહેરો રસ્ને મરા,
બ ચિનવદ પુલમ હમ નુમાયદ અતા.
દેહદ દર દેલમ શાદીઓ રાસ્તી,
કુનદ દૂરમ હમવારેહ અજ કાસ્તી.
ગુનાહમ બેબક્ષદ બ રૂજે હેસાબ,
રેહાનદ રવાનમ જે બીમે અજાબ.
સરૂશે અશોરા બેદ્દરમા ચુનાન,
કે બાશદ ચુ દાયે મરા પાસ્આન.
રવાનમ નેગેહદારદ અજ તરસો બીમ,
બ શાદી રસાનદ બ ખોરદે અજીમ.
બ હર શબ કુનદ પાસ્માની મરા,
બ દેન દાનેશો હુશ બક્ષદ મરા.
અબા નેરયોસંગો હમ અર્શીસ્વંઘ,
બેદ્દરમા કે બેદેહદ મરા હુશો હંગ.

જે સે દએ ફજૂન અકલો હુશમ કુનદ,
બે મન શેફકતો મેહેરબાની કુનદ

ફરોહર અશોરા બેફરમા ખોદા,
કે અજ બેહેરે મન રાહે જીનત ગુશા.

બ બેહેરામ ઇજદ તો ફરમા ચુનાન,
કે બાશદ નેગેહદારમ અ દર જેઆન

બ હર કાર યારી કુનદ ઉ મરા,
બ ફીરૂજમ દી રસાનદ મરા

બ હર જા બ નેકી શાવદ રેહનુમા,
બ હર જા કુનf દુશ્મનમ જીરે પા

બેફર્મા તો બા બાદ ઇજદ ચુનાન,
કે બરગે ગુનાહમ સરાસર ફેશાન.

બેફર્મા બ દીન ઇજદ અએ કેરદેગાર,
કે દારદ દેલે મન બ દીન ઉસ્તેવાર.

બ નીકુ મનસ્ને નેગેહ દારદમ,
બ યસ્તો યજસ્ને હમીશ આરદમ

ખોદાયા બેફર્મા બ મારૈસ્પદ,
કે સાજદ બ હર હાજતમ સુકમદ.
ચુ આસ્તાદો જમીઆદ આન હરદોઆન,

હમીશેહ બોકુન બર તનમ પાસ્બાન
રસાન મર અનીરાનો હમ આસ્માન,
બ કામમ બેગરદદ મરા હર જમાન.

બેહ્માં બ હોમ ઇજદ અએ ગઇબ-દાન,
કે બાશદ નેગેહબાને મન નાતવાન.

યઝાનમ બ હર જા બેદારદ દરોસ્ત,
અમા રાસ્તી દારદો ત દરોસ્ત.

બેહ્માં બા બોરઝો ઇજદ ચુનાન,
કે ગરદદ નેગેહ-દારમ અ દર જેહાન.

દેહદ પાકો પુર નુર ફરજદ બમન,
દેહદ જુરો કુઉરત બ જાનો બ તન.

વનત ઇજદ ઉ કુન નેગેહબાને મન,
કે બક્ષદ ફઝુન હુશો દાનેશ બ મન.

બ દહમાન બેહ્માં અએ દાદગર,
રસાનદ ઉમેદે મરા સર બસર.

બ સતવસ બેહ્મયો બા હફ્તરગ,
કે દુશ્મન નેગુન સાજદ ઉ રજે જગ.

ખોદાયા બ દરગાહે ખુદ ઝીન ફકીર,
દોઆ કુન કબુલો તો પુજેશ પઝીર.

## તેત્રીશે ઇઝજદ અમશાશપંદો.

(રોજ ખુશ અવાજે ભણવુ)

પ્રથમ કરૂ છુ યાદ ઓ રેહેમી દાદગર !
નેકીના માર્ગમા તુ થા રાહાબર.
ખદાની આએ દુવાને કર તુ કબુલ,
ગરૂરી મોહોટાઇમાં નથી હુ મસગુલ
તુજની બરોબરી કોઇ કરનાર નથી,
સરદારોનો સરદાર કોઇ બીજો નથી.
અવન આપખુદીથી થાયો તું પેદા,
ફ્ના થાશે સઘળુ, રેહેશે તું સદા.
જીઆદે કર ઉમરમાં જીદગી માહારી,
દોસતો કબીલાનેબી બક્ષ યારી,
તેતરીશે " અમશાશપદો "ની બરકતથી,
મુજના દીલને રાખ તું ખુશાલ ગમતથી
એ હોરમજદ યજદ પાક અને ભલો રોજ,
મુરાદ અને ખાહેશ બક્ષ સઓ રોજ.
"બેહેમન" અમશાશપદથી પામુ અક્કલ,
ઇનતેજારી ને બુદ્ધીની ખરી નકલ.

નઇઅતની પાકી ને દિલની સફાઇ,
પહોચે મહને તેથીજ તનની ભલાઇ.
દુનીઆમા ભરતબો ને દાનાઇ સાથ,
સફાઇદાર લેબાશો કરે મુજ હાથ
રાખે સુલેહથી આદમીઓ સંગ,
જીર્બાનથી બોલાવે રાસ્તી ઓ રંગ.
રાખે તે મનશ્નની નેક બીશીઆર,
(મુજ) રવાનને દોજખથી થાય છોડવનાર
પહોંચાડે તે નવ આશમાનની ઉપર,
જરીંન સાજ સંગાથે ઓ દાદગર
"અરદીબેસતથી" એવુ બખશવુ તુ કર,
(કે) સવાબ ને રાસ્તી હોય હમેશ મુજપર.
"શેહેરેવરથી" બખશ ખજાનાની ખાન,
નીઆમતથી ભરપુર તુ રાખ જાવેદાન
જાલમ અને શખતી પાદશાહ લોકોથી,
દુર કર હમેશા માહારા મકાનોથી.
"અશપદારમદથી" સ પુરણ મનશની,
બક્ષ મુજને હમેશ ઓ સાહેબ ધણી.

કે શેપાશ ને શુકરાના તુજના કરૂં,
તાહારી સનમુખ નમારી સર ધરૂ
બક્ષે અશો લોકોની નજદીક મકાન,
થાઇ મુજ ઉપર શફ્કત ને મેહેરબાન
"ખોરદાદ" રોજથી દર માસ અને સાલ,
કર મુબારક ઓ વાહાના રખેવાલ!
જે તેની બખશેશથી હમેશ શીરીની,
અને ચરબી પામુ હુ શુખાકારીની.
"અમેરદાદ-થી" ઉધરવુ ને એમરગી,
નેક ખોરાક ખુશબોની હોજો જીંદગી
"દેપાદર" દાદરથી એકીન બક્ષ,
ભલી માજદીઅસની દીનમા પામુ જશ
શા વાસતે જે દીનના દરમીઆનમા,
એકીન બહેતર છે કુલ સવાબ કરતા
"આદર" ઇઅજદથી હુશીઆર ને અકલ,
બખશ જેથી રજો બલા થાએ કતલ
જાન તથા તનને રાખ રોશનીથી પુર,
બેહ્ન જાનમા બખશ ખુશહાલીનુ શુર.

"આવા" યજદથી હાજત રેવા તું કર,
માહારી માગી મેરાદ લાવ તું બર
"ખુરશેદથી" ચશમેમા રોશનીનુ નુર,
જીદગીના છેડા શુધી પામુ ભરપુર
"માહબોખતાર" મોહોર યજદથી માહારી,
આશાન કર–હોય મુશકેલી જફાકારી.
કે તમામ કામોમાં પહોંચાડે એ મુરાદ,
દુ:ખી દરદીની સાભળી લેઇ ફરીયાદ
" તીર " યજદને ફરમાવ આ પાક દાદાર,
કરે એકમાલ નેક (અને) નુરભરેલુ અપાર
ને અપાવ તે થકી મુજને રોજી ઊમર,
અને વળી લેહેજત આ પયારા પરવર !
કે આજાર ને જોલમ અને વળી ગમ,
ફરમાવ તેને એ રમ કે કરે ભસમ
"ગોશ" ઇઅજદથી બખશ હીમત ખુલદ,
જેનાથી પામુ બુજોરગી નુરમદ
"દેપમેહેર" ઇઅજદથી ગમને કર દુર,
જેથી દીલમાં હાસન થાય પાકીને નુર.

"મેહર" ઇઅજદથી મુજનું જીગર કે દેલ,
માયા ને કુરપા ભરેલુ કરી મેલ
અને ચીનવદ પુલના પાકી સર ઊપર,
મુજનુ મોહો તેહની આગલ હસતુ કર.
જેથી સરવે પોતાના દીલમા મહને,
દોસ્તત કરી રાખે ને દીલદાર ગણે.
"સરોસ" યજદ થાએ મુજનો નીગેમાન,
દોજખને મુજથી રાખે દુર જાવેદાન.
"રશને" ઇઅજદથી બક્ષ હમેશ રાસ્તી,
બાતેલ રાખ બોલવાથી કસી કાસ્તી.
"ફરવરદીનથી" મુજના રવાનને ખુશ કર,
અશોફરોહરથી દેલ નુરમંદ કર.
"બેહરામ" યજદને કર તુ નીઘેમાન,
હરેક કામમા મેલવુ ફતેહની નીશાન.
કે ફાવુ હમેશ દરએક દુશમનોપર,
મુશકેલી મુશીબતને આશાન તું કર
"રામ" ઇઅજદથી બખશ દીલનેખુશાહલી,
ખુશી તથા તાજગીની આબાદી વલી.

ખલકના દીલ રાખ તુ મુજપર દોસ્તદારી.
મકશદ ને ઉમર જીઆદે કર માહારી.
હમેશા શાદી રામશનીના પોકાર,
ખુશી ખુરમી ભરયા રાખ તુ અપર પાર
"ગોવાદ" ઇઅજદથી દીનને તાજુ તુ કર
એલ્લમથી તમામ જગમાને મહશુર કર,
"દેપદીન દાદાર" થી મનશની અપાર.
પાક રાખ માહારી ઓ કેરદેગાર,
(જે)બેહુ જેહાનમા તેની બરકતે કરી,
શરમ ને આબરૂ બેહદ રહે માહારી.
"દીન" યજદથી ગાજદીઅસની દીનમા,
બેશક અને બેગુમાન રાખ હમેશાં
"અરશીશ ગ" ઇઅજદથી કર બલાને દુર,
અક્કલ તથા નુરથી કર દીલને ભરપુર
"આસતાદ" યજદને કર હોકમ દાદાર,
કે કીરપાથી થાય નેઘાહનો રાખનાર
ચીનવદ પુલના સરપર તે નામદાર,
અશો ફરોહર સાથ થાએ મદદગાર.

જે તેહની યારીએ કરી મુજનું કામ,
શુભ અને બેહેતર થાએ સદા તમામ
"આશમાન" ઇઅજદથી મોરાદ મુઆફેક,
આકાશી મંડળ ફેરવીને તું છેક.
હરેક કોઇની નજદીક લઇ જઇ મુજને,
શોરખરૂ કર માહારા તમામ તનને
"જમીઆદ" રોજને કર તનનો નીગેબાન,
અકલની બુનીયાદી દીલમા મેલ મેહેરબાન
"મારેશપંદથી" અવમતા હું ગમ્ન પડુ,
એકીને દીન દીનથી બેશક જાણુ.
કે સદા પડુ જદ અવસતાના કલામ,
(જે) હવાને કરયાય તુએ તેહેને તમામ.
જેથી મલે મુજને નવાલો નેઆમત,
શુકર કરી લેઉ નામ મુખપર હર વખત
"અનેરા" યજદને કર મુજપર મેહેરબાન,
(કે) આરામથી મલે ગરોથમાનનુ મકાન
"મરજો" યજદથી બખશ નેકી આબરૂ,
મુજના તનને જેમ પાણી છે સ્વચ્છ ખરૂ.

"હોમ" ઇઝદથી કર ફરજ દે ખુશાલ,
બખશ તનદરોસ્તી ચાલાકી એકબાલ.
"દહમ" યજદથી રવાનને ખુશાન કર,
ખુશી ખુરમીથી હસતુ કર રાહબર
ચીનવદ પુલની પાસ રાખ નેકી સાથ,
જેથી તે પુલ ઉપર જાઉ આબરૂ સાથ
આખર એક મુજની હાજત એજ રવા કર,
કે બેહુ જહાનમાં ખુશાલી પામુ અમર
રડવા પોકારવાથી ખુજોરગી આપ
થાયો હોય ગુનાહ હર માફ ઓ બાપ !
તમામ યજદ અમશાશપદોને દાદાર,
એક સરખી રીતે કર ઓ મદદગાર.
સેહેતાનોથી ને સાત દેવોથી સદા,
ખલાસી બખશ મુજને એ પાક યજદા.
તન છે કેટલુ એક ગુનાહથી ભરપુર,
માફીની ઉમેદો છે દીલમા જરૂર
એ જેહાનમાં બખશ મોભોને માન
તે જેહાનમા બખશ બહેસ્તનુ મકાન.

"બહેરામ" યજદને કર હોકમ જવાન,
કે તે જહાનમા થાય મુજનો નીઘેબાન.
ફરેસતો જીવથી કબુલ કીધો છે પાસ,
પેદા થાયલો છે તુજના નુરથી ખાસ
ફતેહમદીની બખશે મુજને તે મદદ,
મુજના ગમ, રંજો ને કરે દીલથી રદ
જ્યારે બોલાઉં હરેક કામમાં તેને,
તુજ પાસથી મોકલે તે મહેરબાનને.
એટલી મુજને દુવાને કબુલ તુ કર,
એહુ જેહાનમા મહેરબાન થા પરવર.
પતેત રાખી દીલથી થાઉચ પશેમાન,
ગુનાહની માફી બખશ ઓ કદરદાન !
તનમાનો આજાર ને દરદ કર દુર,
મુજને તુ પોતાનો કરી જાણુ જરૂર
દરેક દુખી દરદીની સાભળી ફરીયાદ,
તમામ તગી મુશીબતને કર બરબાદ.
એટલુ કહી સર નમાવુ છેક જમીન,
મોરાદ મુજની કર તુ આમીન આમીન !

(ખ. મા વજીફદાર નવસા

# ફાલ જોવાની તખ્તી.

૧ અશેમ ભણીને ૧ થી ૬૩ અંક છે તે એક આક
મનમા ધારીને જુવો

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ |
| ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ |
| ૩૬ | ૩૭ | ૩૮ | ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ |
| ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ |
| ૫૦ | ૫૧ | ૫૨ | ૫૩ | ૫૪ | ૫૫ | ૫૬ |
| ૫૭ | ૫૮ | ૫૯ | ૬૦ | ૬૧ | ૬૨ | ૬૩ |

૧ જે તુ ખુદા પાસે માગે છે તે આપશે.

૨ તને લાભ છે. થોરા દિવસમા મલશે.

૩ દીલની મતલબ પુરા પડશે

૪ તારી આફત જશે જે વસ્તુની તુ ઉમેદ રાખનો હશે તે પણ મળશે તારા ઉપર કોઇ માઠુ ચીતે છે, પણ તેથી તને કઈ નુકશાન થવાનુ નથી. તારા વેરી ટળશે અને તને લાભ તથા ફતેહ મળ્યા વીના રહેશે નહી

૫. તું હરેક વાતથી ખુબ ખબરદાર રહેજે. કેટલાક દીવસ ધીરજ ખમીને ખુદાની યાદમા બંદગી કરતો રહે, જે તારી મતલબની વાત સુધરશે.

૬ કોઇ માણસથી તારૂં ભલુ થશે તારા દિલની વાત કોઇને કહેતો ના. દિવસ ૨૧ સુધી ખુદાની ભક્તિમા તુ રહેજે.

૭ તારા મનમાં જે ચિંતેચ તે મુબારક થશે ગેબી ખબર સાભળશે. તારૂ કામ હરેક જગ્યાએ ખુશીથી પડશે તેમજ ધીરજથી વિચારીને તારૂ કામ કરજે.

૮ છ માસ લગી તારૂં દલદર જવાનુ નથી. તેથી ભક્તિ કરતો રહેજે. જે કાંઇ મળતું હોય તે ઉપર શુકર કરજે. તારા ભવીષ્યમા લાભ છે તુ ભક્તીમા રહે કે જેથી હાલની ફીકર ટળે. હમણા તારા સઘળા વિચારો ધુલમા જશે

૯ જે કાંઈ તુ ખુદા પાસે માગે છે તે મલશે પણ ધીરજ ખમ થોડા દિવસમા તારૂં કામ સુધરશે. કોઇ ની આશા કરતો ના મનની વાત કોઇને કરતો ના થોરા દિવસ તારા મધ્યમ જવાના છે, પણ છેવટ રૂડુ પામશે

૧૦ દીલની દલગીરી છોડ. બનગ કાલ હતુ તે બની ચુકયું અ. બે માસ તારા હજુ નબલા કે વિચારીને કામ કરજે. સુર્યની ભક્તિ કરવાને કદી પછાત પડનો ના

૧૧ તારી મકસદમા થોરા દીનમા ખુશી મુજબ તારી મતલબ પામશે દરિઆની ભક્તિ કરવાને તુ ચુકતો ના.

૧૨ તારા મનમાં જે ચિંત્યુ છે તે વિઘ્ન ઘણું કઠણુ છે. લોકો વિરૂધ ઘણા થશે. ચંદ્રની ભક્તિ કરજે.

૧૩ તારૂં સુખ ખુદા પાસે માગ મોટી બલાથી તને બચાવ્યો જે ચિંત્યુંચ તે કર. વીસરતો ના. તારી મુસ્કેની ભાગશે.

૧૪ તારી જંજાલ ટલશે તુ કોઇનો વિશ્વાસ કરતો ના, તેમજ તારા બળ ઉપરાત કાંઈ કામ કરતો ના ડાહપણુ વાપરીને ચાલશો.

૧૫. પરવરદેગારની તારા ઉપર મહેરબાન છે. તારા ધાર્યા કામથી તને ખુશાલી પહોંચશે

૧૬ જે વાત તારા મનમા છે તે હાંસલ થશે લાભ મળશે. કોઇને ખુલાસો કરતો ના.

૧૭ તારા દીલમા જે વાત છે તે માટે કેટલાક દીન સબુરી કર ઉતાવળ કરવાથી ખરાબ થશે સબુરીથી નહી કામ કરશે તો તને નુકશાન પહોચશે હરદમ દરિઆની ભક્તિ કરજે તેથી તારા કામને જોર મળશે.

૧૮. તુ જે ધારે છે તે તને મળશે. ધનનો લાભ થશે.

૧૯. તારો વખત ઘણો જોરાવર દેખાય છે. તારા ઘરમા ખુશાલી તથા બરકત ઘણી વધશે

૨૦. તારા દિલમાં જે ચિંતવ્યુ તે થશે અને કોઇનો વિશ્વાસ ના કરતો. થોરા દિવસ સુધી સુધી સબુરી કરજે ચંદ્રની ભિક્ત કરજે.

૨૧. તુને ગમ સીવાય બીજુ હાંસીલ નથી તેથી ખુદાના શુક્ર હમેશ કરતો રહે. તારા મનનુ કામ પાર પડતાં ઘણા દિવસ લાગશે. માટે સબુરી ખમ.

૨૨. તારી ઇજત વધશે, તારા સગા કુટુંબમા સુખ થશે તારૂ દિલ નાખુશીથી તંગ ના કરતો તારો હેવાલ ખુદાને સોપ અને સબુર ખમ, ખોદાની યાદમા રહે તોજ તુ મકસદ પામશે

૨૩. તુને ખુશ ખબર મળશે. દુશ્મનોનો અંદેશો ના કર. તારૂ કામ થશે. દિલને સાફ રાખી ખુદાની ભક્તિમાં રહેજે.

૨૪. જે જગ્યાની તું ઉમેદ રાખે છે તે ઉમેદ ભક્તી કરજે, રૂડુ થશે.

૨૫. તારો અફસોસ ટલશે. થોરા દિવસમા તારૂં કામ સુધરશે મનની ચિંતા ભાગશે. હરદમ ભક્તિ કરજે.

૨૬ તને તારા કામની ખુશ ખબર ખુદાથી પુગશે. સબુરી કર.

૨૭ હવે પછી તુ ફળ પામશે તારા ગ્રહના જોરે તારૂ કામકાજ સિદ્ધ થશે, દુશ્મન ઉપર ફતેહ પામશે. થોરા દિવસ તારા દિલનો ભેદ કોઇને આપતો ના.

૨૮ થોડા દિન સબુરી કરશે તોજ કેટલીએક બલા ટલશે. તારા કામમા હાથમા જશ નથી ખુદાની યાદમા રહે કે તને સારો રસ્તો દેખાય.

૨૯, તુ તારી મુરાદ આરામથી પામશે ગમ દુઃ થઇને સારૂ થશે. તારૂ કામ સુધરવાપર આવ્યુ છે, ખુદાની બંદગી છોડવી નહી

૩૦. હાલમાં દિવસ તારા પાધરા ચાલતા નથી

તેથી ધારેલા કામમા ઢીલ છે. સબુર થા, તારા મકાનમા ૪૧ દિવસ સુધી દીવો રોશન કર બંદગી કર તેથી તારી મકસદ પામશે.

૩૧. તારા દિવસ ઘણા ભારી ગયા છે. ખુદાએ તને બચાવ્યો છે. મનમા ચિંત્યુચ તે વીચારીને કર.

૩૨. તારા સર્વે કામનુ પરીણામ ભલુ નીપજવાનો સંભવ છે બંદગી કરતો રહેજે, નહી તો પસ્તાશે.

૩૩. હાલમા દિવસ ધારા પાધરા ચાલતા નથી તેથી ધારેલા કામમા ઢીલ છે. સબુરી કર તારા મકાનમા ( ૪૧ ) દીવસ સુધી દિવો રોશન કર ને બંદગી કર, તેથી તારી મકસદ પામશે.

૩૪. તુ ના બીહી ખુદાની રહેમ તારા ઉપર ઉતરી મતલબ પાર પડશે કોશીશ કર.

૩૫. તારૂ કામ બંધ પડયુ છે તે ખુલશે. તમામ હાજત પુરી પડશે. તારા ઘેરમા ખુશાલી દેખશે ખુદાની બંદગીમા રહેજે.

૩૬. તારા મનમાં છે તેથી તું લાભ પામશે. સગા અને કુટુંબ સાથે નેકી કરજે. ચિત્યું છે તે થશે અદેખાઈ હસદ છોડ. દરિયાની ભક્તિમા રહે

૩૭. તુ તારા દિલ સાથે ફીકર ના કર, ખુશાલી દેખશે દુશ્મન જેર થશે. ખુદાની બંદગી કરજે તારૂ કામ પાર પડશે

૩૮. ભલાઓની શોબત કર. ભુડાઓથી દુર રહેશે કામ કરવા ધારે છે તેમા તરત ફળ મલવાનુ નથી. ધીરજ ધરજે અને તારા ગુસ્સાને મારજે, નહિ તો પસ્તાવો દેખશે.

૩૯ તારો વખત સુધરશે તારા ઘરમા સારૂ થશે પરહેઝગાર રહેવા ઉપર ચિત ધરતો જા.

૪૦. તુ તારી મતલબની ચિંતા ના કર. વીલબ લાગશે

૪૧. પરહેજગારીથી અને સારી ચાલથી તું ચાલ. તારૂ નુકશાન થશે નહી. ભલુ થવાને વખત છે. જો ચેતીને નહિ ચાલશે તો પસ્તાશે.

૪૨. તું સારી ખબર પામશે. તુ તારા ધરમ ઉપર મક્કમ રહેજે. તારો સવાલ પુરો પડશે

૪૩ તારા કામમા ફતેહ મળશે. જે ચિંત્યુ છે તે ખુશાલીથી પામશે ખુદાની યાદી ભુલતો ના.

૪૪. દુશ્મનથી ના બીહી ઉમેદ ખુદાતાલા પાસે માગ, તેથી સતોષ પામશે. હાલમા કોઇથી બુરાઇ કરતો ના

૪૫. થોડા દિવસ સબુરી ખમ. તારા મનનું ધાર્યું તે જલદી બનવાનુ નથી જો એ કામ કરશે તો પસ્તાશે. ખુદા પાસે માફી માગ તથા ખેરાત કરતો રહે કે આફતનો દુર થાઓ.

૪૬. તું તારા કામમા ઉતાવલ નહિ કર, કેમજે એ કામમાં ધણી વાર નથી, ધીરજ ખમ. કોઇ સાથે બોલાચાલી નહિ કરતો ખુદાની બંદગી હમેશા કરતો રહે.

૪૭. હાલમા તારો વખત શુભ દીસતો નથી નાદાનીથી કશુ પણ કામ કરતો નહિ થોરા અથવાડીઆ પછી રૂડુ થશે. ધાર્યું કામ કોઇને કહેતો ના.

૪૮. મનનું ચિંત્યું થશે પણ પાછળથી તેમાં દીલગીરી પહોંચશે. સગીન લાભને બદલે ઈજત પામશે મનમા વિચારો ઘણા નહિ કર, નહિ તો તુ બિમારી પામશે

૪૯ જે તું કરવા માગે છે તેમા અદેસો કર તથા સબુરી કર તથા કોઇની બુદ્ધિ ભરેની સલાહથી વિચારીને કામ કરજે, મુરાદ પામશે.

૫૦ ખુદા ઉપર તારી ઉમેદ બાંધ તારી મતલબ માટે તુ ના ઉમેદ ના થનો જે નૈયત પકડે છે તે મુરાદ સાથે પાર પડશે દિન સબુરી કર દરિઆની ભક્તિ કરજે

૫૧ સર્વે કામની મુરાદ ધીમે ધીમે પહોચતી જશે. અને તારૂં કામ દિવસે દિવસે સુધરતુ જશે, ધીરજ ધરજે લાભ થવામા વિલંબ નથી બદગી કરવાનો માર્ગ છોડતો ના. ચિંતા તથા અદેસો છોડ. તારૂ રૂડુ જ થવાનુ છે

૫૨. તે જે ધારણા ટાકી છે તેનુ પરિણામ

આડુ નજરે પડે છે, તપાસીને કામ કરજે. ખુદાની યાદ કરવાથી તારો દિવસ જલદીથી સુધરશે. તુને આગળ જતાં લાભ થયા વિના રહેનાર નથી

૫૩. તને ધનની વૃદ્ધિ ઘણી થશે. મહેનત કરવામા પછાત પડતો ના જે કામ ઉપર તુ તારી ઇચ્છા કરશે તે પાર પડયા વિના રહેશે નહિ

૫૪. તે જે વિચાર્યું છે તેથી દુર રહેજે એ વાતનો ઉપાય બીજો કરજે. જ્યારે એનો વખત આવશે ત્યારે તારા દિલની મતલબ હાસલ થશે. તને લાભ મલનાર છે

૫૫ તારૂ કામ ખુદા ઉપર સોપ. ઉમેદ તેનાથી બાધ. છેવટ તારૂ ભલુ થશે

૫૬ અફસોસ, ચિંતા મનમાથી કહાડી નાખ. સારા વિચારથી તારૂ કામ કર્યો જા. ઉમેદ સાથે ફતેહ ભરેલી મુરાદ પામશે

૫૭. તારી મતલબ માટે મહેનત કરવાને કદી ચુકતો નહિ.

૫૮. તારો દુશ્મન જોરાવર છે. તપાસીને કામ કરજે. ખુદાની બંદગી કરી છોડનો ના, દીલનો ભેદ એકદમ લોકો આગળ બોલવો નહિ.

૫૯ તારે માથે સીતારો બુલંદ થયો છે. તારી આજુબાજુની જંજાળ દુર થશે ખુદાની બંદગી કરતો કોઈની સાથે ખતપત કરશો નહિ.

૬૦ મનમાથી ચીંતા ફીકર કાઢી નાખ તેમા લાભ થશે. તારા કામો સુધરશે.

૬૧. તારા માગ્યા મુજબ તારા કામ નહિ થાય ઉલટુ જ થશે તારા દુશ્મન ઉભરાશે તેથી હાલમા ચુપ બેશ હાલમા (૩૧) દિવસ તારા ખરાબ છે. દરિયાની ભક્તિ છોડનો ના, એ તારી હાલત સુધારવાનુ સાધન છે

૬૨ તારા મનની શાંતિ અને તારા કામની વૃદ્ધિ સાથે લાભ થશે ધીરજ છોડતો ના યકીનથી જાણુ જે તારા દહાડા રોશન થશે.

૬૩ તારૂ ધાર્યું ખચિત થશે. જે કરવુ હોય તે બેશક કર. પૈસાની તંગી દુર થશે. હીંમત રાખજે ને બંદગી છોડતો નહી. (જામારપીમાંથી હુક્ક ફાલનામુ.)

## જુવાન્યાએ વાંચવું નહિ.

જ્ઞાની પુરૂષોનો બોધ. ખોદા તરફ જવાનો સરળ માર્ગ મનની અશોધ એ પહેલુ પગથીઉ છે. મનને અશોધાઈની હાલતમા લઇ જવા માટે જ્ઞાન ભક્તિ અને શુભ કર્મો એ ત્રણ સાધન છે. જેમ શરીરના ત્રણ દોષ છે. જેવાકે પીત કફ અને વાયુ તેમ મનનાબી ત્રણ દોષ છે. જેવાકે મળ, વિક્ષેપ અને આવરણ. મળ એટલે મનનો મેળ. જાણુ અજાણુ પાપ કર્મ કરવાથી મન મેળુ થાયછે મનની ઉપર મેળના પડ થાયછે એ પહેલો દોષ છે મનનો બીજો દોષ વિક્ષેપ છે. વિક્ષેપ એટલે મનની ચંચળાઇ. મનનો સ્વભાવ ચંચળ છે. એ ચંચળપણુ કાઢી નાખવાને ભક્તિ તથા નામ સ્મરણની ઘણીજ જરૂર છે. મનનો ત્રીજો દોષ અજ્ઞાનનુ આવરણ છે. આવરણ એટલે અજ્ઞાનનો પડદો.

મનનો મેળ પાપ કર્મથી થાયછે તે મટાડવા માટે પુણ્યના સ્વામના કામો કરવા જોઇએ છે. સ્વામના કામોથી પાપ કર્મ કપાઇ જાયછે અને મન ચોખ્ખું થાયછે.

ચ ચળાઇ કાઢી નાખવા માટે ખોદાના પવીત્ર નામની સાથે મનને લગાડવુ જોઇયે છે એ પવીત્ર નામ સાથે મન ને બાંધી રાખવાથીજ મનની ચ ચલાઇ જતી રહે છે. કબીરજી કહે છે કે મન મરકત વન વન ફીરે કબુ ન એક ઠરાય, રામ નામ બાંધે બીના જીત બાવે તીત જાય. ભાવાર્થ, મન વાદરા જેવુ છે તે ભટકયાજ કરે છે તેને રામ નામ સાથે બાધ્યુ નહીં હોય તો પોતાને ગમે ત્યા ભટકી આવે છે એ ચળીત મનને રામ નામ સાથે બાધવાથીજ ખોદા તરફ જવાય છે. મનને નિશ્ચળ કરવાનો અભ્યાસ પાડયે તોજ ઉંચે પુગી શકાય મનનો ત્રીજો દોષ કાઢી નાખવા માટે ખોદાઇ જ્ઞાન લેવાની અગત્ય છે. ખોદાઇ જ્ઞાનથી અજ્ઞાનનો પરદો બારીક થઇ જાય છે પરદો ઝીણો થવાથીજ ખોદાઇ રોશની પ્રગટ થાય છે અજ્ઞાનનો પરદો આપણને અધારામા રાખે છે ખોદાનો પ્રકાશ આપણને મળી શકતો નથી એ અજ્ઞાન અધારૂ જ્ઞાનના પ્રકાશથીજ મટે છે. માટે ખોદાઇ જ્ઞાન લેઇ રોશણીમા જવાની મજબુત કોશેશ કરવી ઘટે છે. જ્ઞાન સાથની ભક્તિથી અધકારનો પરદો નીકળી જાય છે. જ્યારે અધકારનો પરદો નીકળી જાય છે ત્યારે

ખરી હાલતનુ ભાન થાય છે. ખોદાની એકજ હસ્તી છે. તે સીવાય બીજુ કાંઇ થયુ જ નથી "નીસ્ત હસ્તી મગર યઝદાન" એ સચાઇનો અનુભવ થાય છે જેનો એ પરદો નીકળી ગયો હોય છે તે યઝદા-નની એકજ હસ્તી જુએ છે

અગત્યનુ એજ છે કે શારીરીક હુ ઘણુ મૂકીને ખોદા સાથે મનને જોડયા કરવુ. ખોદાના નામ જોડતાં સાથે મનને જોડતા ખુદ ખોદાનો પ્રેમ ઉત્પન થશે, અને ખોદા પ્રેમથી ખોદા પોતે તમારી તરફ પ્રગટ ખેચાઇ આવશે. કબીરજીએ નામ સ્મરણ ઉપર ખુબ ભાર મૂકીને કહેલુ છે. :—

કલ્યુગમે આયુષ્ય અલ્પ હએ, કરીએ બેગ સંભાર,

તપ સાધન કછું ના બને, તાતે નામ સભાર.

ભાવાર્થ—આ કલ્યુગ ચાલેછે તેમા માણસના આયુષ્ય થોડા હોય છે તેથી જલદી જલદી ખોદાની યાદ કરતાજ રહેવુ. દમે દમ ખોદાને યાદ કરતાજ રહેવુ. થોડી જીંદગીમા તપ કરવાનુ જીંદગીનો છેલ્લો ભાગ એકાંતમા જઇને બંદગી કરવાનું બની શકતુ નથી તેથી સહેલો રસ્તો એજ છે કે ખોદાનુ નામ પલે પલ લેયા કરવુ. જે દીદાર જોવાનું ઘણું

કઠણ કામ છે તે નામ સ્મરણથી સહેલું થઇ જાય છે માટે મોઢેથી બોલીને કે મનથી ઉચ્ચારીને ખોદાનુ પાક નામ કદીબી ભૂલવુ નહીં કોઇ ભાગ્યશાળી હોય તેજ એ સરળ માર્ગ મજબુત પકડીને પાર ઉતરી જાય. ખોદાના નામ સાથે લેહ લાગવી જોઇયે. એ નામ ઘણુ જ ગમવુ જોઇયે દુન્યાની બીજી ચીજો પર મનથી અભાવ થવો જોઇયે અને ખોદાના નામનો મજબુત ભાવ થવો જોઇયે. ખોદાના નામમા મન લીન થઇ જાય તોજ ખોદા મળે. વાસષ્ટ રૂષી બોધ આપે છે કે સંસારનુ ચકકર ચાલતુ જ રહે છે એ ચકકર ચલાવનાર ખોદા છે તે પોતાની શાક્તથી ચકકરને ફરતુંજ રાખે છે પણ એ ચાલતા ચક્કરને પકડવુ નહીં એ ચકકરની ચીજોને વળગવાની હોસ કરવી નહીં ચીજોને પકડવા જતા ચકકર સાથે ગોટા ખાવા પડશે એમતેમ અફળાવુ પડશે, જીવને શાંતી ને કરાર મળશે નહીં માટે દુન્યાઇ સુખો મેળવવાની તલબ કરીને દુઃખી થવુ નહીં. દુન્યામા રહીને હક વાજબી ભોગો ભોગવતા પણ મનને તો અચળ ઇશ્વરમાજ રાખવુ મન અચળ રહેતા શીખે તો સંસારથી બંધન થાય નહીં મન ખોદા સાથે જોડીને વહેવાર કરે તો કર્મનુ ફળ ચોટે નહીં. કર્મ કીધેલુ

નહીં કીધેલાં જેવુ ગણાય. કર્મ કરવા પણ કર્મના ફળ ભોગવવા પડે નહીં તેથી કર્મ થઇ ચૂકે કે તરત મનને ખોદામાં ગરક કરી નાખવુ. ચકકરથી ઉપરથી શાંત રૂપે ખોદા રહેલા છે તે અચળ રૂપ તરફ મનને ચોટાડીને સંસાર વહેવાર કરવો એ વસિષ્ટજીનો બોધ છે. ખરા સુખની હાલતનો અનુભવ લેવો હોય તો મનને થભ કરવાનો અભ્યાસ પાડવો. જોડાણના ચાલુ અભ્યાસથી મન અચળ થાય છે. માટે ખોદા સાથનું જોડાણ કરતાજ રહેવુ. વસિષ્ટજી કહેછે કે હું કાંઇ નથી આ જગતબી કાઇ નથી. જે છે તે ઇશ્વર પોતે છે એવો મકમ નિશ્ચય રાખવો. દેહનો વિચાર કાઢી નાખવો અને દુન્યાઇ ચીજો મેળવવાની ઇચ્છા કરવી નહીં. ખોદાની ભાવના મજબુત થશે તો ખોદાજ મળશે દુન્યાઇ ચીજોની ભાવનાથી તે વસ્તુઓ મળશે પણ ખોદા મળશે નહીં. જીદગીની મતલબ એ છે કે ખોદાને પુગવુ. અતિ શાત ને સુખ રૂપ હાલતે પુગવાની ખુબ કોશેશ કરવી જેનુ મન થરી જાય છે તે આખી જગતમાં ખોદાનેજ જુએ છે. જગત ભરમ તેનો જતો રહે છે. બધા દુખો જતા રહે છે. જુદાઇનુ ભાન સદતર જતુ રહે છે. એકતાઇનો અનુભવ થાય છે.

## મરણ પાછળની ધર્મ ક્રિયાઓ.

( ૧ ) પેહલા ચાર દિવસ.

( ક ) ઘર આગલ ગેહ સારવાની ક્રિયા.
( ખ ) પાયદસ્તે એક મોબેદની જોર.
( ગ ) સરોશની યજશ્તે ત્રણ.
( ઘ ) રાતના સરોશનો કરદો, લાશને અવલમ જલ્દ પોહચાડવાના દિવસથી ત્રીજી રાત સુધી, બનતા સુધી લાશ મુકી હોય તે જગાએ.
( ચ ) ત્રીજે દિવસે હોશન ગેહમા સિયાવ સાથે ચાર બાજ.
( છ ) ત્રીજે દિવસે પાછલી રાતના ઉઠમણુ
( જ ) ચોથે દિવસે બામદાદે બે જણનુ આફ્રીનગાન
( ઝ ) ચોથે દિવસે ચેહારમનુ આફ્રીનગાન, બાજ અને બપોરે સતુમ.
( ટ ) ચોથે દિવસે ચેહારમની અરદાફરશ્ત

( ૨ ) દશમાને દિવસે.

મરનારની નૈયતે આફ્રીનગાન, બાજ, સતુમ.

( ૩ ) માસીસાના અવસર ઉપર.

(ક) મરણુ દિવસની એક દિવસ આગમજ શીરોજાનુ આફ્રીનગાન, બાજ, સતુમ. શીરોજાની બાજને માટે મીથા ૩૩ દરૂનની જરૂર છે.

(ખ) માસીસાને દિવસે અરદાફ્રવશનું આફ્રીનગાન, બાજ, સતુમ.

(૪) દરેક મહિનાની બાજને દીવસે આફ્રીનગાન, બાજ અને સતુમ.

(૫) બાર મહીનાની બાજ યાને વરસીના અવસર ઉપર.

(ક) મરણુ દિવસની એક દિવસ આગમજ શીરોજાનું આફ્રીનગાન, બાજ અને સતુમ. શીરોજાની બાજને માટે મીથા ૩૩ દરૂનની જરૂર છે.

(ખ) વરસીને દીવસે આફ્રીનગાન, બાજ, સતુમ.

(૬) પેહલા વરસમાં ફ્રવરદેગાન (મુક્તાદ)ના દીવસોમાં આફ્રીનગાન, બાજ, સતુમ, ફ્રરોક્ષી.

(ડૉ૦ જીવનજી જમશેદજી મોદીના લીખત પરથી.)

## બાનુઓ સ્તુમની ક્રિયા કરી શકે.

મોબેદ સાહેબો સીવાય બેહદીનો-બાનુઓ તેમ
ગ્રહસ્થો-કરી શકે એવી ક્રીયાઓમાની એક સતુમ
ક્રીયા, જરથોસ્તી ધર્મનાં ફરમાન મુજબ એ
માણસના ગુજરવા પછી તેના સગા વહાલાં
તરફથી જે ક્રીયાઓ કરવામા આવે છે તેમાંની કેટલ
ક્રિયા એવી છે કે જે ચોકસ અમલ ધરાવતા મોર
દોજ કરી શકે, જ્યારે બીજી કેટલીક ક્રિયાઓ એ
છે કે જે ગુજરનારની નૈયતે તેનાં સગાવહાલા
પણુ કરે તો ખોટુ નથી સ્તુમનો અર્થ ઘ
સાદો છે. "સ્તુતી કરવી આરાધવુ" ર
તેમ કરી આપણા અને બીજા સઘળાં અ
ફ્રેરોહરો કે જેઓ આ ગેતી દુન્યામા આપ
આસપાસ ફરતાં રહી આપણુને સારા વિચારો અ
સુખી બનાવે છે તેવાં અશોફ્રેરોની આરાધના
સાદુ ને સુતર પણુ પવિત્રાઇથી પાક હાથે બનાં
ખાણું પકાવી આપણા અશો ન્યામાનોને- યાદ

આરાધવાનું ફરમાન આપણને આફરીનગાનનાં કરદા· ઓમાથી સ્પસ્ટ મલી આવે છે. વળી બીજા આપણાં કોઇપણ જાતનાં ભણતરો કરતા આ ક્રિયાઓમાની એક સહેલી પણ અગતની ક્રિયા તે સતુમની ક્રયા છે. એક ગુજરનારની માસિક યા વાર્ષિક બાજને દિવસે, તેના સગાવહાલાઓ પોતાને હાથે ખાણુ તૈયાર કરી, તે ઉપર સતુમ ભણાવી, પોતાના ગુજ-રેલા ખેશીને યાદ કરે છે આ ક્રિયા કરતાં જો કે દશ મીનીટથી વધુ વખત થતો નથી, છતાં તેને માટે ઘણીક વખતે, જો બેહદીનોનુ ઘર તેના પથકીના ઘરથી દુર હોય, તો પથકીને ઘણીક અગવડ ખમવી પડે છે, અને વળી બેહદીનોને આટલી નાની ક્રિયાને માટે કોઇક વખતે ઘણુ મોટુ દામ આપવું પડે છે. જો બેહેદીન સાહેબો સતુમની ક્રિયા પોતાના ગુજર પામેલા વહાલા ખેશીઓની યાદમા કરવા માગતા હોય તો તેઓ પોતે,–મહરથો તેમજ બાનુઓ સતુમની ચોપડીમા જોઇ, પોતાને હાથે જાતે જેમ લુબાન

મુકીને પોતાના ગુજર પામેલા ખેશીઓને યાદ કરે છે તેમ સતુમનો કર્દો ભણી પોતાના વહાલાંઓને યાદ કરી તેઓના ભલા આર્શીવાદો મેળવે.

ઘરમાં યા ડુંગરવાડી ઉપર યા કોઇ પણ જગાએ કોઇ જરથોસ્તી પોતાના ગુજરેલા ખેશીઓની યાદ કરવા માગતા હોય તો ખાણા વગર પણ આ સતુમનો કરદો ભણી શકાય છે. (એરવદ ર. બે રાનજી).

---

## સતુમના કરદાનો સાર.

દાદાર હોરમજદ અને અમશાસ્પંદોને અમો યાદ કરીએ છીએ. ભલાં, શુરા, તથા દુનિયાની આબાદી કરનારાં ફરોહરો, જે ઘેરને લગતાં, મોહલ્લાને લગતા, શહેરને લગતા તથા દેશને લગતાં છે તેઓને અમો માન સાથે યાદ કરીએ છીએ, દાદાર હોરમજદ તથા અમશાસ્પંદોનાં ફરોહરોને અમો માન સાથે યાદ કરીએ છીએ ગયોમર્દનાં, સ્પિતમાન જરથોસ્તના, ગુસ્તાશપ-સાહના અને અશો જરથોસ્તના દીકરા અશો એસદ-

પાસતરના ફ્રેરોહરેને અમો માન સાથે યાદ કરીએ છીએ. અશો જરથોસ્તની અગાઉ થઇ ગએલાં સઘળાં ભલી દીનનાં અશો નર તથા નારીઓને અમો યાદ કરીએ છીએ. અશો જરથોસ્તની પાછલ થઇ ગએલા સઘળા ભલી દીનનાં અશો નર તથા નારીઓને અમો યાદ કરીએ છીએ. ગયોમર્દથી સોશીઓસ સુધીનાં સઘળા અશો ફ્રેરોહરેને અમો માન સાથે યાદ કરીએ છીએ

નેક વિચાર, નેક વચન અને નેક કામ સાથે કીધેલી આએ ક્રિયા અશો ફ્રેરોહરેને પોંહચો! ભલી માજદયસ્ની દીનની કીર્તીનો ફેલાવો આખી દુનિયામા થાઓ! આ શહેરમાં સુખાકારી, ફ્તેહ પીરોજી અને શાદી રામસ્નીનો વધારો થાઓ! આએ ક્રિયા દાદાર હોરમજદના ખજાનામા તથા અમશાસ્પંદોને પોંહચો! આ ક્રિયાની બરકતથી નેકી અમુને પોંહચો અને બદી અમારાથી દુર થાઓ! અમુને કમરજ અને વધુ આસાની હોજો!

ફ્લાનાના બેહસ્તી રવાનની આએ જગાએ યાદ હોજો! જરથોસ્ત સ્પેનતમાનના રવાનની આએ જગાએ યાદ હોજો! એસદવાસ્ત, ગુશતાસ્પ શાહ, લોહરાસ્પશાહ,

જામારપ હુખુબ, અરદાવીરાફ, આદરબાદ, મોબેદ શાપુર શેરીઆર, મોબેદ હોરમજદયાર રામીઆર અને મોબેદ નેરીઓસંઘ ધવલના રવાનોની આએ જગાએ યાદ હોજો!

ફલાનાના બેહસ્તી રવાનની આએ જગાએ યાદ થજો! એ ક્રિયાનો સવાબનો હીસ્સો ફલાનાને પોહચજો! સઘળા નર તથા નારી તથા બચ્ચાઓના રવાનોની અહી યાદ થજો! પાદશાહો, પેહલવાનો, ખેતીકારો તથા ધંધાદારીઓમાંના અશો માણસોના ફરોહરો અને રવાનોની અહી યાદ થજો! આ ક્રિયા ફલાનાના કહેવાથી થાય છે માટે તેને સવાબનો હીસ્સો પોહચજો!

ફલાની ગેહમા અશો લોકોનાં સઘળા ફરોહરોને અમો માન સાથે યાદ કરીએ છીએ, સઘળાં અશો ઇજદોને અમો માન સાથે યાદ કરીએ છીએ.

---

"ઇરાનમા એક ખાસ રાખેલા ઓરડામા ફુલ ફરૂતની ચીજો મેલવામાં આવતી, તથા ખુશબોય બાળવામા આવતી, તથા માનવામા આવતુ કે ગુજરેલા આતમાઓ એ દીવસો ઉપર આ જેહાનમા પોતાના કુટુંબ કબીલાઓના ઘરમા આવતાં હતાં અને ભેટ કીધેલી ચીજોની ખુશબો ભોગવતા."

બંગાળમાં ફરતાં ફરતાં એક પ્રખ્યાત સ્વામી તેઓને મળી ગયા હતા સ્વામી આવ્યાની વાત જાણી આશરે ૨૦ ગામડીઆ ધુણી પાસે એકઠા થઇ ગયા સ્વામીએ દેવતા ઉપર એક વાસણમા એકાદ બે મુઠી ચોખા દાળ પકાવવા મુકયા તે ખોરાક પુરા બે જણનેબી ચાલે એટલો નહોતો, અથવા ત્રીજાને કે ચોથાને ખવડાવવા જતા તો જરૂર વાસણ ખાલીજ થઇ જાય તોબી સ્વામીએ દરેકને ધરાય ત્યાસુધી જમાડયા, અને પોતે તેમજ પોતાના ચેલાએબી ખાધુ, એ ચમત્કારથી કોઇનેબી અજાયબી થઇ હોય તો તે ફકત મી૰ સોટરને થઇ હતી

---

"સો વરસની મુદતમા તનનુ સેવટ આવે છે અને તેની શકતી તમામ થાય છે. ૩૦૦ વરસની મુદતમા કુટુંબ પરાગદે થાય છે, નામ વીસરાઇ જવાય છે અને યાદ વીનાનુ થાય છે, તેના મકાનો વેરાન અને આલુદગીભરયા થાય છે, તેના વંશના માણુસો અને ખેશીઓ પડતીમા આવી પડે છે ...... તેની દોલત ટકી રહેતી નથી જેણે પોતાના ભલા વખતમા *શોગરદને લગતુ જે કામ કરયુ હશે તે નાશ પામશે નહી.

## મરણ પાછલ કીયા.

લાચારીએ કાઇજ ન બને તો ફુલ મુકી, લોબાન મુકતી વખતે ચોખ્ખા પાણીનો કનસિઓ ભરી મુકી, રતુમનો કરદો ભણી, અશો ફ્રરોહરોની નામવાર યાદ કરવી બધુ નહી બને તોપણ પહેલા ૩ દહાડાની કીયાની તો જરૂરજ છે. ( દેશાઇની બંદેગીનુ બલ્ક પરથી ) ૩ મિનિત કાઇજ બંદગી કરવાનુ બને તો બીછાનેથી ઊઠતાને વાર પાચ યથાઅહુ વઇર્યો અને ત્રણ અષેમ તો ભણવીજ ભણવી

---

## દરબાગાનાં માહારાજા

સ૦–તમો નામદાર માટે હુ જાણીને અચરત થાઉ છુ કે તમારી ગમે એવી રોકાણો છતા ધર્મી ભણતરો અને કીયાકામો ઉપર ઘણો મોહ રાખો છો, અને તે ઉપર સપ્પર પહેલ્નુ ધ્યાન આપો છો ?

જ–(હસીને) અલબતા હું એક ઘણો ધર્મી અને જુન્ના ચીવટ વિચારનો માણસ છુ, તે વગર અદના કે આલા કોઇનો છુટકજ નથી ! માણસ માટે ધર્મનું બળ સઉથી સર્વોતમ છે ધર્મની આસ્થા રાખનારને દુનીયામા સદા ફતેહ અને ફીરોજમદી મલે છે.

---

"Small Savinges Large Fortunes Make"

## ડોકટર મોદીનો ઉપકાર.

૧૯૦૭ મા શેવકને પેરીસ તરફ જવું થયુ તે વખતે પુણામા ગરીબ જરથોસ્તીઓના છોકરાઓને કેળવણીની ચોપડી આપવાને માટે રૂ ૧૫૦ ) શેઠ જ દો મારતર તથા ડૉકતર શો. હો. મોદીને આપીઆ હતા એ નાની રકમ ઉપરથી ડોકતર મોદીએ ઊનટ ને કાલજી રાખી નાણું જમા કરીને ૧૯૨૪ શુધીમા આશરે રૂ ૩૪,૦૦૦ કેળવણી પાછલ મદદ આપવા માટે ખરચ્યા, ને બીજા રૂ. ૮૩,૦૦૦ લોન, રોકડ જે બાકી છે તે પોતાની સાથે નીચલા સાહેબોને લઇને એ રકમનુ તરસ્ત કીધુ છે. શેઠ બ ન. ખમાતા, શેઠ અ. બ. શેઠના, શેઠ જ દો મારતર, દી મે. ઇરાની. આ તકે પરવરદેગારનો અને તે સરવે સાહેબોનો અને નાણા ભરનારાઓનો ઉપકાર માનુ છુ.

પુણા ૧-૩-૨૫ શેવક-દી. મે.

આ ફંદમા નાણુ ભરનારે ડોકતર શો હો. મોદીને જર વીલા પુણે મોકલી આપવુ

દર વરશે હીશાબનું ચોપાન્યુ છાપી બાહાર પડેછે.

## નાહીત અસ્તી પઇરી મજદાંઓ
અર્થ—ખુદા શીવાય કોઇ ચીજની હસ્તી નથી

---

### મોતનો ઘા—આરાધનાથી રૂઝાય.

મોત શરીરનુ છે, રૂવક્ષીનુ નથી મોત એ માત્ર રૂપાંતર હાલત છે, એક ઠેકાણેથી બીજે ઠેકાણે જવુ એ મોત નથી, પણ મુસાફરી છે. એક સ્થિતિમાથી બદલાવું એ તો એક મુસાફરખાનું છોડી બીજા મુસાફરખાનામાં ઉતારો લેવા બરાબર છે. તમારા ઘરના માણસો બહારગામ સિધારે ત્યારે રડારોળ કરીને તેને શુકન માગો કે અપશુકન ! તમે તો ફરોક્ષી ભણો છો અને ભણાવો છો તેમા તો એવી ખાહેશ બતાવો છો કે "હમો માઝદયરનાનોના આ ઘરમાથી કોઇ પણ રૂવાની, કોઇપણ ફરોહર દિલગીર થઇને તથા શોક સંતાપના પોકારની ગર્જના કરતુ કદી પણ નહીં જાર ! તમોને રૂવાનીની હયાતિ ઉપર વિશ્વાસ હોય, તમારાં વ્હાલાઓના ફરોહરોની તમારા ઘર સંસાર તરફ ચાલુ

નજર હોય, તેઓ તમને રાત ને દહાડો આશિષો આપી રહ્યા છે તેનુ જો તમને ભાન હોય તો તમે યાદ રાખજો, કે તેમના સુક્ષ્મ અનદીથ શરીરો તમારી આગળ સદા હાજર રહેવાજ છે તેઓ ગુપ્ત આશીર્વાદો મોકલતાજ રહે છે દુ ખના કિવા સુખના પ્રસગોએ પવિત્રાઇ અને અશોઇ પાળીને તેઓને યાદ કરો, તેમની આરાધના કરો, હજારો કે લાખો રૂપીઆનો દડ ભરીને પણ તમે મોતની સજામાથી તમારા વ્હાલાઓને છોડાવી શકશો નહીં. ત્યારે ધીરજ અને સબુરી પકડી તમારા મનમાં એટલુ ગોખી રાખજો કે, "મ્હારા વ્હાલાની માફક મ્હારે પણ મરવુ છે, અને તે વ્હાનાને પાછુ એક વાર મ્હને મળવુ પણ છે " અશો ફ્રરોહરોની જાહેરી આરાધનાથી બાતેની ફાયદા એ થાય છે, કે પાક દાદાર અહુરમઝદની ફ્રવશીની પણ યાદ થાય છે, પાક પેગમ્બર અશો જરથોશ્ત સાહેબની પણ યાદ થાયછે, અને કુલ જેહાનતા ફ્રરોહરોની પણ ખુશનુદી થાય છે. શો. મ. દેશાઈ.

## દુઃખીને દિલાસો.

હે બંદાઓ! પૃથ્વી પર રેડાયલી સઘલી જંજાળો કાંઇ એકલી તમારે માટેજ સરજેલી નથી, ત્યારે તમારે ફાળે આવેલી થોડીક જંજાળો, મુશકેની, મુશીબત અને જેહમત તહમે લઇ ચલાવતા ના હો, તો પરમાત્માનાં પાછા દર્શન કરવાને વેઠવી પડતી મહાત્માઓની તમામ જંજાળો તમો વેઠીજ કેમ શકશો? હા, તમોએ ઓછા દુખ ભોગવવાની શરતે ફરી ફરી જન્મ અને ફરી ફરી મરણુ પામવાનાજ દુખો વેઠી લેવા હોય, અને દાદારના દર્શન ફરી પાછા નજ લેવા હોય તો ઓછા દુખમા રાજી રહો, અને બીન અનુભવી સ્થિતિમા સબડિયા કરો દુખોથી દાઝીને તમે ઘરબાર, સંસાર તથા સ્થાન છોડીને નાશી જવાથી પીડામાથી છુટશો એવુ વિચારશોજ મા. કેવળ સુખ, નરી શાન્તિ, નસીબની ચહડતી, અખંડ તંદુરસ્તી, અને નિત્યની આબાદી તથા સુભાગ્યથી તો તમારૂ હૃદય એવું પોચું પડી જશે, કે કોઇ પ્રસંગે આવેલા

ન્હાનાં સંકટોમાં પણ ત્હમે એકદ ગભરાઇ જશો, માટે કષ્ટ અને પીડાકારીનો થોડો થોડો પણ અભ્યાસ પાડવાની તમને અવશ્ય જરૂર છે એક અનાથ, અપંગ, અને નાચાર માણસને ચાલતા ને હાલતા કષ્ટિ ભોગવવી પડતી હોવાથી નાનાશા દુખોની તો ત્હેને કનવાર પણ હોતી નથી દુનિયાની અટપટીની શરૂ જીદગીમા **હેન્રી ફોસેટે** આખો ગુમાવી, અને જુવાન વયમાજ પાર્લામેન્ટનો મેમ્બર થવાની ત્હેની દઢ જિજ્ઞાસા કચડાઈ જવાનો સમય પાસે આવ્યા છતા **"આ અંધાપો તો માત્ર પ્રભુની કસોટી છે,"** એટલુ બોલી સતોષ અને ધીરજ પકડીને આગળ વધ્યો અને ધારેલી નામદારીએ પણ પહોચ્યો. દુખો કાઇ ભૂડા અને નઠારા લોકોનેજ આવીને વળગતા નથી, સારા સદ્ગુણી આદમીઓને તો વધારે દુખ પડે છે પરતુ હે બંદાઓ! જરૂર જાણજો કે, પૂર્વ જન્મના બાકી ભોગવવાના કરણી પ્રમાણેના સચિત થએલા દુખોજ ગુણીજનોને તો ભોગવવાનાં હોય છે,

જેમાંથી તેઓ જલ્દી ખલાસી પામશે, પરન્તુ દુરા- ચરણીઓને તો સચિત અને ક્રિયમાણ બન્ને પ્રકારના કર્મોનાં સંકટો ભોગવવાનાં રહેતાં હોવાથી હજુ તો તેઓની વિપત્તિની શરૂઆત છે આ તો પાશેરામા પહેલી પુણિ હોવાથી હલકી માલુમ પડે છે શરીરના સુખ દુખ તો ખોટા છે, ખરા દુઃખ તો મન અને વાસનાનાં પાછળ આવે છે દેખીતી ઇંદ્રિઓ મારફતે થતુ દુખ, જ્ઞાન, અને ભાન તો મિથ્યા ભ્રાંતિજ છે, પણ ઇંદ્રિઓ વગરનુ જે કષ્ટ અને જે ભાન થાય છે તેજ સાચુ છે. એટલા માટે સુખી થઇ ચુકેલા પ્રથમના દુખી અનુભવીઓ આપણને દુખમા દિલાસો એજ આપે છે કે, જે ફુલ સૌના બગીચામા ઉગતુ નથી તે ફુલ શોધી લાવીને સુઘવાથી દર્દમા ગાફેત થશે. તે ફુલનુ નામ સતોષ છે, જેનુ બીજુ નામ સબુરી છે, ત્રીજુ નામ ધીરજ છે, અને ચોથુ નામ હિમ્મત છે.

શો. મ. દેશાઇ.

## ( સત્ત પ્રેમ સાગર પરથી )

અહુર અહુર મજદા મજદા, રામ કૃષ્ણ હક અલ્લાહ,
ગૉડ ઇશ્વર ને બ્રહ્મ, હરી અજીઓ સર્વે નંમ.
પ્રેમ ચંદ્રમા એવી મહેર, જ્યા ઉગ્યો ત્યાં લીલા લહેર
નીચા પ્રદેશમા દયા બની, સમાન ભૂમીપર પ્રીત કહી.
ઉચે શીખર ભકિત ભાવ, પ્રેમ–ચંદ્રના ગુણુજ ગાવ

---

## ખરી મર્દાનગી

પેહલી મરદી "સત્યતા", બીજી તે "સ્વભોગ,"
ત્રીજી તો "દુખ સહન કરો", ચોથી "સમતા યોગ"
પાંચમી મરદી "પ્રીત" છે, છઠ્ઠી "સ્વારથ ત્યાગ,"
સાતમી તો એવી મરદી, દોરી લાગી નાથ.
આઠમી મરદી, તે હિમ્મત, એકસરખી સિંહરાજ,
કોઇની મરદી ના જાણું, જીને જો સરતાજ.
નવમી મરદી નર ખરી, મરતે દમ બતલાવ,
વાસનાથી વીમુખ થઇ, જોતમા જોત સમાવ.
દસમી મરદી જીવદયા, સૌ જીવ એક સમાન,

જેહવો પ્યારો ખુદ સમજો, સમજો સૌનો પ્રાણ.
અગ્યારમી એવી મરદી, હુંપદ જીવણ ખોહય,
માન નહીં, અપમાન નહીં, શાતીમા ચીત પોય

સત–ચીત–આનદ નાદમા

ક્રીડ ખજવાળે શુ આરામ? લોહી નીકલતા દુખ,
એજ રીતે સસારમા, હવસ જુવો સનમુખ
દુન્યાના ભોગવતાં ભોગ લપ્ટે નહીં વીકાર,
ફૂળ મને અર્પણ કરે, મુકત બને સંસાર.
પ્રેમી પ્રીતમ દુર નહીં, "હુ પદ" તજે જો ખ્યાલ,
માથે મીંડુ છેદતા, ભેદુ દીનદયાલ.
સાર રૂપ તો એજ કે, ઈંદ્રીઓ કરીએ હાથ,
ફૂળવંત કરીયે જન્મવું, પ્રીતી કરીયે નાથ
એ તો માહરો લાડકો, હું તો એની પાસ.
સત ધર, ચીત માહરામા પો, આનદ મુજમા લે,
નીત્ય નામ સ્મરણ કરી, પાસે હોય તે દે.

---

**નીસ્ત હસ્તી બજુઝ યઝદાન.**

અર્થ–ખુદા શીવાય કોઇ બીજાની હસ્તી નથી.

## ખુદાનું નામ પ્રિતીથી લે.

શુ ઉડવુ છે ભાઇ, તુંજને પાખો વગર ?
ને જલદીથી પુગવું છે, પ્રીતમને ઘર ?
તો ભુલવો નહી, માલીકને કોઇબી પલે,
ખુદા નામ અંતરમાં, પ્રીતીથી લે.
શું ગીતા, ને ગાથા, ને કુરાન, ને વેદ,
ને બાઇબલ, ને બુદ્ધીસ્તની, પોથીબી એજ,
પુકારે કે ઇનસાન, હોય પાપી ભલે,
ખુદા નામ અતરમા, પ્રીતીથી લે.

## માલીક કરે તે કોઇ ના કરે.

કાંય દાસ તું ચીતા કરે ? માલીક કરે તે કોઇ નાં કરે.
જયા ચીતા ત્યા નહી સતોષ, પ્રીતીમા લાગો એ દોષ.
ફીકર કરે, જો નહીં વિશ્વાસ,
માલીક પુરે તે કયાંથી આશ
અરે દાસ ! ચીતાનુ ઝેર, પીધા પછી શ્રધ્ધામા ફેર.
ફીકર આગનો જલે અગાર,
મન દગમગતા ભુલે પ્યાર
બીન વિશ્વાસી પાંમે હાર, ઝેર ખાવાબી થાય તૈયાર.

નહીં સમજે? નહી ધીર ધરે?
કે માલીક કરે તે કોઇ નાં કરે.
તન મન જીગર સોપુ પ્રભુ,
મારે જીવાડે, તેહનુ જ બધુ.
તેજ સભાસે જ્યારે લાજ, કાય ઉદાસી દુખ્યો આજ
સત ઇચ્છા, તો તેહનીજ વડી,
સુખ દુખ કેવળ પાજ ઘડી.
જો સોપી દે તુ જ લગામ, ઘોડા પોહચે પરમ મુકામ.
માર્ગમા જો ઠોકર ખાય, સત અનુભવ તેથી થાય
એજ અનુભવ સકત હરે, માલીક કરે તે કોઇ નાં કરે.

## શાંતિ ક્યારે મલે?

લોભ જલે, સતોષ થાય, હુંપદ જલે તો દાસ,
જીગર જલે તો, સત ભક્તિ, જુદાઇ જલે, સન્યાસ.
જ્યારે જલે છે, માન અપમાન, સમતા આવે જ્ઞાન,
માહરૂ માહરૂં મુકી દે, પરગટશે યજદાન.
શાતી તો ત્યારેજ મલે, જ્યારે જલાવે ક્રોધ
શાતી તો ત્યારેજ મલે, જો નહીં માંગે ભોગ.
શાતી તો ત્યારેજ મલે, અતર ચાલે રામ.

## જળી જા.

જલી જલી ધુવો બની, તજો વીષય વીકાર,
ત્યાર પછી નહી જલવાનુ, પ્રગટે પ્રેમ અગાર.
સલગી સલગી પ્રીતીમા, આગ લાગે જેવાર,
રૂપ જલે માયા જને, જલે સ્વાર્થ વીચાર.
સોનુ જલે, અકસીર બને, વાસનાં જને, આરામ,
કામ જલે તો, સત પ્રેમી, માયા જલે તો, રામ.
શાંતી તો, ત્યારેજ મલે, હુપદ જલે જો ખ્યાલ,
શાતી તો ત્યારેજ મલે, જો ભેટુ દીનદયાળ.
પાણીમાથી માછલી, જો નીકલે, તો મોત,
તુજનાથી, જો હુ નીકલુ, થાય જીવણુની ઓટ.
મન ડુબે જો પ્યારમા, ભક્તિ લાવે બહાર,
જીવ ડુબે જો આત્મા, ટુટે બંધન તાર.
ભોગ ડુબે વૈરાગમા, ત્યારે સાચ્ચો યોગ.

---

**લા ઇલાહ ઇલ્લીલ્લાહ.** ( કુરાંન )
**અર્થ-ખુદા શીવાય કોઇ બીજાની હસ્તી નથી.**

## રાશી અક્ષર શું ભણવાનું.

મેષ—અ—લ—ઇ—હોમંજદ યશ્ત તથા બેહરામ યશ્ત.

વરખ—મ—વ—ઉ—માહ બોખ્તાર નીઆએશ.

મિથુનર—ક—છ—ઘ—હોમંજદ યશ્ત. મોટી હપ્તન યશ્ત, બેરામ યશ્ત, આવાં યશ્ત, અને રાત્રીની સરોષ યશ્ત.

કર્ક—ડ—હ—તીર યશ્ત.

સિંહ—મ—હ—મોટી હપ્તન યશ્ત, આવા યશ્ત ને હોમંજદ યશ્ત

કન્યા—પ—ઠ—ણ—આવા તથા મોટી હપ્તન યશ્ત, હોમંજદ યશ્ત, બેરામ યશ્ત, અને શરોષ યશ્ત વડી.

તુલા—ર—ત—રાત્રીની સરોષ યશ્ત, હોમંજદ યશ્ત, મોટી હપ્તન યશ્ત ને આવા યશ્ત.

વૃશ્ચિક—ન—ય—બેહરામ યશ્ત.

ધન—ભ—ધ—ફ—ઢ—તીર યશ્ત, ને હોરમંજદ યશ્ત.

મકર—ખ—જ—આવા યશ્ત, ને બેહરામ યશ્ત

કુંભ—ગ—સ—હોરમજદ યશ્ત, આવા યશ્ત, મોટી હપ્તન યશ્ત, ને સરોષ યશ્ત, વડી.

મીન—દ—ચ—ઝ—થ—ખોરશેદ, તથા મેહેરની નીઆએશ.

જે બંદગી સંપૂર્ણ અને ખરા દીલથી કીધેલી તે માણસને માટે એક બચાવ છે, દરૂજની સાંમે એક ઢાલ છે, તથા તે દરૂજને હઠાવનાર છે.

(સરોષ હાદોખ્ત, ફ. ૨)

દરેક અષો મીનો યઝદને હમો માન સાથે યાદ કરીએ છીએ, તથા દરેક અષો ગેતીના યઝદને હમો માન સાથે યાદ કરીએ છીએ (ખો૰ ન્યાયશ, ફ. ૫)

હાલ હૈયાતી ભોગવનારા અષો માણુસોના હૈયાત ફ્રોહરોને, આગળ થઇ ગએલાં અષો માણુસોના હૈયાત ફ્રોહરોને તથા હવે પછી જન્મ પામનારા અષો માણુસોના હૈયાત ફ્રોહરોને અમો માન સાથે યાદ કરીએ છીએ. (ફ્રરવરદીન યશ્ત, ફ ૧૨.)

જે શખ્સ અનાજની ખેતી કરે છે તે ગોયા અષોઇ ખેડે છે યાને ઉઘોગી જીદગી ગુજારવી, એ અષો જીદગી ગુજારવા સરખું છે વદીદાદ ૩.

સફેદ પોષાક એ માજદયશની દીનની નિશાન છે.

(મેહેર યશ્ત, ફ. ૧૨૬.)

પોતાના ખાવીંદને તાબેદાર તથા અષો નારીને હમે વખાણુયે છીએ. ( અહવિસૂથેમ ગેહ, ફ. ૯. )

હમેશાં જીવનારા તથા હમેશા ફાયદો કરનારા અ.મેશાસ્પંદોને હમો અહીં યાદ કરીએ છીએ

( યસ્ન હા ૩૯, ફ. ૩ )

ગુનાહને દુર કરવાના બદલા તરીકે સવાબ હું કરૂં.

( કેરફેહ મોજદ )

લાબો વખત સુધી બીન ઉપેગી પડી રહેવું, તમોને લાયક નથી ( વદીદાદ પર્ગદ ૧૮, ફ ૧૬. )

એક સંતોષી વિચાર સૌથી સરસ ચીજ છે

( ગાથા યસ્ન હા. ૪૩, ફ. ૧૫. )

સદાહમપજ કે જીભ્યા કકાશને મારી હઠાવે છે!

( યસ્ન હા. ૬૦, ફ. ૫ )

સાચ્ચો બોલેલો તથા અસરકારક સખુન ઘણોજ ફેહેડ આપનારો છે. ( સરોષ હાદોખ્ત ફ ૩ )

જે કાઇ નાહ મળ્યું હોય, તે માટે બળાપો યા સંતાપ કરતો ના. ( આદરબાદનું પંદનામું. )

અઓ જરથોસ્ત! દુન્યાના લોકોને માટે બદગી સારી છે, બદગી સૌથી સરસ છે. ( સ. હા. ફ. ૧.)

*Self-control as to the Mind*—The Qualification of Desirelessness shows that the astral body must be controlled, this shows the same thing as to the mental body It means control of temper, so that you may feel no anger or impatience of the mind itself, so that the thought may always be calm and unruffled, and ( through the mind ) of the nerves, so that they may be as little irritable as possible This last is difficult, because when you try to prepare yourself for the Path, you cannot help making your body more sensitive, so that its nerves are easily distrubed by a sound or a shock, and feel any pressure accutely, but you must do your best

The calm mind means also courage, so that you may face without fear the trials and difficulties of the Path it means also steadiness, so that you may make light of the troubles which

come into every one's life, and avoid the incessant worry over little things in which may people spend most of their time The Master teaches that it does not matter in the least what happens to a man from the outside sorrows, troubles, sicknesses, losses-all these must be as nothing to him, and must be allowed to affect the calmness of his mind They are the result of past actions and when they come you must bear them cheerfully, remembering that all evil is transitory and that your duty is to remain always joyous and serene They belong to your previous lives andnot to this, you cannot alter them, soit is useless to trouble about them Think rather of what you are doing now, which will make the events of your next life, for that you *can* alter

Never allow yourself to feel sad or depressed Depression is wrong, because it infects others and makes their lives harder, which you have no right to do Therefore if ever it comes to you, throw it off at once

In yet another way you must control your thought, you must not let it wander Whatever you are doing, fix your thought upon it, that it may be perfectly done, do not let your mind be idle, but keep good thoughts always in the background of it, ready to come forward the moment it is free

*Cheerfulness* –You must bear your karma cheerfully, whatever it may be, taking it as an honour that suffering comes to you, because it shows that the Lords of Karma think you worth helping However hard it is, be thankful that it is no worse. Remember that you are of but little use to the Master until your evil karma is worked out, and you are free By offerinkg yourself to Him, you have asked that your karma may be hurried, and so now in one or two lives you work through what otherwise might have been spread over a hundred But in order to make the best out of it, you must bear cheerfully, gladly.

Yet another point You must give up all feeling of possession Karma may take from you the things which you like best–even the people whom you love most Even then you must be cheerful–ready to part with anything and everything Often the Master needs to pour out His strength upon others through His servant, He cannot do that if the servant yields to depression So cheerfulness must be the rule

( *At the Feet of the Master* )

---

અશો જરથોસ્ત પેગમબરનો બ્લૉક ચેરાગના માલેક છાપવાને આપ્યો છે તે માટે મેહરબાની થઇ

દી. મે.

---

પેજ ૧૯૨ મા મેહર રોજનું જશન છે તે પેજ ૧૯૮ મા સુધારવુ જી.

આગલની સર્વે ચોપડી ખલાસ થઇછે. આ ચોપડી જેઓને વધુ નકલો જોઇએ તેવોએ દીનશા મેરવાનને પુછી લખવુ.

## ઓ જેહાનના પેદા કરનાર માલીક !
## આ બેસ્તુ નવુ સાલ સરવેને મુબારક કર-

એ દીવસે પ્રથમ દાદાર અહુરમજદની અને ત્યાર બાદ વનત સેતારાની ક્ષનુમનથી આફ્રીગાન, બ્યજદ, દરૂન, યજશને વગેરેની ક્રિયા કરવામા આવે છે, એ દીવસથી તે મેહર મહીનાના અનેરાન રોજ સુધી બપોરે ૧૨—૩ રપિથ્વન ગેહ ભણુવામા આવે છે. કારણુ કે એ સાત મહીના હામીન યાને ઉનાળાના છે રપીથ્વનને ગરમીની સાથે સમબ છે.

---

પરવરદેગારે તારી જેબી કાઇ સરજત નકી કરી હોય, તે ધીરજથી સહન કરજે તારી ઉપર જેમી કાઇ દુખ સુખ પડે તે માત્ર એતેફાકથીજ પડે છે એમ ધારતો ના, અને તારી ઉપર જેબી કાઇ દુખ યા મુશકેલી આવી પડે તે માટે બડબડનો ના. સબબ, તારે જાણુવું જોઇયે કે માણુસ જેને નસીબયા કીમત કહે છે તે પરવરદેગાર તરફથીજ નકી થયલું હોય છે.

ખરો ધરમ શું? આપણા આત્માની જીદગી, તંદુ-રોસ્તી અને કેળવણી, તેજ ખરો ધરમ છે એનો અર્થ એ કે નેકી અખાયાર કરીને આતમાને જો તદ-રોસત રાખયો હોય અને નેકીના મારગમાજ આગળ વધવાની આતમાને જો કેળવણી આપી હોય તો તેજ આપણો ખરો ધરમ થઇ પડે છે એના કરતા બીજો વધારે સારો ધરમ કયા મળશે? જે માણુસ એવા ખરા ધરમ પ્રમાણે ચાલતો હોય, તેને દરેક નેક શબ્દ ઉચા-રતા અને દરેક નેક કામ કરતા કુદરત તરફથી કાંઈ અજાયબ જેવુ ઉતેજન મળે છે

ધીરજ એ આતમાને સમતોલ હાલતમા રાખનાર એક વજન છે જીદગીના ઘણા મોટા તોફાનો દરમયાન તે આતમાને ગબડી પડતો યા પડી જતો અટકાવે છે.

---

નેક મનશ્નીના (યાને નીતિવાન) કામોને લીધે દાદાર હોરમજદ હાંસેલ થશે

ઉસ્તવદ ગાથા, હા ૪૫, ફ ૮.

અરદીબેહુશ્ત રોજે રપીથ્વન ઉજવાનો દીવસ, બપોરે ૧૨—૩ સુધી દરેમેહરમા રપીથ્વનની ઇજશને અને જશન કરવામા આવે છે, ગરમીની મોસમની શરૂઆત માટે દાદારનો ઉપકાર માનવાનું એ જશન છે.

---

એ માનવી, તારા હાથમા વખત ફાજલ છે તેટલોજ તુ ઇશવરને ભજી લે. એકવાર તેને ભજવાની તક હાથથી ગઇ અને મરણ નજદીક આવી પુગુ કે તે પછી ફરીથી એવી તક મળવાની નથી. હમણા તુને પઇસાટકા, ધનદોલત, બાયડી છોકરા, સગાવાહલા અને દુનયાની મોજશોખની મોહીણી લાગી હોય તે છતાં તુ ખુદાને ભજજે, કારણ કે મરણ આવશે તયારે તુને એકલાનેજ દુનિયા છોડી જવી પડશે, અને એ સઘળાઓમાથી કોઇબી તારી સાથે આવવાનુ નથી

---

એ અહુરમજદ, ભલાં મનની મારફતે હુ તારી નજદીક પોહોચ્યુ.

અહુનવદ ગાથા, હા ૨૮, ક. ૨.

સારી તંદરોસતી ભોગવવા અને તેવી તંદરોસત જીંદગી સાથ એ સી વરસ ના આઠ દાહેડા પસાર કરવા માટે માણસને ત્રણ ચીજની જરૂર છે. તે પાણી, કસરત અને સાદો ખોરાક છે શરીરને બાહેરથી તેમજ અંદરથી સવચ્છ રાખવા માટે પુરતા જંઠામા પાણીનો ઉપયોગ કરવાની જરૂર છે લોહીને સવચ્છ રાખવા માટે કસરતની, અને તેબી ફકત મધયમસરનીજ કસરતની અગત છે શરીરનુ જોર ટકાવી રાખવા માટે ખોરાક અગતનો છે, પણ તે ખોરાક સાદો અને બરાબર વખતસર નીયમીતપણેજ લેવાની જરૂર છે.

---

બંદગીની એજમતી અસર કાંઇ અજબ જેવી છે ઉજડ વેરાન જંગલમા યા રાતના અંધકારમા, ખુશાળીના હીંગામમા યા દુખ અને આફતની માહેતમમા, જવાનીના જોશમા યા બુઢાપાની નબલાઇમા કોઇબી વખતે ખરા અંતકરણથી કીધેલી બંદગી ફોકટ જતી નથી. તેનો બદલો પરવરદેગાર તરફથી મળ્યા વગર રેહેતો નથી.

ફીલસુફીનો ઉપરટપકેનો અભયાસ કરયાથી માણસ નાસતીક બને છે, યાને ખોદા ઉપરનો તેનો વીશ્વાસ ઉડી જાય છે, પણ તેજ માણસ જો ફીલસુફીના ઉડાણમા ઉતરીને તેનો બારીક અભયાસ કરવા માડેછે તો ધરમ અને ખોદા ઉપર તે જબરી જાનફેશાની કરેછે

---

ઉદયોગ અને મેહેનત કરવાથીજ માણસને ફતેહ મળે છે અને ચ ચલ પુરૂશો એવા ઉદયોગથીજ દુન-યામા આગળ વધીને નામ કહાડે છે. ફકત ટુકી સમજના માણસોજ નસીબ ઉપર આધાર રાખીને બેસી રહે છે અને એવી રીતે બેસી રહીને દુખી થાય છે

---

આગલી જીદગીના કામો હજી આપણી સાથે મુસા-ફરી કરે છે, યાને તે આગલી કરણીનો હાલ આપણને બદલો મળે છે આજે આપણે જેવા છીએ, તે આગળ જેવા હતા તેનુજ પરીણામ છે, યાને અગાઉ જેવી જીદગી ગુજારેલી, તેના બદલા તરીકે હાલની જીદગી આપણને મળી છે,

ખોરદાદ રોજે ખોરદાદ સાલનો દીવસ; એ દીવસે પેગામ્બર સાહેબ અશો જરથોસ્તનો જન્મ થયો હતો, ખોરદાદ સાલની ખાસ ક્ષ્નુમનથી આફ્રીન્ગાન, યજશ્ને વગેરે ક્રિયા થાય છે એ દીવસે હાવન ગેહમા ૯ ખુરશેદ નીઆએશ અને ૩ મેહર ન્યાએશ, રપીથ્વન અને ઉજી-રન ગેહમા ૩ ખુરશેદ અને ૧ મેહર નીઆએશ પઢવી

કોઇબી પાપ નાનુ યા નજીવુ નથી સબબ, દરેક પાપ, પરવરદેગારના નેકીથી ચાલવાના ફરમાન વીરૂધનો ગુનાહ છે, અને તે ગુનાહના પરીણામ કલ્પી ન શકાય એવા મોટા આવે, એ બનવા જોગ છે બારીક રેતીનો કરચ જેટલો દાણો, નાના ઘડીઆળના સાચાકામમા નાખયાથી આખા ઘડીઆળને ચાલતુ અટકાવી મેળે છે તેજ મીસાલે ગમે એવુ નાનુ યા નજીવુ પાપ આખી દુનિયાના કારોબાર ઉપર અસર કરયા વગર રહેતું નથી

---

સુલેહ-શાન્તી ચાહનાર માણસને ખરાબ વિચારવાળા દુશ્મનથી હમેશા બચાવવો જોઇએ

અહુરમજદ યસ્ત.

ખોદા હસતી ભોગવે છે એટલુંજ નહી પણ કામ પડવે આપણી સાથે વાતબી કરે છે કાઇ ગુનાહ કરયા પછી આપણા દીલમા જે પસતાવો થાય છે તે પસતાવો બીજુ કાઇજ નહી પણ આપણા ગુનાહ માટે આપણને ઠપકો આપનારો ખોદાનો અવાજ છે.

---

એક વાત હમેશ યાદ રાખજો તે એ કે તમે તમારા તનથી યા મનથી જેબી કાઇ કરો, તે દરેક વખતે ખોદા એક સાક્ષી તરીકે તમારી આગળ હાજર હોય છે એ વાત જો હંમેશ યાદ રાખશો, તો કોઇ બી બાબદમા કોઇબી કામમા તમે ચુક કરશો નહી, નકીના મારગથી આડા જશો નહી અને પરવરદેગાર તમારા અંતકરણમા હમેશનો વાસો કરશે

---

અય અહુમજદ! આએ બે ચીજો હુ માગુ છુ તારા દર્શન [અને] તારી સાથે મળીને [દીન બાબે] વાતચીત

અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૫.

બંદગી કરતી વખતે ભણતરના શબદો, ઉપર આકાશ તરફ, યાને પરવરદેગાર તરફ રવાના કરવામા આવે અને તેજ વખતે બંદગી કરનાર દુનયાદારીની ચીજોનો, વેપાર ધંધાનો યા પઇસા ટકાનો ખીચાર કરે, તે બંદગી ફોકટ છે અને તેની બંદગી ખોદાને પેહોતીચ નથી. બંદગી કરતી વખતે સઘળુ ધયાન ખોદા ઉપર રાખીને ભણતરના શબ્દો જો ભણવામાં આવે, તો તે બંદગી ખરેખરી અમર કરનારી થઇ પડે છે.

---

મગરૂરીમા એક ચીજ એવી છે કે જે બીજા કોઇબી દુરગુણમા જણાતી નથી તે એ કે મગરૂરી ખુદ પોતાનીજ દુશમન છે, યાને એક મગરૂર માણુસ કોઇ બીજા માણુસની મગરૂરી કદીબી સાખી શકતો નથી એ મુજબ જો બીજાની મગરૂરી આપણાથી તામોશ થઇ શકતી ન હોય, તો પછી આપણે પોતે શા માટે મગરૂર થવુ જોઇયે અને આપણી મગરૂરી બીજાઓથી કેવી રીતે તામોશ કરી શકાય ?

ઓ ઇનસાન, નેકી કોણુને કહેવી, તેનો ટુક સાર તુ સાભળી લે અને નેકીનો તે નીયમ વીશે ગભીર વીચાર કર તે નીયમ એ છે કે, "જે ચીજથી તુને પોતાને દુખ ઉપજતુ હોય, તેવી વરતણુક બીજા માણુસો સાથે તુ ચલાવતો ના". નેકીનો સઘળો ખોલાસો આ એકજ વાક્યમા સમાઇ જાય છે.

---

તમારી પાસે જે કાઇ થોડુ ઘણુ હોય તે ઉપરજ, અને બની શકે તો તેથીબી ઓછા ખરચમા તમારો ગુજારો કરજો દેખાદેખીથી ખાલી શીશીયારીને ખાતર યા બે ઘડીની જુઠી મોજ મજાહને ખાતર કદીબી કોઇનુ કરજ કરતા ના સબબ, ઉછીકા લીધેલા પઇસા જયારે પાછા નહી અપાશે, તયારે શીશીયારીનુ પરીણામ બેહોરમતીમા આવશે અને બે ઘડીની ખોટી મોજનો અજામ ભારે પસતાવો કરાવનારો થઇ પડશે.

---

અશોઇની મારફતે નીતિના માર્ગો જેમા અહુરમજદ વસે છે, તે તરફ તુ અમોને પોહોચાડ

અહુનવદ ગાથા, હા ૩૩, ફ. ૬.

એક માણુસની સઘળી દોલત, પઇસા ટકા, વાડી વજીફા, વગેરે સઘળુ જતુ રહે, પણ તે છતા તેની પાસે જો ચાર ચીજ હોય, તો તેના એક બાલનેબી અલવલ આવતી નથી અને તે સુખી, સતોશી જીદગી ગુજારી શકે છે તે ચાર ચીજ મીતાહારપણુ, ખુશ મીજાઝ, સચાઇ અને ખોદા ઉપરનો ઇતબાર છે જેઓ પાસે એ ચાર ચીજ હોય, તેઓને બીજા કશાની ગરજ રહેતી નથી

---

સળગી ઉઠેની આગ પવનના સપાટાથી નહી પણ ઠડુ પાણી રેડયાથી બુજાઇ જાય છે તેજ મીસાલે કોઇ માણુસનો ગુસસો જો ઉશકેરાયો હોય, તો તે વખતે તેની સામે બુમબરાડા પાડીને ધમકી આપયાથી તેનો ગુસસો નરમ પડતો નથી, પણ સામો વધુ ઉશકે-રાય છે તેમ ડરવાને બદલે તેની આગળ નમી જઇને નરમાશ બતાવવાથી અને મીઠાશભરયા શબ્દો કહેવાથી તે તુરતજ શાત થઇ જાય છે અને તેનો ગુસસો ઉતરી જાય છે.

ધણીધણીયાણીએ એક બીજાને સાચા પયારથી ચાહવા જોઇયે બનેએ સાથે બેમીને બદગી કરવી જોઇયે અને કાંઇ વાધો પડતાં બનેએ એકી વખતે સાથે કદીબી ગુસે થવુ જોઇયે નહી એક જણ જો અગારની પેઠે ગરમ થઇને તપી જાય, તો બીજાએ થડા પાણી મીસાલે તેની સામે જવુ કે જેથી કજીયો આગળ વધવા પામે નહી એમાથી એક જણ જો ગુસે થયલુ હોય તો બીજાંએ પોતાની જબાન બંધ રાખવી અથવા બોલવુ પડે તો નરમાશથી એવા મીઠા સખુનો બોનવા કે જેથી પેલું ગુસે થયનુ માણસ નરમ પડી જાય

---

સુખને જો આપણા આતમામા દાખલ કરવુ હોય, યાને આપણે જો ખરેખર સુખી થવુ હોય, તો આપણા મનમાથી દુખ અને આફતના ખોટા ધખા-રાઓ દુર કરી નાખીને પર વરદેગારે આપણને જે સથીતીમા પેદા કરયા હોય, તેમાજ સુખ અને સતોશ માનવો જોઇયે

આ સરૂષટીમાં તુ જેબી કાઇ સખુન બોલશે યા જેબી કામ કરશે તે કાઇ એમનુ એમ પસાર થઇ જવાનુ નથી જમીનમા રોપેલા બીયા મીસાલે તારા સખુનો યા કામોના બીયામાથી મોડુ દરખત ઉગી નીકળયા વગર રહેવાનુ નથી જેવા બીયા હોય તેવુ જ ઝાડ ઉગે છે તે મીસાલે તારા સખુનો યા કામો જેવા સારાં યા નરસા હશે તેવું જ પરીણામ સારૂ કે માઠુ, મોડે વહેલે આવયા વગર રહેવાનુ નથી

---

દોલત મેળવવા માથે જબરી જ જાળ ઉઠાવવી પડે છે, દોલત મળયા પછી તે રખેને જતી રહે તે માટે રાત દહાડો મનમા ધાસતી રહે છે, દોલતનો ઉપયોગ કરવા માટે તરેહવાર જાતની લાલચો થાય છે, દોલતનો જયારે ગેરઉપયોગ થાય છે, ત્યારે તે ગેરઉપયોગ કરનારને માથે ગુનાહનો બોજો ચહડે છે, અને સેવટે દોલત જયારે જતી રહે છે તયારે આપણુને ગમગીનીમા ગરકાવ કરતી જાય છે દોલતના એટલા બધા અવગુણ છતા લોકો તે મેળવવાને ઝીવલા મારે છે !

જ્યારે તમને એમ વીચાર આવે કે હુ ખરેખરો દુખી છુ, અને તે વીચારથી તમે જો બેદીલ થઈ જતા હોવો, તો તે વખતે જે બીજા માણુસો તમારા કરતા વધારે દુખી હોય તેઓ તરફ નજર કરજો અને પરવરદેગારના શુકરાના કરજો કે તમે તેઓના જેટલા દુખી નથી તેમ કરયાથી મનની બેચેની દુર થશે અને શાંતી મળશે

---

ધીકકારનો ઇલાજ ધીકકાર નહી પણ પયાર છે પયારથી ધીકકારનો નાશ થાય છે એની મતલબ એ કે કોઇ જો આપણી તરફ ધીકકાર બતાવતુ હોય, અને આપણે જો તેની તરફ વળતી દુશમનાઇ બતાવયે તો તેથી આપણી તરફનો તેનો ધીકકાર ઓછો થશે નહી પણ સામો વધશે તેને બદલે તેની તરફ પયાર બતાવીને આપણે જો તેની સાથે માયાથી વરતશુ તો આપણી તરફનો તેનો ધીકકાર નાશ પામશે અને તે કદાચ આપણો મીત્રમી થઇ પડશે એ ઉપરથી માલમ પડશે કે ધીકકારને મારવાનો ઇલાજ ધીકકાર નહી પણ પયાર છે.

લોક પરવરદેગારની બંદગી કરીને તેની પાસે તરેહવાર ચીજો માગે છે કોઇગાડી ઘોડા અને વાડી વજીફા માગે છે, તો કોઇ મોટી દોલતનો ધણી થવા ચાહે છે પણ એવી તકલીદી ચીજો ખોદા પાસે માગવી ઇનશાનને લાજમ નથી માણસે પરવરદેગાર પાસેથી જે સઉથી પહેલી ચીજ માગવાની છે, તે સ્વચ્છ અંતઃકરણ છે, કે જેથી તે કોઇનું બુરૂ ચાહી શકે નહી યા બુરૂં કરી શકે નહી તે પછી જે બીજી ચીજ માગવાની છે, તે સ્વચ્છ મન છે કે જેથી તે કાઇબી બુરા વીચારો કરી શકે નહી તે પછી જે ત્રીજી ચીજ માગવાની છે, તે સારી તનદરોસતી છે પરવરદેગાર તરફથી એ ત્રણ બક્ષેશ જે માણસને મળે તે ખરો સુખી ગણાય

---

નેક પર હલ્લો કરી શકાશે, પણ તેને કોઇ નુકશાન કરી શકવાનું નથી તેને ગમે એવી ઇજા કરવાનું ધારશો પણ આખર કસોતીમા તો તેજ યાને નેકીજ ફાવશે.

પાણીનુ એકેક ટીપુ પડયાથી એક મોટો હાડો ધીમે ધીમે ભરાઇ જાય છે. બીજી હરેક ચીજના બાબમાંબી એજ નીયમ મુજબ કામ થાય છે એકેક પાઇ યા દોઢીયુ બચાવયાથી મોટી દોલત ભેગી થાય છે અને હરરોજ થોડું થોડું ગ્નાન મેળવયાથી માણુસ વીદવાન થઇ શકે છે ધારમીક લાયકાતોનુ બી તેમજ જાણવું માણુસ જો દરરોજ થોડો થેડો ધરમ અભયાસ કરતો રહે, તો તે પોતાના ધરમમા પુરવીણ બને છે એટલુ જ નહી પણ પુરવીણતાથી આ તેમજ પેલી જેહાનનુ સુખ પણ હાસલ કરી શકે છે

---

કોઇએ પણ પોતા ઉપર યા પોતાના બચ્ચા ઉપર શુ આવી પડશે તેની આગાહી જાણવાની કોશેશ કરવી નહીં, તેને સકટની તો ખાતરીજ રાખવી, કે જે આગાહી કીધાથી અટકનાર નથી, અને તે માટેની આગળથી ચીંતા તે ખુદ સકટ કરતાં કાઇ ઓછી નથી, એટલે તેનો જીવ અંદેશામા પડશે, જે ખમવો બહુ ભારી છે.

ખુશખુશાળ રહેજો, પણ ઘટતી મરયાદામાજ રહેજો, ગભીર અને ભારખમ થજો પણ ઉદાસ અને બરીયળછાણ્ નાં થતા, હીમત બતાવજો, પણ જોખમ ના ખેડતા, કપડા દીલે શોભે તેવા પહેરજો, પણ ખર-ચાળુ ના પહેરતા, ખોરાક સાદો પુશટીકારક લેજો પણ એધીની પેઠે ના ખાતા, કારણ વગર કોઇબી માણુસ તરફ બેવીશ્વાસુ ના થતા, તેમજ કોઇ જે કાંઇ કહે તે સાબેતી વગર માનીબી ના લેતા ખોદાની સેવા કરજો, તેનાથી ડરતા રહેજો અને ખરા પ્યારથી તેને ચાહજો અને તે તમને મોટાં સુખથી નવાજ્યા વગર રહેશે નહી

---

કોઇબી ગરીબ ગુરબાને આપવા માટેની સઉથી સરસ ચીજ ચોખા અને દાળ છે, કોઇપી માણુસને આપવા માટેની સઉથી નાલાયક ચીજ તે આપણા મોહડામાથી બાહેર નીકળતી ગાળગલોચ છે, પીવા માટેનુ સઉથી સરસ પાણુ તે ગુસાનુ પયાલુ છે અને ખાવા માટેની સઉથી નાલાયક ચીજ તે ખોટી રીતે મેળવેલો લાભ યા પઇસા છે.

ડરેલ માણુસોબી કોઇવાર લપસી પડે છે અને ઘણાજ સાવચેત માણુસોબી કોઇવાર ઠોકરાઇને પડી જાય છે, દરેક માણુસ કાઇ ને કાઇ ભુલ થાયછેજ અને જે માણુસે કદીબી ભુન કરી ન હોય તે ઇનસાન નહી, પણુ ઇનસાનથી કાઇક વધુ લેખાવો જોઇયે

---

જવાનયાઓ માટે સઉથી ઉતમ કાનુનો એ છે કે બોલવુ થોડુ, સાભળવુ ઘણુ અને પાંચ માણુસની મડળીમા જે કાઇ બોલાયુ હોય તે વીશે એકાતમા વીચાર ચલાવવો, પોતાના મત ઉપર ઝાઝો ભરૂસો મેલવો નહી અને લાયક આસામીઓના ઘરખમ મતને કીમતી ગણીને તે મુજબ અમલ કરવો

---

ખોદાએ તો તમને સપુર્ણ અને ભલાં બનાવ્યાં છે પછી તેવાંજ રેહવું કે નહીં તે તો તમારા હાથમા છે ખુદરતે તમુને મરજી પ્રમાણે ચાલવાની શકિત બક્ષી છે, જે મરજીને સારે રસ્તે લઇ જવાનુ તમારાજ હાથમાં રાખ્યુ છે.

સુખ અને દુખ, આબાદી અને બરબાદી, નફો અને ટોટો, જનમ અને મરણ–એ સઘળા વારાફરતી દુનયાના સઘળા પ્રાણીઓની મુલાકાત લે છે. તેથીજ ડાહયા માણુસો ખુશાલીથી હરખાઇ જતા નથી; અને દરેક ઇનસાનની ફરજબી તેમજ વરતવાની છે જેમ ખુશાલી સદા ટકી રહેતી નથી, તેમજ દલગીરીબી સદા નીભતી નથી માટે કાઇબી દુખ યા આફત આવી પડે તયારે ગભરાઈ ન જતા મન શાત રાખીને ખોદા ઉપર ઇતબાર રાખવામાજ લાભ છે–સતોશ એજ દોલત છે, તેજ મનનું ધન છે, જેને સતોશનો એ ખજાનો હાથ લાગો તેજ ખરેખરો સુખી છે

---

ઓ ઇનિસાન, તારે માટે મે જે કામ નેમી રાખેલુ છે તે તુ ગુપચુપ બજાવ્યો જા, અને દરેક કામ કરતી વખતે તારૂ દીલ વ જાન મારા (ઇશવર) માજ ભરી રાખજે તેમ જો તુ કરશે તો મુશકેલી તથા આફતથી નીરાળો રહેશે.

**ફરવરદીન** રોજે અશો ફરોહરનુ જશન, આપણા રેવાજ પ્રમાણે મહીનો અને રોજ એકજ નામવાલો આવે ત્યારે તે જશન તરીકે પાલવાનો રેવાજ છે, ફરવરદીન એ અશો ફરોહરને અર્પણ થયલો દીવસ છે. ખસુસ કરીને ગુજરેલાઓના અશો ફરોહરની યાદ અને આરાધનાનો એ દીવસ છે. પોતાના વહાલાઓની લાસને અવલમંજલ પુગાડવાની જગોએ એ દીવસે જઇને ત્યા તેઓના આત્માની શાંતીનુ ભણતર ક્રિયા કરવ મા આવે

---

તમારો સઉથી મોટો દુશ્મન કોણ છે અને કયા માણસથી તમારે ઘણુ જ બીહીને ચલવાનુ છે તે જો તમે જાણવા માગતા હેવો તો મોહડુ જોવાની આરસીની સામે ઉભા રહેવો તમારા દુશ્મનનો ચેહરો તેમા તમને ખુલ્લો જણાશે મતલબ એ કે તમારો સઉથી મોટો દુશ્મન તમો પોતેજ છેવો, યાને તમારા મનના જુસસાઓ અને ગેરવાજબી ઇચ્છાઓ તમારા મોટા મુદઇ જેવી છે, જેને કાબુમા રાખવાની અને જેનાથી બીહીને ચાલવાની મોટી જરૂર છે

૨૭ રોજ બેહેરામ-માહા ફરવરદીન.

મનને મારવુ એ એક ઉતમ સદગુણ છે ખાવુ પીવુ, ગાનતાન, તથા બીજી મોજમજોહ્ના ઘટતી હદમાં ભોગવવામાં આવે તેમા કાંઈ વાધો નથી, પણ જે માણસ પોતાના મનને મારીને મોજમજાહનુ પ્રમાણ ઘટતી હદથીબી ઓછુ રાખે તેનેજ ખરો ડાહયો જાણવો, સબબ ઘટતી હદ ભુનચુકમાં થોડીમી ઓળગી જવાય, તેના કરતા એ હદ સુધી જવુજ નહી અને તેના કરતાંબી ઓછી મજાહ ભોગવવી એ માણસ માટે વધારે સલામતીભરયો મારગ છે

---

પવિત્ર રોશણીઓને હુ વખાણુ છુ'। કીરતારની પેહલી પેદાશ રોશનીજ છે અને તે પોતે પણ રોશણીનો ઝરોજ છે

---

એક ભલુ હૈયુ જે છે તે, ખોરશેદ અને ચદ્રના જેવુ છે, બલકે ખોરશેદ જેવુ છે, કારણ કે તે ઝનકે છે અને તેમા વધ ઘટ થતી નથી, પણ પોતાનો રસ્તો નીયમીતપણે લેયુ જાય છે.

અય કુદરત જેમ તે આફતાપ ઉપર ખુરશેદ યઝદને, જમીન ઉપર અશપદારમદ અમશાશપંદને, આતશ ઉપર અરદીબેહેશત અમશાશપદને, પાણી ઉપર આવાં યઝદને, પવન ઉપર ગોવદ યઝદને, બારાન ઉપર તેસતર તીર યઝદને, ઝાડો ઉપર અમરદાદ અમશાશપદ ઉપર બહમન અમશાશપદને મવકલ અને નેગેહબાન કીધેના છે, તેમ મારી ઉપર નેકી નીતીના શીરેસતાને મવકલ યાને નીગેહબાન રાખ! અય જરથોસત, તારી દીનને હુ ઇજુ? અહુરમજદની પેદા કીધેલી પેદા-યશમા તારી દીનને કેવી રીતે પહુ અને તે ઉપર કવી રવેશે ચુમત રહુ? અય ખુદા, તારી દીનને હુ લાયક થાઉં એજ મારી દુવા છે અય ખુદા, મારા બેટા બેટીનુ કારજ કીધા પછી તે તોડવાની કુબુધી મારામા આમેજ નહી થાય એવુ કર, કેમકે દાદાર અહુરમઝદ, હુ જાણુ છુ કે તે અશો જરથોસતને જણાવયુ છે કે આવો ગુનાહ કરનારને ૯૯૯ વરસ સુધી તે ગુનાહની તોજેશ કરવી જોઇયે છે.

અય અહુરમજદ તારી બદગી કરવા માટે મારી કમર બાધેલી રાખ! અને દેવો જેઓ બુરા લોકો અને દુરવદો જેઓ અધરમી છે તેઓના દીન તુટેલા રાખ! ઓ અહુરમજદ, મારી નજર સનમુખ રાહનુમાયનો ચેરાગ સળગાવેલો રાખ અને મને ગુમરાહી અને હેરેમનના ફ્રદામાથી છોડવ! અય ખુદા, તારી બદગી કરતી વેળા મને પાક, અશો, અને પવીત્ર રાખ! મારા દીલમાથી દરેક રીતના બુરા વીચારો કહાડી નાખ! મારૂ મન અને આતમા ખુશી ભરેલુ થજો અને આતમા અને તન સુખકારી ભરેલુ થજો આતમા અને તન એબનેનુ ભલુ થજો. આ દુનીયાના માન ઇજત ઉપર હુંમગરૂર નહી થાઉં, ઉંચ ખાનદાન ઉપર મગરૂર નહી થાઉ કેમકે હુ જાણુ છુ કે મારી સાથે મારી કરણી સીવાય બીજુ કાઇ આવ-નાર નથી ઓ અહુરમજદ, ખોટી ખુશામતનો ખજાનો અને તેના ખજાનચીઓ મારેથી દુર રાખજે કેમકે અશો જરથોસને મને શીખવ્યુ છે કે સવાબનો ખજાનો જમા કરવાથી ખરૂ પુણ્ય ઉપજે છે અને તેજ બદાની યારીએ આવે છે.

અય પરવરદેગાર, તારી દરગાએ પાકથી જે બેહતર દીન અશો જરાથુસ્ત લાવ્યા છે તે પાક દીનનો મને પરસતાર બનાવ અને તે તરફ મને બેગુમાન કરી એકીન લાવનાર બનાવ! જરથોસ્તી દીનના બરહક પયગમબર તરીકે ઓળખુ અને તેની દીન માટે મારા દીનમા કશો શક કે શોબેહ લાવુ નહી યકીન અને એકદીલીથી આ બેહેતર દીનને જયાદા ચાહુ ં! કેમકે પાક માજદીયસની દીન બરહક, બેગુમાન અને બર-ખીલાફ છે અય ખુદા મને આ ભલી દીનનો સવાબનો હીસ્સો અથવા હમબેરો બક્ષ! મેહેર યઝદ અને રસને યઝદ મારા રવાનના ગોનાહ અને સવાબની તમામ કરણીઓથી સતોશ પામે એવુ કર! ઓ ખુદા, મારા રવાનને ગરોથમાન બેહેસ્તમા બુલંદ જગો મળે એવી મને અક્કલ બક્ષ! ભલી દીનના લાવનાર બરહક પયગમબર હઝરત જરથોસ્ત ઉપર અને તેની દીન મધે ફરમાવેલા હરેક ફરમાન ઉપર હું બેગુમાન રહુ એવી મને, ઓ પરવરદેગાર તોફીક બક્ષ!

એ મારો મુરદાર જીવ, પેલી સામે પડેલી લાસ જોઇ તુ કશો ખયાલ કરતો નથી કે અતે તારો પણ એજ હાલ થવાનો છે જયા સુધી તુ તારા જોર ઉપર મુસતાક છે અને તુ તારી છાતી ઠોકી જણાવે છે કે હુ કેટલો જોરાવર છુ । આયનામા જોઈ જણાવે છે કે હુ કેટલો ખુબસુરત છુ ? અય જીન તારી ખુબસુરતી, તારૂ જોર કેટલી થોડી પળનુ છે ? ફકત તારા દમમા દમ છે ત્યા સુધીજ । તારી જીદગી કેટલી બધી ફાની છે ? તારી આવી ફાની જીદગી માટે તુ શા માટે આટલો ગરૂર બને છે ? કેમકે દમ ગયો કે તારા મુરદાર શરીરમાથી દુરગધ નીકળવાની શરૂ થશે અને વધુ દીવસ એવી રહેવા પામયુ તો જીવડા પણ પડી આવશે માસ ખવાઇ ગયા પછી હાડપીજર રહે તેની હાલત જો અને પછી તુ ગરૂરી કર

---

દુનીયા બોહળી છે, અને પરવરદેગાર કોઇ વેળા મોટા મોટા કામો નાહના સાધનોથી અને હલકામા હલકા માણસોને હાથવી બનાવે છે

અહુરમજદ મને એવો ઉસતવાર બનાવ કે હુ મારા વચન ઉપર મુસતાક રહુ । અને મને કોઇ બેવ- ચની કહે નહી. મારૂ વચન તે મે મારા ખુદાને કહી સંભળાવેનો પાક બોલ છે, જે કોલના નામથી મશહુર છે ઓ અહુરમજદ હુ જાણુ છુ કે તે સપેતમાન જરથોસતને જણાવયુ છે કે વચન તોડનારો ધાતકી શખસ તમામ દેશને પાયમાલ કરે છે. તે જેમ બુરા- ઓને તેમજ ભનાઓને પણ ગરદન મારે છે, પછી તે કોલ ભલાને યા બુરાને પણ આપયો હોય । સમ- બ કે વચન છે તે ભલા તેમજ બુરા માટે એકશાન છે ઓ પરવરદેગાલ મેહેર યઝદને મારી મદદ માટે, મારી સગવડ માટે, મારી ખુશાલી માટે, મારી દયા માટે, મારી ફતેહ માટે, મારી ભનાઇ માટે અને મને અને મને પવીત્ર બનાવવા માટે મોકલ ।

---

મે તો તારૂ કામ ધરમ ખાતર કીધુ છે તુ જે મને આપવાનો હોય તે તારા છોકરાંને આપજે અને મને તો ફકત તારી ભલી દુવાઓ આપ

જે છોકરી અગો રહીને પોતાના બાપને, પોતાના ખાવંદને, પોતાના માણુસોને તેમજ પોતાની ખેશીઓને વફાદાર રેહશે, તેની નેક નૈયતની મુરાદ પાર પડશે, અને હોરમજદ તેની સારી દયાનતને માટે તેને હમેશ સુધીનુ ગરોથમાન બેહસ્ત બક્ષશે.

---

સતોશ રાખવો, કોઇ આપણુને ઇજા કરે તે ધીરજ રાખીને ખમવી અને તેને પાછુ કાંઇ નુકશાણુ નહી કરવુ, મનના જુસસાઓને દાબેલા રાખવા, પ્રમાણીક રહેવુ, શરીરની પાંચે ઇદરીઓ કાબુમા રાખવી, અશોઇ પાળવી, ઇશ્વરને ભજવો, પરમેશ્વરને લગતું જ્ઞાન મેળવવું, સચાઇ પાળવી અને ગુસ્સાથી પરહેજ રહેવુ—એમાજ માણુસની સઘળી ફરજનો ટુક સાર સમઈ જાય છે એ દશ ફરજ જો માણુસ બજાવે તો દુનયામા તે સુખી થઇ શકે

---

આબાદીમાં જે સભ્યતા રાખે તેની અવરદશામાં એ શોભા રહે છે, ને જે મગરૂરી કરે તે ખાસડા ખાય.

ઓહ! પૈસા માણસનુ મન કેવુ ફેરવે છે! બેશક દોલતની સત્તા મોટી છ પણ આ બી સારૂ છે કે, એમાજ બધી સત્તા સમાયલી નથી નહીં તો માણુસ આસમાનનાબી ટુકડા કરવાની હીંમત કરતે. અને જો કે પૈસા તો બધાને ભાવે છે પણ તેની દરકાર નહીં કરે એવાબી થોડાઓ છે.

---

નસીબની સામે તે કદી થનાર નથી આપણુ સારૂ શામા છે તે પરવરદેગાર વધુ જાણે છે. તો તેને સરજેલી હાલત પર સતોષ પકડી તે પોતાની ઉપયોગી જીદગી ભોગવે છે અને બીજાને સુખ આપી તેમા પોતાનુ સુખ મેળવે છે.

---

માણુસ અતકરણુને ભુલી જાય યા તેને ના ફરમાન થાય તો તરતજ ખોટી ઇચ્છાઓ અને હવસો તેના પર કાબુ મેલવશે, અને તે માણુસ જે અત્યાર સુધી છુટો હતો તે ગોલામ જેવો થઇ જશે.

પેગમ્મર જરથોસ્ત કહે છે કે, મારી ઉત્તમ નસીઅતો તમે સાભળો, તથા તમારી વિચાર શકિતથી તે ઉપર દરીયાફ્ત કરો જેઓ દીન ઉપર એતેકાદ રાખી નેક કામો કરે છે, તેઓ હોરમજદને ખુશાલ કરે છે

---

કેળવણીની નેમ અને મતલબ માણુસને ઉચે દરજ્જે ચહડાવી, તેની સર્વથી ચહડતા પ્રકારની પ્રેરણાને ખીલવવાની છે તેમજ પોતાના બાહ્યબ ધોને ચાહતાં અને પોતાથી ઓછા કેલવાયલાઓને તો વધારે ચાહતા શીખવવાની છે.

---

અપણી વાતચીતમા ટોલટપા, ગપાસપા, લોકોની સાકીબાકી અને કાદાબી અરથ વગરની મજાક મશ્કરીને કહાડી નાખયે, તો પછી બાકી શુ રહે? દુન્યામા કેવી શાતી અને ચુપકીદી ફેલાય?

ઓ અહુરમજદ મને બુધ્ધી આપ કે જેના સાથે મે નેકી કરી હોય તેના માથા ઉપર હેશાનનો બોજો મુકુ નહી મારામા, અય ખુદા, એવી શકતી મુક કે હુ હરેક ઇનશાન ઉપર બક્ષેશ અને મેહેરબાની ભરેલી નેકી કરૂ, પણ તે નેકીનો પાડ તેના માથે રાખું નહી. અય ખુદા, આ મારી નેકીનો બદલો હુ તુથી ચાહુ છુ જે બદલો મારી ઉપર તારી દયાળુ નજર છે. અય પરવરદેગાર, જ્યા સુધી હુ તારી નીગાહમા છું ત્યાં સુધી હું તારા પ્યારમાં છુ. લોકો ઉપરની મારી નેકીથી પથરાયલા ફુલના નતીજાનો મારા છેલ્લા દમ વખતે સસારો સાભળુ એજ માગ ભલા કામનો બદલો છે, જે બદલાનો સુરીદ સાહયો પહેરી હુ તારી દરગાહમાં આવવા માટે સલામતીથી દશ કરોડ મરતબાનો બદલો છે. એ ખુદા, મારી એવી કરણી બનાવ કે જે કરણીની બરકતથી હુ તને વગર દેહેસતે મળવા તઇયાર હોવુ. કેમકે હુ જાણુ છુ કે નસીબના ગમે તેટલા નાજનખરા છતાં મલેકુલ મઉતા એવુ ઓચી તુ મારો ટોટો દાબશે કે મારો હોશ ફરામોશ થશે. આવી વેળાએ હુ બેડર બનુ એવુ કર!

એ મારા જીવદાર જીવ, આ દુનીયવી મહા સાગરમા તારા માથે જે આફ્ત વરસવાની છે તેનો તુ ખ્યાલ કર। રોગ, જોગ, દરદ, દુખ, જજાળ, મોહીણી અને લોભ લાલચના મસ્ત મોટા ખરાબા તારા રસ્તામા આડે આવશે તેનો વીચાર કર। આ ભયભીત ખરાબી માટે, એ લોભી અને લાલચુ લોક જીવ તે શુ તઇયારી કીધી છે? જ્યારે દરીયાના ખલાસીને અનેક જાતના હથીઆરોની જરૂર પડે છે ત્યારે તો એ જીવ આ સસારના તોફાની મહાસાગરમા મુસાફરી કરવા માટે તને હથીઆરોની જરૂર છે. નીતીનુ હોકાયત્ર વધુ સતોશનુ વાયુયત્ર અને સત્યતાનુ સુકાન એ ત્રણે હથીઆરની તને મોટી જરૂર છે. આ યત્રોની હસ્તીથી સંસારનો મહાસાગર ગમે તેટલો તોફાની પણ બને છે, આફ્તનુ વાદળ ગમે તેટલુ ઘેરાઇ પણ આવે છે, સચ્ચાઇની 'લાઇફ-બોટ' ગમે તેટલી મેહેનત છતાં ડુબી પણ જાય છે, તોપણ એ જીવ તારીજ સદા જય પોકારવામા આવે છે.

એ અહુરમજદ તારી સનમુખ છ વેળા ઝુકવાની મને શકતી આપ કે હુ કેમનામઝજદા, કુસતીના અવસતા, હોશબામ, સરોશબાજ, હાવનગેહ, ખોરશીદ, મેહેર, હપતન યસત, રપીથવન, અરદીબેહેસત યસત, ઓજીરન, સરોશ યસત હાદોખત, એવેસરૂથરેમ ગેહ, સરોશ યસત, બેહેરામ યસત, ઓશહેનગેહ વગેરેની મદદથી તને યાદ કરૂ ! એ ખોદા તારા બંદાઓને લાજેમ છે કે દર વરસે એક વેળા રપીથવન ઉજે, ધંબાર કરે, બાર માસના જશનો કરે, ફરવરદેગાનના ૧૦, ૧૮, યા ૩૬૫ દીવસોમા રવાનોના નામે આફ્રીગાન પઠે, નયાગાનો અને ખેશાવંદોની બાજ રોજગારની ક્રીયા કરે.

---

ચેહેરાની ખુબસુરતી એ એક તકલીદી ચીજ છે—કુ ક મુદ્દતમા કરમાઇ જનારૂ તે એક ફુલ છે. પણ મનની ખુબસુરતી યાને અશોઇ, હમેશ જેવી ને તેવી ચાલુ રહે છે—તે વગર ફેરફારે ટકી રહે છે.

હુ અશો જરાથુસ્તની ભલી દીનની બરકતથી આ દુનીયામા એવી કરણી કરૂ કે મારા રવાનને બહ્મન અમસાસપંદ પોતાના સોનેરી તખત ઉપરથી જોઇ ખુશી થઇ કહે કે "ઓ નેક રવાન તુ ફાની દુનીયા છોડી અમારી આગળ આવયુ નહી માટે ખુશી છુ ગરોથમાન બેહેસત જે અહુરમઝદનુ મકાન, અમસાસપંદોનુ મકાન, અને અશો આણુસોનુ મકાન છે તે તરફ હુ ખુશીથી પસાર થાઉ એ મારી સરવથી પહેલી ઉમેદ છે

ચીનવત પુર ઉપર મારા રવાનને મેહેર દાવર યઝદ, અશો સરોશ યજદ, અને રસ્ને રાસત યજદ તરફથી પુછવામા આવેના સવાલના જવાબમા હું હીમતથી પોતાને સાફ અને પાક જણાવુ, કેમકે મારા કરતુકનો ખરો નમુનો તેજ પુલ ઉપર જણાઇ આવે છે. ઓ અહુરમઝદ તે વેળા મને સોહામણો, ખુબ સુરત અને ડાહપણવાળો બનાવજે. વીજરેસ દેવથી મારૂ રવાન દુર રહે અને બહમન અમસાસપદ મારા રવાનને મુબારકબાદી આપે એને મારો એકનો લોભ છે.

માહ ૨ જો અરદીબેહેસ્ત —અરદીબેહેશત રોજે અર્દીબેહેસ્ત અમશાસ્પંદની સ્તુમનથી આરાધના અને જશન કરવાને દીવસ અરદીબેહેસ્ત અમશાસ્પંદ એ ગરમીની ઉપર મવક્કલ છે, જેની સ્તુમનમા ઉત્તમ અશોઈ અને નમનતાઇ જે અહુરમજદની પેદા કીધેલી છે તેને વખાણીને તેનો ગુણ ગવામા આવે છે

---

જયરે દુશમનો નજીક આવી જાય, ત્યારે તમો કોઇ જગામા ભરાઇ જવાની દોડા દોડી કરી મુકો છો તેજ પ્રમાણે "મન" નામનો તમારો મોટો દુશ્મન, કે જે તમારા શરીરને લગતી લાગણીઓ, ઇચ્છાઓ, આશાઓ, જુસ્સાઓ, ખુશાલી, દલગીરી, વિચારો, ખ્યાલો, ખાતરીઓ વિગેરેનો બનેલો છે, તે દુશમન જયારે જયારે ઉભરી આવવા કરે, ત્યારે વિચાર વગરના ભાણુમા ભરાઇ જવાની દોડ દોડી કરી મુક્યા કરજો

૨

## ૩૪ રોજ શહરેવર-માહ્‌ા અરદીબેહુશત.

જે કોઇ દીનની મારફતે ભણેલો થઇને, દુનિયાના લો.કો ઉપર પોતાની મોહબત બતલાવીને, તથા પોતાની જીદગીના કામોથી વધારે નેકીવાળો થઇને, હોરમજદના કાયદાને જાહેર કરે છે, તે શખ્સ પોતે અમારી સંઘનો અને અમારા કામનો મદદગાર ગણાય છે

વોહુક્ષથ્ર ગાથા, હા ૫૧, ફ ૧૯

---

અએ હોરમજદ! જીદગીની તમામ સુખી હાલતો, જે આગળ ભોગવવામા આવતી હતી, જે હાલમા ભોગવવાગા આવે છે, તથા જે હવે પછી ભોગવવામા આવશે, તે (મારા તરફની) તારી મોહબતમા ખચીત તુ મને બખ્શ! તથા નેક મનસ્ની, રાસ્તી, કુવત અને આબાદીથી મારા તનને તુ મજબુત કર!

અહુનવદ ગાથા, હા ૩૩ ફ ૧૦

---

જ્યા સુધી મારૂ હૈયુ મને ડખતુ નથી, ત્યા સુધી મને કશાથી બીહવાનુ નથી

અષોઇથી ખાનેસ જીંદગી ગુજારનારા તથા ઇશ્વરી જ્ઞાનથી પ્રકાશિત થયલાઓ ખોરશેદના પુષ્કળ ચળકાટ (યાને ખોરશેદપાયા બેહસ્ત)મા જાય છે અએ હોરમજદ! મનેબી તેવી અષોઇની હાલતમા લાવીને (ખોરશેદના ચળકાટની) બક્ષેશ તું આપ

સ્પેન્તોમદ ગાથા, હા ૫૦ ફ ૨

---

કોઇબી શખ્સ પોતાની જબાન મારફતે બોલેલા નેક સખુનોને લીધે, તથા બ ને હાથો વડે કીધેલા ભલી મનસ્નીના અને સભ્યનાના નેક કામોને લીધે, તે સૌથી આબાદી કરનાર મીનો હોરમજદના સર્વોતમ બેહસ્તનું સુખ મેળવી શકે છે

સ્પેન્તોમદ ગાથા, હા ૪૭, ફ ૨.

---

જેનુ હૈયુ પાક છે તે રોશનીને ખુશાનીથી આવકાર દે છે, પણ જેનુ હૈયુ મેલુ છે તે મધ્યાન બપોરેબી જાણે અધારામા ગોતા ખાય છે

## ૩૬ રોજ ખોરદાદ-માહા અરદીબેહશત.

ગરોથમાન બેહસ્ત અષો માણુસોને માટે છે ગરોથમાન બેહસ્ત જે અષો લોકોનુ મુકામ છે તે તરફ, યાને ખુશાદગીથી જાહેર રીતે દાદાર હોરમજદ તરફ, એ માણુસોમાનો કોઇબી જઇ શકતો નથી

અર્દીબેહસ્ત યશ્ત, ફ ૩-૪

---

અએ હોરમજદ! તારી અપાર, ભલી મનસ્ની, તથા સારી પાદશાહીને લીધે તારી સ્તુતિ બીજી તમામ સ્તુતિઓમા વધારે ચઢતી છે, તારી કીર્તિના ગાયનો બીજા તમામ ગાયનો કરતા વધારે ચઢતા છે, તથા તારી આરાધના બીજી તમામ આરાધના કરતા વધારે ચઢતી છે

યજસ્ને, હા ૩૫, ' ૧૦

---

કેબલાને સુખડ લોબાનના ઢગ વને નાખ્યાથી તમે અહુરમજદને પોહચી શકતા નથી, પણ તમારા નિષ્કલંક ભક્તિભાવથી તેઓને ખુશ તુ કરો!

નમનતાઈથી ઉચા હાથ કરીને સોથી પહેલા અણુદીક તથા આબાદી કરનાર હોરમઝદના તમામ રાસ્તી ભરેલા કામોને તથા ભલા મનની અકલને આ ખુશહાલીના હુ માગુ છુ, કે જેથી કરીને દુનિયાના આત્માને હુ ખુશહાલ કરુ. અહુનવદ ગાથા હા ૨૮, ફ ૧

— —

આય જરથોસ્ત! દુનિયના લોકોને માટે નમવુ સારુ છે, નમવુ સોથી સરસ છે જે બન્દગી ભલી, પાક દિલથી કીધેલી તથા બદ નિષ્ટાથી દૂર છે તે માણસને માટે એક બચાવ છે, અને તે દરુજોને હટાવનારી એક ઢાલ છે

સરોશ હાદોખ્ત, કરદો ૧

ખુદાવંતના બંદે ને પોહચી વળવાના માગ! નમ્રતા પકડ! તારા અને સતારાઓની ચાલ, અને ત્યા કોણુ વસે છે ને શુ છે તેના સપનાઓ જોવા કરતા, તમારા ખોદાને ઓળખવાની કોશેશ કરો!

## ૩૮ રોજ દેપાદર-માહા અરદીબેહેશત.

હોરમજદ, કે જેણે જાનવર તથા આજ પેદા કીધા, તથા પાણી અને સારા ઝાડપાન પેદા કીધા, તથા (આસમાનની) રોશનીઓ અને જમીન તથા તમામ નયામતો પેદા કીધી છે તેને અમો આ પ્રમાણે આ જગાએ યાદ કરીયે છીએ

યજશ્ને, હા ૩૭, ફ ૧

[જરથોશ્ત સાહેબ કહે છે -] [જે કાંઇ] ઉતમ છે તેને કાને સાંભળો, રોશન વિચાર શક્તિથી તે ઉપર ફરીઆદ્ફત કરો, આ [અહુરમજદના હમશરીક થવાના] મોટા કામની આગમચ હરેક જણ પોતે પોતાની પસંદગીના માર્ગ નાખવા અમારી તે વાકેફ થવા હુશીયાર થાઓ!

અહુનવદ ગાથા, હા ૩૦, ફ ૨

સનાહ, સપજ અને બાહ્મધીનો વધારો કરી તે કીરતારના આશીરવાદ મેલવો.

એ જરાથુસત, તુ દરાખ છે, અને અમો જરથોસતીઓ દરાખની આસપાસનો વેલો છીયે જેમ વાડ વીના વેલો ચહડતો નથી, તેમ અય જરાથુસત તુ વીના હુ ખુદાસનાશીને કમ પુગત ? દરાખમા જે મીઠાસ આમેજ થયલો છે, તે મીઠાસ તેના મુળીયામાથી દાખલ થયો છે જેથી જે દરાખ મને ગમે છે, તે આપનાર તો તુંજ ખુદા છે એ અહુરમજદ જેમ દરાખમા તે મીઠાસનો પ્રવાહ છોડી દીધોછે, તેમ એ અહુરમજદ મારી જબાનમા, મારા આચાર વીચારમા અને મારી હાલચાલમા એવો મીઠાસ આમેજ કર કે મારા કતા શતરૂઓ વટીક તે મીઠાસથી પોતાના શતરૂવતનુ ઝેર મારી શકે !

---

આપણ ઇનસાન કોણ છઇએ ? ચોકકસ ફરજો બજાવના માટે નેમેના તે કીરતારના નોકરો છઇએ **તેની** મરજીથી એક તસુ યા ઇંચ પણ આડા જવાતુ નથી.

# ૪૦ રોજ આથાં-માહા અરદીબેહેશત.

અય અહુરમઝ, તારા ગમત સખુનો તે જ-યાનતને દેખાડયા છે તે ગસત મખુનોવાળી દીનમા હુ ભલુ કામ કરનારો થાવુ અને તે જરથોસતી દીનને કબુલત મલનારો થાવુ મ ખુબોગી મરેના માદ-ગાર ગાયતાામપના ક મે થાતી ગમનતી મરના મનુ। ગુમરાહોને સારો રસતો દખાડુ અને જરથોસતના સખુના તઓ આગળ આવ્યા મો નતી જરથોસતી દીન કબુલ કરાવુ। અય જરથોસત તેજ તારો અશો દોસત છે જે તારી ખુ તરગ ખાતેન દીનને અખતયાર કરે। અને તેજ તે સાચો દોસત છે કે જે તારી ભલી દીનને ખુબેગીના પઢે।

---

જે પ્રમાણે દક્ષિણ તરફનો ફુંકતો સખત પવન વાતાવરણને સર્વે તરફથી સાફ કરી નાખે છે, તે પ્રમાણે માજદયસ્ની દીન આ માણસના તમામ ખરાબ વિચાર, વચન અને કામોને સાફ કરે છે

વદીદાદ, પરગરદ ૩, ફ ૪૨.

ખોરશેદ રોજથી દએપમેહેર રોજ સુધી પાચ દીવસ મઇ-યોઝરેમ ગાહાનબારના જશનો, ગાહનબારનો અર્થ જરથોસ્તીઓએ એકઠા મલી ખોદાતાલાએ જુદી જુદી મોસમો અને સુર્ય, ચદ્ર, આસમાન, જમીન, પાણી, ઝાંરવર, ગોસ્પદ અને માણસ જાત વગેરે પેદા કર્યા છે તે બધી તેની ઉત્તમ કરામતોની યાદ તાજી કરી તે સાહેબની બદગી કરવાની અને તે બદગીમા ઇજાયસ્તી ચીજોની એક સફરે ચારાણી કરવાની છે આ મહીનામા પડતો ગાહમ્બાર પુર લીલોતરીની મોસમ અને આકાશ તથા ગ્રહમડળને પેદા કરવા માટે તે સાહેબની સ્તુતી કરવાનો છે

---

અમારા માણસો તથા ગાય ઢોરોને આબાદ કરવા સારૂ, તથા અમારા ભલા મનના સારા ડહાપણ તેમજ અમારી રાસ્તીને લીધે, દાદાર હોરમજદ પોતાની સતાની રૂએ અમને જોઇતુ કુવત બક્ષો ।

ઉસ્તવદ ગાથા, હા ૪૫, ફ ૯.

અહુરમજદ મને એવો ઉસતવાર બનાવ કે હુ મારા વચન ઉપર મુસતાક રહુ ! અને મને કોઈ બેવચની કહે નહી મારૂ વચન તે મે મારા ખુદાને કહી સંભળાવેલો પાક બોલ છે, જે કોલના નામથી મશહુર છે ઓ અહુરમજદ હુ જાણું છુ કે તે સપેતમાન જરથોસતને જણાવ્યુ છે કે વચન તોડનારો ઘાતકી શખસ તમામ દેશને પાયમાલ કરે છે તે જેમ બુરાઓને તેમજ ભલાઓને પણ ગરદન મારે છે, પછી તે કોલ ભલાને યા બુરાને પણ આપયો હોય ! સમજ કે વચન એ ને ભલા તેમજ બુરા માટે એકશાન છે ઓ પરવરદેગાર મેહેર યઝદને મારી મદદ માટે, મારી સગવડ માટે, મારી ખુશાલી માટે, મારી દયા માટે, મારી સ્નેહ માટે, મારી ભલાઈ માટે અને મને પવીત્ર બનાવવા માટે મોકલ '

---

સાદુ ખાનુ, પણ અતી આદરભાવ, જયાફત આપનાર અને લેનાર બનેને ખુશ કરે છે

એ અહુરમજદ મારામા એવી મોતેબરી મુક કે હુ બુરાને બુરો કહેવાથી સદા પહરેજ રહુ! બુરાને બુરો કહેવાનો તારો હક છે, નહી કે તારા બંદાનો! મારા રસ્તામા કાટાનુ બીછાણુ બનાવનારના મારગમા હુ ફુલની સેજ પાથરૂ એવી મને તોફેશ બક્ષ! કેમકે હુ સારી રતશે જાણુ છુ કે તારી દરબારમા ભુંડો ભુંડાઇજ પામશે, અને હુ નેકીના પાથરેલા ફુલોનો નતીજો પામીશ! તો શા માટે બુરાઇ કરનારને બુરાના નામથીપીછાનુ? વળી હુ પોતે કના બુરાઇમા તેનાથી ઉતરતો છુ કે હુ બુરો છતા તેની ગીબત કરૂ! આવી ગીબત કરનારની જીબ ઉપર કાળા નાગનો ઝેરી ડંખ છે તો શા માટે હુ આ વેદનાનો ભોગ બનુ? મને એટલુજ લાજમ છે કે જે પ્રમાણે કમાનમાથી તીર શરૂરરર કરી છુટે છે તેમ હુ ત બુરાઓથી દુર નાસુ અને જેમ દુધ સાથે સાકર મળી જાય છે તેમ હુ તે બુરાઓથી ભમાનો બચુ! જેમ દરીયાવમાની મરવથી અજમ જેવી ચીજ અમો જોઇએ છીયે તે દરીઆવમાથી કીનારા ઉપર સલામત પુગવાનુ છે, તેમ સરવથી બુલદ નસીબ તો મારા એજ છે કે હુ બુરો હોવા છતા હુ બુરાઓની ગીબતથી સલામત છુ.

ખોરાક, કપરા, ઘેર વીગરે, વીગરેના સબંધમાં કહાપણ ભર્યા વિચારો કરતો રહે અને તેઓને તારા શરીર સાચવવા જેટલાજ વાપર, શરીરને લાડ લડાવવાને વાસ્તે અથવા હરકોઈ મમતને વાસ્તે જરૂર ઉપરાંત વાપરતો ના. આમ જેટલો જરૂર જોગો વટતોજ હોય તેટલોજ વપરાશ કરવાથી ઘણા વશા આમનો પોતાની મેળે દૂર થઈ જશે.

એક માણુસી, એક એશવાની અને એક મહાત્માની કીર્તી ... નું સત ... ના નમનતા છતું નીચાણ માનુમતું હોય છે. સાચી ખુનદ બીનસ્વાર્થીપણું બીમારનું હોય. તેણે દરેક ચીજનો ત્યાગ કરેલો હોય છે-પોતાનું ખુનું આગતાનું માં તેણે પડતું મેલ્યું હોય છે-તેના તાન સર્વ કર્નો પવિત્ર તેમજ કાયમના હોય છે, કેમકે તેમાં પછી સ્વાર્થના છાંટાથી રહેતા હોતો નથી. તે આપે છે-મેળવવાનો તો તે ખ્યાલ ઠીક કરતો નથી. તે મજુરી કરે છે-પણ ભુતકાળ માટે તે ખંગારો કરતો નથી.

ભવીષ્યકાળ માટે તે આરઝુ રાખતો નથી, ઇનામ માટે જરાબી હાકરો કરતા નથી. જ્યારે ખેડુત જમી-નને હળે છે અને બીયા વાવે છે ત્યારે તે જાણે છે કે તેણે પોતાથી બનતુ કરયુ છે, અને હવે કુદરતી તત્વો ઉપર ઇતબારી રાખી તેને બસ ધીરજથી પાક માટે ખોટી થવાતુ છે તે ગમે તેની આતુરતા રાખશે તેથી કાંઇ પરીણામ ઉપર અસર થવાની નથી.

ચેલો -હુ જાણુ છુ કે કોધ ગુસ્સાથી કામ કરયુ તો પરીણામમા દીલગીરી ખેદ વેઠવા પડે છે, હુ જાણુ છુ કે સઘળી દુનવી ખુશાલીમા ગમ, કાવી ખ્યાલો અને દીલનુ દુખ ખતરો નાખે છે, તોપણ સચ્ચાઇ શોધવીજ જોઇએ અને તે મળી શકે છે

ગુરુ -સચ્ચાઇની ખુશાલીના જેવી શાદમાની બીજી એકે નથી જેઓનુ અંતકરણ સ્વચ્છ હોય છે તેઓ સુખના સાગરમા તરે છે તેઓ તે દીલગીરી કે દુખ કદી અનુભવતા નથી જેઓ સપુર્ણતાએ પહોચ્યા છે તેઓ ખુશાલ બને છે. તેઓજ જીવે છે જાગે છે અને સચ્ચાઇનો ભેદ પામે છે.

ચેલા -વધારે બુલંદ અને વધારે હલકી શકતીઓ કઇ છે?

ગુરૂ -ઓ શીષ્ય, મને પાછો સાભળી લે ! પવીત્રી કરણના રસ્તા ઉપર યકીનદારીથી તું ચાલ, તે મારગ હરગેઝ તુ છોડ ના, તેની ગમે તેવીમી મુશીબતોને આધીન થા-અને તને શીષ્ય પદની ત્રણ હલકી શકતીઓ જડશે, તે ઉપરાત તને ત્રણ બીજી વધારે બુલંદ શકતીઓમી મળશે અને આ ચઢીયાતી તેમજ ઉતરતી શકતીઓ તને અજીત બનાવશે જાતી-આક્રોશ આપઅખતયારી, અને ચોપ-આ ત્રણ ઉતરતા પ્રકારની શકતીઓ દ્રઢતા, ધીરજ અને નરમાશ-આ ત્રણ વધારે ચઢતા પ્રકારની શકતીઓ છે

ચેલા -મારી રાહબરી કર, ઓ ગુરૂ ! કેમજે મારો અધકાર બહુજ જબરો છે ! અય મહાત્મા, મને કહે-તે અધકાર દફે થશે કે? મારી કસોટી ફતેહમા હાર પડશે કે? અને મારી અસખ્ય મુસીબતોનો છેડો આવશે કે?

( ગુરૂનો જવાબ પેજ ૪૭ )

ગુરૂ—જ્યારે તારૂં અંત કરણ સ્વચ્છ થશે ત્યારે તારો અંધકાર નાબુદ થશે જ્યારે તારૂં મન ગુસ્સાથી નીરાળુ થશે ત્યારે તું તારી કસોટીને છેડે પહોચી શકશે અને જ્યારે તું તારો સ્વ-જાળવણીનો ખ્યાલ શરણુ કરી દેશે ત્યારે મુસીબતો માટે કાંઈબી કારણુ રહેશે નહી.

ચેલો—શીક્ષકોના શીક્ષક! તું મને જ્ઞાન આપ.

ગુરૂ—પુછ, અને હું તને જવાબ આપશ.

ચેલો—મેં પુષ્કળ વાંચ્યું છે, પરંતુ હું હજી અજ્ઞાન છું, મેં જુદા જુદા ધાર્મીક વીચારોવાળી જ્ઞાતોની ધર્મ-રૂઢીઓનો અભ્યાસ કર્યો છે, પણ તેથી મને કશુંબી ભંડોળ મળ્યું નથી ધર્મના ફરમાનો હું મ્હોડેથી જાણું છું, પણ શાંતી મારેથી છુપાયલીજ રહે છે ઓ મહાત્મા! મને જ્ઞાનનો માર્ગ દેખાડી આપ.

ગુરૂ—અય ચેલા, જ્ઞાનનો માર્ગ એકજ છે, અને તે જીગરને ઉંડાણથી શોધવાથી જડે છે ડહાપણનો ધોરી રસ્તો નેકીનો ચાલુ અમલ કર્યાથી દીસી આવે છે, અને શાંતીનો રાહ એક ગુનાહ વગરની જીંદગી ગુજારવાથી શોધી કહાડી શકાય છે

તે કીરતારની મેહરબાની તારાપર એવી રીતે ઉતરો, કે તારા જીવને હમેશા ગાતી મલો।

---

માનવીનુ ખાકી માસ ખુશામદ કરે છે, તેનો આત્મા ઠપકો આપે છે

માસ એક મીત્રથાબી થયલા નુકસાનને યાદ રાખી મુકેછે—આત્મા એક કદ્દામા કદ્દા ગુનાહનેબી માફ કરેછે.

માસ ધોધાટવાળુ અને અસભ્ય છે—આત્મા મુગો અને લાયકીવાળો છે

માસ જુદા જુદા મીઝાજોને આધીન છે—આત્મા હમેશનોજ ઠડો છે

માસ માનવીને અધીરાઇ અને ગુસ્સા માટે ઉશ્કેરે છે—આત્મા માનવીને સબુરી તેમજ ટક સાથે આંકોશમા રાખે છે

---

અએ હોરમજદ। ખચીત તારી પાદશાહી એવી છે કે જેથી નેક જીદગી ગુજારનાર ગરીબ માણસને તેની નેકીના બદલામા તુ બુલદ દરજજો બક્ષે છે

વહીશ્તોઇશ્ત ગાથ, હા ૫૩, ફ૦ ૯.

જે શખસ પોતાના મનની ઉપર કાબુ રાખવાની સાદી મુળ સચ્ચાઈને વળગી રહેવાને ફતેહમદ નીવડે છે, તેને માલમ પડશે કે મનશકતીની ખીલવણીનુ તમામ સાયનસ નીચલા સાત કાયદાઓમા સમાઇ જાય છે।

૧ ખરાબ ટેવો છોડી દેવો।

૨ સારી ટેવો રચો

૩ હાલની પળની ફરજ તરફ અ તકરેણપુરવક ધ્યાન આપો

૪ જેબી કામ કરવુ હોય તે મકકમ રીતે અને એકદમ કરો

૫. કાયદા મુજબ રહો

૬ જીભપર કાબુ રાખો

૭ મનપર કાબુ રાખો.

---

કોઇને માટેબી બોલતા જબા ખાચ, કારણ કે આપણ બધા ગુનેહગાર છઇએ.

ખરેખરી સમાધીમાં રોકેલો વખત સવારના પરોઢીયામા અરધા કલાક જેટલો હોય છે એકાગ્રહ કરેલા વીચારના તે અરધા કલાકમાં મળેલુ ગ્નાન આખા દીવસના કામકાજ દરમ્યાન ઉપયોગમા આવે છે તેથી તે વધારે બળવાન, વધારે પહરેજગાર, વધારે શાંત અને વધારે ડાહયા બને છે

— —

માણસ એક ખુરશી બનાવી શકશે પણ તે ખુરશી જે ઝાડનાં લાકડાની હોય તે ઝાડને ઉત્પન્ન થવાના સાધણો પાણી, જમીન, ગરમી, હવા વગેરે કોણ બનાવેછે? માલી બી વાવે છે અને પાણી સીપે છે પણ પીળા ફુટીને ઝાડ મોટુ થાય છે તે કોણ કરે છે શુ એ બધુ માણસથી થાય છે? નહી ત્યારે જે ચીજો માણસથી નહી બની શકે તેનો બનાવનાર માણસના કરતા કોઈ વધારે ડહાપણવાળો હોવો જોઈએ તે આપણા ધર્મમા જણાવ્યા પ્રમાણે ખોદા પોતે છે અને એ ઉપરથી ખોદાની હસ્તી સાબેત થાય છે

મનની સર્વ ખાતરીઓ, જુસ્સાઓ, લાગણીઓ, ઇચ્છાઓ, મીજાજો, આદતો, વળાણો ને વિચારો, જે સારા હોય તેઓને હરદમ અને હમેશા આહયા કરતા રેહજો, હોસે હોસે તેઓને ઉપજાવ્યા કરતા રેહજો ને ઉપજી આવે ત્યારે તેઓને પસવારી પટાવીને લાંબો વખત ચાલુ રાખ્યા કરજો. જતા રેહવા કરે ત્યારે તેઓને વળગી રેહજો, ને જવા ના દેતા, ને તેઓમા ચકચુર ને ચકચુર રહેજો, નાના હોય તેઓને ઉછેરીને મોટા કરજો, અને તમારા હૈયામા તેઓને એટલા ઉડા રોપેલા રાખજો કે પોતાની મેળે તેઓ સદા સર્વદા વધારે ઉગતા અને વધારે વધ્યા કરતા રહે.

---

આ ખાકી દુન્યાને લગતું સર્વસ્થ-તન, હાડપીંજર, જીવ, કાલબુત, જોર (કામ), બુધ્ધિ, રવાન, ફ્રવશી-એ સઘલુ વૃધ્ધિ કરનાર ગાથા, અશોઇના સરદારને અમો અર્પણ કરીએ છીએ-આપી દઇએ છીએ.

યજશ્ને, હા ૫૫, ફ. ૧.

કરોળીઓ રસ્તા ઉપર જાળુ બાંધે છે, ને તેમાં કીડા, માખ, મગતરા વિગેરે જે જે જંતુઓ પકડાયા કરે, તેને મારી નાખીને ખાઇ જાય છે. તેજ પ્રમાણે બેહદીન કોરોરા કર્યા કરનારા ચેલાએ, સાવચેતપણા રૂપી પોતાની જાળ, ઇ (૬) ઇંદ્રિઓની ઉપર પાથરીને રહેવુ, અને ભમરી આવતી જે જે બદીઓ એ જાળમાં પકડાઇ જાય, તેઓને પકડીને મારી નાખ્યા કરતા સદા રહેવુ

---

અય હોરમજદ! નાફરમાનગી તથા અ-મનમનીને તારી આગળથી બદગીની મારફતે હું દૂર કરૂં, મારા ખેશાઓ સાથની મારી ઠગાઇ, તાબેદાર માણસો તરફનો મારો તિરસ્કાર, તથા ગાય ઢોરના ઘાસચારા બાબે મારી ઘણીજ બેદરકારી,-( એ સર્વને), અય હોરમજદ! મારી બદગીની મારફતે હું દૂર કરૂં, એવી તોફીકત તું મને બક્ષ!

અહુનવદ ગાથા, હા ૩૨, ફ ૪.

ભલો ઉદ્યમ કરનાર તથા આળસુ જીંદગી ગુજાર નાર એ બેમાથી હોરમજ્દની સરજેણું મનશ્નીએ આ દુનીયાના ફાયદાને નાશ આબાદી કરનાર ખેડુતને રાસ્ત માહુબ અને ભલી મનશ્નીનો વધારો કરનાર તરીકે પસંદ કીધો છે

અહુનવદ ગાથા, હા ૩૧, ક. ૧૦.

---

"ફીણ જે છે તે પાણીનો ખોટો વેશ છે, ફીણમા ફીણપણુ નથી ઝાંઝવાનુ જળ છે તે તપેલી ભોયને જળનો ખોટો વશ છે, તે કાઇ જળ નથી, તજ પ્રમાણે આ દુન્યા જે છે તે ખોદાનો ખોટો વેશ છે, દુન્યાને દુન્યાપણુ નથી, એ વાત તમે જાણો, અને એવી આખે દુન્યાને જોવો જે કોઇ દુન્યાને એવી આખે જોય છે તે ખોદાને પહોચે છે"

---

વહેવાર જીંદગીમા એવી પવીત્રાઇને આમેજ કરીને ઇશ્વરી જ્ઞાન પ્રાપ્ત કરવુ

તરીકે જેવી રીત ધરાવતો અષો જન્યોસ્ત્ર, જેવી રીત ધરાવતો ક્યે ગુસ્તાસ્પ, જેવી રીત ધરાવતા ફરશોસ્ત્ર અને જામાસ્પ, જેવી રીત ધરાવતા કોઇ પણ સોસ્યંતો [દુનિયાને જ્ઞાન આપનારા], અષો રાસ્ત કામ કરનારા, દુનિયાને કાયદો આપનારા, તેવીજ રીતનો તથા મઝ્દયસ્નો [હું થાઉં]

યજશ્ને, હા ૧૨, ફ ૭

---

(અય નરનારીઓ!) તમારો બાતેનનો લોભ (હવસ) જેણે દિલના તળિયા સુધી જડ ઘાલેલી છે, તે જ્યારે તદ્દન બાહર નિકળી જશે, તથા જ્યારે તમારા પાપી વિચારો તદન નાબુદ થઇ જશે, ત્યારેજ એ તમારા મોટા કામના બદલો તમોને મળશે.

વહિસ્તોઇસ્ત ગાથા, હા ૫૩, ફ ૭

---

પવીત્ર ચીજોનો ફરી ફરીથી વીચાર કરીને અંત -કરણને સ્વચ્છ કરવું.

સાચા બોલાયલા **સખુનોને** અમો વખાણિયે છીયે, અશો **તાબેદારાને** અમો વખાણિયે છિયે, **ભલી પવિત્રાઇને** અમો વખાણિયે છિયે, હિમત આપનારી **શિખામણને** અમો વખાણિયે છિયે, ફ્નેહમદ **દારતીને** અમો વખાણિયે છિયે, ૬૭ **હિમતને** અમો વખાણિયે છિયે

વીસ્પરદ, ક ૭, ફ ૧

અએ હોરમજદ ! જે કામ, જે સખુન અને જે ભક્તિને લીધે અમોને આવતા ભવનુ સુખ [અમર્ગી], રારતી, હકુમત તથા સુખાકારી મળે છે તે, સૌથી પહેલા તને હુ અર્પણ કરૂ છુ

અહુનવર ગાથા, હા ૩૪, ફ ૧

---

હવે જે થયુ તે કાઇ નહીં થનાર નથી અને પસ્તાનો તથા ખરા દીલની દલગીરી સીવાય વધુ આપણે કાઇ કરી શકતા નથી

## ૫૬ રોજ આસ્તાદ-માહા અર્દીબેહેશ્ત.

"હરે- જણ પોતાની ખુશીના વખતમાં જે દુખ અને દલગીરી ભોગવે છે તે તેણે આગલા શરીરમાં કીધેલા કતુકનો બદલો છે"

દસાતીર, મેહાબાદ, ન. ૬

--

જેઓ નેક વિચારના માગને રાસ્તીની મારફતે મજબુતીથી પકડના ચહે છે તેઓએ ગુસ્સાના દેવને દાબેલો રાખવો જોઇયે, તથા મારામારીને નાબુદ કરવી જોઇયે

સ્પેન્તોમદ ગાથા, હા ૪૮, ૨ ૭

---

### હમે કારે જેહાં નાંમુસો નામ અસત
### વગરને નીમ નાન રોજે તમામ અસત.

દુનિયાના તમામ કામો નામ તથા શરમને વાસતે છે, નહીતો અરધી રોટલી ખાધાથી આખો દાહડો પુરો થાય.

જે કોઇ મારા માન મિ'લ્કતને હાનિ પહોચાડવા માગે છે, તેના ગુસ્સાનો આગશ તેના ખરાબ કામોને લીધે મને તો નુકસાન કરી શકશે નહિ, પણ તેની કરણીનું ફળ દ્વેષથી તેનેજ ચાખવું પડશે, કે જે તેના તનને દુખથી તો નહિજ પણ સુખથી પસ્તાવા સાથે પાછું રાખશે

ઉસ્તવદ ગાથા, હા ૪૬, ફ. ૮

---

**પ્રોફેસર મીલ્સના** "નવા અહુનવર તરજુમો"
"As the *Ahu* (is) to be (revered and) coosen, so (let) the *Ratu* (be) from (all) correct legality, A creator of mental goodness,

and of life's actions done for *Mazda*,
And the Kingdom (is) to Ahura—
whom (the *Ahu*, or *Ratu*)

He has appointed as nourisher to the pohr."

"૨૬૦૦ વરસોની વાતપર મહાન ગુરૂ પીથેગોરાસ કહી ગયા હતા કે, ધિક્કાર બતાવવાથી તેમજ બીહીક રાખવાથી કરીને માણસ જાતના લોહીમાં ઝેર ઉતપન થાય છે, જેને ચાલુ રખાય છે, તો આંખો, કાનો, નાક અને પાચન ક્રિયા ઉપર અસર ઉપજાવે છે એટલા માટે બીજાઓ આપણે માટે અપશબ્દો વાપરે તે સાંભળવાનુ નામુનાસેબ છે"

---

હસતા માણસો આશીર્વાદ સમાન છે. જે માણસો કંઇક મતલબથી હસે છે, અથવા તો ગીનએ હસ્યા છે ત્યારે હસે છે, તેવા માણસને માટે હું નથી કહેતો પણ જે માણસ અંદરખાનેથી ખુશાળીથી હસતુ હોય છે તેવા માણસને માટે હું કહુ છું એવા માણસો દુખના વખતે તેમજ પોતે તંગીમાં આવી પડે છે ત્યારેબી હસતાજ રહે છે એવા માણસો પોતાને માટે એક નવીજ દુનિયા બનાવે છે

જે કોઇ જગતના લોકો ઉપર બક્ષેશ તથા સખાવત કરે છે તેજ એકયો હાતમ નથી, પણ જે શખ્સ કોઇ પાસેથી કંઇ લેય તથા માગે નહી તે શખ્સ પણ હાતમ છે

---

પવિત્ર જીંદગી પોતાને ઘેરી રાખનાર હદોની સામે હમેશા દબાણ કરતી રહે છે, અને ઉછળતા જુસ્સાઓ આ હદોની સામે અથડે છે, ત્યારે જુદી પાડનાર દીવાલ અંદરથી તુટી જાય છે, અને ઇશ્વરી જીંદગીમાં રસ્તાન આમેજ થઇ જાય છે

---

જ્યારે આપણે છુટથી આપીએ છીએ અને વખાણની આશાથી કે કોઇ જાતના સબંધથી આપણે નીરાળા રહીએ છીએ, ત્યારે આપણે ભલુ કામ દુન્યામાં કરીએ છીએ કે જે આપણી તરફ હજારો આશીર્વાદ રૂપે પાછુ આવે છે, જો કે તેમ થતા ઘણા દીવસ લાગે.

'ઓ ખુદા! મારા દોસ્તોને કદી દીલગીરી ન પહોંચે, પણ જોઇ મારો દુશ્મન હોય તો તેને પણ દુઃખ દેખાડતો ના! ઓ ખુદા, મારા દોસ્તોને ખુશી રાખ, અને તેમની દીલગીરીઓ દુર કર, અને દુશમનો નેકી તરફનો રસ્તો દેખાડ જેથી તેઓ ત્હારી તરફ સાફ દીલ રાખીને વળ."

---

"તું ખુદાની હસ્તી નથી માનતો તેનું કારણ શું? જ્યારે તું મરી ગયો ત્યાર પછી ખુદાએ તને પાછી જીંદગી આપી, હવે પછી ફરી તે સાહેબના હુકમથી તું મરણ પામશે અને તે તુને પાછી જીંદગી બક્ષશે જ્યાં સુધી તું ન સાહેબમાં પાછો ફરશે ત્યાં સુધી આ પ્રમાણે ફેરા ખાવા પડશે."

---

કામની મતાસો અને તેની સામે સોડ નગર થાઓ ફકત મનથી કરીને સંજોગો ઉપર કાબુ રાખવાનું બની શકશે.'

જે કોઇ બીજા તરફ મોહોબત બતાવે છે, અને જેને કોઇ બીજાઓ ચાહે છે, અને કોઇ નાજુક પ્રકૃતિનો અને નમ્ર ખાસીયતવાળો હોય છે, એવો આદમી ખુદાથી જેટલીબી મોકલી શકાય એટલી બક્ષેસો અથવા આસીર્વાદોથી ભરપુર હોય છે, તેવા માટેબી એક બક્ષેસ હજુર મેળવવાની રહી ગયલી લાગેછે તે શું છે? તે એક મિત્રની તેના તરફની શ્રદ્ધા અને તેના તરફના માનની સાદી અને પવિત્ર બક્ષેસમા સમાઇ જાય છે તારી આગળ આવેલા ખોરાક તરફ માનથી જો અને વખાણ અને ઉપકાર સહીત તે ખોરાક ખા ખોરાક જોઇ રાજી થા, અને આનંદથી તેને આશીર્વાદ દે આ પ્રમાણે ચલવાયલો અને માન પામેલો ખોરાક સ્નાયુને બળવાન કરે છે અને જ્ઞાનતંતુઓને તાકાતવાન બનાવે છે અસંતોષીપણે અને ખળભળાટથી ખાધેલો ખોરાક સ્નાયુને જ્ઞાનતંતુઓનો નાશ કરે છે.

એ યઝદાન મારી એટલીજ મોરાદ છે કે મારાં દીલમાંથી લોભ, કીનો અને લાલચ તજી તારા આપેલા ઉપર ખુશી અને સંતોશી બનાવ ! હું માગ અંદાજાથી વધુ માટે નહી તલબ કરૂં ! એ અહુરમઝદ મારા અંતઃકરણને સંતોશના નુરથી રોશન કર ! અને લોભ અને લાલચના અંધકારને દફે કર ! મારા કરતાં ઉતરતા દરજ્જાના અને મારા કરતા ઉતરતી સથીતીના ગરીબોને મદદ કરૂં અને તેમ કરતા હું નરમી પકડું એટલુજ મને બક્ષ ! કેમકે અશો જરથોસ્તે મને શીખવ્યું છે કે હું અત્રે કારફેનનો ખજાનો જમા કરીશ તો તેનો બદલો મને પેલી દુનિયામાં મળવાનો નથી પણ હું અગરજો આ દુનીયામાં ગરીબોની હાજત દુર કરનાર નીવડીશ તો તેનો બદલો મારા માટે પેલી જહાનમાં તઇયાર છેજ ! એ ખુદા હું તારી પાસેથી જે માગું છું તે એજ કે તું મને બુધી અને હું નરની મોટાઇ બક્ષ અને ભલાઇનો નતીજો દેખાડ કે મારી આંખ જગ રતી બંધ હોય તો તે પણ ખુલ્લી થાય.

કાગડો પોતાના શત્રુઓથી બહુ બીહતો રહે છે "એ કોઇ હમણા આવી લાગશે, એ કોઇ આગલથી આવી લાગશે, એ કોઈ પાછલથી આવી લાગશે, એ કોઇ આ બાજુથી આવી લાગશે, એ કોઇ પેલી બાજુથી આવી લાગશે," એવો શક તેને હમેશા રહે છે તેથી તે ચોગરદમ નજર રાખતો અને બચાવ કરવાની તઇયારીમા રહેતો પોતાના કામકાજ કરે છે. બરાબર તેજ રીતે તમારી ઈંદ્રિઓથી તમે બીહતા ધ્રુજતા ચાલજો તેઓની ઉપર હરદમ નજર રાખતા રેહજો, અને તેઓ જ્યારે જ્યારે જોર પર આવે ત્યારે ત્યારે તે પળે તરતજ તેઓની સામે થવાની કોશેશ કરવાની ખરા જીગરની તૈયારીમા રેહજો

---

તમારા ગમે એવા ખરાબ ગરેહ હશે, તો પણ તેની દુષ્ટ અસરબી તમારી જીંદગી અને તમારા વડાઓના પુનથી તુટશે યા ઓછી થશે

ઓ અહુરમજદ ખુશાલી શું છે? હા તે ખુશાઈ છે જવાની, હાનત અને આપાપીની ખુશાલી છે, પણ ખુદા માટેની ખુશાલી આ સઘળી ખુશાલીમા ઉતમ છે તેનું મુળ આકાશની છે, તેનો ખજાન કુદરતી જે ખુદા માટેની ખુશાલી મગજને શાંતી બક્ષે છે એટલુંજ નહી, પણ તેથી અંતઃકરણ સ્વચ્છ બને છે અને જ્યારે અંતઃકરણ ખુશાલીથી પુર હોય છે ત્યારેજ મોહડના મારગે સારા સખુનો બોલાય છે ખુદા તરફની ખુશાલી મને કહે છે કે ખુદા પોતાના બંદાઓને કદી પણ ભુલી જતો નથી, બંદો ગમે તેવો પાપી હોય તોપણ ખુદા તેને પોતાના અંતઃકરણથી બાહેર ફેકી દેતો નથી કેમકે તે યઝદાન માને છે કે ગમે તેવો પાપી બંદો મને ચાહતા શીખી પોતાના પાપોનો પશ્ચાતાપ કરશે, અને સાચી રાહ અખતીઆર કરશેજ અને તેથીજ તે યઝદાન પોતાના બંદાઓની તકસીર માફ કરે છે ખુદા પોતાના બંદાઓ ઉપર દુખ પાડે છે તે એક એવી સજા, એવો અનુભવ છે કે જેથી બંદાનેજ લાભ થાય છે

પોતાના એક પુરા છોકરાને, એક માય એટલું બધુ ચાહે છે, કે પોતાની જીંદગીને જોખમે તેને સહીસલામત રાખે છે. તમારૂ મન બી બધા જીવો તરફ એવો અણહદ પ્યાર ધરાવતુ થાય, એવુ તેને કેળવી કેળવીને કરજો.

---

ઉડતી ધુલને વરસાદ બેસાડી દેછે, તેજ પ્રમાણે તમારા મનમા ઉભરાતી ખરાબ ખસલતને તમારા ડહાપણ વડે તમારે બેસાડી દેયા કરવી જોઇએ.

---

તાપેલી જમીનને વરસાદ તહાડી પાડે છે, તેજ પ્રમાણે તમારા પ્યારથી ઉપજતી સર્વે જાતની તમારી લાગણીઓ વડે માણસો તથા ફરેસ્તાઓ વાલી આખા જેહાનને તાહડી પાડયા કરવી જોઇએ.

---

અધુરૂ ગ્નાન આદમીને નાસ્તીકપણા તરફ ખેંચી લઇ જાય છે, પણ પુરતું અને ઉંડું ગ્નાન તેને પાછો ધર્મ તરફ ફેરવે છે.

માહ ૩ જો ખોરદાદ:—ખોરદાદ રોજે રેવાજ પ્રમાણે ખોરદાદ અમશાસ્પંદનું જશન; એ પાણી ઉપરનો મવક્કલ, વરસો, મહીનાઓ, દીવસો અને ફસલને વખતસર લાવનારો અમશાસ્પંદ છે. અશો માણસને પુરતું સુખ આપનાર છે એ દીવસે ખોરદાદની હનુમનથી જશન, આફ્રીનગાન વગેરે ક્રિયા કરવી.

---

જેના હૈયામાં ખુશાલી નથી, ને દલગીરી નથી. ને ઇચ્છા નથી, અને તેઓ નથી તેથી જેનાં હૈયામા કરાર છે, અને જેને કરાર છે તેના હૈયામાં અખંડ ધ્યાન છે. અને જેને અખડ ધ્યાન છે તેને સર્વે વાતનુ ખરેખરં જ્ઞાન થાય છે.

---

જેને સાચ્ચુ, સ્વચ્છ અને દયાળુ અંતકરણ છે, તે સુખના (બહેસ્ત)ના બગીચામા દાખલ થશે. જે તેના જાતભાઇઓને તેની તગીના વખતમા મદદ કરે છે, અને જે દુખી થયલા માણસને મદદ કરે છે, તેને ખુદા મુસ્કેલીના વખતમાં મદદ કરશે.

એક અષો આદમી યાને પવિત્ર પુરૂષ એટલે કે જે અંગત સ્વાર્થી મમતા લાલચ વગરનો હોય છે તેજ પોતાની મરજી પ્રમાણે અહુરમજદ (ઇશ્વર)નાં રાજ્યનો કારોબાર ચલાવવાને યોગ્ય બને છે કારણ કે એવા અષો આદમીની મરજી બિનોઇ કાયદા અથવા અહુરમજદની મરજી મુવાફેકજ હોય છે.—(યજશ્ને, હા ૮ મો.)

---

બંદગી કરતાં, હમેંશાં, બંને પગ સાથે રાખજો, હાથ અડગ આડાઓથી રાખવા, બદનને કદી હીલાવવું નહિ, અને ચશ્મ ફૂકટ, એક બાજુ પર ટાંકવી ! અને પછી તમો પોતાની મેળે, દરયાફ્ત કરશો, કે, બંદગી એ, તે, શું ચીજ છે. !!!

---

બંદગી વખતે સેંકડો જણા, તમારી આસપાસથી પસાર થઇ જાય, છતાં, તમારી ચશ્મ તમારી આગળથી પસાર થવી નહી જોઇએ!

આમદાદનો પહેલો કલાક ઘણુંજ સારી રીતે, ભલા શાંત અને ખુશ વિચારો સાથ પસાર કરવો જોઈએ. જેથી તેની પછવાડેના કલાકો એક એકના ખેચાણથી આપો આપ સારા પસાર થાય છે. થોડો વખત ખંતથી એ બાબદપર ધ્યાન આપવાથી પછી આપો આપ તેવી ટેવ પડી જાય છે અને આખો દહાડો શાંતીમાં પસાર થાય છે મનની બાબદમા એક નવો દિવસ એક નવી જીદગી છે. સહવાના એક ભલા કલાકની અસર આખા દિવસ ઉપર થાય છે. સારી રીતે પસાર કીધેલા દિવસની અસર રાત્રે નિદ્રામા બારીક શરીરો પર થાય છે. અને આવી રીતે દીન અને રાતની ભલી અસરો આખી બાકી જીદગી ઉપર થાય છે, અને તેને અનુસરી મીનોઈ જીંદગી બંધાય છે ભલી રીતે બધાયલી મીનોઈ જીદગી ખુદાને મલવા માટેનો એક પુલ છે.

---

નમ્રતા એ મોટાઈના શીખરે ચઢવાની નીસરણી છે.

જ્યારે કુદરતમાં ભલા સીવાય બીજુ કશુ નથી, ત્યારે બુરૂ માત્ર અજ્ઞાનપણાથીજ ઉતપન્ન થવુ જોઇએ જો અજ્ઞાનપણુ કુદરતમા હસ્તી ધરાવતુ નહિ હોય તો માણુસ તેનો ઉત્પન કરનાર હોવો જોઇએ અને તેમ હોય તો તે માત્ર માણુસથીજ દુર થવુ જોઇએ

---

શ્રીમતો અને ત્યાગીઓને સતોષમાજે સુખ મળી શકે, તે સુખ બીજી કોઇ ચીજમા મળતુ નથી

---

સામા માણુસને પુરેપુરો સમજયા વગર —ત્હેના આશયોનો અભ્યાસ કર્યા વગર—ત્હેના સબધમા મત નહી બાધવો, એ સર્વોત્તમ પ્રકારની સેવા છે.

---

જ્ઞાન આપણે માટે એક સુધરેલા જમાનામા સગવડ ભર્યું જરૂરનુ, આશરા અને બચાવનુ સાધન છે જો જુવાનીમા આપણે તેને રોપીએ નહિ તો જ્યારે આપણે ઘરડા થઇએ ત્યારે તે આપણુને છાયો આપશે નહિ.

એક હીમતવાન દીલશુરદો ધરાવો, જે કાંઇ દે બીતી રીતે તમોને આપદાઓ વેઠવી પડતી હશે, તે કદાચને ખરેખરા આશિર્વાદોજ હશે

---

આત્મા ખુદાની ઉંડી બામદો સમજે છે અને અને જાહેર કરે છે મનશક્તિ ખરી હોય પણ આત્મા હમેશ સાચો હોય છે

ત્હમારી સઘળી બુદ્ધીનો ઉપયોગ કરીને અને ત્હમારા સાચા દીલથી એકનાર મેના કર્યાં પછી ત્હેના પરીણામની ચીંતા કરતા ના

---

"જેઓ પાસે ઘણું છે તેઓ પાસેથી લેવાનો અને જેઓ પાસે થોડું છે તેઓને આપવાનો કુદરતનો કાયદો છે, પણ માણસની રીત આવી નથી તે જેની પાસે થોડું હોય છે તેની પાસેથી લઇ લે છે, અને જેની પાસે ઘણું હોય છે તને આપે છે."

એક માણસ જો કુદરતની નકલ કરીને તે પાછળ પાછળ વધારેને વધારે જાય છે (એટલે કુદ તના નીયમ પાછળ જતો થઇને તેનુ ઉલંઘન કરે નથી,) અને તેના કાયદાઓને માન આપે છે, તેના શુભ પરીણામ તરીકે તે વધારે લાંબી મુદત સુધ જીવતો રહે છે, પણ કાયદાઓનુ ઉલંઘન કરીને જેમ જેમ તે તેઓથી વધારેને વધારે દુર જતો જશે તે તેમ તેની જીંદગી વધારેને વધારે ટુંકી થઇ પડવાન

---

દરરોજ કાંઇ સારૂ કામ કરો, કે જેથી રાત્રે તમ એમ લાગે કે તમે તમારા વખત અને શકિતનો કેટલો ભાગ ખુદાની અમુક ફરજ બજાવવામા વાપર્યો છે

---

જેઓ ધર્મી જીંદગી ગુજારતા નથી, અને જુવા નીના વખતમા પૈસા મેળવતા નથી, તેઓ કીતા ગયલા તીરની માફક પડી રહે છે અને ગયલા વખત માટે બળાપો કર્યા કરે છે

મે મારી આગની જીદગી તપાસી છે અને હું કીર્તીની ટોંચે ચઢયો છુ તોપણ મને આસરો મળ્યો નથી, જેથી મારા રાહબર! મારી જીદગી પુરી થાય તે અગાઉ તું મને ડહાપણને માર્ગે દોરવ.

---

હુ ખુશ મીજાજમા રહુ છુ, કારણ કે હુ દારૂ પીતો નથી, હુ તદરોરસ્ત છુ કારણ કે શરાબને અડકતો નથી. દારૂથી દુર રહેવાના મારી પાસે ચાર મજબુત કારણો છે-પહેલું એ કે દારૂ વગર તદરોસ્તી સારી રહે છે બીજુ એ કે ભેજા ઉપર કાંઇ ભાર રહેતો નથી, ત્રીજુ એ કે જીવ ખુશખુશાલ રહે છે, અને ચોથુ, એ કે દારૂના ખરચ વગર ગજવું ભારી રહે છે.

---

સમાજ સેવા અને દેશ સેવા એ ઉતમ છે, પણ આત્મ સેવા એ સર્વથી ઉતમ છે, કેમકે જગતના સર્વ પ્રાણીઓને આત્મવત ગણે, પર ધન પથ્થર સમ ગણે અને પર સ્ત્રી માતા, જાને તેનાથી આત્મ સેવા થઇ શકે છે.

ઘરના વડીલની દયાનત બગડે તો ઘરના સર્વ કુટુંબીઓની પાયમાલી થઇ અવર આવે છે. કોમ ને ટોળાના મુખીની નૈયત અને મનશ્નીમા ખલલ પડે તો આખી કોમ અને આખા ટોળાને સકટ પડે ને નુકસાન થાય.

---

" જે માણુસ પોતાની આબાદ હાલત વખતે દુ.ખ અને દલગીરી ચાખે છે તે પોતાના આગલા શરિર વખતે ઉચારેલા માઠા શબ્દો કે કામના બદલામાં છે કે જે કારણુસર મહાન ધનસાફ કરનાર હમણા તેને શીક્ષા કરે છે. "દસાતીર"

---

જીદગીમા ફકત ખોટી ખડાઇ, પટટપટ કરવાને બદલે પ્રભુની પ્રાર્થના કરી લે. ત્હારૂ તન ગમે એવા સોના જેવુ કીમતી હશે, પણ આખેર, તે મહીમાજ જવાનુ! પણ આ દહેથી પાવન યા પવિત્ર થઇ, તે પરવરદેગારને મલવા માટેજ, જે મુખ્ય કરવાનુ છે, તે એ કે તું "ભક્તિ કરો"

ખુદાઇ ફરેસ્તાઓ આપણને કદીબી તજી દેતા નથી, તેઓ સઘળે ઠેકાણે આપણી સાથે આવે છે.

---

દરેક ધરમ સ્થાપકોએ જ્યા જ્યા ધરમો સ્થાપ્યા છે ત્યા ત્યા તે ધરમો અંગીકાર કરનારાઓને મુખ્ય એકુ સદગુણ ઉપર બીજા સદગુણો કરતા વધારે ભાર મુકી તેને પાળવાનુ ફરમાન કરયુ છે જેમકે,—

જરથોસ્તીને અશોઇ, હીંદુને ફરજ, મુસલમાનને ઇમાન, ખ્રિસ્તીને પરમારથ, બુદ્ધીસ્તને દયા, ખાલ્ડીયનને દેવતાઓની આરાધના, ઇજીપ્સને શીનસુરી

---

ચાર રીતે બંદગી એક, પોતાની મુરાદ ચહાવાની બીજી, પરવરદેગારનો હરપળે ખોફ રાખી, કામમા, તેના ફરમાન મુજબ ચાલવાની, ત્રીજી, દુન્યાપર હાકણ મુકી, તેની ઇસ્કમા, જવાની (મળી જવાની) । અને ચોથી, પાપ ઘણા થઇ, લોકોમા ઊંધાડા પડવાનો વખત આવે છે, ત્યારે "હમો, દગામા નથી એવો દેખાવ કરી ઇનસાનોનુ મન મનાવા કીજે છે.

શ્રીમતો અને ત્યાગીઓને સતોષમા જે સુખ મળી શકે, તે સુખ બીજી કોઇ ચીજમા મળતુ નથી

---

આત્મા કદી જન્મ લેતો નથી, આત્મા કદી મરણ પામતો નથી, કોઇ પણ કાળે તે હતો નહી એમ નથી અવલ અને આખેર આત્માના બાબમા સ્વપ્ન સમાન છે જન્મ રહીત, મરણ રહીત, આત્મા હમેશ અચળ છે મોતે કોઇ કાળે આત્માને હાથ લગાડયો નથી, જો કે આત્માનુ ઘર (શરીર) મરણ પામેલુ દેખાય છે

---

મળેની નિરાશાઓ ઉપર વિચાર કરતા હાથ જોડી ધીરજ રાખવી અને સખત મહેનત કરી વધારે સારૂ છે

---

આ પૃથ્વીના ગોલ સાથે પરસ્પર સબધ ધરાવવા માટે આપણે પુરતા એખનાસમા આવીએ નહિ ત્યા સુધી બીજા ગ્રહો ઉપર લોકો વસે છે કે નહીં તે સાથે આપણને સબધ નથી

મુર્ખાઓ બહાણાઓથી ફાવી જાય છે

---

ચોર, વ્યભીચારી, ધર્મદ્રોહી, રાજદ્રોહી માણુસથી હમેશ દુર રહેવુ, તેમની સોબત પાયમાલીમા ઉતાર નારી છે.

---

બીજાને ઠપકો આપો તેજ અવગુણ પોતામાં હોય તો પ્રથમ પોતાનો અવગુણ દુર કરવો, પછી બીજાને કહેવુ

---

અસંતોષી માણુસ ઘણુ હોય તોબી ।ભાગ્યેજ સંતોષ પામે છે

---

તે (ઇશ્વર) જે સઘળી ઉચી જગ્યાએ તખ્તનસીન થયલો છે તે આવી પોતાની જાહોજલાલીવાળી જગ્યા છોડીને નીચે ઉતરે છે, એવી મતલબથી કે જે થોડાજ માત્ર તેની ઉપર ભરોસો રાખીને ચાલે છે, તેઓને પોતાના તે મિત્રો તરીક બોલાવે છે.—

**સવાલ**—દોશતી કેમ વધી શકે તથા તોડી શકે?

**જવાબ**—સચ્ચાઇથી દોસ્તી વધે છે, જ્યારે જુઠાઇથી તે તુટે છે.

**સવાલ**—શુ કારણથી દોસ્તી તુટે?

**જવાબ**—ધીરધાર કરવાથી, દોસ્ત પાસે ઉધાર માંગવાથી, યા હાથ ઓળવાથી, દોસ્તી તુટવાનો સંભવ રહેશે.

---

"હજ ધરેમ બ એશજનામ બ એવરે બ એશજનામ" ઉપના કલામો ત્રણુવાર ભણુતા ભણુનાર પોતાની જીદગીમા ભલા અને સવાબને લગતા કામો કરવાને માટે પોતાને તનદરોસ્તી ચાહે છે, કે જેથી અશોઇને મારગ અખત્યાર કરે જેમકે, "તદરોસ્તીમાની હજાર ગણી તનદરોસ્તી તથા તનદરોસ્તીમાની દશ હજાર ગણી તદરોસ્તી હોજો"

---

**જાતી હિમતના જેવુ કંઇ નથી.**

માણુસ સાત તત્વોનું બનેલું છે. આપણા પવીત્ર મઝહબમા યજશ્નેના ૫૫ ) મા હામાએ સાત તત્વોને પવિત્ર ગાથાને અર્પણ કરવામા આવયા છે.

એ તત્વો નીચે મુજબ છે —

| | | |
|---|---|---|
| અમર | ફ્રવશિ | આત્મા ( ફ્રોહર ) |
| | બઓધાગ | બુદ્ધિ ( ખોદાઇ ) |
| | રવાન | મનસ ( વીચાર શક્તિ ) |
| ફાની | તેવિષી | કામરૂપ ( ઇચ્છા, હબખરા ) |
| | ઉરતાન | પ્રાણ, જીવ ( જીવન શક્તિ ) |
| | કહેર્પ | હવાઇ શરીર ( લિંગ દેહ ) |
| | તનવસ | ખાકી શરીર ( સ્થુળ શરીર ) |

---

ઓ કિરતાર! તારી પાસે, સોનું, રૂપુ યા પૈસો ટકો નથી માંગતો, પણ ચાર ચીજનો આ જેહાનમા હાજતમંદ છું!

---

પહેલું નેક તોફીવત, બીજુ ઇજ્જત આબરૂમાં રહેવુ, ત્રીજું આપએખત્યારી, અને ચોથુ તંદરસ્તી.

ડહાપણની ચોક્કસ નિશાની એ છે કે હમેશા ખુશાળ રહેવું.

---

એક ખરેખરા સ્વતંત્ર માણસની પહેલી નિશાન એ છે કે જગતના કાયદાઓની સામે તે થતો નથી, પણ તે કાયદાઓને તાબે થાય છે.

---

સર્વો–તમ નેમ સરસ છે, અને હંમેશાં તે કાયમ રહેવી જોઇએ. જે ખોટું અને તકલીદી હોય તેનાથી આપણે જુદા પડવાનું છે, અને તેમ કરીશું નહિ ત્યાં સુધી આપણે સત્યમાં જીવી શકશું નહિ.

---

ફિકર સબકો ખા ગઈ, ફિકર સબકા પીર;
ફિકરકી જો ફાકી કરે, ઉસકા નામ ફકીર

ફિકર પોતાની ચકીમા દુનિયાને પીસી રહી છે, પણ ફિકરને જે કચડી શકે છે તે ખરો ફકીર યાને જે ખુદાની ભક્તિમા લીન છે તે ખરો ફકીર.

બાહકર બાશ, કાર બાશ, બાહ સગે મુરદાર બાશ,
હરચે બાશી બેહ બાશ, લેક અ દકે ઝરદાર બાશ.

"અગર તુ બેહરો, આપળો કે માસ ખાનારો બન, જે પણ તું બને તેમાં બેહતર બન, પણ થોડો બી તું તવંગર બન"

---

કોઇની પડતી જોઈ હસો નહિ કેમજે વખતનું કામ વખત કર્યો જાય છે પાંદડાં નિચે પડતાં જોઇને કળીઓ હસ્તી બોલે છે કે બહેનો હમો તો હવે ચાલ્યા પણ તમારી પણજે વખત જાયછ તેમા વારી આવશે.

---

ડૉકટર, બેરિસ્ટર કે પ્રોફેસરની ડિગ્રી મેળવવામાજ કેળવણીનો હેતુ પુરો થતો નથી, પણ જાહેર સેવા બજાવવામાં તેનો ખરો હેતુ પાર પડે છે. ખરી રીતે જેનાથી મન મારતાં શિખાય તેજ ખરી કેળવણી

---

મુર્ખાઇથી આબાદીને બદલે નિરાશી આવે છે.

જેવો અંતઃકરણે અને લોહીમાં સ્વચ્છ છે, તેઓ ખુદાના વિચારથી કદીબી દુર થશે નહી.

---

જે મીસાલે એક બાગબાન પોતાની જમીનમાથી નકામા ઘાસ કચરાનું નીકંદન કાઢી નાંખે છે, અને તેમા જોઇતા ફુલો અને ફળો રોપે છે, તેજ પ્રમાણે એક આદમીએ પોતાના મનમાથી ખોટા, નકામા, અને અપવિત્ર વિચારોને કાઢી નાખવા જોઇયે, અને તેમા ઉપ્યોગી અને પવિત્ર વિચારોનાં ફળ-ફુળોનો સંપૂર્ણ બગીચો ઉછેરવો જોઇયે આ પ્રમાણે ક્રિયા કરવાથી એક આદમીને મોડે વહેલે માલમ પડે છે કે તે પોતાનાં જીવનો માલેક, બાગબાન, અને જીંદગીનો દોરવનાર બન્યો છે.

---

ખુદાના નામની માળા જપતા હવે મારામાથી હુ પણ જતુ રહયુ છે, અને હવે જયા પણ નઝર નાખું છું ત્યાં ઓ પરવરદગાર હુ તને અને તનેજ જોઉ છુ.

જે આદમીથી બીજાઓને સુખ પોહોચે છે, તે આદમીનેજ સુખ આવી મળે છે. ગાથા.

---

જામે જીતની બુદ્ધિ, તિતના વોહ કર બતાય,
વાકો બુરા ન માનિયે' બહોત કહાસે લાયા ?

---

મન મથુરા, દિલ દ્વારકા, કાયા કાસી જાન,
દસમે દ્વારે હય દેહરા, તામે જોત પિછાન.

અર્થ -તારૂ શરિર તે કાશી ગામ છે, અને મન તે મથુરા છે, તારૂ પોતાનુ દિલ તેજ દ્વારકાનુ યા ઊડવાડા પવિત્ર સ્થળ છે જેમા રહેલા દરવાજાઓમા દશમે દરવાજે ઝળકતી જોત રોશન છે તેજ ખુદ્દા છે.

---

શેખ સાદી કહી ગયો છે તે ધ્યાનમા રાખ. આબરૂ કીર્તી અને પૈસો મેલવવા ચાહનાર મનુષ્ય કે મારા રસ્તામા જો કોઇ કાંટા વાવે તો હુ તેના રસ્તામા ફુલ વાવુ.

પરવરની બંદગી વિના તારો સંસાર ધુળ સમાન છે, કેમજે એ પાપી સંસાર ને ધુમાડાના ગોટા સમાન ચાલી જતા વાર લાગનાર નથી

---

સારી જગ ઢુંડી રહયો પણ કોઇ સુખ્યો જડનો નથી જેની આગલ મારા દુખ ગાવું છુ તે પહેલેથીજ પોતાના દુખો રડવા મંડી જાય છે.

---

સેવાના દરેક ન્હાના કામને પરિણામે સેવા કરવાની શક્તિ વધતી જવાનીજ

---

## ધિરજથી સર્વ સફલ થાય છે.

ધિરે ધિરે રે મના, ધિરે સબ કછુ હોય,
માળી સિંચે કેવરા, પર રૂત આવે ફલ જોય.

અર્થ:—ઇનિશાન ધિર ધર, ધિરજથી સર્વ સફળ થાય છે. માળી કેવડા રોપે છે પણ મોસમમાંજ તેનુ ફળ મળે છે.

મોજે ચઢયાં પાણી ટીકતા નથી અને ઉછાળો મારી મોજે નીચો પડે છે, તેમ કોઇ સાથે નમ્રતા દેખાડવી એમાજ શોભાને ઉચ્ચ ખાનદાનની ગવાહી છે

---

જે માણસ પોતે શિખવાને માટે આતુર છે પરંતુ બીજાને શિખવવાને આતુર નથી ને કદિ પણ સારૂં શિખી શકતો નથી બીજાને શિખવવાથી જે શિખાય છે તે ગમે તેટલા પુસ્તકો વાચી જવાથા શિખાતુ નથી. કારણકે એકમા સ્વાર્થ છે અને બીજામા પરમાર્થ છે જયા પરમાર્થ છે ત્યા ખુદા છે

---

જો માણસનુ અંતકરણ પાપ અને બુરાઇ માટે ખુલ્લુ હોય તો ખોદાની રહેવાની જગ્યા કયા છે? પયગમબરે નહિ કહયુ હતુ કે "તમો પોતે જીવતા ખોદાના મંદીરો છો। બહેસ્તનો મુલક તમારા પોતાના માજ છે। આટલા માટે તમો પોતે પણ અકારી જેવા સંપુર્ણ થાઓ.

દરેક જણ પોતાના દોસ્તો સાથે નરમાસથી ચાલે છે પણ જે કોઇ દુશમનોને ભલી મદદ કરી તેની સાથે નરમાસથી ચાલે, તેજ ખરો દયાળુ ગણાય.

---

બીજાજ ખોહયા વગર એકસરખો રાખવો અને સરવે બાબતોમા મધ્યમપણુ જાળવવુ, એ રસ્તાઓ જીંદગી ગુજારીને શાંતી જાળવી રાખવાના અથવા તો શાતિ ભોગવવાના છુપા ભેદો છે

---

એક સાહેર કહી ગયો છે કે—મે દીન, ધર્મ અને દુન્યાદારીને લગતી ચાર હજાર કેતાબો વાચી છે, તેમાથી મે જે જ્ઞાન મેલવ્યુ છે તે નીચલા ચાર શબ્દોમા સમાઇ જાય છે.

૧ "અહુરમઝદને હમેશાં માનતા રહો

૨ "આખર સર્વેએ મરવુ છે."

૩ "આપ બડાઇ ના કરનો."

૪ "કીનો કપટ ના રાખતો."

"ફળ મેળવવાને સમયે (પાછલી જીંદગીઓના પરિણામ તરીકે) જ્યારે ફરી જન્મ લેવાનો કાળ આવે છે ત્યારે . સચોત ક્રમમાંથી જે કર્મ તેને ફીટાડવાનું હોય છે તેવા સંજોગ વચે વખત ચોકસ ઠેકાણે જોડાવાની તેને ફરજ પાડે છે

---

જો દરેક માણસ પોતાનાજ કામમાં ધ્યાન રાખે અને બીજા વચ્ચે પુરાય નહિ તો પોતાની જીંદગીમાં ઘણું ઉપ્યોગીપણું દાખલ કરી શકે

---

"ફે" એટલે "ફાકો" યાને ગમ ખાઇ જવું, દરગુજર કરવી, અથવા સહનાશળતા રાખવી "કાફ" એટલે "કનાયત" યાને સંતોશ રાખવો. "ય" એટલે 'યાદે ઇલાહી' યાને ખુદાનું નામ—સ્મરણ હમેશા ચાલુ રહેવું "રે" એટલે "રીયાઝત" યાને અશોઈ, પરહેજગારી, એટલે તનની, મનની અને કાર્યની પવિત્રાઇ, એ ચાર ઉત્તમ ગુણો જેનામાં હોય તેજ ખરે સાધુ કહેવાય.

સર્વ મનુષ્યોએ આ વાત તો ખચીત યાદ રાખવી જોઇએ કે "આખર સર્વેએ મરવુ છે" અ ત-કરણમા હમેશા મજબુતાઇથી ઠસાવી

---

જીદગી સ્વચ્છ અને નીતિમાન ગુજારવામા સપુ-ણતા વાપરવી દારૂ જેવા કેફી પીણા પીવાથી તદ્દન દુર રહેવુ અને ગોસ્તનો ખોરાક નહી

---

ગરૂરી ધિક્કાર, કપટ, અદેખાઇ, ગુસ્સા, લોભ અને દુનીયાઇ ચીજો મેળવવાને હદથી જયાદા આર્જુ રાખ વાથી દુર રહેવુ

---

એક માણસનો સર્વથી સરસ નોકર તે તેના હાથના દશ આગળા છે,

---

પૈસો જાય તો ઘણું નુકશાન નહિ, હીમત ખોવી એ મોટી ખોટ, માન ખોહવાથી વધારે મોટી ખોટ પણ ધર્મ ગયો તો સર્વ ગયુ બરોબર."

શાન્ત રહી વિષયથી દુર રહેશો તો બેશક જીંદગી-ના તત્વનુ ભાન તમને આવતુ જશે, અને એક દીવસે ચેલાને અચરતી લાગશે કે તે કેટલો આગળ વધી આવ્યો છેઃ અને તે પણુ જાણ્યા અથવા ખબર પડયા વિના કારણુ કે ખરેજ આત્મા ખીલે છે ત્યારે ફુલની માફક સમાધાન અને છુપી રીતે ખીલે છે, પણુ તેજ વેળા મધુર અને સોહામણો થાય છે, કારણુ કે બ્રહ્મ અથવા અહુરમજદના કીરણુ તેની ઉપર પ્રકાશે છે.

---

મુખીઓ ધારે કે છે તેઓ શિક્ષામાથી બચી શકે છે, પણુ દરેક ખોટા કામો સાથે તેની શિક્ષા જોડાયલી રહેછે શિક્ષા હમેશા આપણુને થતી નથી, પણુ આપણુમાં થાય છે સઘલી શિક્ષાઓમાની સૌથી મ્હોટી શિક્ષા આપણુ માણુસાઇપણુ ખોઇ દેવામા છે એક પ્રમાણીક દેખાવ ખોઇ દઇ લુચ્ચાઇભર્યો દેખાવ ધારણુ કરવાનો ફરજ પડે એ કરતા વધારે ભયકર બીજુ શું છે?

જમશેદ કે ગુરતાસ્પ જેવા હજારો પાદશાહો, જરથોસ્ત જેવા હજારો પેગમબરો, રૂશતમ કે બરઝોર જેવા લાખો પહેલવાનો, લુકમાન જેવા કરોડો હકીમો, ઝાડકીલ જેવા કરોડો જોશીઓ, નેપોલ્યન કે પીટર જેવા લાખો શાહાનશાહો આ ધરતીના પેટામા ખાખ રાખ થઇ ગયા, તો પછી હે બાઇ એહનો ! શા માટે તમો દુખી થાઓ છો? ધીરજ ઇમત શાતી રાખો

---

હમેશાં બોલ બોલતી વખતે વિચાર કરો કેમજે એકજ શબ્દ મીઠાસના મોધરા વેરે છે. જયારે એકજ અપવાદનો શબ્દ ધિકકારની ધરા ધરૂજાવે છે, એકજ શબ્દથી દુશ્મની પેદા થાય છે, જયારે એકજ મીઠો શબ્દ દુનિયાની દોસ્તી જીતી શકે છે

---

જ્યારે આપણે પ્યાર કરીએ છીએ, ત્યારે ઇશ્વરનો આત્મા આપણી ઘણી નજીક હોય છે એટલા માટે બળાપો કરવો નહી, ધીકકાર બતાવવો નહી, અને બીહીક ન રાખવી એ વધારે સારૂ છે.

**સ૦**—સખાવત કરનારે સૌથી પેહલા શુ વાત ધ્યાંનમા રાખવી ?

**જ૦**—તેણે જોવુ જોઇએ કે તેનો પૈસો ઘટને ઠેકાણે તથા લાયક રીતે અપાયછો છે કે નહી ? હરામખોરીને ઉત્તેજન મળે એવી રીતની સખાવત કદી કરવી નહી

---

નજરમાં તીરસ્કારને લાયક છે જો આટનો સેહયો અને પ્રમાણીક વીચાર તે હરહમેશ રાખનો રહેનો અલબતે તે મનુષ્યમા યકીનદારીનો ઝરો વેહનો રહેશે અને યકીનદારીમા વધવાથી આય દેહ તે ખરી આબરૂની ટોચે પહોચશે.

---

જેને કમાણી કરવાવાળો ભાઇ ન હોય તેને કરકસર તે એક ભાઇસમાન છે

---

તકરારી મગજ છરીની ધારનાં જેવુ હોય છે, તે હાથમા પકડનાર લોહીલુહાણુ થાય છે

હિમતવાન માણુસ નિરાશી જાણુતો નથી. ખતથી હમેશ ફતેહ મેળવાય છે

---

જે કોઇ આદમી તરછોડાય છે, તથા જેની ગીબત યા નાલેશી થાય છે તે તો સુખેથી સુવે છે અને ચેનથી દુનિયામાં ફરે છે, પણ જે કોઇ નાલેશી અને ગીબત કરે છે તે પોતે નાશ પામે છે

---

પોતાની તારીફ કરવી તે જાણે પોતાની બેવકુફાઇ જાહેર પાડેઆ બરાબર છે

---

જેઓ હીમતથી ગરીબાઇ ભોગવે છે, તેઓ એક સરખા અંતઃકરણની મોટાઇથી આબાદી ભોગવશે, કારણ કે તે ગરીબાઇથી નિરાશ થતું નથી, અને મોટાઇથી, છકાઈ જતું નથી

---

**ચઢતીમાં** ગર્વ ન કરે, પડતીમાં ખેદ ન કરે અને શરણાગતનો ત્યાગ ન કરે, તેજ મોટો માણુસ-

જેમ ચેરાગ વીના ઇન્શાન અંધારે ઠોકરાય છે, તેમજ દીનના બંદગી રૂપી ચેરાગ વીના ઇન્શાન આ તેમજ પેલી જહાનમા ઠોકરાય છે

---

જો આપણે દુન્યાના ફાયદા માટે કાઇબી કરી ન શકીએ તો આપણે એવી સાદી જીંદગી ગુજારી શકીયે કે જે બીજાઓને ધડારૂપી થઇ પડે

---

જે કોઇ મોતનો ખ્યાલ પોતાના મનમા હમેશાં સુધારે છે.

---

નબળુ મન એક સુક્ષ્મ દર્શક યંત્ર સમાન છે, જે નજીવી બાબતોને મોટી કરી બતાવે છે, પણ જેના-મા મોટી બાબતો સમાઇ શકતી નથી

---

મજા, નશીહત અથવા ખતા જેવો ચાનક આપી સુધારનાર ગુરૂ બીજો કોઇ નથી.

એક ગુરૂ પોતાના ચેલાને એક દરવાજા સુધી દોરવી શકે, પણ આગળ ચાલવા માટે તો ચેલામા પોતાનામાજ લાયકાત હોવી જોઇએ.

---

રાજાને અંકુશમા રાખવા કરતા પૈસાને અંકુશમા રાખવાને વધારે શકિત જોઇએ છીએ

---

બીજાની પરીક્ષા કરતા આપણે આપણા પોતાના અંતકરણ અને મનનો કચરો જાહેર કર્યે છીએ તેથી કોઇની ખોટખાપણ કાઢો ના—નહિ તો કે તમારી પોતાની બી નીકળશે

---

માણસ કયાથી કયારે અને કેવી રીતે પેદા થયુ તે સમજતા શીખો.

---

મારી આસપાસનાઓ આગળ મને કઢંગી હાલતમા ના મુકો અને મને તેઓની વિરૂદ્ધ થવા ના દો.

તમામ ધર્મોના પેગબર સાહેબો સાથે મળીને દાદાર અહુરમઝદની મરજી પ્રમાણે જગતના કલ્યાણનુ કામ કરી રહ્યા છે, અને એક બીજા તરફ માનની લાગણી ધરાવે છે તેઓને જે પણ દેશમાં, કામ કરવાનુ હોય છે ત્યા ખુશીથી જન્મ લે છે, અને સ્પેન્તોમેન્યુશની વૃદ્ધિનુ કામ કરે છે તેઓ હુ મોટો, અને તુ નાનો એવી મગરૂરી ધરાવતા નથી, પણ ઘણા નમાના રહે છે અને સપુર્ણ સચાઇ જાણેલી હોવાથી, દરેક ધર્મ એકજ મહાન સચાઇ—ડહાપણનો ભાગ છે એમ સમજીને દરેક ધર્મ તરફ માન ધરાવે છે, અને ઝગડો કરતા નથી જેઓ ઘણુ થોડુ સમજે છે તેઓ ઘણી વધારે તકરાર કરે છે.

---

ખુદાની નજરમા ,માન પામેલા, પાસબાની કરનાર ફરેસ્તાઓને તમારી પાછળ નિર્માણ કીધેલા છે, કે જેઓ તમારા કામો નોંધી લે છે, અને તમે જે કંઇ કરો છો તે તેઓ જાણે છે

જે પ્રમાણે પવીત્ર **આતશને** પાક ખુદાતાલાની ગેબી **નીશાંન** તરીકે ગણી, તેની સનમુખ ઉભા રહી, તે સાહેબની સેતાયશ તથા આરાધના આપણ કરયે છીયે, તેજ પ્રમાણે અશોના ફરોહરો દુનયાની વરૂધી અને આબાદાનીના કામો કરે છે તેનો ખયાલ આપણા દીલમા લાવવા સારૂ, દુનયાની આબાદાનીની ચીજો જેવી કે **ફળ, ફુળ, પાણી,** અને **રોશન આતશને** આપણી સનમુખ રાખી, અશોના ફરોહરોની આપણે સેતાયશ કરયે છીયે,

---

તારી, હાલત ગમે તે હોય, પણ તે અહુરમઝદ હજુર ઉભો રહી તારી ભુલો જે હોય તે તુ કબુલી દેજે કારણ ખુબ યાદ રાખજે કે એક વાર તે અશોઇ અને નેકીની રાહ પકડી તો ખુદાઇ રોશનીથી તુ આ ધરતીના ધામમા અધકારથી ઠોકરાતો બચી છેક બહેસ્તના દરવાજા સુધી ચાલ્યો જશે

---

અક્કલનો અવાજ એ ખુદાનો અવાજ છે.

કોઇ માણુસ સોના જેવો ખાલેશ, તથા ઉચા મોટા મનનો ને દીલનો હોય છે, તો કોઇ રૂપાને લગતી જોરાવર ઇચ્છાવાલો હોવા છતા, સોના જેવો ખાલેસ અને મોટા મનનો હોતો નથી તો કોઇનો જાતીકો ખવાસજ લોખડ જેવા કઠણ દીલનો અને મારામારી કરાવનારો, તો કોઇનુ દીલ સીસા જેવુ નબળા મનનુ, તો કોઇ પારા જેવો ચચળ હોય છે તો કોઇ ત્રાબા જેવા ઉચા ખવાસનો હોય છે તો હવે માણુસની ખરી ફરજ તો એ છે કે તેણે ધાતુ ઓમા સોના પેઠે, સર્વોતમ રીતે પોતાના બલા બલા ગુણોની મારફતે, એક ફરેરતો બનીને ચાલવુ

---

આ દુન્યામા ભલાઇ અને બુરાઇ વચ્ચે યા તો રોશની અને અધકાર વચ્ચેના ઝઘડાનો સવાલ રહયો નથી પણ અતકરણ અને મન વચ્ચેનો રહેલો છે એ બેઉનુ એક થવુ છેવટની મુકતીનો રસ્તો ખુલ્લો કરે છે.

જો કે હુ મનુષ્ય તેમજ ફરેશ્તાઓની ભાષામા બોલતો હોઉ, પણ મારામા જો નાખતી કરવાનો, સખી દીલ દેખાડવાનો યાને દરગુજર કરવાનો સદગુણ નહી હોય તો હુ માત્ર એક ઘોઘાટ કરતુ પિત્તળ અને ખણખણાટ કરતા ઝાઝ જેવોજ છુ, અને જો કે મારામા ભવિષ્યના બનાવો આગાહીથી કહેવાની બક્ષેશ હોય અને હુ સઘળા જ્ઞાન અને ભેદોથી વાકેફ હોઉં અને જો કે એવુ સાબેત એકીન ધરાવતો હોઉં કે જે વડે પહાડોને ખસેડી શકતો હોઉં, પણ જો હુ દરગુજર, કરી જાણતો ન હોઉં તો હુ કુચ મિસાદમા નથી, અને જો કે હુ મારી સઘળી માલ મીલકત ગરીબોને ખાવાને માટે આપી દઉ અને મારા શરીરને પણ બાળી નાખ્યુ, તો પણ જો મારામા દરગુજર કરવાની શકિત ન હોય, તો તે મને કાઇ ફાયદો કરી શકતુ નથી

---

સુખની રોશની ઉપર શકનો ઓળો પડવાથી ઘણીક વાર તે જતુ રહે છે.

બાઝ આ બાઝ આ હરાંચે હસ્તી બાઝ આ
ગર કાફેરો નાપાકો બુત પરસ્તી બાઝ આ
ઈન દરઘાહે મન દરઘાહે નોમીદી નીસ્ત
સદ બાર અગર તોબેહ શેકસ્તી બાઝ આ

---

અગર જો તુ પુતલાને પુજનાર યા પથરને માનનાર, કાફર યા નાપાક યા ગમે તે હોય, તોબી તુ પાપથી તોબાહ કરીને પાછો ફર. કારણ કે ખોદા તાલાની દરગાહ નીરાશ તથા નાઉમેદ થવાને માટે નથી, જો કદાચ સો વખત તુ એ તોબા કરીને વળી ફરીથી તે તોબા તોડીને ગુનાહ કીધો હોય, તોપણ તુ ફરી ફરીને તોબાહ કરીને પાછો ફર.

---

આબરૂ એ માત્ર માણુસના કીધેલા કામો છે, કે જે તેની આસપાસ સઘળે ઠેકાણે પ્રકાશી નીકળે છે, અને ત્યાથી તેની પોતાની ઉપર બી વળનો પ્રકાશ ફેકે છે.

જ્ઞાન અને વિવેક ખરી આંખો છે, એના વિના માણસ છતી આંખે આંધળો છે, તે ખાડામા પડે તેમા નવાઇ શી?

---

"બંદગી જે માણસોના અંતકરણમા અસર કરવામા સર્વેથી બળવાન છે, તેમાથીજ કરીને કાર્યો કરવાની ઇચ્છાનો ઉધરભાવ વધે છે"

---

દાનાવોને ઘટે છે કે નાદાનો સાથે કજીયો કરે નહી અને ચતુર માણસને ઘટે છે કે છોકરાઓ સાથે કામ પાડે નહી

---

અધીરાઇ અને આશા માણસનુ લોહી સુકવનારાં છે આશા પરમ સુખ આપનારી પણ છે અને પરમ દુખ આપનારી પણ છે. જેટલુ નબળાઇથી શરીર ફળતું નથી, તેટલું અધીરાઇથી શરીર કળે છે. "ધીરા સો વીરા, ને અધીરા સો અધુરા"

અષો માણુસ અષોઇથી, ઉધ્યોગથી, સખાવતથી જ્ઞાનથી, નમ્રતાથી તથા અહુરમજદના આતશથી અમોને હમેશા બચાવશે તથા સભાળશે

**યજશ્ને, હા. ૫૮.**

---

જો કોઈ પોતે પોતાને વધાનો ગણુતો હોય, તો તેણે ઘણી સભાળથી પોતે પોતાને દોરવો જોઈએ વિદ્વાને ત્રણ રાતમાની એક રાત્રે ભક્તિને માટે પોતાને જાગૃત રાખવો જોઇયે

---

અભણ કરતા ચોપડીઓ રાખનારાઓ શ્રેષ્ટ છે ચોપડી રાખનારાઓ કરતા જેઓ ચોપડીની વીગતો યાદ રાખી શકે છે તેઓ શ્રેષ્ટ છે આવી યાદદાસ્ત રાખનારાઓ કરતા જેઓ તે બાબતનો સાર અસાર વિચારથી સમજ મેળવી શકતા હોય તેઓ શ્રેષ્ટ છે જેઓ સાર અસાર વિચાર કરી શકે છે તેમના કરતાં પણ જેઓ સારઅસાર વિચારે મેળવેલા જ્ઞાનને વહેવારમા મેલે છે તેઓ શ્રેષ્ટ છે

**ખુરશેદ** રોજથી **દએપમેહેર** રોજ સુધી **મઇદયોશેહેમ** ગાહમ્બારના જશનો, **મઇદયો-શેહેમ**નો અર્થ ગરમીનુ મધ્ય અથવા ભર ઉનાળાનો વખત, વીસ્પરદમા જણાવ્યા પ્રમાણે ખેતરને અનાજ તથા ઘાસચારથી ભરપુર કરનારો આ હીંગામ છે, આફરીન પ્રમાણે પાણી જેવી ઉતમ પેદાયશ પેદા કરવા માટે એ ગાહમ્બારના વખત ઉપર તે સાહેબની યાદમા જશન, આરાધના અને ચાશણી કરવામા આવેછે.

---

"ઓ મજદ ! તારી પાદશાહીથી પવિત્ર (જીદગી ગુજારનાર) ગરીબ માણસને તુ બુલંદ દરજ્જો બક્ષે છે"—**વહિશ્તોઇશ્ત ગાથા,** હા ૫૩, ફ. ૯.

---

તમારીથી હલકા માણસોને તમારી બરોબરનાજ ગણો તેમા ફુનેહ સમાયલી છે ફુનેહબાજ માણસ મધમાખ ડખ દે છે તેની અગાઉજ તેનો ડંખ ખેચી કહાડે છે.

તમારા શરીરને લગતા સુખ દુખો ભોગવતી વખતે ને કામ કાજો કરતી વખતે, તમારા મનમા શુ શુ લાગણીઓ, ઇચ્છાઓ, ને વિચારો ઉમરી આવે છે, તે વીશે સાવધ રહેજો ઘરને બારણે રાખેલો ચોકીદાર હરદમ ને હમેશા ઘરની ચોકી કર્પાજ કરે, ને પળવારબી ચોકી કરવાનુ માડી વાલે નહીં, તેમ તમે બી તમારા મન રૂપી ઘરના બારણાં ઉપર ચોકીદાર થઇને રહેજો, ને હરદમ ને હમેશા તેની ચોકી કર્પાજ કરજો

---

તમે ભેદી થયા વગર બીજાનુ સારૂ જોનાર થઇ શકશો, પણ બીજાનુ સારૂ જોનાર થયા વગર ભેદ જાણનાર થઇ શકશો નહિ

---

હદથી જીઆદા ગુસ્સો કરવાથી તેહનુ વજન રેહતુ નથી અને વગર કારણે મેહરમાનગી બતલાવી આથી તેહની અસર કઇ જણાતી નથી

માહ ૪ થો તીર—તીર રોજે તીરગાન અથવા તીરીઆનનુ જશન, એ ફરેસ્તો વરસાદ વરસાવવા ઉપર મવકકલ છે.

---

ગરીબોએ પૈસાદારોને જોઇ ન શુકરી કરવી નહિ પણ પોતા કરતા વધુ ગરીબને જોઇ ખુદાનો શુકર કરવો. એવીજ રીતે દરેક બાબતમા પોતા કરતા નબળી સ્થિતિમાં મુકાએલાને જોઇ તે બાબતમા સતોષને સબર કરતા શીખવુ જોઇએ. જો તમો આ વિષયપર વધુ બારીક વિચાર કરશો તો તમો તમારૂ ઘણુ દુખ ઓછુ કરી શકશો.

---

દુધ બદલાઇ જાય ને દહી થાય. દહી બદલાઈ બદલાઈ જાય ને માખણુ થાય · માખણુ બદલાઈ જાય ને ઘી થાય. ઘી માખણુ દહી તેજ દુધ કહેવાય કે? નહીં તેજ પ્રમાણે માણુસ બી, જન્મ પછીના જન્મે, ને એકજ જન્મમાં બી તબકકે તબકકેઃ માણુસનું તેને તેજ પણું જીવનુ તેને તેજ પણુ ચાલુ રહેતુ નથી.

ઓ અહુરમઝદ ગઇ રાતે મે ખ્વાબગાહમા એવુ સાભળયુ કે 'ઓ બદા, તુ ખોદાની રાહમા પુગવા માગતો હોય તો ગરીબો અને ખરા હાજત મદો આગળ તારૂ સર નીચુ ધર ! અને નમનતાઇનો રસતો પકડ ! અને પછીજ ખોદાની રાહ તરફ તારૂ કદમ ધર ! કેમકે તેજ રાહની તુ તારી મોરાદના કીનારે પુગશે" ઓ અહુરમઝદ આ સખુનો પુરા થતાજ મારી આખો ખુલ્લી થઇ ગઇ અને હુ આધળો થઇ સુતો હતો તે હુ દેખતો થઇ જાગી ઉઠયો ખોદાની રાહે પુગવાનો સેહેલો રસ્તો તો તયારે ગરી-બોની રાહનુમાઇ અને ગરીબોની પરવરસી છે અરે હુ તો હમણા સુધી તવગરોની સોડમા ભરાતો હતો, પણુ કેથી બેહેસ્તની ચાવી તો ગરીબો છે. હુ હમણા સુધી ગરીબોને હીણુતો હતો અને તેઓ તરફ ઉંચી ગરદને આખના ઉંચા ભવાએ જોતો હતો ! તે દીનથી હુ મારા દીલને હમેશ કહુ છુ કે "ઓ દીલના મુરગ, તારા દીલમા બેહેસ્તના બાગની ખાએસ હોય તો ગરીબોની દયા કર !"

જરથોસ્તીઓમા સ્ત્રી પુરૂષોને માથુ ધાકેલુ રાખવાનુ ફરમાન આપેલુ છે, તેનો ભેદ એ છે જે આપણા સાતે શરીરોમાના ચક્રો છે, કે જે ચક્રોની મારફતે આપણુ રવાન મીનોઇ દુનયાઓના ગ્નાનના, રોશનીના પ્રવાહો, પોતા તરફ ખેચે છે, તે સર્વે ચક્રોમાના, ઉંચા ચક્રો મસ્તકમા છે, તેને બહારની (આકાશમાની) ખરાબ અસરો ન લાગે, અને માથુ ધાકેલુ રાખવાથી એક જાતની લાએક ગરમી મળયા કરવાથી એ ચક્રો વેહેલા ખીલે છે

---

પગ ઉઘાડા રહેવાથી આપણા ખોરેહ (મૅગનેટીઝમ-વીજળીક પ્રવાહ) ને જમીનની કોઇ ખરાબ અસર ન લાગે, અને પગને રસ્તે કોઇબી ખરાબ અસરો શરીરમા પ્રવેશ ન થાય, એ ઉત્તમ ફાયદા માટે એ ફરમાનો છે

---

ખરેખર, મોટા માણુસો તેઓની હદબહાર નમ્રતાથી અને ખુદા ઉપરના એકીનથી ઓળખાય છે.

**ક્રાઈસ્ટ** ખુદાનો દીકરો હતો પણ દુઃખોથી નિરાળો ન હતો. છેવટે શુળી ઉપર દુ ખના તરફડયા મારી કમોતે મરણ પામ્યો **જરથોસ્ત** એક સત્યવાદી પેગમ્બર હતા, તેઓ જનમ્યા ત્યારથી પીડાઓ પામ્યા, છેવટે તુરબરાતુરે દુ ખ દઇ તેમનો પ્રાણ લીધો **બુધ્ધ** એક મહાન ધર્મ પ્રસારક હતા, અને તેમનુ લોહી રેડાયુ ત્યારે બહુ દયાજનક દુ ખ વેઠયુ **જમશેદ** પાદશાહ લ્યો, મહાત્મા **મનશુર** લ્યો. તેઓ ઉપર શુ ઓછા દુ.ખો પડયા હતા ? કેહે જીવડા ! તુ તારાજ દુ ખને એવડુ મોટુ ગણે છે ? ખુદાના પેગમ્બરો, પરમાત્માને પુગી વળેલા મહાત્માઓ, કરોડો આદમી ઉપર હકુમત કરનારા પાદશાહો દુ ખોના બોજાથી ભરેલા હતા, તો આપણ પાપી, ન્હાના અને અભાગ્ય કમીના બદાઓ તે ખુદરતી વેરો ભર્યા વિના કેમ બચી જઇશુ ? જેમ જેમ દુ ખો પડે તેમ તેમ તારા વર્તણુમાં, તારા કાર્યમાં, તારા વહેવારમા તુ પ્રકાશ ફેકયો જા, અને હિમત ના હાર !

હેવાની ખાસીયતને સદતર તર્ક કરવાથી મિનોઇ હૈયાતી તેમા પ્રવેશ કરે છે, અને તેથી હવે નીચલો જીવ પહેલાના કરતા વધારે પ્રકાશીત બની જાય છે તે આદમી પોતાને માટે કાંઇ પણ ચાહતો નથી, અને સઘળુ કાંઇ તેની આગળ આવે છે, તે કશા માટે આરજુ રાખતો નથી, અને માગ્યા વગર સઘળુ તેની પાસે આવી પડે છે તે કશાની પણ માગણી કરતો નથી અને કુદરત તેનાં પગ આગળ ખજાનો રેડે છે. જે કાંઇ પોતાની પાસે હોય તે સઘળુ તે આદમી આસપાસ રેડતો યાને આપતો રહે છે જોકે તે હમેશા પોતાને ખાલી કરતો રહે છે તોયે તે હમેશા ભરપુર રહે છે

---

શરૂઆતમા પહેલીવાર જયારે મે જ્ઞાન મેળવવાનુ માથે લીધુ ત્યારે વળી મે તેજ વખતે નબળાઓનો બચાવ કરવાની મારી ફરજ માથે હોરી લીધી, સઘળી જાનદાર ચીજો પછી તે ગમે તેવી જાતની હોય તે મારી દયા અને મેહર ઉશ્કેરી આપે છે.

ઓ અહુરમજદ તારા નેક બંદાઓની નેક મોરાદો હાસીલ થતી નથી પણ અશો જરાથુસત મને ખવાબ-ગાહમા સમજાવે છે કે ઓ બંદા, તારી મોરાદ તારાં દીલમાજ રહેવા પામી છે તો રંજીદા ના થા। કેમકે જયા તારી મોરાદ બર આવી નથી તે તો માત્ર સરાયસે પંજ યાને માત્ર પાચ દીવસની દુનીયા છે કેમકે જે નેકોની મોરાદ આ ફાની જહાનમા ફળતી નથી તેની મોરાદો પેલી મીનોઇ જહાનમા બર આવે છે, અય બંદાઓ, જેઓ ભલા હોય છે તેઓજ આ જહાનથી વહેલા ગુજર પામે છે, અને જેઓ બુરા હોય છે તેઓજ આ જેહાનમા ફળદરૂપ બને છે માટે તને આ જહાનમા કોઇ પણ આઝાબ બાબે ગમ ખાવો રવા નથી

---

તું પોતે તારા ધાર્મિક કામો માટે મગરૂર ના થા ગરીબને બક્ષેશ કર, પણ તારી બક્ષેસ માટે કોઇને કહેતો ના મગરૂરીથી ધાર્મિક જુસ્સો, અને દમામથી સખાવતનો જુસ્સો નાબુદ થાય છે.

તારી, હાલત ગમે તે હોય, પણ તે અહુરમઝદ હજુર ઉભો રહી તારી ભુલો જે હોય તે તુ કબુલી દેજે. કારણ ખુબ યાદ રાખજે કે જો એક વાર તે અશોઇ અને નેકીની રાહ પકડી તો તે ખુદાઇ રોશનીથી તુ આ ધરતીના ધામમા અધકારથી ઠોકરાતો બચી છેક બહેસ્તના દરવાજા સુધી ચાલ્યો જશે.

---

"બધી દુનિયાઈ ઇચ્છાઓથી જેઓ છુટી ગએલા હોએછે, એટલે કે જેઓના મનમા કોઇબી દુન્યાને લગતી, કોઇબી ઇચ્છા કદીમી જરામી ઉભરતી નથી તેઓજ નિર્વાણે પોહોચે છે"

---

ધ । દોલત, માલ મીનકત યા એવીજ બીજી ચીજો મળવાથી કાઇ ખરૂ સુખ મળતુ નથી જેની પાસે પૈસા ટકા વાડી વજીફા, અને ગાડી ઘોડા નહી હોય, તોપણ તે જો ખોદાએ જે કાઇ આપ્યુ હોય તેથીજ સતોશી રહે, તો તે ખરેખરો સુખી કહેવાય.

બની શકતુ હોય તો, માસ નહીં ને સાદો ખોરાક કચોર ફુરૂત તરકારી મેવો દુધ વગેરેનો લેવો તેથી લોહી સ્વચ્છ બને છે અને શરીરમાના રોગબી નાબુદ થાય છે, અને શરીર અને મન બુધ્ધી ને અતલગનો સબધ હોવાથી લોહી સ્વચ્છ થવાથી બુધ્ધી અને મન શકતીને સારી અસર થાય છે.

---

જે બીજાઓને માટે ઘણુખોદ કરેછે, તે જ્યારે તગીમા આવે છે ત્યારે તે પોતાને એકલો પડેલો જોશે,

---

આપણા ભોગે બીજાના લાભો સાચવવાની તજવીજ કરવા આપણી ખુશાળી અથવા મોજ મજાહોનો ત્યાગ કરી બીજાઓના ભલા માટે મચ્યા રહેવુ

---

નમ્ર થા, એક પગથીએથી બીજે પગથીએ ચઢતા શીખ અને જાણુ કે મગરૂરી માણુસને માટે સરજવામાં નથી આવી.

જેમ વગર શરાબના ખાલી શીશા ભાગી જવાથી દલગીરી ઉપજતી નથી તેમ હકતાલાની મોહોબત રાખવા વગરનુ આદમી મરણુ પામે તો તે માટે દલગીર થવું બેજા છે, તેના માટે માહેતમ કરવી બીથયા છે. ઓ અહુરમજદ મારો હોશ મારા દમ ઉપર અને મારી નજર મારા કદમ ઉપર, માઈ દીલ તારી ગોદમા અને મારી ચશમો તારી પીછાન ઉપર રાખવાને મતી આપ! સારી જહાનના લોકો સાથે સલાહ રાખીને હું ખુબી કરૂ એવી બુધી મને આપ, ઓ ખોદા કે જેથી યાને તમામ લોકો સાથે એતેફાક રાખવાથી હુ દુનીયાને મારા હાથમા લેવુ, જેથી સપની

---

નેકી અને બંદગી એ એજમતી ચેરાગ છે, જે આ ખડક રૂપી સમારનો અંધકાર દુર કરી છેક બેહસ્તના દરવાજા સુધી અજવાળુ દેખાડે છે.

---

"તમારા આત્માનો ઝળકાટ તમારા ચેહેરાપર લઈને ફરજો. દુનિયાને તેનો લાભ લેવા દેજો."

બરકતથી મારી તમામ હરકતો દુર થાય અને ગમે તેવુ મુશ્કેલ કામ આસાન બને ! કેમ કે જયા સુધી દીલો એક થતા નથી તયા સુધી પહાડ પણ તોડી શકાતો નથી અને ઝાડો પણ ઉખેડી શકાતા નથી ખોદાની મોહોબત તથા તેની ઇશકબાજીની રાહમા મારી કોશેશ બીથયા છે, પણ એ મોહોબતનુ ખેચવુ અય ખોદા તારી બાજુથી આવે છે યાને હકતાના ઇનિશાનના બદનમા મોહોબત લાવે છે તયારે તે ખેચાઈ શકાય છે માટે એ અહુરમજદ મારા દેલની જામને તારી તરફની મોહોબતથી ભરેલી સદા રાખુ એવી મને બુધીનુ બળ બક્ષ !

---

બીજા તરફના સુખ કરતા મારે મારેનુ મારૂ દુ.ખ વધારે ભલુ છે

---

"જુદી જુદી જાતના જીવો, જુદી જુદી જાતમા રહે છે, પણ પાક પરવરદેગાર, જેની ખાસ કોઈ પણ જાત નથી, તે બધામા સમાઇને રહેલો છે"

ડા૦ મીલસ અષો જરથુસ્ત્ર સાહેબને ક્રાઇસ્ટ પહેલા ૧૫૦૦ વર્ષ ઉપર થઇ ગએલા જણાવે છે અને ડા૦ હાઉગા ક્રાઇસ્ટ પહેલા ૨૮૦૦ એટલે આજથી લગભગ ૫૦૦૦ વર્ષ ઉપર થઇ ગયલા જણાવે છે. એરેસટોટલના કહેવા પ્રમાણે અષો જરથુસ્ત્ર સાહેબ લગભગ ૧૧૫૦૦ વર્ષ ઉપર પોતાનો પવીત્ર ધર્મ ફેલાવી ગયા એવુ જણાવે છે ચાહે તેમ હોય, તોએ અષો જરથુસ્ત્ર સાહેબ ખરેખર ઘણા જુના વખતમા દુન્યામા આવીને રોશની આપી ગયા એ આપણો ટોળો માનતો આવ્યો છે આપણુને હજુર પણ ભરૂસો આપવામા આવે છે કે આપણા ધર્મના લેખોની નકલો અમુક અનદીઠ ગુફાઓમા સંઘરી રાખવામા આવી છે, જે ફકત લાયક દીનદારને કોઇક વેળાએ ચુપકીદીથી બતાવવામાં આવે છે તે જયારે આપણે હાથ લાગશે ત્યારે અષો જરથુસ્ત્ર સાહેબનો જમાનો કેટલો જુનો હતો તે ખાત્રીથી કહી શકાશે.

---

ગ્નાન વારવાર નરમાસની શરૂઆત છે.

દરેક સવાલને બે બાજુ છે બેઉ બાજીનું ગ્નાન મેળવજો, સાચા રહેજો, ખરી હકીકતો મેળવજો, સો અરધી ખોટી વાતો કરતા એક ખરી વાત વધારે સારી છે વિવેકી થજો, ઇનસાફી થજો, ઉદાર થજો, યાદ રાખજો કે દરેકમાં કંઇભી સારૂં હોય છે, તે બલુ ખીલવજો અને કોઇનીબી લાગણી દુખવતા ના. દરેક ધર્મ તરફ માનથી વર્તજો કોઇ મગાના કમનસીબ કે ખરાબ કામ વિશે કહીને કોઇને અપમાન કરતા ના.

---

સંસાર નામજ દુ.ખ છે જન્મ એજ દુ ખનુ મુળ છે જન્મ લેવો એજ દુ ખનો ટોટ છે. જન્મ એજ શોકનો સમુદ્ર છે. જન્મ એજ ભયનો પર્વત છે જન્મ એજ અનેક પીડાઓનુ ઘર છે, પાપોની ખાણુ છે, પીડાકારીઓનુ રહેઠાણુ છે જન્મ એજ મરણુનુ કારણુ છે, તેજ જ જાળોનુ મુળ છે.

---

"તમારી જીંદગીમા બનતા બનાવોના પરિણામો જોયા વગર તમો તમારા મનને સુધારી શકશો નહી."

મુશ્કેલીઓ, ભયો, દુખો, આફતો, અને લાલચો અથવા આપણી ઉપર નાખવામાં આવતી જાળો વીગેરે વીગેરેના સબંધમા ડહાપણ ભર્યા વિચારો કરતો રહે, અને તેઓથી જેટલુ દુર રહેવાતુ હોય તેટલો દુર રહે એ પ્રમાણે ઘણુંએક આસવો દુરના દુર રહેવાથી પોતાની મેળે દફે થઇ જશે.

---

કુતરાની પુછડી કાપી નાખ્યા પછી કુતરો પુછડી વગર જીવે છે તેમજ, તમારી છ ઈંદ્રિઓ રૂપી પુછડુ તમારી હસ્તીમાથી તમે બી કાપી નાખો, અને તેઓ વગર જીવો. તેઓ વગર જીવવુ, તે નિર્વાણે જીવવુ

---

તમારૂં મન કોઇ બી જીવ તરફ ધિકકાર કે દુશમનાઇ રાખે નહીં, અને કોઇ ને બી હીલ્લો હરકત કરે નહીં, એવુ તેને કેળવી કેળવીને કરજો તમારૂ મન, બધા જીવો તરફ માયા મેહરમાની રાખે— અણુહદ પ્યાર રાખે, એવું તેને કેળવી કેળવીને કરજો.

દુખોના સબધમા ડાહપણ ભર્યા વિચારો કરતો રહે, અને ડાહપણ જે સુચવે તેવા ઇલાજો કરતો રહે. પણ જે દુખોના ઇલાજ નથી તે દુખોથી છુટવાની તલમલ કરતો ના ખમતા ખમતા તેઓ પોતાની મેળે જાય ત્યા સુધી ધીરજ રાખીને રેહજે એમ સબુરી રાખીને દુખો ખમ્યા કરવાથી ઘણા ઘણા આસવો પોતાની મેળે દફે થઇ જશે

---

જે જે દુખો પેદા થાય છે તે બધા, આ શરીર હુ છુ, એવા ભાણુને લીધે પેદા થાય છે પણ આ શરીર હુ છુ. એવુ ભાણુ જતુ રહે, ને ભાણુ જતુ રહે કે દુખ જતુ રહે

---

વાજીત્રના તાર ઘણા તગ હોય, કે ઘણા ઢીલા હોય તો સારો અવાજ (સુર) નીકલે નહીં તેજ પ્રમાણે જોઇએ તે કરતા વધારે મેહનત અથવા જોઇએ તે કરતા ઓછી મેહનત કરીએ તો આગલ ચલાય નહી

આ દુનિયાની બધી ચીજો થોડા થોડા વારમાજ નાશ પામી જાય છે, તે વાત નિરંતર યાદ કર્યા કરો એવી યાદ કર્યા કરવાથી, "ફલાણી ચીજ વગર તો મને ચાલેજ નહીં, ફલાણા વગર તો મારાથી જીવાયજ નહીં," એવા, દુન્યાઈ ચીજો પર મરી ફીટવાના, વિચારો મટી જશે

---

૧. કર્મ યોગ-કામથી

૨ ભક્તિ યોગ-મહોબતથી

૩ જ્ઞાન યોગ-અકલથી

---

૧ કર્મ યોગ-જે કામ કરવુ તે પોતાની ફરજ છે એમ સમજીને કરવુ ફળની બીલકુલ દરકાર રાખવી નહી ને તે કામ ઇશ્વરને અર્પણ કરવુ

૨. ભક્તિ યોગ

હદ વીનાની પ્રીતી તે ભક્તિ

૩ જ્ઞાન યોગ-સંસારમાં જુદા જુદા ભોગો ભોગવીને સેવટ જેઓનુ મન ઉઠી ગયલુ છે. સાચા સુખ શોધવાને જેઓ ફાંફા મારે છે તેઓને માટે જ્ઞાન યોગછે.

પેગમબર ફરમાવે છે કે ખુદા ન ખાસ્તા જ્યારે તમો કોઇ દર્દો ગમમા સપડાઇ જાઓ ત્યારે મારી ગમ ગરીબી યાદ કરજો દુખી માણસ પોતાના દુ ખના કારણે બહુજ આકુળ વ્યાકુળ થાય છે પણ જ્યારે પોતા કરતા બીજાને વધુ દુખમા જુએ, ત્હારે તેને કાંઇ શાન્તી થાય છે માટે જ્યારે આપણા પર કોઇ દુખ આવી પડે ત્યારે પેગમબરો પરનુ દુખ યાદ કરવુ કે તેથી દીલાસો મળે

---

સદગુણો જાણવા એટલુ જ બસ નથી, તે સદગુણો આપણે મેળવવા જોઇયે સદગુણોની માત્ર વખાણ કરવાથી કાંઇ વળ્યુ નહી, તે સદગુણો આપણે પોતે આપણામા રચી તે પ્રમાણે અમલ કરવો જોઇયે.

---

પોતાની નવી ઉમરમા (જવાનીમાં) જે શાત સીધો અને અશો હોય તેજ ખરો ખુદાને પીછાનનાર કેહવાય છે ઉમર ખીસના બાદ કોણ સીધો, શાત અને પહરેજગાર થતો નથી ?

આપણી ઉપર દુ:ખ કયાથી આવે છે તે કર્મના કાયદાથી જાણીને, જે કોઇ સહનશીળતાથી સર્વ કાંઇ દુ ખ ગમથી સહન કરે છે અને એ પ્રમાણે આગલા કર્મોનુ કરજ મોહબત અને પ્રેમથી અદા કરી નાખે છે, જે કોઇ પોતાની ઉપર માગતું લેણું સર્વ અદા કરી, પોતાના રોગીષ્ટ લોહીમાંથી જુઠાણુ અને સેહવતનો કેરકચરો કાઢી નાખી પવિત્ર બને છે અને પોતાની ઉપર પડતા આજાબ, સતાપ, દુખો અને ગરીબાઇ સહન કરી, તેના બદલામા ભલી ભલાઇ અને આશીરવાદજ આપે છે, જે કોઇ દીવસે દીવસ વધુ દયાળુ, પવિત્ર, પ્રમાણીક, પ્રેમી, અને સાચ્ચો થતો જાય છે, અને પોતાના દીલમા જડમાં ઘાલી બેઠેલી વાસનાઓને જડમૂળથી ઉખેડી નાખે છે, તે આદમી નિર્વાણ જેવા શ્રેષ્ટ ઇશ્વરપરદને પામે છે, અને ઇશ્વર સાથે એકયતા મેલવે છે—તે અમર બને છે. તે આદમીના જીવના એક ટીપામાં ઇશ્વરી મહાસાગર સમાઇ જઇ તે ટીપાને મહાસાગર જેવું શ્રેષ્ટ બનાવી દે છે.

શ્રીકૃષ્ણ પરમાત્મા કહે છે "જે આદમીઓની ઉપર મારી અતિષે પ્રીતી અને મહોબ્બત છે તેઓની પાસેથી દુનિયાદારી ને સઘળી એશ હશમત, પૈસા-ટકા હુ છીનવી લઉ છુ યાને તેમને ગરીબ મુફલેશ બનાવી દઉં છુ "

---

એક વીચાર પોતાની મેળે મેળેજ ચાલ્યા કરે, તો તમે હઠ કરી કરીને તેથી ઉલટોજ વિચાર લાવ્યા કરો વખ્ખત જતે પેલો વિચાર જતો રહેશે

---

આપણા સાહસ્ત્રમા અને આપણી કેળવણીમા આગલ વધવાનુ ધીરૂ છે કામ પછી કામ, ને કદમ પછી કદમ, જ્ઞાન એકાએક મલતી નથી

---

ચાહવુ એટલે ચહાવાના બરોબર છે, અને ગુસ્સાને પાછળ મૂકી દેવો તે સઘળા ડહાપણનુ તાત્પર્ય છે

## માગવાં કરતાં મરવુ ભલું છે.

મરૂ પર માગુ નહિ, અપને તનકે કાજ,
પરમારથકે કારને, માગન ન આવે લાજ.

અર્થ—પારકાના ભલા માટે ભીખ માગવી ભલી છે પણ પોતાના માટે મરતાં પણ માગવુ નહિ

---

રેતીમા પડેલી ખાંડ કીડીજ ખાઇ શકે છે અને હાથીની ગમે એવી કોશેષ છતા તે રેતીમાથી ખાડ ઉપાડી શકતો નથી, તેમ જેનુ કામ તેનેથીજ થઇ શકેછે

---

જેણે પોતાના ઉપર કાબુ મેળવ્યો નથી તેવો માણસ બીજાની સેવા કરી શકે નહિ,—'સેવા'ની મઝા ચાખી શકે નહિ.

---

આવા અરદીસુર વસ્ત તથા નીઆએશ.

અરપ હારમદ, અવા, દીન, અરશીસ્વ ગ અને મારેસ્પદ એ પાચ દીવસોએ તથા ચાદરાત અને પુનમને દિવસે પણ ભણવા દીનની કેતાબોમાં ફરમાવેલુ છે.

## ૧૨૧ રોજ બહમન-માહા અમરદદ.

આપણે માણુસો જે વેગા કરણીનો બદલો માયને પેટ પેદા થયા છીએ તેમા આપણા કરમના લેખ તો નકકી થયા છે. તેમા કાઇપણ ફેર કે અટકાવ થતો નથી તેથીજ આપણે કરમના નશીબ ઉપર આધાર રાખી સતોષ પામીએ છીએ પણ જે બદગી કરીએ છીએ. તેમા પહેલ્લે આપણા શીતારા જે કરનાર છે, તેને મદદ કરવાને શકતીમાણ કહીશુ તેમા કઇએક આવતી નરશ શકિતને તોડનાર છે તે અવરતા છે દાખલો લેવો કે નશીબમા ફલાણું બનશે તેતો નકકી બનશે પણ તેમા જે કરણીના સારા ફળ હશે તો તેની આરે નરશ શકતી આવવામા તે ફાવસે નહિ, તેને જે બનાવ બને છે તેમા સતોષની નજરથી જોશે પણ જે જે દરગેહેની બદગી છે. તે તો આવતા ભવને માટે એકઠી થાય છે. જેને રસને રાસ્તનુ તરાજુ કહીએ છીએ

---

તકરારી બાબદોમા ઉતરવુ નહી અને તકરાર કરવી નહીં

ખુદરતી પેદાયશો અનેક છે, પણ તેની એક એક પેદાયશને ત્રણ ત્રણ પ્રકૃતીમા વહેચી નાખી છે, અને તેના ગુણમા, અનેક રીતે ફેરફાર માલુમ પડે છે, જેથી, ઈનશાનને સમજવાર છે કે, એની ખુબીનો ફરપળે દરયાફ્ત કરી, માનની નજરથી જોતા રહેવુ.

---

માણુસ—મરદ, ઓરત, અને છોકરૂ
આતશ—આતશ બહેરામ, આદરાંન, અને દાદગાહ
પાણી—દરિયો, નદિ, ને કુવો

---

રૂતુ—ચોમાસુ, શીયાળો, ને હુનાળો
દીવસ—સવાર, બપોર, અને રાત
નુરીચીજે—સૂરજ, ચંદ્ર, અને તારા

---

હાલત—તવગરી, મધ્યમ સ્થીતી, અને ગરીબાઈ
ઉંમર—નાદાનીયત, જુવાની, ને બુઢાપો।
શકતી—શારીરી જીવન, ને આત્મીક

## ૧૨૪ રોજ શહરેવર મહા-માહા અમરદાદ.

જો એક હલકા માણુસને સારૂ બનાવવા માગતા હોવ, તો તેનામા જે સારા ગુણો તેજ જુઓ એક તોફાની બાળકબી એજ કાયદાથી સુધરે છે

સાંભળો કે મહણુ કરે તેનેજ શીખામણુ આપવી સારી, મુર્ખને શીખામણુ દેવી તે સર્પને દુધ પાવા બરાબર છે

તુ માત્ર જોરાવર અને સારી હીમતવાળો થા, કારણુ કે જ્યાબી તું જાય છે, ત્યા ખુદા તારી સાથેજ છે

વિદ્વાન માણુસને વિદ્વાનેજ દીનની ખુબીઓ શિખવવી, પણુ જાહેર માણુસને એ કામ સોંપવુ નહિ.

**અહુનવદ ગાથા** હા ૩૧, ૬ ૭,

મનની સર્વે ખાતરીઓ, જુસ્સાઓ લાગણીઓ ઇચ્છાઓ મીજાજો, આદતો, વળણો ને વિચારો જે નઠારા હોય તેઓને ધીકકાર્યા કરતા રહેજો. કદીબી ઉભરવા દેતા ના ઉભરવા કરે તો હાકી કાહડયા કરજો, મારી નાખ્યા કરજો, બાળી નાખ્યા કરજો, કે તેઓ ફરીથી પાછા ઉભરે નહીં, અને એ રીતે તેઓથી છુટા મુકત થજો.

---

ફરી ફરી કોશેશ કર્યા કરવાથી બધા સારા ગુણો હાસલ કરી શકાય છે અને હાસલ કીધા પછી સાચવીને રાખી શકાય છે, પણ ફરી ફરી કોશેશ નહી કર્યે તો આવે નહી, ને આવેલા હોય તો જતા રહે

---

જે તમારો ખેરખાહ, તેની તમે સેવા બજાવો તેને ખુદા બરાબર ગણો. અને તેને માટે તમારા મનમા ભકિતભાવ રાખો

આપણી હમણાની હાલત જે બધી છે, તે આપણા આગલા વિચારથી ઉપજેલી છે એનો પાયો આપણા આગલા વિચારોનો બનેલો છે, અને પાયા ઉપરની એની આખી રચના બી આપણા આગલા વિચારોની બનેલી છે ખુરા વિચારને લીધે કોઇ માણસ કાઇ ખુરૂ બોલે અથવા કરે, તો દુ ખ તેની પુઠે લાગે છે ગાડી ખેંચી જનો બલદ ઘણો બી દુરદરાજ નીકળી જાય, પણ પૈડુ તેની પુઠ છોડતુ નથી, તેવી રીતે, ખુરો વિચાર કરતી વખતના દેશ કાળ સ્થિતિની પેલી મેર, માણસ ઘણો બી દુરદરાજ નીકળી જાય, તોબી દુખ તેની પુઠ છોડતુ નથી

---

વાજબી વખતે શાંત રહેવામા કુનેહ સમાયલી છે. તમે પોતે બીજાંઓની સાથે એટલાં મળતાવડા થઇ પડો કે જેથી તમારોથી કોઇ જુદા મતનુ નહિ થાય

---

માણસો પોતાની ચુપકીદી ડુબાડવાને ઘોઘાટ ભર્યાં ટોળામા જાય છે

**માહ ૫ મો અમરદાદ**:—અમરદાદ રોજે અમરદાદ કે જે ઝાડપાન ઉપર, અનાજના વધારા ઉપર, ગાય ઢોરના ટોળાની ઋધી ઉપર તથા હોમ ઉપર મવકલ અમશાસ્પદ છે, તેની નેંયને જશન કરવાનો દીવસ છે

---

જ્યા સુધી આપણા હીસાબમાં કાઇ બી પાપ ભોગવવાના રહેલા હોય ત્યાં સુધી અત્રે પાછુ જનમવુ પડે (નહીં હોય તો નહીં).

---

નેક મનશ્નીના (યાને નીતિવાન) કામોને લીધે દાદાર હોરમજદ હાંસેલ થશે.

ઉશ્તવદ ગાથા, હા ૪૫, ફ. ૮.

---

"ખોદા માણુસોને 'મોટાઇ' ખાલી આપી દેતો નથી, તે તેમને તેમની મહેનતના બદલામાં નવાજેશ કરે છે."

## બંદગી એટલે શું?

એ એક ઘણોજ ફીલસુફીથી ભરેલો ને બારીક સવાલ છે, કે જે બાબે નીહવાનો જુદા જુદા અભીપ્રાય મતભેદને આધારે આપે છે, પણ સઘનાઓ એટલું તો જરૂરજ કબુલ કરે છે કે બંદગી એટલે આપણા આતમાને પરવરદેગારની સાથે નીકટ સબંધમા નાખવું ને આપણા ઉપર તે ખામ ઉકતાદાએ જે મોટી મોટી નવાજેશો કરી છે તે બાબે તેના ગુણ ગાવાને તેનું અહેસાન માનવું, તેની સેતાયશો આવી, આરાધનાઓ કરવી, અને તેને તનમનના ભીતરથી યાદ કરવો તેનું નામ બંદગી! પોતાથી જે અણુઘટતા ને બુરા કરમો થયા હોય તે બાબે મારી ચાહી તેનાથી વેગળે રહેવાના વચનો આપવા તેનું નામ પણ બંદગી

---

ખીજવાત ઉપજાવનારી ને દુઃખ ઉપજાવનારી ખરાબ ખાસ્યતો જેનામા ઉભરયા કરે છે હરદમ તેઓને દાબી નાખ્યા કરવી

સુખને શોધવા હુ બગીચાઓમા ભટક્યો, પણ ત્યાથી તે સુખ નાસી ગયુ, અને મે તેની પુઠ મેદાનોમા પકડી, અને તે સુખ મને છોડી દરીયાઓ પસાર કરી છટકી ગયું સુખ શોધવા ઉંચી ટેકડીઓ જ્યાં પક્ષીઓના રહેઠાંણો હોય છે ત્યા ગયો, દરેક જમીન અને પાણીમાં ફરી વળ્યો, પણ સુખ તો હમેશા મારી આગળથી છટકી જતુ હતુ થાકીને સુખ શોધવાથી મે મારો હાથ ઉઠાવ્યો અને એક વેરાન જગ્યાએ નિરાશ થઇ બેઠો. ત્યાં એક આદમી મારી આગળ આવ્યું અને કાઇક ખોરાક મારી પાસે માગ્યો, બીજુ આદમી ત્યાં મારી આગળ આવ્યુ, અને કાઇ દાન માટે ખાહેશ કીધી. તે ભીખારી હથેલીઓમા મે ખોરાક મુક્યો. ત્યાર બાદ મારી આગળ એક આદમી કાંઇક વિસામો લેવા આવ્યુ, અને બીજુ આદમી મારી સલાહ માટે આવ્યુ. હુ મારી મકદુર પ્રમાણે તેમને મદદ કરતો હતો મધુર સુખ મિનોઇ લેબાસમા મારી આગળ આવ્યુ અને મારા કાનમાં મમતાથી કહ્યુ એજ સુખ છે તે "હુ તારજ છુ."

એક માણસ પૈસાથી ગરીબ હોય પણ, જો તેને દુનયામા બલા પરોપકારી સખાવતનાં કામો કરવાં ગમતા હોય તો, તેને રોજ દીવસમા બે ચાર વાર, મીનીટ, બે મીનીટ એક ચીત્તે જેબી બલું કામ તેને કરવા ગમતુ હોય, તે આખ બધ કરી, મનમા ને મનમાં પુર જોસથી તે કામને માટે યોજના ઘડવી, કે જાણે તે ઘરમનું મકાન ઉભુ થયું છે, નાચારો બેચારો તેનો લાભ લેય છે, તેથી જગતમાથી દુખો ઓછા થાય છે વગેરે આ બધુ મનમા ને મનમા વીચારોથી કરવુ બીજા વીચારો એબી કરવા કે, પૈસાદારોએ પૈસો એકઠોજ કરી રાખવાં કરતા, જગતના દુખી માણસોના દુખો કોઇબી રીતે દુર થાય તેમ ખરચવા એ આપણી ખુદરતી ફરજ છે એવા એવા બલા વીચારો કરવાથી તેના બલા આકારો આકાશમા ઉબા થશે અને તે કોઇબી ઉદાર પૈસાદારના હૈઇયાને જઇને અરડશે, અને તે કામ કરવા ઉસકેરશે, અને તે મુજબ બલુ કામ થઈ જવાથી, પેલા પઈસાદારને તેનો બદલો મળશે, તેમા પેલા ગરીબે જે બલી દુવાએ વીચારોથી કરેલી છે તેનો પેલા પૈસાદાર સાથે સવાબના સુખમા બાગીદાર રહેશે

દુન્યા સાથે થોડી ઘણી સોહબત રાખો, પણ તમારા બદનપરની ચાર ચીજ (આખ, કાન, ઝબાન અને નખ) ની બીનકુલ મહોબત રાખશો નહિ

૧ આખ—પલકારાની લેહેજત છે, પણ તેમા ઝેર છે।

૨ કાન—ખરૂ, ખોટુ, જાહેરમા લાવવાને માટે માણસને ઇજ્જતથી બેઇજ્જત કરેછે।

૩. ઝબાન—તે ફીની બરબાદી કરી, સહેજવારમા દુશ્મનાઇ ઉભી કરે છે

૪ નખ—એક જાતની ખુશી પમાડે તેવી ગીલી છે, પણ ગીલી ખતમ થયા પછી, તેના ઝેરથી, દુખ દરદ ઉત્પન કરેછે।

---

તમામ બદગીઓમા અહુનવરની બદગી સૌથી ફતેહ આપનારી છે. એક સાચો અને અસરકારક વચન સઉથી સરસ ફતેહ બક્ષનાર છે.

સરોષ હાદોખ્ત, ફ ૩.

નીરંગ—"કુલ બલા દફે શવદ, ઓ દીવ, ઓ દરૂજ, ઓ પરી, ઓ કફતાર, ઓ સેહેરાન, ઓ બાદ અફનહેદ અખી દરદે શેકમ હફ્ન અન્દામ, ખલસે શઇ-તાન ઓ ખાતર પરીશાન, ઓ ખલશે દેમાઘ શઇતાન ખાતર પરીશાત બાદ, ઓ દર નજર બરવીજન તા દીદને નવસ્ત ઓ માનન્દ હમચનીન બલા દફે શવદ"

અર્થ—તમામ બલા તથા દેવ, દરૂજ, પરી તથા તરસ ઇઆને તરસની ખસલતના માણસ અથવા ડાકણ તથા જાદુગરો તથા ખરાબ પવન તથા દુખ પેટનું દરદ તથા શરીરના સાત સાધાનુ દરદ, તથા શેતાનથી ઉત્પન્ન થતી ખરાબી, તથા દિલની પરીશાની તથા ભેજાનુ દરદ, તથા મનને બેચેની આપનાર ખરાબ પવન, તથા બદ નજર તથા બદ માણસોને જોવાથી જે ખરાબી થાએ છે તે, તથા એના જેવીજ બીજી બલા-એ સઘળી દફે અને નાબુદ થઇ જાએ।

(વનન્ત યસ્તની નિરંગ)

---

ખાસ્તી કાઢી નાખો અને બાકી શું રહેશે? શાંતિ.

હિમ્મત અને આશા એ બે ખુદાની દોસ્તીની પાખો છે. નીરાધારોના આધારો છે હિમ્મત જાણે બાકી દુનિયા છે, આશા ગોયા મીનોઇ જગત છે એ બન્નેને પકડી રાખવાથી બન્ને દુનિયાનું સુખ આનંદ મલે છે. દુનિયાની દરેક ચીજો ભલે આપણને છોડી જાય, આપણાં વહાલાઓ આપણને તજી જાય, યા કુદરત તેઓને આપણા પાસથી છીનવી લીએ, દુઃખો, કસોટીઓ, અને લાલચો પહાડાની માફક સામે આવી ઉભા રહે, તોપણ સઘળી હાલતોમાં હિમ્મત, આશા અને ખુદા એ ત્રણ સાથે રાખીશું તો મોડે વહેલે ખરા સુખો અને શાંતિ આપણાજ છે.

---

જો તમે ખુદાને ઓળખવા માગતા હોવ તો તમને પોતાનેજ ઓળખતા શીખો

---

સૌથી સરસ કીમ્યુ તે કરકસર અને મીઠી જુબાન કરકસર હાથ લાગી, તેને કીમ્યુ, ઉત્પન થાય.

જેહાંન અએ બેરાદર નમાનદ બકસ
દેલ અન્દર જેહાંન આફરીન બન્દ વ બસ
મકુન તકીએ બર મુલકે દુન્યા વ પોશ્ત
કે બીસીઆર કસ ચુન તો પરવર્દ વ કોશ્ત
ચુ આહંગે રફતન કુનદ જાને પાક
ચે બર તખ્ત મોરદન ચે બર રૂયે ખાક

એ ભાઇ! દુન્યા કોઇ સાથ વફાદારીથી રહી નથી દુન્યાના પેદા કરનાર તરફ વફાદારી રાખ એટલે બસ થયુ. દુન્યાના રાજપાટ કે માન મીલકતપર ભરૂસો ના રાખ, કારણ કે તારા જેવા ઘણાઓને તેણે પહેના પોશીન પછી ફના કયા છે જ્યારે પવિત્ર જીવ દુન્યા છોડી જવાનો ઇરાદો કરે ત્યારે તખ્ત ઉપર મરવુ કે ભોંયપર મરવુ સરખુજ છે

---

બખ્ત કહો, ભાગ્ય કહો, નસીબ કહો યા લલીત કહો, પણ એ નસીબને દોરવનાર તે ઇનશાન ખુદ પોતેજ છે.

જો તોકો કાટા બુવે, તોકો તુ બો ફુલ,
તોકો ફુલપે ફુલ હય, વાકો કાટા સુલ.

અર્થ —જે પણ તારી સાથે બુરાઇ કરે તેનો બદલો તુ ભલાઇથી વાળ, કેમજે બુરાનો બદલો બુરાઇજ મળશે, જ્યારે ભલાઇનો બદલો ભલાઇમાજ આવશે.

---

ફરેદુને ફર્રોખ ફરેશ્તે ન બુદ
ઝ મુશ્કો ઝ અંબર શરેશ્તે ન બુદ
બ દાદો દેહેશ યાફ્ત આન નેકુઇ
તો દાદો દેહેશ કુન ફરેદુન તોઇ

ફેરદુસી

ફરેદુનના નામની જે બાબત વખાણ થાય છે તે ફરેદુન કાઇ ફરેસ્તો નહી હતો, યા કસ્તુરી તથા અંબર વડે ઘડેલો પણ નહીં હતો, પણ તે સખાવત તથા અદલ ઇનસાફ તથા બક્ષેશ કીધાથી આવી નેકનામી પામ્યો માટે તુ બી સખી તથા દાદ દેનાર થા કે તુ પોતેજ ફરેદુન છે.

## ૧૩૬ રોજ મેહેર-આહા અમરદાદ.

આ ફાની દુનિયામા સુખ મેળવવાનો ટુંકો રસ્તો જો તુ ખોળવાચહાતો હોય તો, તને ઇશ્વરી **જ્ઞાનમાં** અને **તદરોસ્તીમાં** તે મળી આવશે.

આ બે આશીર્વાદ જો તુ સપાદન કરે તો તુ લાબી ઉમરે પુગી ખુશ્નોદી પામે માટે તને ઘટે છે, એ માનવી, કે બદપરેજીથી દૂર રહેવુ, અને તેણીની સઘળી લાલચ આગળથી નહાસી જવુ

---

ઘણી જીદગી સુધી શોધખોળ કર્યા વગર અને આશાયશ લીધા વગર આ સસારમા પડવાનુ મારા નશીબમા હતુ, આ ઘર બાધનાર એક હાલતમાથી બીજી હાલતમા દુ ખદાયક જન્મો લેવાને આતુર હતો, પણ હવે, ઓ ઘર બાધનાર, મે તને ઓળખ્યો છે, તું કદીબી હવે ફરીથી આ ઘર બાધી શકશે નહિ, તારા સઘળા ખુશાલી ભરેલા જુસ્સાઓ દુર થાય છે, સઘળા ભારવટયા અને છાપરૂ તુટી ગયા છે, ઇચ્છાઓનો નાશ થઇ સર્વે અત.કરણમાં પીગળી ગયુ છે, જેથી મને અમર્ગી મળી છે.

મહાન મિનોઇ શકિતઓ જેવી કે ફરેશ્તાઓ, યઝદો, અમેશાસ્પંદો, દાદાર અહુરમઝદની મરજી સાથે એક થઇ, કોઇપણ જાતનો તફાવત રાખવા વગર દુન્યાના તમામ જીવોના કલ્યાણનું કામ કરી રહેલી છે તેઓનું કામ એકજ કોમ અથવા દેશને લગતું નથી, પણ દુન્યાની તમામ કોમો અને દેશો માટેનું હોય છે. ખોરશેદ યઝદ પ્રકાશ, ગરમી, જીવનશકિત વગેરેનો લાભ કુલ દુન્યાને આપે છે, અને કોઇપણ ન્યાતજાતનો, ધર્મનો, જાતીનો તફાવત રાખતા નથી, તેવીજ રીતે આતશ, પાણી, હવા, વરસાદ વગેરે ઉપરની મવકલ શકિતઓ, પોતાને હસ્તકની પેદાએશનો લાભ બધા જીવોને એકસરખો આપે છે, તેવીજ રીતે આપણે પણ આપણી તમામ શકિતઓનો લાભ આપણી કમીની શકિત પ્રમાણે, કુટુંબને, કોમને, દેશને, અને દુન્યાને આપ્યે તો અહુરમઝદની મરજી સાથે એક થયલા કહેવાઇએ.

---

માઠો બનાવ બની ગયો તેનો શોક કરવો નહી

સખતાઇની સાથી ખરાબ જાત પથ્થરોની કહેવાય છે અને તેથી કોઇ પણ હઠીલા માણસને આપણે પથ્થર જેવો હઠીલો કહીએ છીએ અને તે છતા સૌથી સખત પથરાબી પાણીનાં નરમ ઘસારાથી લીસા અને ગોળ થઇ જાય છે દરિઆ કિનારાપરના કરોડો પથ્થરો-ને પુછો કે તેઓના ખુણાઓનુ શુ થયુ, અને તેઓનો ખડબચડો અને બેડોળ દેખાવ લીસો શાથી થયો ? જે બધા અણીઆળા અને ખરબચડા હતા તેઓનો સાદો જવાબ એજ છે કે "પાણીથી અમુને ફાયદો થયો. પાણી સિવાય બીજુ કઇજ નહિ, અને અમે તેની અસરની વિરૂધ થઇ શકયા નહી" જો તેઓ પાણીને તાબે થઇને સુધર્યા અને તમો ખુદાને તાબે થઇને સુધરશો નહિ, તો તે પથ્થરોજ તમારી સામે ફર્યાદ ઉઠાવશે એમા કઇ નવાઇ નથી

---

વિદ્વાન માણુસને વિદ્વાનેજ દીનની ખુબીઓ શિખવવી, પણ જાહેલ માણુસને નહિ

અહુનવદ ગાથા, હા ૩૧, ક ૭.

આપણા પાક અવસ્તાના ફરમાન મુજબ દાદાર હોરમઝદ યા તેના પેદા કીધેલા યજદ અમેશાસ્પદોની તથા આપણા પવિત્ર અશો નેયાગાનોની યાદ જેવી કે **યજસને, બાજ, અફરગાન, સ્તુમ, ફરવશીની ક્રિયામાં માંશ, દારૂ, ઈંડા, વાપરવા વાજબી નથી,** એવી ચીજોથી પલીદીનું જોર વધે છે. માટે આપણી પવિત્ર ક્રિયાઓમા તો ફકત દુધ, ફુલ, ફળ, પાણી અને સ્વચ્છ રાધેલા ખોરાકની જરૂર છે.

---

" એક બચાંના બોલવામાબી કાઇ સચાઇ વાજબી હોય, અને તારા દીનમા તે ઠસતી હોય, યાને તુને તે સચાઇ વાજબી લાગતી હોય, તો તે સચાઇને ધ્યાનથી સાભળજે, પણ જે કાઇ શીક્ષણ તુને યોગ્ય લાગતું ન હોય અને તે કદાપી મોટા શખ્સમાથીબી આપવામા આવ્યુ હોય તો તે બાજુ રાખજે."

---

આળસાઇ એ એક બળવાન દુશમન સમાન છે.

જે કોઇ પોતાના પાપને માટે પશ્ચાતાપ કરે છે, તેણે ગોયા પાપ કીધુ જ નથી એમ લેખવા જોઇયે એનો અર્થ એ છે કે જે કોઇ ખરેખર એમ સમજે છે કે તેણે કસૂર કીધી છે તે એવી હાલતમાં આવે છે કે તેમાં તે ફરીથી તેવી કસૂર કરે નહી.

---

જરથોસ્તી ધરમના ફરમાન મુજબ દરેક જરથોસ્તીએ ત્રણ રીતના દોસ્ત એખતયાર કરવા, જેવા કે પેહેલો દોસ્ત એક ફરેસતાને પસંદ કરી હમેશ તેની આરાધના અને સેતાયશ કરવી કે જેથા મુશકેલીના વખતે તે ફરેસતો યારી કરે

બીજો એક દાનાવ નેક ખશલતના અકલમંદ મરદને પસંદ કરી રાખવો કે જે હર વખત નેક સલાહ આપી રાસ્તીનો મારગ બતાવે અને ત્રીજો એક દાના દસ્તુર વા મોબેદને પસંદ કરી રાખવો કે જે ધરમ સબંધી સલાહ આપી નેક અને રાસ્તીના મારગે ચલાવનાર હોય

---

જ્યારે તમારી ઉપર કોઇ ભારી આફ્ત યા મુશકેલી આવી પડે ત્યારે તેનો ગમ અને રંજ કરવા કરતાં આગલ વીતેલી જમાનાંની ગીરદેશી લોકોને યાદ કરજો જેથી તમારો રંજ ઘણો અશે કમી થઇ જશે.

---

મહાપુરૂષ સમજાવે છે કે જે શાતીઓ શરીરથી, આકારથી, પદાર્થથી ( પૈસાથી ) મલી છે તે જ્યારે તે પદાર્થ, પૈસા, જગયા, જતાં રેહશે ત્યારે ત્યારે એ શાતી ખોરવાઇ જશે અને પાછો અશાત અને દુખી થશે. પણ ફ્કત ભગતીવાન અશો વેરાગ્યવાન પરઉપકારી જીવો હશે તે લોકોનેજ પોતાના હૈયાની અદર, સચ્ચાઇ, આનદી આતમા રૂપી વસે છે કેજે શાતીરૂપ પોતેજ છે.

---

દુ:ખ એ માણુસની કસોટી છે પરતુ તે કસોટીમાં જેઓ ફતેહમદ ઉતરે છે, તેઓને આવી પડેલુ દુ.ખ પીડાકારક લાગતુ નથી.

ત્હારૂં અંત:કરણ સર્વ કોઇની પાસે ખુલ્લું કરીશ નહીં પણ તહારાં કાર્યની વાત ડાહ્યા પુરૂષોની તથા પ્રભુનો ડર રાખનારાઓની આગળજ કરજે.

---

ઇશ્વરને હાથે આપણી ઉપર ફટકા, આફતો, સંતાપો, જેબી કાંઇ આપવામાં આવે તે સબુરીથી સહન કરવું જોઇયે, કારણ કે એવી હાલતો તે આપણી આગળ લાવીને આપણો મુકિતનો માર્ગ ખુલ્લે છે એવું માણસ આપણને કયાં મલી શકશે કે જે કોઇ પણ બદલો કે મિનોઇ આણંદ કે કરાની પણ ખાહેશ કર્યા વિના લોક સેવા કરી ઇશ્વરની ખીદમત બજાવે?

મનુષ્યના દિલમાં એક ઇશ્વરી ગુરૂ વસે છે, અને બારીક દોરીઓ તાણી તે સર્વે કાર્યો કરાવે છે તેની ઇચ્છા પ્રમાણે તું કાર્ય કર તારા સઘળા જીવથી તેની ઉપર તું ભરોસો રાખ, અને તેને આશ્રયે તું રહે, જેથી તેની કૃપાથી તું ફતેહ મેળવે અને અત્યંત વિસામો અને હમેશાની શાન્તિ તું મેળવશે.

“ દરેક ગોનાહની તોબેસ કરનાર કમનસીબ ગુનેહગાર, અને પોતાની ભુલ જોઇ તેની નજદીક વટીક જવાના કસમ ઉઠાવનાર દરેક બંધવો મીનોઇ સદ્ગુણોનો હકદાર છે પોતાના આત્માપર ફરી વળેલો બેહુદી હૈયાતીનો પડદો દરેક તેના નાપસંદ દુર્ગુણો સાથે ફાડી તોડીને ફેકી દેવા જેવી શક્તિ તે ધરાવે છે”

---

ચુપકીદીઓ અથવા ખામોશીઓ ત્રણ જાતની હોય છે—પહેલી શબ્દોની ખામોશી, યાને વધુ બકબક નહી કરવું, બીજી ખાહેશોની ખામોશી, યાને દુન્યવી ખાહેશો દિલમા ઉઠવા દેવી નહી, અને ત્રીજી વિચારની ખામોશી, યાને બુરા અને નકામા વિચારો મનમા આવવા દેવા નહી પહેલી ખામોશી સ પૂર્ણ છે, બીજી વધારે સ પૂર્ણ છે, અને ત્રીજી સર્વેથી સ પૂર્ણ છે શબ્દોની ખામોશીથી સદ્ગુણો મેળવાય છે, ખાહેશોની ખામોશીથી શાતતા આવે છે. અને વિચારોની ખામોશીથી અંતર્જ્ઞાન ઉત્પન્ન થાય છે.

દુનિયામા દુ:ખ વિના સુખ મળતું નથી, અને કષ્ટ વિના ફળ જડતું નથી, પ્રકાશને જોવા સારૂ પ્રથમ અંધકારનો અનુભવ થવો જોઇએ જ્યા સુધી જીવન છે ત્યા સુધી સુખ અને દુ ખની ઉથલ પાથલ તો મનુષ્યોએ જોયાજ કરવાની છે.

---

ખરો માનવી તેજ છે જે ધરમથી હંકાયલો, ખંદગીની બેડીથી જકડાયલો, નમનતાઇથી નમેલો, દયાથી દોરવાયલો, નેકીથી નીચવાયનો, ભલાઇથી ભેલાયલો, જુદાઇથી જુદો, અદેખાઇથી અતગો, નીદાથી નીરાલો અને દગાથી દુર હોય

---

તમારા મતમાં ફેર હોય, તમારામા કઇ ભૂલ હોય તોબી એક બીજાને ચાહો, બીજાઓની બની શકે એટલી સેવા બજાવો, એક બીજાના દુ ખ, અગવડો અને મુશ્કેલીઓમાં પરસ્પર મદદ કરો, એ સઘલા ઉપરાત પરસ્પરના કસુરો ભુલી જઇ ખુબીઓનેજ યાદ કરો

જે સઘળા માણસો તારી સાથે વાત કરે તે સઘળાનું સાંભળતો રહેજે, પણ કોઇપણ માણસની નકલ કરતો રખે, સારી દુનીયામાં ફકત એક ચીજ કીમતી છે તે માત્ર **મીનોઇ રોશની છે**—તેની બશારત પાછળ પાછળ તારે જવું ! આ તે શું છે તે કોઇબી માણસ તુને કહી શકશે નહી પણ જ્યારે હીગામ આવી લાગશે ત્યારે તેજ તુને ખરા સ્વરૂપમાં દેખાવ દેશે.

---

ખુદા જુદા જુદા ફરેસ્તાઇ સ્વરૂપોની મારફતે કામ કરતો હોવા છતા, તે સ્વરૂપો તે એકજ જીંદગી અને એકજ પ્યારનાં સ્વરૂપો છે

---

મનુષ્ય ઘણું બોલે છે તેથી તે ધર્મ ધારણ કરનાર કહેવાતો નથી, પરંતુ જે ધર્મનું થોડું પણ જ્ઞાન મેળવે છે અને તે પ્રમાણે વર્તે છે, અને ધર્મ કાર્યમાં પ્રમાદ ( આળસાઈ ) કરતો નથી, તે ધર્મશીળ કહેવાય છે.

ગેરઇનસાફને ભુલી જાઓ, અને ફકત ઇનસાફનોજ વિચાર કરો, કે જેથી બીજાઓ સાથે વ્હેવારમા તમે પવિત્રાઇથી રહી શકો, અને આ પ્રમાણે પૃથ્વીપર ભલાઇ કરવાની શકિત તમને મળે

જે કોઈ ઉપરીની સામે થાય છે, તે કદીબી સત્તા મેળવી શકતુ નથી"

---

"ખોદા એક બન્દગી વગરના માણસને પોતાના ઉપયોગમા લઇ શકતો નથી"

---

એક વાજબી સલાહ હજાર જોડી કાઢેલી છટાદાર તકરારો કરતા વધારે સારી છે.

---

તરવારની કિમ્મત મ્યાનથી નહી પણ ધારથી થાય છે, તેમ માણસની કિમ્મત ધનથી નહી પણ સદાચારથી થાય છે.

કરેલી સેવાના ફળની સ્પૃહા રાખતા ના. તેમજ જ્હેને ત્હમે મદદ કરો છો ત્હેના તરફથી આભારના શબ્દો ન દર્શાવવામાં આવે તો તેથી પણ દુઃખ માનતા ના યાદ રાખજો કે ત્હમે શરીરની નહિ પણ આત્માની સેવા કરો છો, અને આત્મા આત્માની વાણી અવશ્ય સ્હમજે છે

---

**અંતર "હરિ હરિ" હોત હય, મુખકી હાજત નાહિં;**
**સોહજે હુંન લાગી રહે, સંતનકે ઘટ માંહિ.**

અંદર (હૈયામાં) "હરિ હરિ" ("ખુદા ખુદા") એવો અવાજ થયા કરે, ત્યાર પછી મોઢેથી બોલવાની જરૂર રહેતી નથી, એવી રીતે જેઓ સાધુ (પવિત્ર) પુરૂષો થયા છે, તેઓના હૈયામાં ખુદાનું ધ્યાન વગર મહેનતે થયા કરતુ હોય છે, તેથી તેઓને મોઢેથી બોલવાની કાંઇ જરૂર રહેતી નથી

## ૧૪૮ રોજ જમીઆદ-માહા અમરદાદ.

બંદગી કીધા પછી નીચે મુજબે દુવા ગુજારવી અથવા ધર્મના મહાન આગલ પસાર થાવો ત્યારે એ દુવા ગુજારજો

"પાક જરથોસ્તી ધર્મની ઉન્નતી
અને વધારો થાઓ અને કુલ જર-
થોસ્તીઓનુ ધર્મ ઉપરનું યકીન
વધીને દીનદારીની બાબદમાં તેઓ
એકમત અને એકદીલ થાઓ.
કુલે દુનીઆની આબાદી થાઓ"

---

જે બંદગીઓ મે કદી પણ કીધી હોય, જે હુ હમણા કરૂ છુ, અને જે હવે પછી કરીશ, તે તમામ બંદગીઓમા અહુનવરની (યાને યથા અહુવઇર્યોની) બંદગી ઘણીજ સરસ છે, કારણ કે જેટલી તમામ હાડમંદ દુનીયાં છે તેટલી એ અહુનવરના કલામની તારીફ લીયાકત છે શીખનાર જો ખંતી રહીને એ બંદગીનો કલામ શીખે તો મોતથી બચે છે.

યજસ્ને, હા ૧૯, ફ. ૧૦.

જો બુરા અને વિષઈ વિચારો આપણી અંદર ઘુસી આવી આપણુને રંજીદા કરતા હોય તો તે વેળા આપણે યજદાં નામનાં આશ્રા હેઠળ પનાહ લેવી જોઇયે.—(દસાતીર.)

---

( જસ મે અવધહે મજદનો સાર. )

હુ મજદયસ્ની છુ એટલે જગતના રચનાર હોરમજદની બંદગી કરનાર, મજદયસ્ની જરથોસ્તી ધરમને વખાણુનાર, અને તેની ઉપર એતેકાદ રાખનાર છુ સાચા વિચાર, સાચા વચન અને સાચા કામોને હુ અંતઃકરણથી ચાહું છુ. મજદયસ્ની દીન કે જે સલાહ સંપજથી રહેવાને શીખવનાર, પરોપકારી કામો કરવાને ઉશ્કેરનાર તથા સાચી છે તેની ઉપર હું રીઝા છું. એ દીન લાવનાર અશો જરથોશત છે. સઘળી જોઇતી ચીજો મને હોરમજદ આપે છે એમ હુ કબુલ કરૂં છું મજદયસ્ની દીન સરવથી ચઢતી છે. એ દીનની વખાણુ સદા ચાલુ રહો. આમીન !

કોઇ વાત કરતા હોય તેઓ વચ્ચે બોલવુ નકામુ છે, પણ વારી આવતા ઘટતી જગ્યાએ બોલવુ એ લાજમ છે.

---

જ્યારે શરીરના એક અન્યવમા કોઇ દુ ખ થાય છે ત્યારે આખા શરીરમાં દુ ખ થાય છે તેમ તુ પણ જો બીજા આદમીનાં દુ ખથી દીલગીર થાય નહી તો તુને માણુસ કહેવો લાજમ નથી —( ગુલેસ્તાન. )

---

જ્યા સુધી હુ (યાને ઇશ્વર ) દરેક વસ્તુમાં અને આદમીમા હાજર છુ એ ખ્યાન તમારા મનમા કાયમ નહી થાય, ત્યા સુધી તમો તમારા વિચાર, વાણી અને કર્તવ્યોથી એ ખ્યાલ ચાલુ રાખો

---

"હુ તારેથી કદી જુદો નથી, અને જુદો થઇ શકુ એમ નથી, ફકત હુ મારી ખુદી, હુ પણુ તારો મેહેરથી છોડી દેઉં, તો મારા દીલમા ખુદાઇ પ્રગટ થાય

આતશનુ ધયાન ન કરવુ, તેથી શરીરમાં ગરમી વધે છે, થડા નુરોનું ધ્યાન કરવુ, જેવાં કે ચદ્રમાં, પાણી દરીયા વગેરે તેથી શરીરમા થડક વધે છે માથરવાણી ભણવામા અણદીઠ ફાયદા છે, અને આપણા મોઢાપર તેજ અને ખુબસુરતી વધે છે. બદગી કરવાની વખતે એક જાતની આળસાઇ આવે છે, તે એક જાતનો દેવ છે, પણ તે વખતે જો મન પર કાબુ રાખી થોડીબી બદગી કરવામા આવે છે તો પરીણામ સુખમાજ આવે છે બદગીના ચાર પ્રકાર ૧ સાધારણ માણુસ પોતાના સુખની આશા માટે કરે છે ૨. ન્યાગાનોના રવાનોની તકલીફ દુખ દફે કરવા માટેની બદગી, ૩. રાજની અને દેશની તથા કુટુબની બદગી, ૪ સર્વ ન્યામતોના ઉપકારની પ્યાર માટે બદગી

---

પક્ષિની પાખને સોનાથી જડી લો અને પછી તે પક્ષી કદીબી આકાશ તરફ ઉડી શકશે નહિ.

જરથોસ્તીઓમાં સ્ત્રી પુરૂષોને માથું ઢાંકેલું રાખવાનું ફરમાન આપેલું છે, તેનો ભેદ એ છે જે, આપણા સાતે શરીરોમાના ચક્રો છે, કે જે ચક્રોની મારફતે આપણું રવાન મીનોઇ દુનયાઓના જ્ઞાનના, રોશનીના પ્રવાહો, પોતા તરફ ખેંચે છે, તે સર્વે ચક્રોમાના, ઉંચા ચક્રો મસ્તકમા છે, તેને બહારની (આકાશમાની) ખરાબ અસરો ન લાગે, અને માથું ઢાંકેલું રાખવાથી એક જાતની લાએક ગરમી મળ્યા કરવાથી એ ચક્રો વેહેલ્લા ખીલે છે તેથી એ અગત્યનુ ફરમાન જરથોસ્તીઓમા છે

---

પાદશાહી સર્વોતમ પાદશાહ હોરમજદને ખચીત હોજો। હોરમજદ જે પોતે સૌથી ઉત્તમ અશોઇજ છે તેની તરફ અમો મન લગાડયે છિયે તેને પાદશાહ દાખલ કબુલ રાખિયે છિએ, તથા તેને અ,મો પોતાનો પેદા કરનાર કરીને ગણીયે છીયે

યજશ્ને હા ૩૫, ક. ૫.

પગ ઉંઆડા રહેવાથી આપણા બોરેહ (મેંગને ટીઝમ-વીજળીક) ને જમીનની કોઇ ખરાબ અસર ન લાગે, અને પગને રસ્તે કોઇબી ખરાબ અસરો શરીરમાં પ્રવેશ ન થાય એ ઉત્તમ ફાયદા માટે એ ફરમાનો છે

---

**બસ આજેઝદ ખલ્ક બકસ એલતેજા મકુન હર આરઝુ કે બીતલબી અઝ ખોદા તલબ.**

જગતના સર્વે લોકો આજેજ તથા હાજતમંદ છે વાસ્તે તેમાના કોઇથીબી તું કશી આશા તથા ખાહેસ ના કર, પણ હરેક કશી ઉમેદ તુ ચાહતો હોય તે ખોદાતાલા પાસેથી માગ કે તેજ એખલો તવંગર તથા શક્તિવાન છે.

---

**જે શખસ** એવા શહેરમા જઇ વતન કરે કે તે શહેરમાં આદેલ હાકેમ, કાબેલ વઇદ અને વહેતુ પાણી નહી હોય તે શખ્સ પોતાને, પોતાની ઓલાદને તથા માલમતાને ખરાબ તથા બરબાદ કરે છે.

**માહા ૬ ઠો શેહેરેવર:—શેહેરેવર** રોજે શેહેરેવર અમશાસપદ જે સઘળી જાતની ધાતુઓ ઉપર સરદારી ધરાવે છે તેનુ જશન.

---

પુસ્તકો જવાનઆઓનો ખોરાક છે, બુઢાઓનુ મન વેરનાનુ સાધાન છે, આબાદીના વખતનો તે સણગાર અને મુશ્કેલીના વખતમા આશરો અને સધ્યારો લેવાનુ સાધન છે પુસ્તકો જેમ ઘરમા મન રીઝવનારા થઇ પડે છે તેમ ઘરની બાહેર દીલને કાઇ ઓછુ ખુશ કરતા નથી. મુસાફરીમાબી તે આપણા ગોઠયા જેવા થઇ પડે છે

---

જો તમે ખુદાન રાજ્યને આવતુ જોવા માગતા ન હો તો તમારે તે માટે બદગી કરવી ન જોઇએ. જો તમે તે માગતા હો, તો તમારે પ્રાર્થના કરતા વધારે કરવુ જોઇએ તમારે તે માટે જીવવુ જોઇએ, અને મહેનત કરવી જોઇએ.

**દસ્તુરે કદી કઇ ક્રિયા વિષે માહીતગારી ધરાવવી જોઈયે?** પાવ મેહલનું દરેક ક્રિયાકામ પોતાને હાથે અરતામાં ઉજારી ચોખ્ખા કરી યજશ્ને વંદીદાદનું કામ કોઇ ઉસ્તાદના હાથ નીચે કરવું, પાચ તાયની ખુબ કરી હોમ ગાળીને અતરવક્ષીની ક્રિયા કરવી, નીરંગ દીનની ક્રિયામા જોતી યા આતરવક્ષીનો અધિકાર બજાવવો, જંદરવાન કે હમાયરતોની ક્રિયા, રવાનના સરોશ-વંદીદાદ, અરદાફ્રવશ કે મીનો નાવરની યજશ્ને, ખુમ, અને ગેવરા, નાવર ભણાવવાની ક્રિયા, ફ્રરેશ્તા કે વનોતની બાજ, ગાહમબારની કે ગેતી ખરીદની યજશ્ને વીસપરદ, નવો વરસીઓ કરવાની ક્રિયા, આતશમેહેરામની બોય દેવાની ક્રિયા, બરશ્નુમ આપવાની ક્રિયા.—"ચૅરાગ."

---

જાહાવેર આપણા મોહોડામો સખુન છે તાહાવેર આપણુ તેહના માલેક છઇએ અને એકબારગી છુટો કે કોઇબી ઉપાએ કરવે પાછો ફરતો નથી.

## ખુરશેદ નીઆએશનો સાર.

બીજી સઘળી પેદાયશોની આગમજ એ અહુરમઝદ તુને ત્રણુ મરતબે અમો નમીએ છીએ. અમર વરધી કરનાર ખોરશેદ અમારી મદદે પોહચો અને સાચા વિચાર સાચા વચન અને સાચાં કામને અમે પકડી રાખીએ અને જુઠા વિચાર જુઠા વચન અને જુઠાં કામોને અમો છોડી દઇએ. ચશ્કાતમંદ અને તુરમદ ખોરશેદને અમો આરાધીએ છીએ, જેની રોશની અને તડકાથી આએ દુન્યા માહેલી તમામ અપવિત્રાઇ અને ગલીચીનો નાશ થાય છે પાણી, જમીન અને ઝાડપાનો સુરજના ઉગવાથી ખીલે છે, વધેછે અને પવિત્ર થાય છે જો સુરજ નહી ઉગે તો આએ દુન્યામા કોઇબી જાનદાર પેદાયશ જીવી શકે નહી, સઘળે ઠેકાણે અધારૂ પથરાઇને આબાદીનો નાશ. થાય જે કોઇ ખોરશેદની ખુબી પીછાનવા સાથે તેની આરાધના કરે તે ગોયા દાદા હોરમજદને પીછાનવા અને તેની અરાધના કરવા બરાબર છે.

ધર્મ સબંધી જે કાર્યો આ દુન્યાને લગતી સ્વાર્થી ખાહેશોથી ખોરાક મેળવવા માટે અને આવતી દુન્યામા બદલો મેળવવાની આશાથી હોય તો તે હસવા સરખા અને મતલબી હોય છે.

---

**ગુનાહનો પસ્તાવો**—ગુનાહનો પસ્તાવો બે રીતે થઇ શકેછે. ૧, મનશની, ગવશનીથી યાને વિચાર, વચનથી. ૨, અને એક કુનશ્નીથી યાને કામોથી. બીજા શબ્દોમા બોલીએ તો ૧, બદગીથી અને ૨, ભલા કામોથી

---

ખરાબ માણસની સોબતમા બેસવા કરતા એકલું બેસવુ સારૂ છે, એકલું બેસવા કરતા સારા માણસ સાથે બેસવુ સારૂ છે. મુગા રહેવા કરતા જે કોઇ જ્ઞાન માટે તલબ કરતુ હોય તેને શબ્દો કહી સંભળાવવા એ સારૂં છે, અને ખરાબ શબ્દો ઓ-ચરવા કરતા મુગું રહેવુ સારૂ છે.

અશો જરથુસ્ત્ર નીચે મુજબ પોતે દ્રઢ કબુલાત આપે છે કે દુનિયાની આખેરી સુધી હુ નેકીને તથા નેક માર્ગને મક્કમ રીતે વળગી રહીશ

" પાચ બાબદોને હુ મળતો છેઉં, પાચ બાબદોને હુ મળતો છેઉ નહી

નેક વિચારને હુ મળતો છેઉ, બદ વિચારને હુ મળતો છેઉ નહી

નેક સખુનનો હુ મળતો છેઉ, બદ સખુનને હુ મળતો છેઉં નહી

નેક કામને હુ મળતો છેઉં, બદ કામને હુ મળતો છેઉ નહી

દીનની ફરમાનદારીને હુ મળતો છેઉ, દીનની નાફરમાનદારીને હુ મળતો છેઉ નહી

અશો માણુસને હુ મળતો છેઉ, દરવંદ (યાને પાપી માણુસ) ને હુ મળતો છેઉ નહી.

---

બોન બોલતા કયમ ખાતા તે એમ જુદા બોનનારની જુદ બોલવાની મોહોટી નીશાન છે

ઓઓએ સહવારમાં ખોદાના આભારની ટુંક બંદગી કરી, પોતાના ધણીની, બચ્ચાઓની ખીદમત કરી કરકસરથી સંસાર ચલાવી, દેખાદેખીવાળી મોજીલી જીંદગી પર કાબુ રાખી, ઘરસંસાર કરવો એજ એની મુખ્ય ફરજ અને બંદગી છે.

---

દિવ્યદૃષ્ટિવાળાને ખુલ્લું જણાય છે કે સ્વર્ગ અને નરક આપણી આસપાસજ છે

---

" મરનારથી આપણે જુદા પડયા નથી પણ તેઓ સઘળો વખત આપણી આસપાસજ છે તેથી તેઓને આપણે ગુમાવ્યા નથી પરંતુ તેમને જોવાની શકિત ગુમાવી છે "

---

આપણી જીંદગીના દરેક દિવસે નિદ્રાવસ્થામાં આપણે વાસના શરીરથી વાસના લોકમાંજ જીવીએ છીએ (મરણ પછી જ્યાં આપણે જવાનું છે ત્યાં આપણે રોજ રાત્રે જઇએ છીએ. )

ઓ ખુદા, મારાં બદનમાંથી રાહે રાસતીથી ઉલટી રાહે લઇ જનાર હારેમનને દુર કર, કેમકે તેની સગતથી ખરી દીનના મારગે હું જઇ શકતો નથી, અને મને ડર છે કે તયા હું કયારે અને કેમ પહોચીશ ! ઓ યઝદાન, દીન મહજબના કામો કરવાની મને ખાએસ છે પણ અગરેમેનીચોસના ફરેબથી હું તે ભલા કામો કરતા પાછો હઠી જાઉ છું. અશો જરથોસતની મેહેરબાનીથી મને સુદરેહ અને કુસતી મળી છે તેની બરકતથી હું સમજુ છું કે આ પળની દુનીયામા મારી મેહેરમાની, મારી મદદ અને છેલ્લે મારી દોલત મેળવવાને જેઓ લાયકના છે તેઓને હું મદદ કરૂ એવી મને બુધી આપ ! મારા જાતભાઇ ઇનસાનોનુ ભલુ કરે, ભલુ ઇચછુ, તેમનુ દુખ ટાળવાનુ બનતુ કરૂ, તેમની કંગાળીયત અને ખુરાઇ નહી ઇચછુ અને તેમને દુખી નહી કરૂ ! ઓ ખુદા તારા અદાઓ મારેથી ખુશ રહે તો તુ મારી ઉપર મેહેરબાન રહો અને મને વધુ નેકી બક્ષો કેમકે નેકીનો એક દાણો આ જહાનમા રોપવાથી પેલી મીનોઇ જહાનમા બે લાખ દાણા ઉગી નીકળે છે ઓ ખુદા હું તારી પાસે એટલીજ મોરાદ ચાહુ છુ કે તુ મારી પાસબાની કર અને મને નેકીનો મારગ દેખાડ !

દુર્ગુણી કામો મના કરધેલા છે તેથી તે નુકસાન કરનારા નથી પણ તે નુકસાનકારક છે તેથી તે માટે મનાઇ થઇ છે તેમ કરવામા ફકત માણસના સભાવને ધ્યાનમા લીધો છે

---

ખણખોદ કરવી અને જાસુસી કરવી એ હલકામા હલકી ખાસીયત છે

---

સાથી વધારે ચચવાઇથી સૌથી વધારે સુખ મલે છે એક મક્કમ ઈરાદ હજારો ઇચ્છાઓને નમળી કરી શકે છે

---

અગર તુ ડાહયો હોય તો એલ્મ સીવાય બીજુ શીખ ના કારણકે એલ્મ વગર રહેવુ એ ગાફેલી છે એલ્મની પછાડે આપણને પોતાને એક મોમ બતીની માફક બળી તવાવુ જોઇએ કારણકે અલ્મ વગર ખોદાને પેછાની શકતા નથી.

નમનતાઇનુ નિચાણુ કબુલ કરવે
મોહટાઇને ઉંચાણુ જવાય છે

---

તમે હરદમ હુશીયાર રહો, નહી તો બેઇમાની તમારા ઇમાનને બરબાદ કરી નાખશે

હુ, જમથી, યાને બુરી શકિતથી, ખુબ ચેતીને ચાલીશ, અને ચિતને એવુ રોકી રાખવા કોશેશ કરીશ, કે રામ નામનીજ લીલાહ ગાયા કરે મ્હારા ક્રોધને દાબી રાખી, મ્હારા લોભને કચડી નાખી, હુ ખુદાને ખુશી રાખવાજ પ્રયત્ન કરતો રહીશ– હા ભાઇ, "જે ચિતને અમલમા રાખે છે, તે ખુદાને પોતાનો મિત્ર બનાવે છે"

---

ખુદાના બદા ઉપર જે કાંઇ નાખલી કે મોટી આફત અથવા સતાપ વીતે છે, તે તેના પોતાનાજ આગલા કીધેલા કર્મોને સબબે હોય છે

દાતરડા વડે જેમ ઘાસ કપાઈ જાયછે, બરાબર તેજ પ્રમાણે માણુસ પોતાના દહાપણથી પોતાની સર્વે ખામીઓને કાપી નાખે છે

---

નજરે પડતી ડહાપણની સૌથી સરસ નીશાણી શુ ? ખુશ મીજાજ ! માણુસનુ અંતઃકરણ પારખવાની આરશી ખુશ મીજાજ છે મીનોઇ જ્ઞાનની પરિક્ષામા ખુશ મીજાજનો અભ્યાસ ઘણો જરૂરનો છે.

---

હરેક કામમા ઘણી ઉતાવળ થાય તો તે મીઠુ હોવા છતા કડવુ લાગે છે. પણ સબુરી અને શાંતિ વચ્ચે ગમે એવો પણ કડવાસ મીઠાસ આપી રહે છે.

---

સૌથી ઉત્તમ કેળવણી કે જે જાતી કાબુ તરફ તદન બેદરકાર હોય તેના કરતા સૌથી નજીવી કેળવણી કે જે માણુસોને જાતી કાબુ રાખતા છે શીખવે તે વધારે સારી છે.

અશો **જરથોશ્ત** કહે છે કે "માના હાડકા છુટા પડે, મારી બુદ્ધિ ગુમ થાએ, અથવા મારો જીવ ભી નીકળી જાય તોપણ હું [illegible] દીનને ધા[illegible]ને છોડી [illegible] નહીં" (એટલે 'ગમે એવું દુખ પડે તોપણ જીવ જતા સુધી [illegible] વળગી રહીશ [illegible], પર ૧૯ [illegible]

જે માણસ પોતાની [illegible] માગે છે— તે કંઈજ નહિ પણ [illegible]

તેજ માણસ સુખી [illegible] તેના [illegible]

સત્ય વચન આધિનતા, પર સ્ત્રી માત સમાન,
એટલું કરતા હરિ ના મીલે, તો તુલસી જમાન.

"બદીની સામે થવુ તે ભલુ કરવા જેટલુજ જરૂરનુ છે"

---

માથાનુ દર્દ કોગરો કીધાથી, પેટનો મરજ ઉનટી કરવાથી, બદનનો મરજ જોગાબ લેવાથી, ચામડીનો મરજ પસીનો પડવાથી, ને રગોનો મરજ સઘરા મુકવાથી, ફાએદો થાએ છે.

---

જયારે તમને કંઇ બોલવાનુ નહિ હોય, ત્યારે બોનો ના એક નજીવો બચાવ તમારા દુશ્મનને મજબુત કરે છે ગેંડ ખરાબ જવાબ કરતા ચુપકીદી ઓછી નુકશાનકારક છે

---

મગરૂર અને લોભી આદમીને કદી આસાએશ રહેતી નથી, જેઓ સ્વભાવે ગરીબ અને નિરાભિમાન રહે છે તેઓ પોતાનુ આવુંય ઘણી શાંતિથી ગાલે છે જે આદમાનો અહંકાર હજી મર્યો નથી, તે વારવાર નાની અને નજીવી બાબતોથી ઉશ્કેરાઇ જાય છે.

## ૧૬૬ રોજ મેહેર-માહા શેહેરેવર.

જે કોઇ તાજગી તથા તનદરોસ્તી ચાહતો હોએ તેહને ઘટેચ કે સહારે પાચ વાગને ઉઠે.

---

જે કોઈ કરજ કાહડવા જાએછે તે એક ઉદાશીમા પડવા જાએછે.

---

જેમ એક માણુસ પોતાના મન અને અંત કરણપર એકસરખો કાબુ રાખવા શીખે છે તેમ તે સંપૂર્ણ થાય છે.

---

જો આપણે પોતે વાકા વળી આપણાથી નાના જીવોને ઉગારવાને અને કેળવવાને કોશેશ કરીશુ નહી તો પછી દયાના સરદારોને આપણે પોતાને ઉચકી ઉપાડવાને વાકા વળવાને કેવી રીતે વિનતી કરી શકીશુ?

---

જો તમારે મ્હોટા થવુ હોય તો પ્રથમ ન્હાના બનો, ઉંડા પાયો નાખ્યા વિના મ્હોટુ મકાન ચણી શકવું નથી.

સુખ-જીંદગી અને માલમતા કોઇપણ માણસને પુરેપુરો સંતોષ આપતા નથી. અસંતોષીને સુખનું પણ દુઃખ હોય છે, અને આનંદને પણ જાતજાતના દુઃખમાં ફેરવી ફેરવીને જુએ છે

---

થોડું બોલવાની ટેવ પાડવી એ મોટો તપ છે.
વિચારીને બોલવાની ટેવ પાડવી એ મોટો તપ છે.
જ્ઞાન વધારવું એ મોટો તપ છે.
પરોપકાર કરવો એ મોટો તપ છે.
ધ્યાન ધરવું એ **સૌથી મોટો** તપ છે.

---

ધારતી, જંજાળ અને એવીજ બીજી સઘળી મનને લગતી હાલતો એટલી ખર્ચાળ હોય છે, કે પુરૂષ, સ્ત્રી અથવા બાળક તેની અથવા તેણીની જીંદગીમાં તેમને જગા આપવાને શક્તિમાન થઇ શકે નહિ.

---

દરેક ચીજને તેની સરજત ઉપર મુકો, પણ તમે પોતે નસીબના હાથમાં મુકાતા ના.

જ્યા સુધી બે મીનો (સ્પેનામીનો તથા અગ્રેમીનો) ની સૌથી છેલ્લી હરીફાઇ તમામ થશે, ત્યા સુધી હુ રહીશ

"તમામ જીવ જતુઓના જેટલા દમો-સવાના હોય છે તેનાથી બી વધારે સખ્યા ઇશ્વરને પહોચવાના મારગોની હોય છે, યાને ઇશ્વરને ગણા મારગોથી પહોચી શકાય છે (દમાતીર)

હજર્દેરમ હજાર વણી હમ હજાર વાણી તન્દરોસ્ત્ની હોજો એટલે મારુ શરીર હમેશા નરોગી હોજો.

---

પોતાને પહેલા સચ્ચાઇમા મક્કમ કરવો જોઇયે, અને ત્યાર પછી તેણે તે બીજાને શીખવવી જોઈયે

---

તમારા જે કટ્ટા દુશ્મન હોય તેની તરફથી તમે એવા વિચારથી જુઓ કે તેઓ કોઇમી દિવસ તમારા ખાસ દોસ્ત થશે

જે માણસ પોતાની ઇચ્છાને કાબુમા રાખી શકે નહી, તે જીવનની મુશ્કેલીઓ દૂર કરી વિજય મેળવી શકે નહી

---

ધર્મના મકાનો જોતા આપણુ તરફથી નેક વીચાર ફેલાવો કે ફુરેના ભગતીભાવમા વધારો થાવો અને શાતી હોજો ।

---

સુખને દુખ, વૈભવને દારિદ્ર, લાભને ગેરલાભ, મરણ અને જન્મ એ વારા ફરતી સઘળા મનુષ્યોને આવે છે, માટે ધીર મનુષ્ય તેનાથી હર્ષ પામતો નથી તેમ ખેદ પણ પામતો નથી

---

**તુ નેકી કરીને નામદારી મેલવે તે તાહારૂ નામ કરેલુ કેહવાએ. બાકી તાહારા બાપનાં નામથી તુ ઓળખાએ તેહમાં તાહારી નામદારી નહી ગણાએ**

હિમતવાન માણસ નિરાશી જાણુતો નથી. ખતથી હમેશ ફ-તેહ મેળવાય છે

---

જ્યારે બધુ ખર્ચાઈ ગયુ ત્યારે થોડુ રહેલુ બચાવવુ એ મોડુ હોવા છતા સુધરવાની નિશાની છે

---

હરેક અંતકરણને તેની છુપી દીલગીરી છે કે જે બીજુ કોઈ જાણતું નથી, અને વાર વાર જ્યારે એક માણસ માત્ર દલગીર હોય છે, ત્યારે તેને આપણે ઠુમાખી કહીએ છીએ

---

સઉથી ઉત્તમ દોલત સચ્ચાઈ છે. જે માણસ સાચુ બોલે અને સફાઇ સુઘડાઇ જાળવે તે ખરૂ સુખ ભોગવે છે. અષેમ

---

જે એલમની તલબમા હોય, સખાવતે બહાદુર હોય અને પોતાના નેક કર્મોની બક્ષેસથી સદા હરતુ મોઢ રાખતો હોય તે નેક મર્દ છે

ઇચ્છાઓને જીતવાથીજ મન પવિત્ર થાય છે, બીજા કોઇ બી ઇલાજથી નહી

---

"કોશેશ કરી કરીને શાંતિ રાખીઆ કરો"

---

ખાભરખોડા કરીઆ કરે તે "જીવ," જેના ખાબરખોડા ગયા છે તે "શીવ" શાંતિ

---

ઇનશાનને ત્રણ ચીજોથી ખોરાક વિના પણ તંદરોસ્તી મળે છે. પહેલી નેક માનસોની સોહબત, બીજી પરહેજગાર લોકોના દર્શન, અને ત્રીજી ખુબી નેકીની ખુશબો. એ ચીઝો તેના સર્વોતમ સાથીઓ છે જેથી તે તંદરોસ્તી હાસેલ કરી શકે છે

---

અરદીબેહસ્ત, આદર, સરોશ અને બેહરામ. એ ચારો દિવસોએ આતશબેરામ અથવા અગીઆરીમાં જઇ આતશ નીઆએશ ભણવાની દરેક જરથોસ્તીની ફરજ છે. ઘેરે રોજ ભણવાથી ફાએદો છે.

ગુનાહના નીવારણને માટે તથા રવાનની ખુશાલીને માટે મારા કામોનો બદલો હું મેળવું સઘળા ભલા માણુમાં જેઓ આજે હઝનેકગાર જમાન ઉપર રહે છે તેઓને પુન્ની અરોઈ મળે તથા તેઓની જીંદગી લાંબી થાય એવી દુઆ હું માગું છું તે આમીન હોજો (કેટલુ મોટનના સાર)

— —

પહેલી બંદગી એ કે સચ્ચાઇ અખત્યાર કરવી

બીજી બંદગી એ કે જે હદગાર હોય તેજ કરવું

ત્રીજી બંદગી એ કે ખોદાના નામપર સખાવત કરવી

ચોથી બંદગી એ કે હમેશા નયન સાફ રાખવી

પાંચમી બંદગી એ કે ખોદાની સ્તુતિ અને કિરતી ગાવી

ઇન્શાફી, સખા, અને ભલા કામોનો કરનાર અગર જો ગરીબાઇમાં હોય, તો પણ તે લોકોમાં માનીતા છે

તારી હયાતીમાજ તુ ભલુ કર, પણ તે વિષે લોક જે બોલે તેની દરકાર કરતો ના, તુ વખાણને લાયક છે એટલુ જ જાણીને સબુરી પકડજે, પછી તારી ઓલાદ તારી વખાણ થની સાભની ભારે ખુશી થશે

---

યથા. આપણુ સઘળાઓએ ખોદાની ખુશી પ્રમાણે ચાલવુ. ગરીબ અશકતોને મદદ કરવી ડાહ્યા આદમીઓ સચ્ચાઈથી તે પ્રમાણે ચાલે છે, જેથી ખોદાતાલા તેઓને ઉચી મનશકિતની બક્ષેશ કરે છે

---

સાચી વાત જાણતો હોએ તો જુઠ હરગેજ બોલતો ના

---

જાહાવેર હલાલનુ મલે તાહાવેર હરામના ઉપર નઝર કરતો ના

---

કેટલાકો કારણ વગર ધીકકારે છે, અને તેના પરિણામમા નુકસાન ભોગવે છે

જે તાહારી હાજતો ખોદાતાલાથી ચાહાવાની હોએ તે વીશે બીજાઓ આગળ નકામા તાહરા હોઠ ના ફફરાવતો

---

ધર્મના જે કામો આબરૂ મેળવવાને માટે અથવા પવિત્રાઇના ડોળથી બજાવવામાં આવે તે રવાનની હલકી ખાશીયતોમા પેદા થાય છે, અને તે નકામા પડે છે

---

કોઇ બી ચીજને વાસ્તે નાખુશ થતા ના. નાખુશ નહીં થવુ એ શાંતિ છે

---

"કાયદાસરની જીંદગી ગુજારવાથી, વર્તનો પાળવાથી બધુ કરતા ભણવાથી, આ જેહાન વીસરાઇ જવાય એવા ઉંડા ધ્યાનમા જવાથી, અને એકાંત સુવાથી નિર્વાણ કઇ મલતુ નથી, ઇચ્છાઓના બુજાઇ જવાથી નિર્વાણ મલે છે."

ગોસ્પદોની વિનંતી છે કે જો તમો અમોને કસાઇની છુરીથી છોડવશો, અને અમો નિર્દોષ પ્રાણીઓને તમારા બચ્ચાઓની માફક પાલશો, અને અમારો જીવ લઇ અમારો ખીમો કરનાર ખાટકીઓથી અમોને બચાવશો, તો અમો તમોને તથા તમારા બચાઓને ગરમ કપડા, ઉન, મલાઇ, દુધ, અને મીથાઇ તમારે ચરણે ધરીશુ "ચેરાગ"

---

અરે જીવ, તે ૫૦ વરસ ગુમાવયા પણ તે ખુદાના બન્દાઓનું શુ દલદર ફીટાડયુ ? તુ જીવી જીવીને હવે કેટલા વરસ જીવશે ? મોત તો માથા ઉપર ભમતુ ફરે છે અને એક બે પળમા તે ટોટે બાઝશે તેનો તે કાંઇ ખ્યાલ કીધો ?

---

જો તમારો મુદ્દો સાબેત હોય તો સામા ધણી સાથે સમજુતી પર આવવાની વેતરણ કરજો.

---

ફટાલાથી મહેનત બેવડી લાગે છે.

સુખ દરેક માણસની નજદીકમા છે દરેક સ્ત્રી પુરુષ જો ચાહે તો ખરેખર સુખ વગર મુશ્કેલીએ મેળવી શકે પણ તેમ હોવા છતા ઘણા પોતાના અજ્ઞાનપણામા આખી દુન્યા સુખની શોધમા ફાંફાં મારે છે અને તે છતા તેઓને સુખ મળતુ નથી જેનુ મન સંતોષી હોય તે ખરુ સુખ પોતાના ઘરમા અને પોતાના દેશમાજ વગર પૈસે ભોગવી શકે છે

---

કાઇબી ચીજનુ ઉપરચોટીયુ થોડુ જ્ઞાન મેળવવામા જોખમ છે જ્ઞાન જો મેળવવુ હોય, તો પુરેપુરૂ મેળવવુ—નહી તો તેને અડકવુ પણ નહી દતકથામાના પાએરીઅન ઝરાના પાણીના એકાદ બે ગોટ પીતા લોકોને કેફ ચહડતી અને વધુ પાણી પીતા તેઓ પાછા સાવધ થતા, તેજ મીસાલે કાઇબી ચીજનુ થોડુ જ્ઞાન મેળવ્યાથી માણસના ભેજામા ખુમારી ચહડે છે અને સંપુરણ જ્ઞાન મેળવ્યાથી તે ખુમારી પાછી દુર થાય છે

સાધુ પુરૂરો મધી જુદીજુદી જાતની શાતીઓનુ મ્યાન કરે છે પેહલુ દોઇને માગી સતુકની માયડી મલી હોય તેમી કહે છે કે હુ સુખી છુ શાતી છે. કાઇને સલુકના કમાઉ પુત્ર મલે છે તનો બાપમા ખુશી થાય છે જે હુ શાત છુ કાઇને લાખો રૂપીયા મગના વાડી, હવાપાણીની એકાત શાત જગયા મલવાથી તેબી કહે છે કે હુ સુખી છુ, શાત છુ તેમાથી એક ગીયુ તો અંશાત થાએ છે

---

ભલુ-જે કાઇ ખુદાની મરજીને આગળ ધારે તે

બુરૂ-જે કાઇ ખુદાની મરજીની સામે થઇ ચાડે તે

---

જે કાઇ તે પેદા કરનાર સાહેબના કામોના બદલા વીચાર કરે તેની મુંઝી રવે છે, અને જે કોઇ વીચાર નહી કરે તે હમેશા અધકારમા રહે છે

---

" તારા સ્વાર્થ માટે બીજાનુ બુરૂ ના કરતો "

## ૧૭૮ રોજ જમીઆદ-માહા શેહેરેવર.

આએ દુન્યામા કેટલીકવાર જુઠાઓ માન મેળવે છે, જુઠો ઇનસાફ કરનાર સાચાંમા ખપે છે અને નીરદોષ માણુસો દોષીત ઠરે છે એ ખરૂ પણ તે માન તકલીદી અને થોડા વખતનુ છે, અને જયારે અંતે સત્ય પ્રકાશી નીકળે છે ત્યારે તેવા ઠગારાઓ મહા દુ ખ પામે છે તેથી આપણે સચ્ચાઇને ખાતર અશો જરથોશતની માફક થોડા વખતનુ દુ ખ સોસવુ અને જાહુકનુ સુખ મેળવવુ.

---

ઉમદા લોહીવાળા માણુસો કદીમી જુઠુ બોલતા નથી

---

જેનાથી દુ ખ મટે તેનીજ પાસે હદય ખોલવુ.

---

બીજાને ઠપકો આપો તેજ અવગુણ પોતામા હોય તો, પ્રથમ પોતાનો અવગુણ દુર કરવો, પછી બીજાને કહેવુ

અશો જરથોશત પોતે ગરીબ હતા, તોપણ પૈસાની લાલચને વાસ્તે જુઠુ બોલ્યા નહી અને પોતાનો ઉધ્યોગ રાસ્ત રાહે ચાલુ રાખ્યો, સચ્ચાઇને ખાતર તથા મજદયસ્ની દીનની ચઢતીને ખાતર ગરીબાઇનું સંકટ વેઠયુ.

---

"દુખમાં ગભરનો ના" "સુખમાં ફુગાનો ના." "મન સંતોખી હશે તો દુનીયા છે"

---

પોતાને પહેલાં સચ્ચાઇમા મક્કમ કરવો જોઇયે, અને ત્યાર પછી તેણે તે બીજાને શીખવવી જોઇયે

---

જેઓ આગળ થઇ ગયા તથા હાલમાં છે, તેઓ-માંના જેઓ અશોઇથી સ્વભાગ આપવામા સૌથી સરસ છે, તથા જેઓને હોરમજદ જાણે છે, તેવા મહાત્મા શખ્સોને તેઓના પોતાના નામથી હુ યાદ કરૂ તથા ખરા પ્યારથી તેઓની નજદીક હું પોહોચ્યુ.—(વોહુક્ષથ્ર ગાથા).

તારા મોહા ઉપર મનુ માનનાર દુશ્મન તે એક ઝગી પાયા મીમાન છ, કે જે પાનો જાતી ડડનામ અને ઝેર ધરાવતા છતા પોતાના ખુનનુમા દેખાવથી લોકોને લલચાવે છે માટે પુગુ દાનાવ તજ હોય છે કે જેને કાઇ દુશ્મની આગછ, ખુનામત, અને તેના હસ્તા મોહા ઉપર લલચાઇ જાય નહી, કારણ કે લલચાયાથી તે દગનમાઝ અને દુશ્મનાઇ વધારે છે

ત્રણ રીતે ઇનસાન નેકપખ્તીની ખુનદ ટેવ પુગે છે પહેલે જે ... એમ શીખવે, બીજુ જે ખયરાત યાને બખશેસ કરે અને ત્રીજુ જે પોતાનુ મોહુ સદા હસ્તુ અને શાન-શોખી રાખે એ ત્રણ મરતબાના ઇનસાન નેકપખ્તની પદવી પામે છે

એક ઘાસ જેટલો મન આપે તે કોઇ એક રતન જેટલી શીખામણ આપે તેની બરાબર છ

---

નવી નવી ઓળખ વધારવી નહી

એ ખોદા, બુરાઇઓથી તુ અમોને બચાવ કર, બેના મન અને અશોઇની તુ અમોને બક્ષેશ કર, જરથોશતી દીન ઉપરના અમારા મજબુત એકીનથી તથા અવસ્તા કલામોની ખુબીથી ફુપા ગતરૂઆ ઉપર તુ અમોને ફતેહમંદ કર, દીનને લગતુ ગ્નાન મેળવવા માટે અમોને એક દામેન હિમતવાદી મદદ આપ એ ખોદા, અદેખાઇઓથી તુ અમારો બચાવ કર અને નમનતાઇનો ગુણ તુ અમારામા ફેલાવ સઘળા દેવો દરૂજે અને તેઓને લગતી નાપાકીઓ અમારેથી દુર થઈ જાજે અને તેઓનો નાશ થજે "**કેમના મજદા**"

---

સાચા થવુ હોય તો આપણે શુ કરવુ ? ગમે એવુ દુખ, આફત સંકટ યા નુકસાન થવાની વાસ્તી હોય, તેની દરકાર ન કરતા સચ્ચાઇથી ચાલવાની સલાહ આપવી અને સચ્ચાઇને ખાતર જે દુખ આવી પડે તેને ખુશીથી ખમવુ, કારણકે સચ્ચાઇને ખાતર દુખ ખમનારનો આત્મા ખુશી રહે છે

**અવરની નીશાન**—દાંતે નખ કરડવા, બે હાથે માથુ ગવડવુ—આગળાના કકડા ફોડવા—પેહેરેલા કપડાથી હાથ મોહુ નુછવુ—ઉમર ઉપર બેસવુ—જે વાસણમાં જમવુ તેમજ થુકવુ—અનાજ તથા કાગજને ખરાબ જગે નાખવુ—રાતે કચરો વાળવો—છને પૈસે હાય હાય કરવી—હલકા લોકો સાથે ઠઠા મશ્કેરી કરવી—આળસુ બેશી રહેવુ.

---

અવરતા પ્રમાણે કઈ જમીન ઘણી ખુશાલ છે?

---

રોજી, રૂડો ઉદ્યોગ, ખોદાની મદદગી અને ધર્મનીતિ તથા કેળવણી

---

અશો માણસની બજશને કરવાની જગા, બચ્ચા છોકરાવાળા અશો પુરૂષનુ રહેઠાણ, આતશની જાળવણી કરનારનુ ઘર, ખેતીની જમીન અને જે જગા ઉપર ગાએ ઢોર ઘણા જન્મે અને ઘણુ ખાતર કરે તે જમીન અવરતા પ્રમાણે ઘણી ખુશાલ રહે છે."

એ ખોદા તુ મને તંદરોસ્તી સાથની લાંબી જીંદગી આપ. એ ઇજદ અને અમશાસ્પંદો તમારાથી હુ પવિત્રાઈ અને સચ્ચાઇ મેળવુ, માજદયસ્ની દીનની આબાદી અને ચઢતી કળા હોજો એ ખોદા મારા ટોળાના લોકોને તથા અમારા રાજકર્તાને સદા કાયમ, ખુશાલ ખુશાલ અને તંદરોસ્ત રાખ અમારો રોજ માહ અને વરસ બખ્તાવર થાઓ લાંબી મુદત સુધી અમારામા સખાવતનો ઝરો વહેનો થાઓ અમારે તયા ધન, દોલત, આયુશ અને પુત્રની વરધી થાઓ એકજ ખોદાને માનનારી પાક જરથોસ્થી દીન ઉપરનુ અમારૂ એકીન મજબુત થાઓ. જે પ્રમાણે બંદગી કરીને દુઆ માગી છે તે આમીન થાઓ **દોઆ તનદરોસ્તીનો સાર.**

---

"એ ખોદા! તું મને એવી બક્ષેશ કર કે જે બક્ષશ મળ્યાથી મારૂ કલ્યાણ થતુ હોય કારણ કે મારે વાસ્તે શુ સારૂ છે તેનો જાણનાર તુજ છે"

(યજશને હા ૩૧ ફ. ૫)

"આ દુન્યામાં હું જનમ લેઉં છું, એ ગેતી દુન્યામા મારા ઉપર જે જે દુઃખ આવી પડે તેને સબુરીથી ગાળીને, પણ તે દુખ સહાવામાં વધાના ખરીના મરણનું હશે તો તેવા મોત ઉપર પણ હું સબુરી કરીશ," આ દુન્યામા જનમ લેનાર દરેક માણસ ઉપર કોઇ કોઇ વખતે સુખ અને દુખ આવી પડે છે જ્યારે સુખ અને મજાહનો વખત આવે ત્યારે છનકાઇ નહી જવું તેમ દુખ અને આફત વેળા ગભરાઇ જઇને નીરાશ નહી કરવો, એવી કબુલાત દરેક જરથોસ્તી, દીનમાં દાખલ થતી વેળા આપે છે પનેત રોજમાની ગણતા આપણે એ કબુલાત આપ્યે છીએ

—

નુરમંદ ખોરશેદથી આપણે જે જે ફાયદાઓ મેળવ્યે છીએ, જે જે સુખ અને મગદુર આપણને મળે છે, તે માટે તેના બનાવનાર અહુરમજદની બંદગી કરી તે સાહેબનુ હેશાન માનવાની આપણી ફરજ છે.

મહાન પેગમબર અશો જરથોસ્ત બહમન અમશાસ્પંદની મારફતે અશા સરોશ ઇજદની બસારતથી ખોદાને મલી જે પાક જંદ અવસ્તા આપણી બેહતરીને માટે તે લાગ્યો છે તે પાક માથ્રવાણીની જુબાનને બીજી કાઇબી જુબાન કરતા વધારે પવિત્ર ગણી માન આપવાની અને એજ ભાષામા બંદગી કરવાની દરેક દીનદાર જરથોસ્તીની ફરજ છે બીજી ભાષામા બંદગી કરવાથી ઉપના માન, મોહબત અને પવિત્ર ભકિતભાવ જળવાતો નથી હીંદુઓના ધર્મ પુસ્તકની ભાષા સાંસકૃતને જેમ તેઓ દેવવાણી ગણે છે તેમા આપણી માથ્રવાણી યાને અવસ્તા ભાષામાંની ગાથામા ઇશ્વરી ગણવામા આવી છે

---

પરહેજગાર મોબેદો કાગળ ઉપર પેહલવી જુબાનમા ખરફસ્તરોને દુર કરવાની **નીરંગ** લખે છે તથા **રેતાં પરહેજે** છે ધાર્મીક જરથોસ્તીઓ તે કાગળો દિવાલે ચોહતાડે છે અને પરજેલી ઘરમા છાંટે છે જેથી કસારા, ઉધાઇ વગેરે ખરફસ્તરો દુર રહે છે

જે પ્રમાણે પવીત્ર **આતશને** પાક ખુદાતાલાની ગેબી **નાશાન** તરીકે ગણી, તેની સનમુખ ઉભા રહી તે સાહેબની સેતાયશ તથા આરાધના આપણે કરયે છીએ, તેજ પ્રમાણે અરોના ફરેશતેહરો દુનીયાની વરૂધી અને આબાદાનીના કામો કરે છે તેનો ખયાલ આપણા દીલમા લાવવા સારૂ, દુનયાની આબાદાનીની ચીજો જેવી કે **ફળ ફુળ પાણી** અને **રોશન આતસને** આપણી સનમુખ રાખી, આપણે સેતાયશ કરયે

---

**અથ ઇમાં વચો દ્રેનજયોઇશ્ ચોઇ અહુહેન્ વારેથ્રઘ્નયોતેમચ બએષજયોતેમચ. યથા અહૂ વઇર્યો, કેમના મજ્દા.**

(વદીદાદ પરગ ૮. ક. ૭૨)

અર્થ—ત્યારે આ "યથા અહુ વઇર્યો" અને "કેમના મજદા" ના કલામો તુને ભણવા જોઇએ કે જે ઘણાજ ફતેહમદ તથા ઘણાજ તનદરોસ્તી આપનારા છે

મનની અષોઇથી ફાયદો શુ ? મન ચોખ્ખુ હોય તો સારા કામો થાય જેવા કે ધર્મનો અભ્યાસ, ખોદાની બંદગી અને ભાઇબંધો ઉપર પ્યાર જેથી કરીને મીનોઇ દુન્યાના ઉત્તમ સુખનો ફાયદો મલે

---

એક કોહેલી માછલીએ આખો ટોપલો ગંધાય (એક બુરાથી સો સારાં બગડે)

---

આતશની રખીયા આપણે કપાળે ચોહતાડીએ છીએ તેની મતલબ શુ ? માણુસે મગરૂરી છોડી નમનતાઇ રાખવાની કેમકે ગમે એવી મોટી રોશણીથી બળતો આતશ પણ નરમ પડી જઇ અંતે ખાક થાય છે, તેમ ગમે એવા મોટા દરજ્જા તથા ઇજ્જત અને પૈસાવાળુ માણુસબી આખરે મરણુ પામી ખાક થનાર છે માટે જીવતા જીવત દરેક માણુસે, આતશની માફક, સખાવત વગેરે સારા કામોનો પમરાત પોતા પાછ્લ મુકી જવો જોઇએ એવો વિચાર દરેક માણુસે રખીયા લેતા કરવો જોઇએ.

યજ. અને નમસ્કાર એટલે શું? વખાણ તથા આરાધના કરવા લાયક, સમગ્ર વૃદ્ધિ કરનારી ખોદાઈ શક્તિ

તનની આરોગ્ય રાખવાથી ફાયદો શું? શરીરની સુખાકારી રહે જો તન રોગના હોય તો વિચાર અજ્ઞાન થાય, જેથી આપણને અડકન નડે

માથ્રી આઇ એટલે શું? આપણા મનમાં સારા વિચાર, સારા વચન અને સારા કામ કરવાનો જ ઠરાવ કરવો, અને ખરાબ વિચાર, ખરાબ વચન અને ખરાબ કામ નહી થાય તેની સંભાળ લેવી શુદ્ધ વિચારોને મનમા ગાલવાજ નહી દેવા

જર, લોક ને ... લીન નાના થયા નથી ને થશે પણ નહિ)

બ્યાજના લોકને કંઇ પુગતુ નથી (કરજમાથી બહાર કોઇ વાર નિકળવુ કઠણ પડે છે)

પસ્તાવો એટલે શું? જે કાંઇ ગુનાહો થઇ ગયા હોય, તે વાત બાજુએ મેલીને ખરે રસ્તે આગળ વધવાનો ઠરાવ કરવો તે. આપણે જો અહુરમઝ્દને જઇ મળવા માગતા હોઇએ અને ધીમે ધીમે પહે- રેજગારીમાં આગળ વધીને મહાત્માના દરજજાએ પુગવા ઇચ્છતા હોઇએ, તો જેવી કાંઇ પહેલી માઠી ફરજ આપણી સનમુખ રજુ થાય તે બજાવીને શરૂઆત કરવી જોઇયે. તમારી સામે જે પહેલી લાલચ રજુ થાય તેની સામે થઇને બળતારીથી લડો, જે પહેલું નેક કામ તમારી સામે રજુ થાય તે બજાવો અને અહુરમઝ્દની રેહમની તમારા આત્મા ઉપર પડવા દેવો. એક જ કાંઇ મહાત્માના દરજજાએ પુગાતું નથી તે માટે એક પગથીઆ ચઢીને આગલે મથળે જઇ પુગવા ન(ક ...જ ખેચવી પડે છે પણ એકવાર મથાળે જઇ પુગ્યા કે બધી રંજતો એવા તો સપુણ મ ન મળે ? ક મથાળે જઇ પુગતાંજના સુખનું પ્યાલું છલોછલ ભરાઇ જાય છે.

"સારા સ્વભાવથી સકટ દુર થશે" "સારા મિત્રથી દિલાસો મળશે" "સારી અકલથી ધન મળશે." "સારા કામોથી કીર્તિ મળશે." "સારા વિચારોથી દુષ્ટ કામો તથા ભયોને દુર રાખશે"

---

તદરોરસ્તી કેમ મલે? સોઝો અને સાદો ખોરાક નિયમસર ખાવાથી, સોઝી હવા દમમા લેવાથી અને તનને માફકસર કસરત આપવાથી

---

ઈનશાન કેવી રીતે ઓળખાઈ શકે?

જયારે તેની સાથે કામ પડે ત્યારે તે ઓળખી શકાય બને તીયા સુધી નેક ને ધર્મી માણુસ સાથે કામ પારવુ ને ખરીદીને લેન દેન કરવુ

અહુને અથા રતુને ગરીબોના પોષણ કરનાર તરીકે મુકરર કીધો છે"

---

બળતુ ઘર ભાડે ન લેવુ (કોઇની પચાતીમા પડવુ નહિ

ઇનશાનોના ભીતરમા બળતો આતશ કેમ રોશન રાખી થકાય ?

ભૂખ્યાને અન્ન, નાગાને વસ્ત્ર, અને દુ:ખીઓની સારવાર વગેરે કરવાથી ઇનસાનોના જીગરમા બળતો આતશ રોશન રાખી શકાય

ઇજાશનેના ૩૬ મા હામા એવુ આવે છે કે " ઓ હોરમજદના આતશ, તારી મારફતે અમે ખોદા-ને પોહચ્યે છીએ."

દાદાર હોરમજદને ખુશાલ કરૂ છુ હોરમજદના આતશને હુ નમન કરૂ છુ અને તમામ ગુનાહથી પસ્તાવો કરૂ છુ

---

અમષાસ્પંદો અને યજદો ગેબી રીતે વૃધિ કરનારા ફરેસ્તા છે તેઓને આ દુન્યાની સભાલ રાખવાને માટે ખોદાએ પેદા કીધા છે

---

એક હવા ને સો દવા.

**માહ ૭ મો મેહેર -મેહેર રોજે** મેહેરગાનનુ જશન મેહેર અથવા **મિથ્ર** એ ઇન્સાફ, ઉસ્તવારી, મિત્રાચારી, સચ્ચાઇ અને ઇનસાફની ઉપર મવકકલ યઝદ સાથે મળી મરણ બાદ માણસોના ઇનસાફ કરનાર છે

ધીરજમા જ રતન ઝમ્યો, ધીરજથીજ સુખ ચેન
વેપાર બહેન ધારવાન, સોચ તુ ધીરજ બહેન
મધ્યમ સ્થિતીમાજ 'મહેર' ઉઘાડ,
નહિ ઉચ ચઢાવ નહિ નિચો તુ પાડ
ચુપગીરીમાજ સમાયો, મખાલાત તણો ગુન સાર,
નાદાન દમડી દેવાના પણ નિશાન છે બારોબાર
જર પર નિટકુ નહિ હોય દુખ,
તે ઇનશાનને કયાના સુખ!

---

**હુમત, હુખ્ત અને હુવરશત અથવા નેક મનશની, નેક ગવશની નેક કુનશના**

સાચા અથવા ભલા વિચાર, સાચા અથવા નેક બોલ અને સાચુ અથવા બહેતર કામ

સખાવત પૈસા વગરબી થઇ શકે છે કોઇ ગરીબ હાજતમદો કાઇક આશા કરીને આપણે બારણે આવે, અને આપણી પાસે પૈસો ન હોય, તો આપણને એક પાઇનોબી ખરચ ન બેસે એવુ બીજુ કાંઇક તેઓને આપી શકાય છે અને તેથી તેઓ રાજી થાય છે ધીરજથી તેઓને જવાબ દેવો––મીઠાશથી તેઓ તરફ જોવુ––દીલસોજીથી તેઓનું સાભળવુ–એબી એક જાતની સખાવતજ છે જેઓ પાસે પૈસા ન હોય, તેઓ જો એટલુ જ કરે તો બસ છે બારણે આવેલા હાજતમદને પાઇ પઇસો આપવાની તો વાત નહી–અને સામો તેને ધમકાવીને અને ગાળગલોચ દઇને હાંકી કહાડવો, તે ખરેખર ઘાતકીપણું છે–તેના દુઃખ ઉપર મોટા જેવો ડાહામ દેવા સમાન છે. તેને બદલે સભ્યતાથી તેને ચાલી જવાને કહેવુ બેહેતર છે અને બે મીઠા સખુન સાથ કાંઇક દીલાસો દઇને જવા કહેવુ તે ઓર બી વધારે પસદ કરવાજોગ છે.

જેઓ પોતાને માટે નહી, પણ બીજાઓને માટે જીવે છે તેઓનો દરજ્જો ઇનસાનોમા સૌથી ચઢતો છે આ દુન્યામા જનમ લીધા પછી બીજાઓની સેવા બજાવવી અને તે બીજાઓની સેવાને ખાતરજ જીવવુ એના જેવો પરમાર્થ બીજો કોઇ નથી એવી સેવા બજાવ્યાથીજ ઇનસાનો ફરેસ્તાના દરજાજે પુગે છે અને આપદે ખુદ અહુરમઝદના જેવાજ થઇ પડે છે એવી સેવા બજાવનારાઓ જ્યારે પોતાને સદતર વીસરી જાય છે અને અહુરમઝદ તરફના પ્યારને ખાતરજ, પોતાના કાઇબી સ્વાર્થ વગર, ઇનસાનોની સેવા બજાવવાને બાહેર પડે છે, ત્યારે તેઓને સૌથી મોટો અને સૌથી શ્રેષ્ટ બદલો મળે છે પોતાના સ્વાર્થને ખાતર યા કાઇબી બદલો મળવાની આશા રાખીને બજાવેલી સેવા યા કીધેલો પરમાર્થ ફોકટ છે.

---

હાથીનો ભાર હાથીજ ઉપાડે (જેનુ કામ તેજ કરી શકે.)

પાહાડને મથાળે જવુ હોય, તો એક ફલાગ મારીને જવાતુ નથી, પણ ધીમે ધીમે એકેક પગથીયુ ચહડવુ પડે છે એક ખરા જરથોસ્તીની જીદગી પણ એની રીતે પાહાડ ઉપર ચહડવા જેવીજ છે બેહેસ્ત આપણી પૃથ્વીથી ઘણુ દુર છે અને ત્યા જઇ પહોચવાનુ કામ કાઇ સહેલુ નથી. બેહેસ્તમા જવાને લાયક થવા માટે મહાત્માઓના જેવી પવિત્ર જીદગી ગુજારવી પડે છે કોઇપણ ઇનસાન એવી જીદગી એક તડાકે અખત્યાર કરી શકે એ બનવાજોગ નથી તે માટે દુરગુણો તથા દુન્યાની લોભ લાલચો સામે લડત ચલાવીને ફતેહ મેળવવી પડે છે. એ ફતેહ એક દીવસમા મેળવી શકાતી નથી પણ તે માટે વરસો સુધી ધીમે ધીમે લડત ચલાવવી પડે છે. એવી રોજીદી લડતથી દરરોજ થોડી થોડી ફતેહ મેળવવી જોઇયે. અને એવી ચાલુ ફતેહથી માણસ જ્યારે સપુરણતાની ટોચે પુગે છે ત્યારે બેહસ્તમા દાખલ થવાને લાયક ઠરે છે.

માણુસના વિચાર તે એક જાતના બીયા છે કે જે તેના મનની જમીનમા રોપાયા પછી તેનુ ઝાડ થઇને તે ઉપર ફળ આવે છે એ ફળ તે માણુસના સારા યા નરસા કામો હોય છે જે ધણી એક શીક્ષક છે તે બીજાઓના મનની જમીનમા બીયાનો વાવનાર છે યાને તે એક આત્મીક ખેડુત છે જે માણુસ પોતે પોતાના હાથે શીક્ષણ લે છે યાને જ્ઞાન મેળવે છે, તે પોતાના મનની જમીન ઉપર ખેતી કરનારો એક ડાહયો ખેડુત છે જેમ બગી- ચામાં રોપેલા બીયા વખતના વહેવા સાથ એક ઝાડ તરીકે ઉગી નીકળે છે, તેજ મીસાલે માણ- સના મનમાં રોપેલા વિચારો પણ ધીમે ધીમે સારા યા નરસા કામોના ઝાડ તરીકે ઉગી નીકળે છે.

---

સંપૂર્ણ મનશ્નીનો માણુસ પોતે પોતના ડહાપણ, સારા સખુન તથા નેક કામથી દુનિયાની આબાદી કરે છે વોહુક્ષથ્ર ગાથા, હા ૫૧, ક. ૨૧

અંત:કરણથી કીધેલી બંદગી તે ખરી બંદગી છે. એવી બંદગી, બંદગી કરનારને માથેનો દરેક નાનો કે મોટો બોજો અહુરમઝદ આગળ લઇ જઇને નાંખે છે એવી બંદગી નમ્રતાભરી હોય છે અહુરમઝદની મરજી ઉપરજ તે સઘળું છોડી દે છે એવી બંદગીના જવાબમાં આપણી ઇચ્છા કદાચ પાર નહીંમી પડે, પણ બંદગીથી આપણને વધુ કુવત મળવાને લીધે મુશ્કેલી અને આફત સહન કરી શકાય છે અને આપણે માથેનો બોજો દુર નહીં થવા છતાં આપણે ખુશાલ રહી શકીયે છીએ આફત અને મુશ્કેલી વખતે ખરા અંત:કરણથી બંદગી કરીને આપણને પોતાને અહુરમઝદની દયા ઉપર છોડી દેવાથી આફત દુર થાય છે અને એકમારગી તે દુર નહી થાય તોપણ બંદગીથી તેનો બોજો ઉપાડવાની આપણને શક્તી મળે છે.

---

હદથી જ્યાદા તાજીમ તવાજો ગેરસલુકાઇ બરાબર છે

કુદરતના કાયદા અચુક છે યાની આપેના યંત્રની પેઠે તેઓ પોતાનુ કામ ગુપચુપ કરયા જાય છે. પણુ તે છતા દયાહીણુ દઇતની પેઠે એ કાયદાઓ ઇનસાનોને પીસી નાખે એમ નથી. સબબ, એ અચુક કાયદાઓની પાછળ મહા કૃપાળુ અહુર-મઝદ બેઠેલો છે. તે ગજાવર સાચાકામ, જેને આપણે કુદરત કહીયે છીયે તેની વચેથી એ દયાળુ બાપ પોતાના સઘળા ફરઝંદો ઉપર એક-સરખી નેગાહ રાખે છે દરેક ઇનસાન જો આ વાત બરાબર યાદ રાખીને કીરતાર ઉપર પોતાનો સંપુરણુ ઇતબાર રાખે, અને નીતીને માર્ગે ચાલીને તેની મરજીને આધીન રહે, તો કુદરતના ગમે એવા બળવાન અને અચુક કાયદાઓથીબી તેની સાચી જીંદગીને કદીબી ધોકો પુગનાર નથી.

---

સંતોષ માનજે. વધુ શક્તિ ઉપરાંત લેવાને લલચાતો નહી. "

જેમ એક ચેરાગ અંધકાર દુર કરીને પોતાની આસપાસ રોશની ફેલાવે છે, જેમ એક ગોલાબનું ફુલ દુરગંધ દાબી દઇને આસપાસ પમરાત ફેલાવે છે, તેમજ દરેક જરથોસ્તીની ફરજ છે કે દુખ અને સંતાપને દુર કરીને પોતાની આસપાસ સુખનો ફેલાવો કરવો. અહુરમઝદ પોતેબી એજ મુજબ રાત દહાડો ચોમેર સુખની વૃદ્ધી કરયો જાય છે આપણી દરેક જણની જીંદગીની નેમ પણ તેવીજ હોવી જોઇયે. બીજાઓને સુખી અને ખુશાલ બનાવવાની શકતી ઘણી અદભુત છે. દરેક જણ વધુ ઓછા પ્રમાણમા એવી શકતી ધરાવે છે, પણ કમનસીબી એ છે કે સઘળાઓ તેનો ઉપયોગ કરતા નથી દુ:ખીઓને સુખી બનાવવા તેના જેવુ ઉત્તમ કામ આ જગતમા બીજું કંઇ નથી

---

બરીયલને ગમ્મતીની સોબત નહિ ગમે

ધર્મદીન વગરનો અવતારજ બળયો ! અવસ્તાના અભ્યાસ વગર અને તેમા જરથોસ્ત સાહેબે આપેલા ફરમાનો મુજબ અમલ કર્યા વગર અહુરમઝદના માર્ગમા કદીબી આગળ વધી શકાશે નહી નવજોત થવા અગાઉ 'કેમના મઝદા' અને 'અહુરમઝદ ખોદાય' શીખ્યા હોઇયે તેમાજ કોઇ સઘળુ ધર્મ જ્ઞાન આવી રહેતુ નથી તે છોડીને ગાથા, યસ્ત, વદીદાદ, વગેરેના અભ્યાસમા જેમ જેમ આગળ વધશો તેમ આખો સામેનો અજાનપણાનો પરડો ધીમે ધીમે દુર થવા સાથ ખુશાલી અને સતોષની કોઇ અજબ લાગણી દીલમા વ્યાપી રહેશે જરથોસ્ત સાહેબના પવીત્ર કલામોનો દીલ લગાડીને કરેલો અભ્યાસ તમને એક જુદાજ માણસ બનાવી દેશે

---

ચાલતા બળદને આર ન ઘોચવી (કામ કરતા આદમીની છેર ન કાઢવી).

---

ભોયના પડ્યા ભોય રહેતા નથી.

ઘણું કામ કરવુ પડે તેથી કાઇ માણુસની દેહ લથળી જતી નથી પણ થોડુ બી કામ આવી પડતા તે જોઇને માણુસ કંટાળે અને મનમા કુચવાય તેથી તમીયત ઉપર માઠી અસર થાય છે. મન શાંત અને મીજાજ ખુશ રાખીને ધીમે ધીમે કામ કરવામા આવે, તેથી ગમે એવુ મોટુ અને કઠણુ કામબી ભારી લાગતુ નથી માણુસ જે બીકટ કામથી ડરી જઇને નાસવા માગે છે તે બીકટ કામજ તેને ઉચ્ચ હાલતમા લઇ જનારો ફીરેસ્તો છે. બીજા હાથ ઉપર દુન્યાદારીની જે તકલીદી મોજમજાહ પાછળ માણુસ ઝીપલા મારે છે, તે મોજમજાહ તેને હલકા તબકકાએ લઇ જનારા દુશમન જેવી છે. તેથીજ એ દુશમનને, યાને ઇંદરીઓને વશ થવાની નહી પણ તેને જીતીને આપણા કાબુમાં રાખવાની જરૂર છે.

---

કોઇની ગાળોથી કોઇ મરતું નથી.

માણુસને અંદરખાનેની પવીત્ર આતમીક જીંદગીની મોટી જરૂર છે-દુન્યાદારીની મોજશોખની બાહેરની જીંદગીની નહી. એ આત્મીક જીંદગીને જોઇતુ પોષણુ અને બળ અંદરખાનેથીજ મળે છે-બહારથી નહી. દુન્યાદારીની બાહેરની ચીજો તે અંદરખાનેની આત્મીક શકતીઓ વાપરવા માટેના સાધનો માત્ર છે, અને જ્યારે નવી આત્મીક શકતીઓ મેળવવી હોય, ત્યારે તો માણુસને પાછો અંદરખાનેની શાંતિ ઉપરજ આધાર રાખવો પડે છે. માણુસ જેમ જેમ બદરીઓની મોજમજાહના ઘોઘાટથી અંદરખાનેની શાંતીને દાબી દેવાની કોશેશ કરે છે, તેમ તેમ તેને દુખ અને ગમગીનીનો અનુભવ મળતો જાય છે. સેવટે જ્યારે દુખ અને વેદના ખમી ન શકાય એવા થઇ પડે છે, ત્યારે તે પાછો અંદરખાનેની શાંતી આગળ ઘસડાઇ જાય છે અને ત્યારેજ તે અહુરમઝદને ચરણે પડીને શાંતી ચાહે છે.

મરણથી આપણી જીંદગી આખર થતી નથી, પણ શરૂ થાય છે મરણથી આપણને કાંઇ ખોહ-વાનુ નથી, પણ મેળવવાનુ છે. મરણ પામીને આપણને અંધકારમા નહીં પણ હેરતભરી રોશ-નીમા જવાનુ છે મરણ પછી આપણને ચુપકીદી વચ્ચે બેસી નથી રહેવાનુ, પણ ખરેખરી જીવવા લાયકની જીંદગી ગુજારવાની છે. મરણ પામવાથી આપણે ખુશાલી અને આનંદથી દુર નથી જતા, પણ આ દુન્યાદારીની મોજમજાહ જે સુખના માત્ર એક ઓળા જેવી છે તેમાથી બાહેર નીકળીને બેહસ્તના ખરેખરાં ભોગવવા લાયકનાં સુખ વચ્ચે આપણે જઇ વસીએ છીયે. મરણથી આપણે ખુદ અહુરમઝદની હજુરમા જઇ પુગ્યે છીયે કે જ્યા ચોતરફ ખુશાલી, સુખ અને આનંદ વ્યાપી રહેલા હોય છે, અને જ્યા દુખ, આફત અને વેદના જેવુ કાંઇ હોતુજ નથી. આ દુન્યામાં જીંદગી ગુજારવી તે તોફાની દરયામા સફર કરવા સમાન છે, કે જે દરીયામાથી આયંદે આપણી કીસ્તી મોતના ખડક સાથ અથડીને સુખથી છળાછળ થતા મહાસાગરમા નીકળી જાય છે.

જે માણસ શાંત છે તે ખરેખરો બળવાન છે. તેની શાંતીજ દેખાડી આપે છે કે તેણે પોતાના મનને ધીરજથી કેળવીને મજબુત બનાવેલુ છે શાંત પુરૂષ પોતાનુ કામ બરાબર સમજે છે. તે થોડુ બોલે છે, ઘણુ ઘણુ કરી બતાવે છે. તે પોતાના દુશ્મનને જાની દોસ્તમા ફેરવી નાખી શકે છે. એક ડાહયા સપેહસાલરની પેઠે સઘળી મુશ્કેલીઓ માટે તે આગમજથી તઇયારી કરી રાખે છે તે કદી દોડધામ કરતો નથી, યા ન ધારેલા બનાવોથી કદી હેરત થતો નથી દોડધામ અને ધાંધલ ધરપચ કરવાથી ઉપયોગી અને મોટા માણસમા ખપશુ એવો વીચાર રાખવો એ શરયામ હેમકાઇ છે—માત્ર એક ખોટો ધખારો છે.

---

ગુનાહ તે શુ ? જુઠાઇ, હરામખોરી, દગો, કીનો, કપટ, અનીતિ અજાણપણે એક વાર ગુનાહ થયલો ખોદા માફ કરે પણ જાણીજોઇને અનેકવાર કીધેલો ગુનાહ તે કદી માફ કરતો નથી.

ત્રણ ચીજથી માણુસનું અંતઃકરણ બગડે છે - મોજમજાહ ભોગવવાનો લખ, દુન્યાદારીની તકલીદી ચીજો મેળવવાનો લોભ, તથા પોતાનો અને પોતાનોજ વીચાર, એટલે ઘણા વરસ જીવ્યા કરૂં, પૈસાવાળો થાઉં, વાડી બંગલે રહું, વગેરે, જે પોતાના અંતઃકરણમાંથી એ સઘળી ઇચ્છાઓ ધોઇ કહાડે છે, ઇદરીઓને તૃપ્ત કરવાની ખાએશને દુર કરી નાંખે છે, ધનદોલત મેળવવાનો લોભ મનમાંથી કહાડી નાખે છે અને પોતાના લાભ માટે યા પોતાના સુખ માટે ગણત્રીઓ કરવાનું માંડી વાળે છે તે સંપુર્ણ શાંતીવાળી સુખવાસી જીંદગી ભોગવી શકે છે-તેને દુન્યામાં કશી વાતની ફીકર ચીંતા રહેતી નથી. એવો માણુસ ગરીબાઇમાં કે તવંગરીમાં--ફતેહમાં કે નીશફળતામાં-- જીતમાં કે હારમાં, એકસરખો શાંત અને સંતોષી રહે છે તેનું સુ.ખ જાહુજાનું અને શાંતી કાયમની થઇ રહે છે.

અંતઃકરણ અને જીભ વચ્ચે ફક્ત એક બીલસ-નોજ તફાવત છે જેવુ અતકરણ હોય તેવાજ શબ્દો મોહડામાથી બાહેર પડે છે જે અતકરણ ઉપર અહુરમઝદનો પ્રકાશ પડે છે તે માણસના મુખમાથી, ગમે તેવી બાબદની વાતચીત દરમ્યાન, સચ્ચાઇ, નરમી અને દીલસોજીના શબ્દો નીકળે છે. તેથીજ અહુરમઝદને આપણા અતઃકરમાં સમાવી દેવાની આપણી ફરજ છે પણ તે માટે શીરીઆઉસ ડાચુ કરીને, યા હાથમા હાણુની હારડી લઇને ભગત બની જવાનો ખોટો દેખાવ કરવાની કાઇબી જરૂર નથી જરથોસ્તી ધર્મ, સસાર તજીને અને જગલમા જઇને જોગી બની જવા કહેતોજ નથી સસારમાં રહીને ઇદ્રીઓના વીશયો દુર કરીને અને બદી સામે લડત ચલાવીને વહીના માર્ગમાં આગળ વધવાનુ શીક્ષણ તે આપણને આપે છે તેવી રીને આગળ વધવા માટે અતઃકરણને ખુલ્લુ કરી દઇને તેમા અહુરમઝદને સમાવી દેવાની જરૂર છે.

દુન્યાના રંગધંગ અચોક્કસ છે. કાલે શું થશે તે કોઇ જાણતું નથી પણ તેથી આજે ઉદાસ થવાની કાંઇબી જરૂર નથી આવતી કાલે વાદળ ઘેરાવાનું હોય, તેનો અંધકાર આજે આપણી ઉપર પડે એવી અહુરમઝદની ઇચ્છા છેજ નહીં. તેની ઇચ્છા તો એવી છે કે ઇન્સાનોએ આજને માટેજ જીવવું, આજના આશીરવાદો ભોગવવા અને આજે જેબી કામ હોય તે બજાવવું. પછી આવતી કાલે આફત આવવાનીબી હોય, તો શું થયું? કેટલાકો સવાલ પુછે છે કે આવતી કાલે આફત આવવાની છે તે જાણ્યા પછી આજે નીરાતે કેમ બેસાય? કા નહી બેસાય? મન ઠેરવીને અહુરમ. ઝદ ઉપર સંપુરણ ઇતબાર રાખવાથી અને દરેક પગલે તેની મરજીને તાબે થવાથી ગમે એવી મોટી આફત વચ્ચેબી નીરાતે બેસી શકાય છે જેઓ દરરોજ અહુરમઝદની મરજીને આધીન થાય છે, તેઓને આફત વખતે અહુરમઝદ પોતાની પાંખો હેઠળ ઢાંકી દે છે.

## ૨૦૮ રોજ જમીઆદ-માહા મેહેર.

કાન ભભેરવાનુ કેટલુ બધુ સહેલું છે ! બે માણસો વચ્ચે સહેજ અણબનાવ હોય તે વખતે બેમાનો એક જણ આગળ બીજાને માટે મીઠુ મરી ભભરાવીને કાંઇ કહયુ હોય, તો તેઓ વચ્ચેનો અણબનાવ મોટી દુશ્મનાઇનુ રૂપ લઇ લેશે. ઘણુ કરીતે જે માણસ સાથે આપણે વાત કરતા હોઇયે તેને ટેકો આપવા માટેજ પેલા ત્રીજા ધણીની વીરૂધ આપણે બોલીએ છીયે પણ તેથી તેઓ બને વચ્ચેનો અણબનાવ વધી જવાનો સભવ રહે છે એવી રીતે અજાણપણાથી આપણે કોઇ બે જણા વચ્ચે દુશમનાઇ કરાવનારા થઇ ન પડીયે તે માટે ખુબ સાવચેત રહેવુ જોઇયે ઇનસાનની ફરજ તો દરેક ઠેકાણેથી દુશ્મનાઇ દુર કરીને સુલેહ સપજ ફેલાવવાની છે તેજ ખરી ફરેસતાઇ ખસલત છે. એવો એક "સુલેહનો કાસદ" ખરેખરો આશીરવાદ સમાન થઇ પડે છે

---

પારકી આશા સદા નિરાશા.

માણુસો મનની શાતી માટે બંદગી કરે છે અને તે છતા પોતાના ક્રોધને વળગી રહે છે તેઓ એકબાજુથી મારામારીનુ ઉતેજન આપે છે, અને બીજી તરફથી શાતી મેળવવાની દુવા ગુજારે છે. આ પ્રમાણે વર્તવુ એ શર્યામ અજ્ઞાનપણું છે. ધીક્કાર અને પ્યાર તેમજ મારામારી અને શાતી એ બને એકજ અતકરણમાં સાથે વસી શકે નહી જે અતકરણમા ધીક્કારને આવકાર દાયક પરોણા તરીકે દાખલ કરયો હોય, તે અતકરણમા ધીકારની સાથે પ્યાર રહી શકેજ નહી. જે માણુસ બીજાઓને ધીકક્કારે છે, તે પોતે બીજાઓથી હીણાય છે બીજાઓને પોતાના દુશ્મન થયલા જોઇને તેણે અજાયબ યા દલગીર થવુ જોઇયે નહી તેને જો શાતી મળતી ન હોય, તો તેણે જાણવુ જોઇએ કે મારામારીને ઉનેજન આપીને શાંતીને નસાડનારૂ મુળ તેના પોતાનામાજ છે.

---

**મહેનત વગર દ્રવ્ય મેળવવાની આરજુ ના કરતો.**

લોકો સાધારણ રીતે ધાર્મીક જીંદગીનો જે અર્થ કરે છે તેના કરતા ખરેખરી ધાર્મીક જીંદગીનો અરથ કાંઈ જુદોજ થાય છે જે દરરોજ પોતાની અસ્વચ્છ ઇચ્છાઓને તૃપ્ત કરયો જતો હોય અને પોતાના દુરગુણો તજી દેવાની ઇચ્છા રાખતો ન હોય તે ધર્મી નહી પણ અધર્મી ગણાય. એવો માણુસ દરરોજ બંદગી કરતો હોય અને પોતાના ધરમને લગતા કીયા કામો કરતો યા કરાવતો હોય, તો તે છતાંએ તે અધર્મીજ કહેવાય બીજા હાથ ઉપર જે માણુસ કદી બંદગી કરતો ન હોય, પણ તે છતા નીતીમાન જીંદગી ગુજારતો હોય અને પોતાના હવસો તથા હલકી ઇચ્છાઓને દરરોજ દાબ્યો જતો હોય તે ધર્મી પુરૂષ લેખાય. હવસને દાબવો, ગુસ્સાઓને કાબુમાં રાખવા અને ઈંદ્રીઓને વશ કરવાની ઇચ્છાઓને મનમાંથી દુર કરી નાંખીને અંતઃકરણને સ્વચ્છ કરવુ, તેજ ખરેખરો ધર્મ છે.

ચઢતી કેળવણી લેવાથી માણસને સાધારણ જ્ઞાન મળે છે, પણ ઇશ્વરી ડહાપણ કાંઇ તેથી મળતું નથી. અવસ્તાનો મોટો પોથો લઇને ઘણાઓ ન્યાયશ તથા યશતો પડપડ ભણી જાય છે, પણ તેથી કાંઇ તેઓને શાંતી મળતી નથી કોઇબી બાબદમા ખરૂં ખોટું શું છે તે જાણવું હોય તો માણસે પોતાના અંતઃકરણમાં તે માટે શોધખોળ ચલાવવી જોઇયે. એવી શોધ ચલાવનારને ખરે માર્ગે દોરવવામાં અંતઃકરણ કદીબી નીશફળ નીવડતું નથી. ઇશ્વરી ડહાપણ કાંઇ યુનીવરસીટીની ડીગ્રીઓથી મળતું નથી-માત્ર નેકી અખત્યાર કરયાથીજ તે મળી શકે છે શાંતી મેળવવા માટે પાપથી નીરાળી સ્વચ્છ જીંદગી ગુજારવાની જરૂર છે નેકી અખત્યાર કરીને સ્વચ્છ જીંદગી ગુજારનારાઓ કદીબી દુખી થતા નથી. એકબારગી દુખનું વાદળ જો તેઓને માથે ઘડીભર ઘેરાય છે તો તે સવારના ધુમસની પેઠે સહેજ વખતમાં વીખરાઇ જાય છે.

વાત્રણી કરયે તોજ કાપણી થાય. આપણે બીજાઓને કાઇ આપ્યે, તોજ બીજાઓ તરફથી કાંઇ મેળવવાની આશા રાખી શકીએ. એ મુજબ ગમે એવો નાનો અને નજીવો પરમાર્થ કરવા માટેબી આપણને કાઇક ભોગ આપવો પડે છે કાઇબી ભોગ આપ્યા વગર કોઇનુ કાંઇ કામ કરી આપ્યે તેમાં કાંઇ મોટી વાત નથી તેજ મુજબ કોઇને કાઇ આપ્યે કે જેથી આપણને પોતાને કાઇ ખોહવુ પડતુ ન હોય, તો તેબી કાઇ ખરો પરમાર્થ કહેવાય નહીં ખરો પરમાર્થ તો તે છે કે મનને મારીને, જાતી ભોગ આપીને અને અગવડ અડચણ ખમીને બીજાઓને મદદ કરવી અને તેઓનુ ભલુ કરવુ એવા પરમાર્થથીજ અહુરમઝદને ખુશનુદ કરી શકાય છે અને તે બેહેસ્તનો મારગ ખુલ્લો કરે છે

---

પામેલી કીર્તિ બહુ વખત રહશેજ નહી

જે માણુસ પોતાનાં મન ઉપર કાબુ રાખીને પોતાના ગુસ્સાઓને દાબે છે, તે ધીમે ધીમે મહાત્માના દરજ્જાએ પુગે છે મનને સંપુર્ણ કાબુમા રાખ્યાથી માણુસ દરેક જાતનો સદગુણ મેળવે છે અને આયદે એક પહરેજગાર અને અશો નર થઇ પડે છે. જેમ જેમ એક માણુસ અશોઇમા આગળ વધતો જાય છે, તેમ તેને સમજ પડે છે કે આ દુન્યામા બદીનુ કાઇ બળ છેજ નહી, સીવાય કે તે બદીને આપણી તરફથી કાંઇબી સીધુ યા આડકતરૂ ઉતેજન મળે તેથીજ બકદારોની બદીથી પોતાને કાઇ ઇજા થવાની ધારતી અશો માણુસો રાખતા નથી—તેથીજ તે બદી સામે તેઓ કાઇ લડત ચલાવતા નથી યા તે સામે પોતાનો બચાવ કરતા નથી એવા અશો માણુસો ડહાપણ, ધીરજ દયા અને નેકીના સદગુણો ધરાવે છે, અને તે સદગુણોની બરકતથીજ હમેશની શાતીભરી જીદગી તેઓ ગુજારે છે.

માણુસના વસવાટ માટે નેકીના મ દીર જેવુ સુખ સગવડભરયુ અને શાતીવાળુ બીજુ કોઇ મકાન નથી હરેક માણુસ ચાહે તો એક પાઇનાબી ખર્ચ વગર પોતાને માટે એ મકાન બાધી શકે, અશોઇ, ડહાપણુ, દયા અને પ્યારથી તેની ચાર દીવાલો બાધી શકાય છે મકકમ ઠરાવની બોંય અને શાતીનુ છાપરૂ બનાવ્યુ કે આખુ મકાન તઇયાર, એ મકાનમા દાખલ થવા માટે બીનસવાર્થી ફરજનો દરવાજો મેલવો જોઇયે એવા મકાનમા વસનારાઓની આસપાશ અહુરમઝદ તરફનુ વાતાવરણુ ફેલાઇ રહે છે અને ખુશાલીના સ ગીતથી તેઓનુ મગજ તર રહે છે. એ મકાન નાશ નહીં પામે એવું ધરખમ હોય છે અને તેમાં રહેનારાઓને બીજે કેઠે આસરો શોધવાની યા આવતી કાલનો વીચાર કરવાની જરૂર પડતી નથી.

---

"સારા શબ્દો હમેશા બોલજો કે તે માટે પૈસા તમોને ખરચવા પડવાના નથી."

જે માણુસ ખુદ પોતાને જીતી શકે તેની આગળ આખી દુન્યા જીતનારો શુરવીર કુચ્છ બીસાદમાં નથી. આખી દુન્યા જીતવા છતાં તે ધણી જો પોતાના મીજાઝ ઉપર, પોતાની લાગણીઓ ઉપર, પોતાના ગુસ્સા ઉપર અને પોતાની ઝબાન ઉપર કાબુ રાખી ન શકે, તો આખી દુન્યા જીતવાની તેની બાહાદુરી શા ખપની? તેને બદલે જે ધણી ખુદ પોતાને વશ કરે તે ખરેખરો શેરમરદ લેખાય બરખેલાફ થએલા મીજાઝને દાબી દઇ, તપી આવેલા દેમાગને શાંત રાખવાનુ કામ અલબતા સહેલુ નથી. પણ તેમ છતા દરેક જણ જો ચાહે તો એ કાબુ મેળવીને ખરેખરા શેરમરદોની સફમા બીરાજી શકે. ફકત કોશેશ કરવાનીજ જરૂર છે. દરેક જણ તે આજથીજ કાં નહી કરે?

---

ખોટા ખર્ચ ને આવક થોડી,
ખરાબે અટકાવે હોડી.

## ૨૧૬ રોજ ઓરદાદ-માહા આવાં.

"આજે સચ્ચાઇની દુન્યા નથી--જો પ્રમાણીકપણે ચાલ્યા તો માર્યા જવાનો સોદો" આવો વિચાર જેઓ કરે છે, તેઓ ખરી આબાદી ભોગવી શકતા નથી વેપાર ધંધામા અને નોકરી ચાકરીમાં હરીફાઇ પુશ્કળ વધી ગઇ છે તે ખરી વાત, પણ માત્ર એ "હરીફાઇ"ને ખાતરજ સચ્ચાઇ યા પ્રમાણીકપણામા ખતરો પડવો જોઇએ નહી. લુચાઇ લફ્ંગાઇ કરનારાઓ તુરતવેળા ફાવે છે ખરા-- વાડી બંગલે રહીને ગાડી ઘોડે ફરે છે ખરા, પણ તે થોડોજ વખત સેવટે તો સત્ય અને પ્રમાણીક પણાનીજ જય છે કુદરતનો કાયદો અચુક છે- નીતીથી વેગળા જનારાઓ તેના પંજામાથી કદીબી છટકી શકતા નથી. જેઓ લુચ્ચાઇમા મચ્યા રહે છે તેઓ પોતાનો બચાવ કરે છે કે, "શું કર્યે, ધંધાની હરીફાઇને લીધે એ પ્રમાણે કરવુ પડે છે" પણ જેઓ સચ્ચાઇ અને નીતીના માર્ગેજ ચાલેછ તેઓ વધ્યા જાય છે, તેઓને એવો કશો તકલીદી બચાવ કરવાની જરૂર પડતી નથી.

મોહડે ચહડીને મોટાઇ માગવાથી માણુસ મોટો ગણાતો નથી જેઓ મોટા માણુસમા ખપ-વા માગતા હોય, તેઓએ પહેલા નેકી અને ભલાઇ કરતા શીખવુ જોઇએ. દુન્યામાં જે ખરેખરા મહાન નરો છે, તેઓ નેક, ભલા અને સાદા છે તાણી તોડીન મોટા માણુસમા ખપવાની કોશેશ કરવાથી જગમા સામી હસી થાય છે જેઓ નેક અને સાદી જીદગી ગુજારવા સાથ લોકોની નજર આગળથી દુર રહે, તેઓને મોટાઇ ઘર બેઠા જઇ મળે છે મોટા માણુસમા ખપવાનુ ડોલ ઘાલવુ અને મોટાઇ મેળવવાની ખાએસ રાખવી, એ માણુસની એક મોટી નબળાઇ છે જેઓ એ નબળાઇથી નીરાળા છ, તેઓ પોતાની નમનતાઇના નીચાણ ઉપરથી આપ મેળે મોટાઇના ઉંચાઇ ઉપર જઇ પુગે છે

---

ખાવામાં ખાનું પણ ભુખ વિના તે ભાવે નહિ,
ગળામાં ગાનુ પણ ઉલટ વિના આવે નહિ.

નેકીની સદા ફત્તેહ છે–બદીની સદા હાર છે–અહુરમઝદનો તે ધનસાશી કાનુન છે નીંદા કરનારાઓ અને બદીમાં ગરકાવ થયલા માણુસો થોડોક વખત ફાવી જાય એ બનવા જોગ છે–પણુ તે થોડોજ વખત સેવટે તો નેકીનીજ ફતેહ છે પ્રમાણીક માણુસ થોડાક વખત નીશફળ નીવડે એ પણુ બનવાજોગ છે અને તેબી થોડોજ વખત–સેવટે તો તેની ફત્તેહજ છે આ દેખ• છતી દુન્યામાં એક પણુ હથીઆર એવુ નથી કે જે નેક અને પ્રમાણીક માણુસને કાઇબી રીતે હેરાન કરી શકે નેકીનુ હથીઆર એવુ બળવાન છે કે તેની આગળ માણુસનાં બનાવેલા બીજા સઘળા હથીયારો રદ છે નેકીના હથીયાર ઉપર મુસ્તાક રહેનારો માણુસ દુન્યામાં કદી મોહતાજ રહેતો નથી

---

માનવથીજ બની શકે છે મનગમતો શરાબ,
પણુ શરાબથીજ બની શકેછે ઇજ્જત પણુ ખરાબ.

પોતાની જીભ ઉપર કાબુ રાખનાર માણસ એક વીદવાન કરતાબી વધારે મોટો છે, પોતાના મન ઉપર કાબુ રાખનાર માણસ આખી દુન્યા ઉપર હકુમત ભોગવનાર રાજા કરતાબી વધારે બળવાન છે, અને જે માણસ પોતાની ઇચ્છાઓ, લાગણીઓ અને જુસ્સાઓ ઉપર કાબુ રાખી શકે છે, તે ખરેખરો મહાત્મા છે ઇંદરીઓની ગુલામગીરીમા સપડાયલો પુરૂષ એક નર નહી પણ મોટો ખર છે ઇનશાન જ્યાં સુધી પોતાના અંતરને ધીરજથી સ્વચ્છ કરવાની શરૂઆત કરતો નથી ત્યા સુધી તે હમેશની શાંતીના મારગમા આગળ વધી શકતો નથી. એવી શરૂઆત પછીજ માણસ પોતાના દીલમાનો મેલ દુર કરી નાખીને સ્વચ્છ થાય છે, તેનુ અજ્ઞાનપણુ પોતાની મેળે નાશ પામે છે, અને એકવાર અહુરમઝદનું જ્ઞાન થયુ કે તે પછી દુખ અને ફીકર ચીંતા શુ તે માણસ બીલકુલ જાણનો નથી.

**માહા ૮ મો આવાં**—આવા રોજે અરદ્વીસુરનુ જશન, આવા એ પાણી ઉપર મવકલ ઇજદ છે એની ઉપરનો મવક્કલ ઇજદ **અનાહીતાને** નામે જણાયલો હતો એ નારી જાતી ઇજદ છે. આવા યસ્તમાં કહેલુ છે કે એ ઇજદ તન્દરોસ્તી આપનાર, જીંદગીને વધારનાર, દેશોને આબાદ કરનાર, જનનારી માતાઓને સેહેલાઇથી જન્મ આપવાનુ બક્ષનાર, તથા તેઓને લાયક અને વખતસરનુ દુધ આપનાર છે. આવા યસ્ત પ્રમાણે અસલી ઇરાની પાદશાહો, પેહલવાનો, અને ખુદ પેગમ્બર જરથોસ્ને પણ તેણીની બંદગી કરી મુરાદ ચાહી હતી. ભલા લોકોએ બંદગીથી ચાહેલી મુરાદો અરદ્વીસુરે બક્ષી હતી અને બુરાઓની ચાહેલી મુરાદો હાંસલ થઇ નહી હતી

આવા મહીનાના હોરમજદ રોજથી તે અસ્પંદાર મહીનાના વેહસ્નોઇશ્ત ગાથાના દીવસો સુધી બપોરે ૧૨—૩ રપિથ્વનને બદલે હાવન ગેહ ભણવી કારણ કે એ અસલ ઇરાનમા શીઆળાના હતા

નવાં કપડાં પહેરવા અગાઉ પહેલા શરીર ઉપરનો જુના કપડા કહાડી નાખવા જોઇયે તેજ મુજબ નેકીની નવી જીદગી શરૂ કરવા અગાઉ પહેલા બદીના જુના વિચારોને દુર કરી નાખવા જોઇયે સાધારણ રીતે આપણી ખાસીયત અધીરાઇ, અદેખાઇ, ગરૂરી, તુદ મીજાઝ અને બદીની બનેલી હોય છે એ જુની ખાસીઅત જો પહેલાં નાશ પામે, તોજ તેની જગ્યા નમનતાઇ, ધીરજ, અશોઇ, નરમાશ અને પરમાર્થની નવી ખાસીયત લઇ શકે. પાપ અને ગમગીનીની જુની જીદગીને દુર કરી નાખ્યે તોજ અશોઇની ખુશાલીભરી જીદગીની શરૂઆત સાથ જે કાઇ જુનુ પુરાણુ અને કદરૂપુ હોય તે નવુ અને સુદર થઇ જાય છે. સૃષ્ટીનો આ નીયમ જેઓ પીછાને છે, તેઓને આત્માનુ હમેશનું રહેઠાણુ-બેહેસત-મળી શકે છે.

---

પૈસા ઉડાવે તે અગાઉ ભવિષ્યનો વિચાર કરજે.

ઇન્સાનની મુખ્ય ફરજ અહુરમઝદને ખુશનુદ કરવાની છે તેને ખુશનુદ કરવાનો એકજ માર્ગ છે અને તે એ કે દુન્યાને ઉપયોગી થઇ પડવુ, કુલ ઇન્સાન જાતની સેવા બજાવવી, તેઓને મદદ કરવી, તેઓ તરફ દીનસોજી દેખાડવી અને તેઓનું ભલુ કરવુ ને જોતા આ દુન્યામા આપણે દરેક માણસના કરજદાર છીયે કારણ કે અહુરમઝદને ખુશનુદ કરવા માટે તેને મદદ કરવા અને તેનુ ભલુ કરવાને આપણે બધાયલા છીયે આપણે નીરાતે બેસી રહીએ અને બીજાઓ આપણી સેવા બજાવે એ કાઇ અહુરમઝદને જઇ મળવાની રીત નથી તેને પહોચવા માટે તો મનને માર વાની, લોભ લાલચો સામે લડત ચલાવવાની અને કુલ ઇનસાન જાતની સેવા બજાવવાની જરૂર છે. તેથી અહુરમઝદ ખુશનુદ થઇને સેવા બજાવનારાઓને પોતાની પનાહ હેઠળ લે છે.

---

શક્તિ ઉપરાંત કામ ના કરતો.

અહુરમઝદ આપણુ ઇનશાનો પાસે શુ માગે છે? એટલુજ કે તમારી ગુંજાસ હોય તેટલુ કરો. મોટી બાહોશી અને જબરી દોલતવાળા માણુસો મોટો પરમાર્થ કરે યા દુનીયાની મોટી સેવા બજાવે, તેવીજ સેવા અને તેવોજ પરમાર્થ દરેક ઇનશાને કરવો જોઇએ એવી વકી અહુરમઝદ રાખતોજ નથી અહુરમઝદે આપણી ઉપર અકકલ બુદ્ધી યા પઇસાની જેટલી નવાજેશ કરી હોય તેટલી-અને તેટલીજ ફકત-સેવા આપણે બજાવી શકયે, અને આપણી મવસર મુજબની તે સેવા અહુરમઝદની નજરમા પુરતી છે એક કરોડપતીની પાચ દશ લાખ રૂપીઆની સખવત અને એક ગરીબ માણુસની પાચ દશ રૂપીઆની સખાવત-એ બને અહુરમઝદની નજરમા એકસરખી છે કારણુ કે બને જણાએ કરેલો પરમાર્થ, તેઓ બનેની ગુંજાસ જોતા એકસરખો છે. ગરીબ માણુસો તરફનો પરમાર્થ નાનો હોવા છતા તે કોઇ વાર કરોડપતીઓની લાખો રૂપ્યાની સખાવત કરતા વધારે આશીરવાદ સમાન થઇ પડે છે તે ધ્યાનમા રાખીને કોઇએબી પાઇ પઇસાની નાની સખાવત કરતા અચકાવુ જોઇયે નહી.

આપણે જો અહુરમઝદની કાઇમી સેવા બજાવ્યે નહી, તો સાચ્ચા જરથોસ્તી કહેવાઇયે નહી અહુરમઝદની એવી સેવા બજાવવા માટે ઘરની બાહેર યા શહેરની બાહેર જવાની કાઇપણ જરૂર નથી જેઓ આખો દહાડો કામકાજમા રોકાઇ રહેતા હોય અને ગરીબ લાચારોનુ ભલુ કરવાનો વખત ફાજલ પાડી શકતા ન હોય, તેઓએ તેથી કાઇ નીરાશ થવાનુ નથી દરરોજના ચાલુ કામકાજ દરમ્યાન જેઓ આપણા સબધમા આવતા હોય તેઓ સાથે માયાથી વર્તયાથી, આપણા કુટુબની અને ફરજદોનો માયાભરી જતન કરવાથી અને અગવડ સગવડે ઘરના ભરભાડુતો તથા પાડોસીઓનુ કામકાજ કરી આપ્યાથીબી અહુરમઝદની સેવા બજાવી શકાય છે, ફકત એકજ સાવચેતી રાખવાની છે અને તે એ કે જેબી કાંઇ કરવુ હોય, તે અહુરમઝદના નામથી અને તેને ખાતરજ કરવુ અહુરમઝદની એવી સેવાબી બદલો મળયા વગર ફોકટ જતી નથી

પયગામ્બર સાહેબ અશો જરથોસ્તનો જન્મ ખોરદાદ સાલને દિવસે આપણા કદીમ ઇરાન વતનમા આવેલા "રએ" શહેરમા થયો હતો માતા "દોગદો" અને પીતા "પોરોચસ્પ"ની દીન રયનની પવિત્ર બદગીના બળે પાક પરવરદીગારે તેમને ઘેરે આ એક રોશન ચેરાગ સપુર્દ કીધો હતો

---

ત્રણ ચીજ માટે માણસે ધીરજ રાખીને સતોશી થવું જોઇએ:—જીદગીમા જેબી કાઇ બનાવ બને તે માટે, પરવરદેગારે જેબી કાઇ આપ્યુ હોય તે માટે, અને પોતાના નેક વીચારો માટે, જીદગીના દરેક સારા તેમજ માઠા બનાવ માટે ધીરજ રાખીને સતોષ પકડવાથી માણસનુ દુ:ખ અને બળાપો ઓછો થાય છે. પરવરદેગારે જે કાઇ આપ્યું હોય તે ઉપર શુકરાના કરવાથી વધુ અને વધુ પૈસા મેળવવાનો અણઘટતો લોભ માણસને થતો નથી, યા બીજાઓની ચહડતી હાલત જોઇને અદે-ખાઇ લાગતી નથી નેક વીચારો માટે સંતોશ લેવાથી માણસ શાતીનુ મોટુ સુખ ભોગવી શકે છે.

માણસનો આત્મા અહુરમઝદથી જુદો નથી અને દરેક માણસની મેનટની નેમ અહુરમઝદ સાથે મળી જવાની છે અહુરમઝદ મળે નહીં ત્યાં સુધી આત્મા સંતોષ પામતો નથી દુન્યાવીગીની મોજમજાહ, માયા અને લોભ લાલચો ઉપરથી માણસનું મન જ્યાં સું'ધી ઉઠી જતું નથી અને જ્યાં સુધી માણસનો આત્મા તેની અસલ જગાએ જતો નથી એટલે અહુરમઝદ સાથે મળી જતો નથી, ત્યાં સુધી માણસના અંતઃક-રણ ઉપર દુઃખ અને દલગીરીનો બોજો ચાલુ રહે છે એક મોટા મહાસાગરના પાણીનું ચાણું નાનું ટીપું જેમ તે મહાસાગરના પાણીના જેવાજ ગુણો ધરાવે છે તેજ મુજબ અહુરમઝદથી જુદો પડેલા માણસ-સનો આત્મા ખુદ અહુરમઝદના જેવા ઉત્તમ ગુણો ધરાવે છે વળી મહાસાગરથી જુદું પડેલું પાણીનું ટીપું, જેમ કુદરતના કાયદા મુજબ મેનટે પાછું, મહા-સાગરમાંજ જાય છે તેજ મીસાલે આપણો આત્મા કુદરતના અચુક કાયદાથી રૂએ પાછો પોતાના મુળને એટલે અહુરમઝદની જોડે મળવો જોઇએ

પરમાર્થ નાનો હોય કે મોટો, પણ તેનો બદલો અહુરમઝદ તરફથી મળ્યા વગર રહેતો નથી. એક લક્ષાપતી શેઠયો હજારોની મખાનત કરે અને એક ગરીબ ગુજરાનવાલો આસામી પાઇ-પઇસાની ખેરાત કરે, તે બને અહુરમઝદની નજરમા એક-સરખા છે, કારણ કે તેઓ બનેએ પોતાની ગુંજાશ મુજબ એકસરખો પરમાર્થ કર્યો છે ધર્મનો મુળ પાયો દયા અને પરમાર્થ ઉપર રચાયલો છે અને પરમાર્થ વગર જીંદગીનુ સાર્થક થતુ નથી પરમાર્થ કરતા પૈસો કદી ખુટતો નથી ખરો પરમાર્થ કર-વામા પૈસા જેમ જેમ ખરચાતો જાય છે, તેમ અહુરમઝની ગેબી મદથી તે પાછા વધુ અને રહુમ પાક થતો જાય છે

---

જીંદગી છે આત્માની ઇચ્છા ભલી,
છુપી રહે યા કદી જાહેરગી થાય,
ભેટી આતશની છે હીનચાલ ખરી,
છે છાતીમા તલમલતી સદા દેખાય.

દુખમાં સુખ સમાયેલુ છે તે કેમ સમાયલુ છે તે આપણુ ઘણાઓ બરાબર સમજતા નથી. દુખ જો ખરી રીતે યાને મોકળુ રાખીને કાઇમી બળાપા વગર હીમતથી સહન કર્યું હોય તો તેમાથી સુખ મળી શકે છે. પેલી દુન્યાની વાત તો બાજુએ રહી, પણ ખુદ આ દુન્યામાથી તેનુ ફળ મળી શકે છે દુન્યામા દરેક માણસને એક યા બીજા આકારમા દુખ તો ખમવાનુ છેજ, પણ તે દુખમા સમાયલા સુખનો લાભ મેળવવાનુ કામ આપણુ પોતાનુ છે આફત અને હાદેશા વચ્ચે નેકીથી ચાલીયે અને તે આફત સામે હીમતથી લડત ચલાવ્યે, ત્યારેજ તેમા સમાયલુ સુખ આપણુને મળી શકે જેઓ દુખ અને જ જાળથી કટાળીને મનમા મુઝાય છે, તેઓ પોતાની જીદગીને બીનજરૂરે કગાળ બનાવે છે અને એ રીતે પોતાના દુખમા સમાયલો લાભ તેઓ મેળવી શકતા નથી તેને બદલે જે ઘણી ગમે એવા દુખ વચ્ચે સપુર્ણ શાતી જાળવી રાખીને આફત સામે બળાનવારીથી લડત ચલાવે છે, તે દુખના ઢાકણ હેઠળ છુપાયલા સુખનો લાભ મેળવી શકે છે

દુન્યામા જ્યાં જોઇએ ત્યા ઉદાસી, ગમગીની, દુખ અને સતાપ નજરે પડે છે તે સઘળાને હાકી કહાડીને સુખ, સતોષ અને આબાદીનો ફેલાવો કરનારા ઇનશાનોની આ ધરતી ઉપર જેટલી જરૂર છે તેટલી બીજા કશાની નથી. તેથીજ અહુરમઝદે સુખ અને આબાદીનો ફેલાવો કરવાને ફરમાવ્યુ છે અહુરમઝદ ઉપર સપુર્ણ ઇતબાર રાખનારા માણસો આ દુન્યામાં અધકારને ઉજા-સમા, નીરાશીને આશામા અને ગમગીનીને ખુશા-લીમા ફેરવી નાખી શકે છે દરેક ઇનશાન જો ચાહે તો દુન્યામા સુખ અને આબાદીમા કાંઇ નહી તો થોડોકબી વધારો કરી શકે પોતે ખુશાલ રહીને, દુખીઓને દીલાસો દઇને, ગરીબ લાચારોને મદદ કરીને, જ્યાંબી જઇયે ત્યા ચોતરફ ભલાઇ અને પરમાર્થ કરીને, દુખી દુન્યાને સુખી બનાવવાનુ દરેક ઇનશાનના હાથમા છે.

એક ઇનસાન પોતાની ગમે એવી નાની ફરજબી બરાબર અદા ન કરે તો તેથા આખી સૃષ્ટીના બેગા કામમાબી ખલલ થાય છે.

જીંદગીની નેમ આપણ ઘણાઓ ધાર્યે છીયે તેથી કાંઇક જુદીજ છે પેટ ભરીને જમવુ, સારા સારાં કપડાં પેહેરવા અને મને એટલી એશઆરામમા રેહેવુ, તેથી કાં' આ દુન્યામા જનમ લેવાનો ફેરો સફળ થતો નથી જીંદગીની ખરી નેમ તો એ છે કે અહુરમજદના માર્ગમા આગળ વધવુ અને કોઇથી આપણી તરફ આગળી મતાવી ન શકે એવી રીતે દુન્યામા રાહુ પુરૂષોએ ખરા મરદ બચ્ચાને છાજતા સદ્ગુણો અખત્યાર કરવા અને સ્ત્રીઓએ નાગી જાતીને દીપવનારી રાહરીતીઓથી પોતાના મમાનને ગોભાવવો જે મુજબ અમલ કર્યાથી અહુરમજદ આપણને એવી આશીરવાદ સમાન વાતીમા દોરી લઇ જાય છે કે જેની બરકતથી સઘળા બલાઓ ઉપર આપણે ફતેહ મેળવી શકીયે છીયે આ દુન્યામા બનતા કોઇબી બનાવથી અહુરમજદ તરફની એ ગતીમા એક કતરાભારબી ખલલ થતી નથી

નેક માણુસ પોતાના જુસ્સાઓનો ગોલામ થઇને રહેતો નથી, પણુ તેઓઉપર સરદારી ભોગવે છે. કોઇબી ચીજની ઇચ્છા તે રાખતો ન હોવાથી તે કદીબી નીરાશ થતો નથી મોજમજાહની તલબ થતી ન હોવાથી તે સદા સુખી અને સતોશી રહે છે પોતાના મન ઉપર મજબુત કાબુ મેળવેલો હોવાથી તે જાથુકી શાતીમા લોટે છે. બીજા હાથ ઉપર નેકીથી વેગળો ગયલો માણુસ હમેશ પોતાના મનમા જુસ્સાઓથીજ દોરવાઇ જાય છે. તે ચાલુ પૈસાટકાની અને મોજમજાહની ઇચ્છા રાખતો હોવાથી, તે ચીજો જ્યારે નથી મળતી ત્યારે દુખી અને નિરાશ થાય છે પોતાની લાગણીઓ અને જુસ્સાઓ ઉપર કાબુ રાખવાની જરૂરયાત તે પીછાણુતો નથી અને એ રીતે તે ચાલુ ચટપટ અને અશાંતીમા પોતાનો ભવ પુરો કરે છે.

---

મોટાઇ મેળવવા માટેજ મોહામાં બેગાનો ના."

સઘળાં માણુસો લોભ લાલચની જાળમાં એક સરખા ફસી પડતાં નથી. કેટલાક ઇનસાનો એવા મીઠા સ્વભાવના અને શાંત પ્રકૃતીના હોય છે કે કોઇબી ચીજથી તેઓ ઉપર અસર થતી નથી. તેઓની એવી શાંત પ્રકૃતીથીજ અહુરમઝદ જાણે તેઓને બદી સામે બચાવતો હોય તેમ લાગે છે. પણ બીજા હાથ ઉપર કેટલાક આમામીઓ ચોતરફ લોભ લાલચમાં અને બદીમાં સહેલાઇથી ફસી પડે તેવી ખાસીયતના હોય છે. સાચી નીતીમાન જીંદગી ગુજારવા માટે તેઓને દરરોજ બદી સામે જબરી જીવતોડ લડત ચલાવવી પડે છે. એવા સહેલાઇથી ફસી પડે તેવા આમામીઓ માટે અહુરમઝદ ઘણીજ મોટી કાળજી રાખીને તેઓને દરેક બનતી મદદ કરે છે, કારણ કે લોભ લાલચ સામે ટકી રહેવાનું મક્કમ મન ધરાવનારા ઇનસાનો કરતાં એવા નબળા મનના માણસોને ફસી પડતાં બચાવવા માટે વધુ મદદ કરવાની તે જરૂર જોય છે.

ઇરાનના કેઆની વંશનો ચોથો પાદશાહ કએ-ખુશરૂએ ગેકીનશીન થવા બાદ પાદશાહ લોહરાસ્પને રાજ્યની લગામ સોંપી એ શાહ ઇરાન કએકાઉસનો જમાઇ થતો હતો પરહેજગારી, સાલેસાઇ, હુસ્યારી, ચાલાકીમા તે પુરો હતો, અને પોતાની બાહોશીથી તેણે રાજ્યમા ઉઠેલા ઘણાક બળવાઓ દાબી દીધા હતા, જેમ કરતા ચીન અને તાતાર સુધી પોતાની સતા લંબાવવાને તે નશીબવંત નીવડયો હતો. એજ પાદશાહની બરકતથી શહેરે બલખમા એક આતશ બાતુ હસ્તીમા આવ્યુ હતુ પાછળથી આ શહેનશાહ અશો જરથોસ્તીની સાથેજ જરથોસ્તી દીનનો પ્રસાર કરતા તુરબરાતુર નામના તુરાની સરદારના હાથ ઉપર એક આતશ કદેહમા ગુજર પામ્યા હતા.

---

ઓ મજદ અહુર! અમો તુને નમીએ, અમો તુને આરાધીએ, તમામ બના વીચારો, તમામ ભલા સખુનો, તમામ ભલા કામોથી અમો તુને પોહોચીએ.

યજશ્ને, હા ૩૫, ફ. ૪-૫.

"તુ વફાદાર રહે!" અહુરમઝદ તરફના આ શબ્દો દરેક ઇનસાનના કાનમા હમેશ વાગ્યા કરવા જોઇયે. આ સૃષ્ટીમા દરેક ઇનસાનને જુદુ જુદુ કામ બજાવવાનુ છે જે ઇનસાન પોતાની પુરેપુરી શકતી મુજબ પોતાનુ કામ ન બજાવે તે અહુરમઝદ તરફ વફાદાર રહેલો કહેવાય નહી દરેક જણને સોપવામાં આવેલુ કામ દરેક જણ જો અચ્છી રીતે મન લગાડીને ન કરે, તો આ જગતના કારોબાર બરાબર ચાલી શકે નહી પોતાના કામમા અહુરમઝદને વફાદાર રહેવુ તે કાઇ ગોદાગના બીછાણા ઉપર આરામ કરવા જેવુ સહેલુ કામ નથી. એ કામ હાલહવાલ રીતે કરીને જલદીથી પરવારી જવાય તેમ નથી "વફાદારીનો" ધોરણ બહુ ઉંચો છે તેનો અરથ એ કે અહુરમઝદ તરફની ફરજ અદા કરવામા દરેક જણે હમેશ પોતાથી બનતુ કરવુ જોઇયે

---

ખરચી ખુટી ને યારી તુટી. (પૈસાના સૌ સાથી)

સરકારનો કાયદો તોડનારને સજા થાય છે, તો કુદરતનો કાયદો તોડનારને સજા ન થાય એ કેમ બને? દુન્યામા જે દરેક દુખ અને વેદના આપણે ખમ્યે છીયે તેથી કુદરતના કાયદાને લગતા ગ્નાનની વધારે નજદીક આપણે જતા જઇયે છીયે નેકીના બદલામા આપણને સુખ મળતુ હોય, તો બદીના બદલામા જે દુખ ઉપજે તે ગેરવાજબી કહેવાયજ નહી આપણે જાણી જોઇને પાપ કરયે, યા કુદરતના કાયદાના અગ્નાનપણામા ગુનાહ થઇ જાય, અને તે પાપ યા ગુનાહની સજામાથી જો છટકી શકાતુ હોય, તો પછી દુન્યામા સનામતી જેવુ કાઇ રેહેજ નહી, તેજ મીસાલે નેકી અને ભલાઇના બદનામાથીબી આપણને માતનજ રેહેવુ પડે દુન્યાના કારોબાર માટે કુદરતે જે કાયદા નકી કરેલા છે તે ઇનસાનોને વાજબી ઇનસાફ આપવા સાથ તેઓને રૂધીના મારગમા આગળ વધારનારા છે એ કાયદાને જેઓ માન આપે છે તેઓ સુખી સતોશી જીદગી ગુજારી શકે છે.

જ્યાંસુધી સ્વાર્થની લાગણી મરતી નથી, ત્યા સુધી કોઇબી માણસ ખરેખરી જીવવા લાયકની જીંદગી ગુજારતો નથી. સ્વાર્થ દુર થાય અને બીજાઓનુ ભલુ કરવાની શરૂઆત થાય, ત્યારેજ જીંદગી ખરેખરી રસકસવાલી બને છે સામો ધણી આપણને શુ લાભ કરી શકશે તેનો વીચાર કદીબી કરવો નહી પણ આપણે પોતે તેનુ શુ ભલુ કરી શકશુ અને કેવી રીતે તેને ઉપયોગી થઇ શકશુ તેનો વીચાર દરેક જણે કરવો જોઇયે. ખરી જીવવા લાયકની જીંદગી તેજ છે પણ ઘણાઓ તે સમજી શકતા નથી તેઓ તો રાત દહાડો વીચાર કરે છે કે કયારે આ બધી જંજાળમાથી છુટયે કે જીંદગીનો બાકીનો ભાગ એશ આરામમા ગુજારયે પણ એ એશઆરામમા કાઇ મીઠાશ છેજ નહી. ખરો મીઠાશ તો બીજાઓનું ભલુ કરવામા અને બીજાઓને ઉપયોગી થઇ પડવામાજ છે.

---

ઘણો પૈસો તેમ ઘણી જંજાળ.

દુરગુણોને જીતીને ઉંચ પ કતીએ જવાનો લોભ દરેક ઇનસાને રાખવો જોઇયે હલકી ઇચ્છા, ખરાબ ટેવ, નામોશીભરયાં કામો કરવાના જુસ્સા તથા બીજાઓ માટેની ખરાબ લાગણીને ટુકડેથીજ ડહામવાની અને કચડી નાખવાની જરૂર છે. તેમ કરવાથી ઉંચ હાલતમા જવાનો રસ્તો ઇન-સાનો માટે મોકળો થાય છે. આપણે જો ઈંદ્રી-ઓને જીતી ન શકયે અને હલકા જુસ્સાઓ ઉપર ફતેહ ન મેળવ્યે, તો દુન્યામા ખરી જીદગી ભોગવેલી કહેવાય નહી અને જીદગીનો ફેરો ફોકટ જાય જેઓ પોતાના ભમતા મન ઉપર કાબુ રાખે છે અને હલકા જુસ્સાઓને દાબી શકે છે તેઓ મરણ બાદ બેહેસ્તનુ સુખ મેળવી શકે છે.

—

ભલી નેક મનશનીમા મશગુલ બનીને,
ગવશનીપે રાખજો સદા એતબાર,
કુનશની વખાણી ખરા દીલથી આજે,
ખુશી કરજો રહેબર પરવરદીગાર.

લોભ લાલચને માહત કરવામા માણસ સાધા રણુ રીતે નીરાફળ નીવડે છે એ નીરાફળતાનો સબબ બે ખોટા ખયાલાતો છે પહેલા એ કે માણસ એમ ધારે છે કે સઘળી લોભ લાલચ માડ-ગી આદીન માણસને લલચાવે અને બીજો એ કે જે માણસો નેક અને ભલા છે તેઓ બીજા લોભ લા-લચો વધારે લલચાવીને ફસાવે છે પણ એ બંને ખયાલો ખોટા છે જયા સુધી એ ખયાલો ચાલુ છે ત્યા સુધી માણસ લોભ લાલચોના ફાંદામા ફસાતા રહે છે એક વાર એ ખયાલોને મનમાથી ખખેરી નાખ્યા કે તે પછી માણસ લોભ લાલચો સામેની લડતમા બાહાદુર પડી તેઓ મેળવ્યા જઈને આત્મીક ખુશાલીમા લીન થઇ જાય છે સઘળી લાલચનુ મુળ ખુદ માણસની અંદરખાનેની ઇચ્છામા છે તે ઇચ્છાને જો દુર કરી નાખવામા આવે, તો તે પછી બાહેરની કોઇપણ ચીજો-વસ્તુઓને મોજ આપનારી કોઇપણ વસ્તુ-માણસના આત્માને લલચાવીને તેને પાપમા ઉતારી શકે નહી

"આજે" અને 'કાલે" આ બે નાના શબ્દો વચ્ચે આસમાન જમીનનો ફરક છે પહેલો શબ્દ અહુરમઝદના આશીરવાદથી ભરપુર છે ત્યારે બીજો પ્રાણઘાતક છે 'આજે" કરવાનુ "આવતી કાલ" ઉપર મુલતવી રાખનારા સેકડો જાનો ખુવાર થયા છે ચોકસ કામ ચોકસ વખતેજ થવુ જોઇયે-તે પછી તે કરવુ ફોકટ છે એક બીમાર પાડોશીને મદદ જોઇતી હોય તો તે આજેજ કરવી જોઇયે-આવતી કાલે તે કદાચ નકામી થઇ પડે મુશ્કેલીમા આવી પડલા મીત્રને કાંઇ પહોંચાડવુ હોય, તો આજેજ પહો-ચાડવુ-આવતી કાલ સુધી થોભ્યાથી તે બીચારાનુ શુ બી થઇ જાય એવા દાખલામા એક દીવસ શુ, પણ એકેક કલાક અને એકેક મીનીટ દુખમા સપડાયલાઓને મનની પાડ જેવી લાગે છે કાંઇ ખરાબ ટેવ પડી હોય અને તે ભાજવી હોય તો તેની શરૂઆત આજથીજ કરવી જોઇએ-આવતી કાલે નહી.

શાત સંજોગો વચ્ચે એક આકળા મીજાઝનો માણસબી શાંતી જાળવી રાખે યેમાં કાઇ નવાઇ નથી. વુદ મીજાઝના માણસ સાથે કોઇ માયા મહેરબાનીથી વરતે તે વખતે તે પોતાની વુદાઇ ભુલી જાય તેમાબી કાંઇ અજબ થવા જેવુ નથી પણ ખરૂ અજબ થવાનુ તો તે છે કે જ્યારે માણુસ ગમે એવા મુશ્કેલ સંજોગો વચ્ચેબી પોતાની ધીરજ અને શાતી જાળવી રાખે ગમે એવા હાદેશા અને દુખ વચ્ચે મનની શાતી જાળવી રાખવી એ એક સદગુણ છે અને ખરેખરો ઇશ્વરી સદગુણ છે જે પુરૂષે પોતાના ગુસ્સાઓ ઉપર કાબુ મેળવ્યો હોય અને પોતાનો સ્વારથ સદતર છોડી દીધો હોય, તેજ એવો ઉચ પ્રકારનો સદગુણ ધરાવી શકે છે

---

સવાબ તે શું? સચ્ચાઇ, પરોપકાર, દયા, સખાવત, હલાલ રોજી, રૂડો ઉદ્યોગ, ખોદાની બંદગી અને ધર્મ નીતિ તથા કેળવણી.

ભલાઇમા મશગુલ રહેવુ તેના કરતા બીજુ વધારે મોટું સુખ માણસ માટે કોઇ નથી ભલાઇનો બદલો બેહસ્તના સુખમા મલ્યા વગર રહેતો નથી જે અંતઃકરણમા ભલાઇએ વાસો કરયો હોય, ત્યા બુરાઇ દાખલ થઇ શકતીજ નથી તેથીજ દરેક માણુસ માટે જરૂરનુ છે કે હમેશ ભલાઇમાં મશગુલ રહેવુ યાને ભલા વિચારોમા અને ભલાં કામોમા મનને રોકવુ બુરાઇથી બચવુ હોય, તો અંતઃકરણના દરવાજા ઉપર ભલાઇનો પાહરો મેલવો જોઇયે કે જેથી તે પોહરેગીર દરેક બુરા વીચારને મનમા દાખલ થતો અટકાવે જરથોસ્તી ધરમનો મૂળ પાયોજ ભલાઇ ઉપર રચાયલો છે–તેથીજ હુમત–હુખ્ત–હુવરસ્ત, યાને ભલા વીચારો, ભલા શબ્દો અને ભલા કામોના ત્રણ મુખ્ય ફરમાનો જરથોસ્ત સાહેબ આપી ગયા છે

---

તનનો વાક નથી એ તલભાર, મનપર છે આધાર,
મનથી મરવુ મનથી તરવુ, મરમર સઘળો સાર

ભલાઇ કરવા માટે કાઇ પછમા નથી બેસતા પણ તે છતા બીજી રીતે તો તેની કીમત આપવીજ પડે છે આ દુન્યામા આપણે જો પરોપકાર કરવો હોય, અને બીજાઓનુ ભલુ કરવુ હોય, તો તે માટે આપણે સકટો ખમવા જોઇયે, ભોગો આપવા જોઇએ અને આપણા પાસે જે કાઇ હોય, તે આપણી ગીરોથી કહાડી આપવુ જોઇયે તે ભલાઇ કરવાની કીમત આપણા જુસ્સાઓ દાબી દેવા માટે કોઇ અપમાન કરે યા ગાળાગાળી કરે તે છતા મોહડુ બધ રાખીને મનની શાતી જાળવી રાખવા માટે અને દુખો સસાર છતા જીભપર જોરાવરી કરીને મોહડુ બધ્ધુ રાખવા માટે, કેવી જબરી કોશેશ કરવી પડે છે અને મનને કેવુ મારવુ પડે છે, તેનો જેણે અનુભવ મેળવ્યો હોય તેજ જાણે કે સારા ગુણો કાઇ પોતાની મેળે આવતા નથી તે મેળવવા માટે મજબુત કોશેશ કરવી પડે છે

---

સારા કામમા પૈસો ખરચશો તો પરોપકારી થશો.

ગુસ્સો, બળાપો, અદેખાઇ, લોભ, અને એવાજ બીજા દુર્ગુણો ધરાવના અને તે સાથ સારી તન્દુરસ્તી ભોગવવાની આશા રાખવી એ બીનકુલ બનાજોગ નથી. એક ગલીચ ગટર યા મરકીવાનુ ઘર માણસ માટે જેટલુ જોખમભર્યું છે તે કરતા એ સઘળા દુરગુણો વધારે કાતીલ અસર કરનારા છે. એ દુરગુણો માણસના મનમા બીમારીના બીયા વાનુ રોપ્યા જાય છે અને તેવો માણસ હમેશ માંદો ચાહયા કરે છે. જેઓ સારી તન્દુરસ્તી ભોગવવા મરજી રાખતા હોય, તેઓએ પોતાની બીમારી માટે ડાકતરની દવાદારૂ લેવા અગાઉ સઉથી પહેલા પોતાના મનમાથી સઘળા દુરગુણો ધોઇ કહાડીને મનને સ્વચ્છ કરવુ. તેઇયે ધીક્કાર, અદેખાઇ, ગુસ્સો, કીનો વગેરે મનમથી કહાડી નાખીને ખુશાલી ઉપજાવનારા, પ્યારભરયા અને પરમાર્થી વીચાર કરનારા માણસનુ અધુરેપણુ, નમળાઇ અને દુખારો, સઘળુ જતુ રહે છે.

કામ તો રોજનુ છે. એ કામની મોટી ધમાલ વચ્ચેથી કોઇ દુખીદરદી નજરે પડે, તો મીનીટ યા અરધી મીનીટ તેની આગન થોભીને દીલાસાના એકાદ બે સખુનો કહેવાના કાંઈ પઇમા પડતા નથી એવા દીનાસાથી તે બીચારાને કેટલી બધી રાહત મળશે! અને પાછળથી તમને પોતાને જ્યારે એ દીનસાની વાત યાદ આવશે, ત્યારે તમને પોતાનેમી કેટલો મઝો સંતોશ મળશે! દીનસોજી અને દીનસાના એવા મખુનોથી સામા દુખી માણસને કેવી રાહત મળે છે તેનો ખ્યાલ તમને ત્યારેજ આવશે, કે જ્યારે તમે પોતે ગમમા ગીરફતાર થયના હોવો અને તે વખતે કોઇ બીજો ધણી આવીને તમને દીલાસો દે. દુખી દરદી અને હાદેસાના મારેલા માણસો તરફ દીલસોજી દેખાડવાથી-બે મીઠા બોલ બોલવાથી-આપણુને ખોહવાનુ કાંઇ નથી

---

મિત્રના દુખ સમય દુર ના થતો.

અહુરમઝદની મદદ જયારેબી જોઇએ ત્યારે મળી શકે છે એક ચુસ્ત જરથોસ્તીની આખી જીંદગીમા એકબી પળ એવી નથી કે જ્યારે તે પોતાના અંતઃકરણમાથી અહુરમઝદ ઉપર મુંગો સંદેશો મોકલી ન શકે અને અહુરમઝદ તરફથી તેનો જવાબ જરૂરી મદદ સાથ મેળવી ન શકે. અહુરમઝદ કાઇ દુરદરાઝના બેહેસ્તમાં બેઠેલો નથી ઉંચે આસમાન ઉપર બેસીને તે નીચે ઇનસાનોના હાયસોસારા ચુપચુપ જોયા કરે તેમબી નથી. તે આપણુ દરેક ઇનસાનની લગોલગ હાજર છે એટલુજ નહી પણ આપણે જ્યાબી જઇયે ત્યા તે હાજર હોય છે આથી કઇબી આફત યા જીવ-સટોસટના મામલા વખતે ગભરાઇ જવાની કાઇ જરૂર નથી તે વખતેબી અહુરમઝદ આપણી નજદીકમા હોવો જોઇયે અને તેની એવી હાજરીથી આપણે હીમત પકડીને સધ્યારો મેળવવો જોઇયે ખોદાની નજર આગળથી આપણે એક પળબી દુર જતા નથી. તે આપણને બચાવવા માટે તુરત આપણી મદદે આવે છે.

ખરેખરી,ધાર્મીક અને પવીત્ર જીંદગી ગુજારવાની ઇચ્છા ઉતપન થતાં ઘણાક માણસો આ દુન્યા અને સંસાર તજીને એકાંતવાસમાં પોતાની જીંદગી પસાર કરવા માગે છે, પણ અહુરેમઝદની ઇચ્છા તેમ છેજ નહી-ધાર્મીક જીંદગી ગુજારવા માટે એકાંતવાસ લેવાની કાંઇ પણ જરૂર નથી પવીત્ર જીંદગી ગુજારવા માટે જે ધરમ એકાંતવાસ લેવાનું ફરમાન આપતો હોય, તે ધરમના માઇક ઠેકાણે કાંઇક ખામી હોવી જોઇએ બેહેસ્તનું સુખ ભોગવવા માટે સંસાર તજીને અને આપણા કુટુંબ તરફની તેમજ આપણા વતનીઓ તરફની ફરજો ચુકી જઇને એકાંતવાસ લેવાની આજ્ઞા જે ધરમ આપતા હોય તેવા ધરમની આપણને જરૂર નથી તો પદે આપણને એવા ધરમની જરૂર છે કે જે દુન્યામાં અને સંસારમાં રહેવા છતાં, અને કુટુંબ તથા કોમ તરફની ફરજો અદા કરવા સાથ ધાર્મીક અને પવીત્ર જીંદગી ગુજારવાની અને એ રીતે બેહેસ્તનું સુખ ભોગવવાની સગવડ કરી આપે જરથોસ્તી ધરમ એવાજ પાયા ઉપર રચાયલો છે.

અહુરમઝદ જેઓને ખરા પ્યારથી ચાહે છે તેઓ ઉપર દુખ પાડીને તેઓના દુરગુણો તે છોડાવે છે એ મુજબ માણસ ઉપર દુખ પડે છે તે અહુરમઝદ તરફના પ્યારની નીશાની છે કોઈબી દાનેશમંદ પીતા પોતાના દીકરાને અનરીત લાડ લડાવીને છકાવી મેલશે નહી યા નુકશાનકારક મસ્તી તોફાન તેને કરવા દેશે નહી જે પીતા ખરેખરો દુરઅંદેશ હશે, તે પોતાના બેટાનો વાંક પડતા તેને શીક્ષા કરીને સુધારવા માટે હમેશ કાળજીમંદ રહેશે સઘળા ઈન્સાનોનો પીતા અહુરમઝદ તેવીજ દાનેશમંદી અને દુરઅંદેશીથી કામ લે છે તે ખરેખરો દયાળુ છે તેથીજ દુરગુણો તજી દે અને નેકીનો માગ અખત્યાર કરીને બેહેસ્તનુ સુખ મેળવે.

---

નારી ઘરનુ જહાજ છે,
હાથ જેને સુકાન,
પાર ઉતારે યા ડુબાડે,
ચેત ચતુર સુજાણ

શાતીનો ભેદ કાંઇ છુપો નથી અહુરમઝદ તરફની વફાદારી અતઃકરણને સપુર્ણ શાતી બક્ષે છે આપણા મહાન પેગમબરની શાતી અહુરમઝદ તરફના અખુટ ભકિતભાવમાજ સમાયની હતી. શાતી મેળવવાનો એ સીવાય બીજો કોઇ રસ્તોજ નથી અહુરમઝદની મરજીની સામે થવાથી, તેના કાયદાઓ તોડવાથી અને તેની પનાહ હેઠળથી નીકળી જવાથી આપણા અતકરણની શાતીમા ભગાણ પડે છે અહુરમઝદ તરફનુ ફરમાન આપણે રાજીખુશીથી માથે ચહડાવ્યે અને તે મુજબ અમલ કર્યે, તો તે પછી આપણી શાતીમા કશાથી ખલલ થવાનો સભવ રહેનો નથી

---

અશો જરથોસ્તન સચ્ચાઇ વિશે શુ કહે છે? તે સાહેબ અવસ્તામા ફરમાવે છે કે "સચ્ચાઇથીજ હોરમજદને પહોચી શકાય છે," "સાચા રસ્તામા હોરમજદ રહે છે" "અતે સત્યનો જય છે" અને "સચ્ચાઇથીજ બેહસ્ત મળે છે."

**માહ ૯ મો આદર**—આદર રોજે આતશનુ જશન, ખુરતાબ કેતાબમા જણાવ્યા પ્રમાણે એ મહીનામા હવા ઘણી થડી હોય છે તેથી સર્વ કોઇને આતશ રોશન કરી તેની નજદીક ગરમી લાવવા બેસવુ પડે છે. અલમીરૂનીના જણાવ્યા પ્રમાણે **આદર** શિયાળાની મોસમનો છેલ્લો મહીનો છે ઇરાનમા એ મહીનામા બરફ થોડુ થોડુ પીગલીને Thaw થવા માંડે છે જેથી હવા ઘણી સરદીવાળી થાય છે તેમજ ઘણો થડો પવન ફુકવાથી લોકો સગડીઓ સલગાવી રાખે આતશ ઉપરના મવકલ ફરેસ્તા આદર યજદની હુતુમનથી જશનની ક્રિયા કરનામા આવે છે જરથોસ્તીઓ પુરાતન કાળથી આતશની સેતાયશ કરતા આવેના છે તેથી કેટલાએક બેખબર જુદીનના લોકો તેઓને આતશપરસ્ત કહે છે પણ તે તદન ખોટુ છે. આતશની સેતાયશ કરતી વેળાએ હોરમજદનો ખ્યાલ આપણા મનમા હોય નહી તોજ આતશની પુજા કહેવાય પણ તેમ કઇ છેજ નહી કારણ કે જરથોસ્તીઓ તો આતશને અહુરમજદની એક ઇનાયતી દાખલ ગણી તેનો કેબલો તથા સેતાયસ કરે છે.

બોલેલા બોલ અને મારેલો ગોડો, એ બે કદીમી પાછા ખેંચી લેવાતા નથી તવાજ કાઇને કાઇ કડવો સખુન કહેવા અગાઉ બે નહી પણ ચાર વાર વિચાર કરવાની જરૂર છે પણ કદાપી એકવાર મોહડામાથી કડવુ શબ્દ નીકળી ગયો હોય, અને તેથી સામા ધણીનુ મન દુખાયુ હોય, તો તેને પાછો મનાવી લવા જોઇય, અને તેઓ આવતી કાલે નહી-આજેજ કોન જાણે જોઇ છે? કાન પડે તે અગાઉ બેમાથી એક જણ કદાચ મરણુમી પામે અને જો તેમ થાય, તો બ મીત્રો વચ્ચે જરાકને ખાતર પડેલો અતર પાછો દુર થવાની કાઇ વકીજ નહી રહે વાક સામા ધણીનો હોય, અને આપણુ સહજમી કસુર ન હોય, તો ત છતાઓ સામા ધણીને મનાવી લેવાની પહેલી શરૂ-આત આપણેજ કરી હોય, તો તેમા ખોટુ શુ છે?

---

સભાળ કાનની સોપી દે કાનને,
ભવિષ્યનુ રાખ તુ તકદીરને હાથ,

માણુસનો ખવાસ અધીગો છે, જ્યારે ઇનસાનોને મદદ કરવાની અહુરમઝદની રાહબરીથી નેથા ઉનટીજ છે મરણ સુધી ચાલે અને તે પછીથી છોકરા સુખી હાલતમા રહી શકે તેટલુ બધુ ઇનસાનો અહુરમઝદ પાસે અગાઉથી માગે છે પણ માણસોને આપવાની અહુરમઝદની રીતી તેથી ઉનટી છે તે એકદમ આપતો નથી, પણ જેમ જરૂર પડતી જાય તેમ તે સઘળાઓને ખપજોગુ ચાલુ આપ્યો જાય છે સુતેલ ચાલુ હોય ત્યારે નાડી પણ લડાઇ જાગે ત્યારેજ તે લડવાનુ જોર બક્ષે છે જમશેદ પાદશાહના વખતમા વસ્તી જ્યારે ઘણીજ વધી ગઇ અને લોકોને રહેવાની જગા નહી મળી, ત્યારેજ અહુરમઝદે દરીયાના પાણી પાછા હઠાવીને જગા કરી આપી, તે અગાઉ નહી દરેક બાબદમા મદદ કરવાનો અહુરમઝદનો કાનુન એજ છે ઇનસાનોને ભવીષમા જે ચીજનો ખપ પડવાનો હોય, તે અહુરમઝદ અગાઉથી આપી મુકતો નથી, પણ ખપ પડે ત્યારેજ આપે છે ઇનસાનોને જ્યારેથી કશાની જરૂર પડે છે, ત્યારેજ તેઓની હાજત દુર કરવાનો સામાન તૈયાર થાય છે

આપણુને પોતાને ભુલી જતા શીખવુ એ એક હુન્નર છે જેઓ એ હુન્નર જાણે છે તેઓ દુન્યાનુ કલ્યાણ કરી શકે છે સાધારણ રીતે ઇનસાનો કાઇબી ભલુ કામ કરતી વખતે માન, યાદ, ખેતાબ યા ઇનામ મેળવવાની આશા રાખે છે આપણા કામની પીછાણ થાય અને તે માટે કોઇ આપણો આભાર માને તે આપણુને બહુ ગમ્યુ લાગે છે. પણ ધારો કે એવા મીઠા શબ્દો કોઇ આપણુને નહી કહે અને તેને બદલે આપણુને ફફડાટ લગાડનારા કડવા સખુનો કહીને આપણુને ગેરઇનસાફ કરે, તો તે છતાબી ભલુ કરવાની આપણી ઉનટ ઓછી થવી જોઇયે નહી સમબ, આપણે જેબી કાઇ નેકી યા ભલાઇ કરયે છીયે તે કોઇબી ઇનસાનને ખાતર નહી પણ ફકત અહુરમઝદને ખાતર કરયે છીયે

ભલે તુ હારે બીજીવાર, ફરજ બજાવતા ગર,<br>
સવાર થશે તુ ત્રીજી વાર, આબાદી અરપ ઉપર.

માત્ર ભણતરથી યા ક્રીયાક્રામ કરાવ્યાથી માણસને કાંઇ શાતી મળતી નથી. સ પુરણ શાંતી મેળવવા માટે જે એક ચીજની જરૂર છે, તે એ કે માણસે પોતાની લાગણીઓ તથા જુસ્સાઓ ઉપર કાબુ મેળવવો જોઇયે એવો કાબુ મેળવનારો માણસ કાઇમી હદ વગરની ખુશાલી અને કાઇમી ભ ગાણ વગરની શાતી ભોગવી શકે છે સ પુરણ શાની અને ખુશાલી વચ્ચેજ તે સદા વીટળાયલો રહે છે માણસના અ ત કરણમાં જે ખોદા વસે છે, તેના અનાજને, યાને તેના હુકમને તાબે રહીને માણસે પોતાના દરેક વીચાર, દરેક જુસ્સા અને દરેક ઇચ્છા ઉપર કાબુ રાખવો જોઇયે, યાને તેઓને આડે મારગે નીકળી જતા અટકાવના જોઇયે સ પુરણ શાતી મેળવવાનો એ મીવાય બીજો કોઇ મારગજ નથી જેઓ બીજે મારગે જાય છે તેઓને શાતી મળતી નથી

---

માયા મેલવવાને માટે આપણે થોડી માયાબી દેખાડવી જોઇએ.

દુન્યામા જે ખરેખર મોટુ યાને અગત્યનુ કામ છે તેજ કમનસીબે આપણે બજાવતા નથી. આપણે લાખો રૂપ્યાની સખાવત કરયે છીય, ગરીબ લાચારોને અન્ન વસ્ત્ર પુરા પાડયે છીય, બીમારો માટે દવાખાના અને હોસ્પીટલો સ્થાપયે છીયે. વિધવાઓ અનાથો તથા નાદાન બાળકો તરફ મ[illegible]નો હેત લગાડયે છીયે અને [illegible] કામની તેમજ દેશની સેવા [illegible]ની [illegible] કરયે છીય [illegible] તમજ [illegible] આપનારા ખ-તાના સ્થાપી [illegible] દુન્યામા આગળ પાડયે છીયે [illegible] છ. પણ જે કામ કરવા [illegible] જરથોસ્તીની ફરજ છે તેજ આપણ [illegible] કમ [illegible] આગ[illegible] [illegible] અને [illegible] છે

માનીતા માણસના [illegible] નહિ હોય

નાલેસી કરનાર જેટલો ઠપકાને પાત્ર છે તેટલોજ તે સાભળનારમી છે કોઇ બીજાની કાઇ નાલેસી કરવા માંડે કે તુરતજ સાભળનારાઓના કાનો બધ થવા જોઇયે. નાલેશી કરનારને કોઇની બદગોઇ કરવાનો જેટલો હક નથી, તેટલોજ બીજાઓને સાભળવાનો હક નથી. સાભળનારાઓ જો નાલેશી સામે પોતાના કાનો બધ કરી નાખે તો બદગોઇ કરનાર પોતાની વાત આગળ ચલાવી શકેજ નહી ખોદાએ કાનો સાભળવા માટે આપ્યા છે, પણ કોઇવાર બતા કાને બેહેરા થઇ જવાની જરૂર પડે છે સભ્યતાનો કાનુન એવો છે કે બીજાઓ કાઇ બોલે, યા જુઠા બકુબકારો વગેરે કરે, તો તે પણ ધીરજથી સાંભળવો પણ એ કાનુન એમ તો કેહેતોજ નથી કે કોઇની બદગોઇ થતી હોય, તો તે નીરાંત બેસીને સાભળયા કરવી.

---

મોટાઓ નાનાની સાથે ફરવાને ફિરિતા નથી, પણ વચલે વાધેના તેઓથી દુર રહે છે

અહુરમઝદનો ઇન્સાફ સમજવા માટે બે ચીજની જરૂર છે પહેલી એ કે માણસે પોતાના ગુસ્સાઓને દાબી દેવા બીજી એ કે દરેક માણસ જુદો નહી, પણ આખી ભેગી દુન્યાના એક ભાગ જેવો છે એમ સમજવુ માણસ જ્યારે આ બીના બરાબર સમજતો થાય છે, ત્યારેજ તે અહુરમઝદના ઇનસાફનુ વાજબીપણું જોઇ શકે છે "આ માણસે મને ઇજા કીધી-પેલાએ મને અપમાન કરયુ-ફલાણાએ મને ગેરઇન્સાફ કીધો.' એ પ્રમાણે માણસ જ્યા સુધી મનમા મુઝાયા કરે છે ત્યા સુધી તે અહુરમઝદના ઇન્સાફનુ વાજબીપણુ જોઇ શકતો નથી માણસ ઉપર જેવી કાઇ દુ ખ યા સુખ પડે છે, તે સઘળુ અહુર મઝદના વાજબી ઇન્સાફથીજ બને છે, અને કાઇબી ખામી વગર અચુક રીતે બને છે જેઓ આ બીના બરાબર સમજે છે તેઓ પોતા ઉપર પડતા હાદેસા, આવી પડતી આફત યા દુ ખ સુખ માટે કાઇબી બરબડતા નથી, પણ તે ધીરજથી સહન કરે છે.

આલસુ માણસ તે છે કે જે પોતાના કામ-માથી તેમજ ફરજમાથી છટકવા માગે છે, મેહેનત કરવી પડે એવા કામમાથી છટકીને તે આસા-એશ લેવા અને આરામ ભોગવવા ઇચ્છે છે, પણ એવી રીતે છટકવાની ચાલુ કોશેશ કરતાં તેનુ મન ભમતુ અને ચીંતાતુર થાય છે, અને મોડે વહેલે તે પોતાની હીંમત અને સ્વમાન પણ ખોહી બેસે છે જે પોતાની શકતી મુજબ કામ યા મેહેનત નહી કરે તેનો જલદીથી નાશ થાય છે કામ છોડીને આળસાઇમાં વખત ગાળનારા માણસો સૌથી પહેલા પોતાના સદગુણો અને તે પછી પોતાની તદરોસ્તી ગુમાવી બેસે છે. જીદગી અને કામ, આ બે શબ્દો સાથે જોડાયલા રહે છે જ્યા સુધી માણસની હેયાતી ચાલુ છે ત્યા સુધી તેણે પોતાની શકતી મુજબ થોડુ યા ઘણુ કામ કરવુ જ જોઇયે.

---

વિટયા કર ના ત્રિનાપ, નિરમાન થયેલુ થાય,
કાળજી રાખ હવે પછીની, ભવિષ ન તુને ખાય.

૧૭

કોઇનોબી સરોપરો રાખ્યા વગર જે હોય તે મોહડાપર તડ ને ફડ કહી દેવુ, એ સદગુણ નહી પણ દુરગુણ છે કેટનાક માણસો મોટી ઉકમાઇથી તડ ને ફડ કહી દેવાની પોતાની હીમત માટે છડે ચોક બડાઇ લે છે તેથી કોઇને અપમાન થાય છે કે નહીં યા કોઇની લાગણી દુખાવ છે કે નહી તેનો સહેજબી ખ્યાલ કયા વગર જે મોહડામા આવે તે તેઓ બકયા જાય છે તેમ કરીને તેઓ પોતાની બહાદુરી નહી, પણ બેઅદબી અને તોછ ડાઇ બતાવે છે સામા ધણી માટે આપણે શુ ધારે છીયે તે તેના મોહડા ઉપર કહી દેવાનો આપણને કાઇબી હક નથી, સીવાય કે તેનુ દીલ ખુશી થાય એવુ કાઇ આપણે કહેતા હોઇયે આપણો મીજાઝ જો પાધરો ન હોય, તો તેને આપણી છાતીમાજ દાબી રાખવો જોઇયે નહી કે બીજાઓની લાગણી દુખવવા માટે બાહેર ખાલી કરવો જોઇયે પણ ગુસ્સાને બાહેર કહાડી નાખીને છાતી ખાલી કરયા વગર જો નહીંજ રહેવાતુ હોય, તો બેહેતર છે કે આપણા ખાનગી ઓરડામા ગરઇ બારી બારણા બધ કરીને ખાલી કરવો.

ફરવરદીન રોજે અશો ફ્રોહરનુ જશન, જેમ ફરવરદીન માહ અને ફરવરદીન રાજે ગુજરેલાઓની યાદનુ અશો ફ્રોહરનુ જશન થાય છે તેમજ એ દીવસે પણ અશો ફ્રોહરની આરાધના દખમા નજદીક આરામગાહની જગ્યાએ જઇને કરવાનો રેવાજ છે, કોઇ જરથોશતી ગુજરી જાય તેનો રોજ માહ ખબર નહી હોય તો એ દીવસે તેની આરાધના કરવી

અએ જરથોસ્ત ! જે કોઇ મર્દ યા ઓરત અહુનવરની બદગીનો કલામ, અતિષય અશોઇવાળા મને કરીને ભણે. તો તેને તે દહાડે યા તે રાતે કોઇબી દુરવન્દ, જુલ્લમગાર, દુખ દેનાર કે ઇજા કરનાર પોતાની બને આખોથી નજરે જોઇ શકે નહી, તેમજ જોરાવર ટોળાકીવાળા લુટારાની ખરાબી આગળ વધીને તે ભણનારને પહોચી શકે નહી

સરોષ હાદોખ્ત, ફ. ૪.

બેહેસ્તની જીંદગીમા સંપુર્ણ છુટાપણુ ભોગવવાનુ છે એ જીંદગીમા કોઇની ચાકરી યા ગુલામગીરી કરવાની નથી પણ એ છુટાપણુ ફક્ત અહુરમઝદના ફરમાનો મુજબ ચાલીને નેકી અખત્યાર કર્યાથીજ મળી શકે છે જે માણુસ પોતાની ઇંદ્રીઓના વીશયોમાજ લપટાયનો રહે છે તેજ ખરેખરો ગુલામ છે—એ ઇંદ્રીઓને વશ કરવી તેજ ખરેખરૂ છુટાપણુ છે જેઓ ઇંદ્રીઓની ગુનામગીરીમા બંધાયલા છે, તેઓ રખેને પોતાની મજાહ જતી રહે કરીને એ ગુનામગીરીની સાકળ તોડીને છુટના માગતા નથી બેહેસ્તની જીંદગીના સંપુર્ણ છુટાપણા અને શાતીનો સહેજ ઝાખો ખ્યાલબી તેઓ સગવના નથી અને તેથીજ તેઓ ઇંદ્રીઓની ગુલામગીરીમા સદા જકડાયલા રહે છે

—

ભલા મનથી, ભલી અશોઇથી, ભલા ડહાપણથી, અને સખુનોથી અમો તુને પેહોચીએ.

કોઇને આપેલુ વચન તોડવુ એ ગુનાહ છે, પણ કોઇને આપેલુ વચન પાળવાને ભુલી જવુ એ કાઇ ઓછો ગુનાહ નથી એક નાના બાળકને યા ગમે એવા હલકા માણસનેબી આપેલો કોલ અને દીધેલો વાયદો બરાબર વખતસર પાળવોજ જોઇએ એ જરૂરીયાત પીછાણ્યા વગર ઘણાઓ વચન તોડના છતા બેફીકરાઇથી કહે છે કે "અરર, હુ તો ભુલીજ ગયો—મને યાદ નહી રહી!" જાણે કે વચન પાળવાને ભુલી જવુ તેમા કાંઈ ખોટુ ન હોય તેનીજ રીતે તેઓ વરતે છે. કોઇને આપેલો કોલ ભુલી જવાનો આપણુને કાઇબી હક નથી યાદદાસ્ત શકતી જો સારી ન હોય તો વચન આપતી વખતે કાગળ ઉપર તેની નોધ રાખવી જોઇયે અને બરાબર વખતસર વાયદો પાળવાને તતપર રહેવુ જોઇયે. ગમે એવુ નજીવુ વચન તોડવુ તેબી એક ગુનાહ છે, અને તે એટલા માટે કે તેથી સામા ધણીની લાગણી દુખાય છે અને તેનો જીવ રંજીદા થાય છે.

દરેક ઇનસાન ફકત પોતાનાજ પાપોનો જવાબ-દાર છે—બીજાઓના પાપોનો નહી. પણ તે છતા માણસનો ખવાસ કાઇ અજબ જેવો છે. દરેક જણ ખુદ પોતાની ખોડખાપણ જોઇને તે સુધારાને બદલે પોતાની આસપાસનાઓની ખામીઓ વીશે તરેહવાર ટીકા કરવામા કાઇ અજબ મજાહ લે છે અહુરમઝદની દરગાહમા આપણા પાડોશી-ઓના પાપો માટે આપણને જવાબ દેવાનો નથી, ફકત આપણા પોતાનાજ પાપો માટે દેવાનો છે તે જોતા દરેક ઇનિશાનની ખરી ફરજ બીજા-ઓના સારા યા નરસા કામો વીશે ટીકા કરવાની નહી, પણ ખુદ પોતાના કામો ઉપર બારીક નેગાહ રાખવાની અને પોતાની ખામીઓ સુધારવાની છે આપણા પાડોશીની ભુલો અને નીશફળતાઓ ઉપર ઓછુ ધ્યાન આપીને આપણી પોતાની ખામીઓ ઉપર વધુ ધ્યાન આપવામા લાભ છે. આપણી પોતાની રાહરીતીઓ ઉપર આપણે જો બારીક ધ્યાન આપતા રહીશુ, તો બીજાઓની ખોડખાપણ વીશે ટીકા કરવાનો આપણને કાઇ વખતજ મળશે નહી.

દુન્યામા જે બી કાઇ કરવુ હોય, તે અહુરમ ઝદને ખાતરજ કરવુ જોઇયે ફરજ બજાવવી હોય યા મોટુ પરાક્રમ કરવુ હોય, પરમાર્થ કરવો હોય યા સખાવત કરવી હોય—જેમી કાંઇ કરવુ હોય, તે તેના નામથીજ કરવુ તેઇયે "તેના નામથીજ" એ દરેક જરથોસ્તીનો મુદ્રાલેખ હોવો જોઇયે. દુન્યામા કાઇબી ભલું કામ કરવુ હોય, પણુ તે જો અહુરમઝદનેજ ખાતર કરવામા ન આવે તો નકામુ છે આપણે ગમે તે માણુશનુ ભલુ કરયે યા તેની તરફ માયા મહેરબાની બતાવ્યે, પણુ તે સઘળી સેવા અહુરમઝદને અર્પણુ થવી જોઇયે અહુરમઝદને અરપણુ કરવા વગરની ગમે એવા સખાવત, સેવા યા પરમાર્થ લગભગ નકામી છે. અહુરમઝદને અર્પણુ કરવા સીવાય બીજી કાઇબી નેમથી બજાવેલી અહુરમઝદની ગમે એવી મોટી સેવા દરગાહમાં સ્વિકારવામાં આવતી નથી

ઇંદ્રીઓને તૃપ્ત કરવાથી માણુસને જે સુખ અને સંતોષ મળે છે તે માત્ર થોડાજવાર ટકી રહે છે અને તે ટુંક વખત પુરો થયો કે જીવ પાછો વખ-વખ થાય છે, તે ઇંદ્રીઓને તૃપ્ત કરીને મજાહ ભોગવવાની માણુસની ઇચ્છા કદાપી સંતોષ પામતી નથી. એ ઇચ્છાને જેમ વધારે તૃપ્ત કરયે તેમ તે વધુ અને વધુ માગતીજ જાય છે અને તેને પુરી કરતા કરતા માણુસ થાકીને સેવટે નસોસ બની જાય છે તેથી તેના તન અને મનની ખુવારી થાય છે અને એવી રીતે ખુવાર થયેલો માણુસ દુખ અને સંકટના ભરેલા કરનારા અંગા-રમા જઇ પડે છે ઇચ્છા એજ એક મોટુ દોજખ છે અને માણુસ જ્યારે તે ઇચ્છાના દોજખમા પડે છે ત્યારે અનેક રીતે તે હેરાન અને પરેશાન થાય છે જે માણુસ બેહેસ્તનુ ઉત્તમ સુખ આ દુન્યામાં ભોગવવા ઇચ્છતો હોય તેણે દરેક જાતની ઇચ્છા છાડી દેવી જોઇએ

નેકી કરવા માટે આવતી કાલ ઘણી અસુરી છે. જેથી કોઇ ભલુ કામ કરવાનુ હોય તે આજેજ થવુ જોઇયે—આવતી કાલે નહી કાલ કોણે જોઇ છે? કાને આપણે જીવતા હોઇયે કે નહીબી હોઇયે. જે ભલુ કામ કરવાનો આજે વિચાર કર્યો હોય તે વિચાર આવતી કાલે કદાચ ફેરવાઇબી જાય. આવતી કાલ ઉપર રાખેલુ ભલુ કામ મોટે ભાગે થતુ નતી, પણ પડી ભાગે છે કોઇ બુરી આદત છોડવી હોય, તો મકકમ ઠરાવ કરીને આ-જેજ છોડવી જોઇએ. દારૂના લખમા ફસેલા ઘણા માણસો ઠરાવ કરે છે કે કાલથી દારૂ બધ કરશુ. કાલ પડી અને દારૂનો વખત થયો કે જબરી તલપ થવા માટે છે વળી પાછો ઠરાવ કરવામા આવે છે કે "આજનો દહાડો પી લઇયે-કાલે જરૂર બધ કરશુ." પણ બીજી કાલ પડતાબી પાછો તેવોજ મામલો અને એ રીતે "આવતી કાલ"નો કોઇ છેડો આવતોજ નથી.

અશોઇ માણુસના બળમાં વધારો કરે છે. અશોઇ અખત્યાર કરવાથી જાનવરી હવસો પાછળ પહેના જે શકિત બરબાદ થતી હતી તેનો બચાવ થાય છે અને તે બચેલી શકિત માણસના બળમા વધારો કરે છે અશો જીદગી, માણસની બરબાદ થતી શકિતને બચાવીને સંઘરી રાખે છે, ત્યારે બુરી જીદગી તે શકિતને વીખેરી નાખીને તેની બરબાદી કરે છે એક માણુસ કાઇબી બુરા કામો નહી કરવા છતાં માત્ર ખરાબ વિચારોજ કરતો હોય તો તે બુરી જીદગી ગુજારતો લેખાય અને તેના બળની બરબાદી થાય. અશો માણુસ વધારે બળવાન હોવાથી પોતાના કામમા બુરાં માણુસો કરતા વધારે સારી રીતે ફાવી શકે છે

---

દુખ હંમેશનુ નથી, તેની પછી સુખ જરૂર આનરોજ—એક બીજાની છાયા તરીકે છેવટ સુધી જાતજાતના રૂપો લઇ તે આવે છે.

આપણી પોતાની ખોડખાપણુ તરફ આપણે કેટલા બધા આંધળા છીયે, છતા બીજાઓની ખામીઓ આપણી આંખે કેવી સ્પષ્ટ જણાઇ આવે છે! પણ બીજાઓની ખામી શોધી કહાડયાથી આપણે પોતે કાઇ ખામી વગરના ગણાતા નથી. કેટલીકવાર બીજાઓની ખામી આપણે કાઇક ઉકમાઇ સાથ ત્રીજા ધણીને કહી સભળાવીયે છીયે, પણ તે વખતે આપણે સહેજબી ભાન રાખતા નથી કે આબાદ તેવીજ, બલ્કે તેનેબી ભુલાવે તેવી, બીજી વધારે મોટી ખામી આપણા પોતાનામા છે. બીજાઓની ખોડખાપણુ શોધી કહાડીને તે માટે વડાઇ લઇને વાતો કરવા અગાઉ પહેલા આપણી પોતાની ખાત્રી કરવી જોઇયે કે તેવીજ બીજી કાઇ ખામી આપણા પોતાનમા છે કે નહી બીજા ધણીની આંખમા કાઇ કચરાની રજકણ ગઇ હોય, તો તે બાહેર કહાડવા અગાઉ પહેલાં આપણી પોતાની આંખો સાફ કરવી જોઇયે.

અહુરમઝદ આપણુને આપનારો છે—આપણી પાસે લેનારો નથી તે છતા આપણી કમનસીબી એ છે કે આપણુ ઘણા ખરા ઇન્સાનો આપણા આત્માને ગરીબાઇના સખડાવ્યા કર્યે છીએ બેહેસ્તના કાસદો તરેહવાર જાતના આશીરવાદથી છળાછળ થતા પોતાના હાથો સાથે આપણા ઘેરના બારણા આગળ આવીને ઉભા રહે છે અને તે આશીરવાદો આપણુને આપી દેવા માગે છે પણ દુનયાદારીની તકલીફી ચીજો ઉપર આપણુ મન એટલુ બધુ લાગી રહેલુ છે કે તે બેહેસ્તના કાસદોને આપણે જોતા નથી યા તેઓને ઘરમા લેવા માટે બારણુ ઉઘાડતા નથી આખરે તે બીચારાઓ લાંબો વખત ઘોભીને નાસીપાસ થઇને ચાલ્યા જાય છે અને તેઓના આશીરવાદો વગર આપણો આત્મા અગાઉના જેવીજ ગરીબાઇમાં સબડયા કરે છે.

ઘણીકવાર ખરા અંતકરણથી બંદગી કરીને અહુરમઝદને કાલાવાલા અને આજીજી કરવા છતા તે જાણે આપણને સાભલતોજ ન હોય, આપણી તરફ ઝાખીને જોતાબી ન હોય અને આપણને સદતર પડતા નાખ્યા હોય તેમ લાગે છે. પણ જ્યારેબી એ પ્રમાણે લાગે ત્યારે યાદ રાખવુ જોઇયે કે અહુરમઝદે ચુપકીદી પકડી રાખી હોય તેથી કાંઈ તે આપણને મદદ કરવાને ના પાડે છે એમ ઠરતુ નથી. એવા પ્રસંગે કાંઇમા ખામી આપણા પોતાનામાજ હોવી જોઇએ અને અહુરમઝદની મદદ સ્વીકારવા માટે તે ખામી દુર કરવાની તૈયારી કરવી જોઇયે અહુરમઝદ તરફ શક બતાવવાને બદલે યા તેને ઠપકો આપવાને બદલે ખુદ આપણા પોતાના ભીતરમા નેગાહ પુગાડીને જોવુ જોઇએ કે અહુરમઝદનો જવાબ મળવામા શા કારણથી ઢીલ થાય છે.

ધર્મ પાળવાની આપણી રૂઢી ભુલ ભરી છે. ફકત કુસ્તી પાદીયાબ કરીને ભણવા બેસીએ અથવા અગીયારી યા આતશ બેહેરામ જઇયે ત્યારેજ માત્ર આપણે અહુરમઝદને યાદ કરીને ધર્મ તરફ જાનફેસાની દેખાડીયે છીએ પણ ભણવાનુ પુરૂ થયું અને દુન્યાદારીના દરરોજના કામકાજમા પડયા કે ધર્મને યા ખોદાને સદંતર વીસારી મેળયે છીયે. ધર્મ પાળવાની એ ખરી રીત નથી ધાર્મીક જીદગીનો અને અહુરમઝદની પાસબાનીનો જો ખરેખરો લાભ મેળવવો હોય, તો હર ઘડીએ અને હર પળે તેની યાદ આપણા દીલમા તાજી રહેવી જોઇયે અહુરમઝદનુ નામ જબાન ઉપર લઇનેજ દુન્યાદારીના દરેક કામની શરૂઆત કરવી જોઇયે અને આપણા દરેક કામકાજમા આપણી સાથે તેને હમશરીક કરવો જોઇયે. તેમ કરવાથી આપણુ કામ સહેલુ થાય છે એટલુજ નહી પણ તે ઘણુ ફતેહમદમો નીવડે છે.

**માહ ૧૦ મો દએ**:—એ દાદાર અહુરમજદનાં નામવાળો મહીનો છે તેથી **હોરમજદ, દએ-પ-આદર, દએ-પ-મેહેર** અને **દએ-પ-દીન** એ દાદાર હોરમજદની ખાસ આરાધનાના ચાર દિવસો જશનના છે, જરથોસ્તી મહીનો બે સપ્તવાડીઆ અને બે અઠવાડીઆ મલી ૩૦ દીવસનો છે. સપ્તવાડીઉં અને અઠવાડીઉં દાદારના નામવાળા રોજથી શરૂ થાય છે ૧ લુ સપ્તવાડીઉં હોરમજદ રોજથી અમરદાદ, બીજુ સપ્તવાડીઉં દએ-પ-આદરથી ગોશ, ત્રીજુ અઠવાડીઉં દએ-પ-મેહેરથી ગોવાદ અને ચોથુ અઠવાડીઉં દએ-પ-દીનથી અનેરાન

---

જે શખ્શ પોતાના ભલા વિચારથી તથા ભલા કામોથી હોરમજદનો દોસ્ત બને છે તેને તે સાહેબ પોતાની ખુશીથી તનદુરસ્તી અને અમરપણુ બક્ષશે, તેમજ આબાદીની, અશોઇની, અને હકુમતની સરદારી તથા ભલા મનનુ સુખ આપશે.

અહુનવદ ગાથા, હા ૩૧, ૬. ૨૧.

ઘણીક વાર જીવ પટકીને મહેનત કરના છતા તેનુ કાંઇ જીવ જેવું પરીણામ આવતું નથી તેનો સબબ અહુ-રમઝદ ઉપર ઇતબાર નહી રાખવાનો યા ઘણોજ થોડો ઇતબાર રાખવાનો છે. અહુરમઝદ ઉપર પુરે પુરૂ યકીન રાખીને આપણો સઘળો કારોબાર, બળકે આપણી આખી જીંદગીજ તેની મુનસફી ઉપર છોડી દીધી હોય, તો હાલના કરતા દશ ગણી ઓછી મહે નત કરવા છતા તેનુ પરિણામ હાલના કરતા દશ-ગણુ વધુ લાભકારી લાવી શકાય. આપણો આખો આત્મા જો અહુરમઝદથી ભરાઇ જાય, આપણી રગે રગમા તે જો પસરી રહે, તો તે પછી આપણી જીંદ ગીનું પ્યાલુ સુખથી કેવુ છળાછળ થઈ જાય તેનો માત્ર ખ્યાલજ ઇનસાનને આનંદમા ગરકાવ કરી નાખે છે આપણને પોતાને અહુરમઝદના હાથમા સોંપી દેવા માટે તેની ઉપર સંપુર્ણ ઇતબાર રાખ-વાની જરૂર છે.

માણુસ જેવી ઇચ્છા રાખે તેવો થઈ શકે એક માણુસ કેવે દરજજે પુગી શકશે તેનુ તોન તેની ઇચ્છાઓ ઉપરથી કરી શકાય છે. માણુસ જેમ ઇન્સાનને દરજજે પુગો છે તેમજ તે જો ચાહે તો ફીરેસ્તાની પકતીએ પુગી શકે તેથીજ માણુસની એકપુરી અને જરૂરી નેમ એ હોવી જોઇયે કે પોતાના મનને ઉચ વીચારો તરફ અને બેહેસ્તના માર્ગ ભણી દોરવવુ. કોઇ માણુસો ભલા અને કોઇ બુરા કા હોય છે? તે તેઓના ભલા અને બુરા વીચારોનુ પરિણામ છે. વીચાર ઉપર તો માણુસની હસ્તીનો ગોયા આધાર છે, કારણુ કે ભલા વીચારોથી એક માણુસ દુન્યામા ભનાઇ કરીને માનમરતબો પામે છે, ત્યારે બુરા વીચારોથી માણુસ દુન્યામા બુરાઇ કરીને ખુઆર થાય છે.

મ્હોટાઇનુ માપ ઉમ્મરથી કે શ્રીમતાઇથી નહિ પણુ અક્કલથી ઉદ'રતાથી થાય છે, માટે ડાહ્યા અને ઉદાર બનો.

દુન્યામા મારામારી અને ટંટા ફેસાદ પુશ્કળ છે—બલકે જોઇએ તે કરતા બહુ વધુ છે તેથી હજારો અને લખો માણસો દરરોજ મરાઇ ખુદાઇને જુદા પડે છે દુન્યામા જ્યારે આટલો બધો કડવાશ છે, ત્યારે તો દરેક ઇનસાનની ફરજ છે કે કજીઆ ટંટાને ઉત્તેજન આપીને યા ગુસ્સાના અંગાર ઉપર કોલસાનો એકબી ગાગડો મુકીને તે કડવાશમા વધારો કરવો નહી તેને બદલે લોકની મીત્રાચારીમા પડેલી ફાટફુટ સાંધવાની કોશેશ કરવી, તે પોતા માટે બેહેસ્તનો રસ્તો ખુલ્લો કરવા સમાન છે કોઇ આપણી આગલ બીજાને માટે બખાળા કહાડે, તો તેને ઉત્તેજન નહી આપતા સામુ તેનુ મન ફેરવીને તે બીજા ધણી માટે તેની ઉપર સારો છાપ બેસાડવાની કોશેશ કરવી જોઇયે ચુસ્ત જરથોસ્તીઓની ફરજ છે કે દુશ્માનો વચ્ચે દોસ્તી કરાવવી, મરાઇને જુદા પડેલા સગા વહાલાઓનો પાછો મેળાપ કરાવવો અને એ રીતે દુન્યામાથી મારામારી દુર કરી સુલેહ શાંતી ફેલાવવી.

બીજાઓની ચઢતી હાલત જોવાથી જે માણુ-સના દીનમા અદેખાઇનો આતશ ઉત્પન્ન થાય, તે માણુસ શાતી ભોગવી શકે નહી તેજ મુજબ બીજાઓએ કરેલા નુકસાન યા ઇજા માટે જે માણુસના દીલમા ધીક્કારનુ પજરણુ ચાલુ રહે તે માણુસથી શાતીનુ સુખ ભોગવી શકે નહી અદે-ખાઇ, કીનો, લોભ, હવસ, ગુસ્સો, વગેરે દીલ-માના મેલા જુરસાઓ દુર થાય, ત્યારેજ માણુસ સપુર્ણ શાતીવાળી સુખી જીદગી ગુજારી શકે જે માણુસે ખુદ પોતાના અતકરણુમાથી બદીને દુર કરી નાખી હોય, તે બીજાઓના બદ કામો સામે કાઇ વીરૂધતા બતાવતો નથી, યા તે માટે તેઓ સાથે લડતો નથી. સબબ, જે માણુસ પોતે બદીથી નીરાળો તેને બીજાઓની બદી હેરાન કરીજ કેમ શકે?

નેકી યા ભલાઈ કાઇ ચોપડીમાથી શીખાતી નથી, યા કોઇ શીક્ષક તે શીખવી શકતો નથી નેકી ફકત હાથે જાતે કર્યાથીજ જાણી શકાય છે કે એનુ નામ તે નેકી પૈસા ટકા મેળવવા માટે યા પોતાના લાભ આગળ વધારવા માટે ઘણા માણસોને ઉંધા ચતા કરવા પડે છે તેથી કાઇક તકલીદી સુખ મળે છે ખરૂ, પણ તે ખરૂ ભોગવવા લાયકનુ સુખ હોતુ નથી એ ઉંધા ચતા કરવા માટે જે બુરા વીચારો અને માઠા કામો કરવા પડે તે ખરા સુખને બદલે સામી આફત અને દુ ખ ખેચી લાવે છે બીજા હાથ ઉપર નેકી કરનારાઓને કદાચ ધન દોલત, વાડી વજીફા યા ગાડી ઘોડા મળતા ન હોય, પણ સ્વચ્છ અતકરણ અને પ્રમાણીક જીદ-ગીથી, મનની શાતીનુ એવુ ઉમદા સુખ મળે છે, કે જેવુ સુખ ઉંધા ચતા કરીને લાખોની યા કરોડોની દોલત મેળવનારો માણસ ભોગવી શકતો નથી નેકી કરનારને મળતી મનની શાતીની દોલત આગળ આ દુન્યાદારીની બીજી સઘળી દોલત રદ છે.

સગા વ્હાલાઓ, સગાઇના ગાઢને લીધે આપણા ખેરખાહ હોવાંજ જોઇયે એવુ કાઇ નથી સબબ બાપ બેટા વચ્ચે અને ભાઇ ભાઇઓ વચ્ચે ઉંળે દીઠુ વેર પડનાના દાખલા કાઇ ઓછા નથી જેમ પારકા આસામીઓ સાથે પ્યારથી વર્તીને તેઓને આપણા મીત્રો બનાવ્યે છીએ તેજ મુજબ એક ઘરમા સાથે વસનારા કુટુંબીઓને પણ આપણા ખેરખાહો બનાવવા માટે પ્યારભરી લાગણીથી અને જરૂર પડવે તેઓ તરફ મદદનો દસ્ત લંબા-વીને તેઓને જીતી લેના જોઇયે ત્યારેજ તેઓ આપણુને ખરા હેતથી ચાહતા શીખશે

---

દાદાર હોરમજદને પસંદ પડતા કામો કીધાથી જે ઉત્તમ ફાયદા હાસલ થાય છે, તેથી જાણીતો થઇને ભલા મનની મારફતે માગ રસ્તાનને ગરોથમાન બહેસ્ત તરફ લઇ જવા, અને જયાં સુધી હુ શક્તિ ધરાવુ છુ અને કુવત રાખુ છુ ત્યા સુધી રાસ્તીની ખાહેશમા રહેવાને બીજાઓને શિખવવા ઇચ્છુ છુ.

કોઇ સગાંવહાલા તરફથી મોટી દોલતનો વારસો મળે યા વેપારમાં તડાકો પડે ત્યારે લોકો કહે છે કે પરવરદેગારની રહેમ છે પણ જ્યારે કોઇ આફાત આવે, પૈસા જતા રહે યા ધધામા ખોટ જાય ત્યરે એવ્જ લોકો આસમાન તરફ ડોળા ચઢાવી બને હાથો ઉચા કરીને બડબડે છે કે "શુ ખોદાનો ઇન્સાફ છે!" મતલબ એ કે સુખી હાલતમા તેઓ ખોદાને દયાળુ અને ઇનસાફી ધારે છે અને દુ ખ આવી પડતા તેને ગેરવાજબી અને ગેરઇનસાફી માને છે એમ માનવામા તેઓની ભુલ છે ખોદાની રેહેમદીલી અને ઇનસાફ તેમજ સૃષ્ટી તરફનો અને દરેક માનવી તરફનો તેનો પ્યાર હમેશ એકસરખોજ ચાલુ રહે છે. આ વાત દરેક ઇનસાને બરાબર સમજવી જોઇયે આબાદીમા તેમજ સકટમા અહુરમઝદ એકસરખી લાગણી રાખીને આપણી સભાળ લે છે.

દુન્યાના કારોબાર માટે કુદરતે ઘડેલા કાનુનો અચુક અને સઘળાઓને એકસરખો વાજબી ઇનસાફ આપનારા છે. પણ તે છતા કાઇ મોહોટું દુખ યા આફત આવી પડતાં ઘણીક ટુકી નજરના માણુસો નીસાસો નાખીને કહે છે કે ખોદાનો ઇનસાફ કેવો ઉંઘો છે! તે ઉંઘો નહી પણ ખરેખરો અદલ છે. અહુરમઝદનો ઇનસાફ જો ઉંઘો હતે તો દુન્યાનો કારોબાર એક ઘડીભરબી ચાલી શકતે નહી દુન્યામા સઘળા માણુસોની હાલત સરખી નથી કોઈ દુખી તો કોઇ સુખી—એક ગરીબ તો બીજુ તવંગર—આ બીમાર તો પેલુ તનદરોસ્ત—એવો આ દુન્યાનો કારોબાર છે તે કુદરતના ઇનસાફી કાનુનોનેજ આભારી છે, કે જે કાનુનો માણસોના સારા માઠા વીચારો અને કામો મુજબ વાજબી ઇનસાફ અપીને તેઓની જીંદગીને દુઃખી યા સુખી બનાવે છે.

ગાઠેથી કાઢબી પૈસા કહાડી આપ્યા વગર આપણે બીજાઓનું ધણુંક ભલું કરી શકીયે એમ છે ભોપે પડેલા એક આસામીને ઉઠાડવા માટે તેની તરફ મદદનો હાથ લબાવવો, તે તેને પૈસા આપવા કરતા બેહતર છે દુખ અને દલગીરીમા ગરકાવ થયલા માણુસને સંયારો આપીને તેને સંકટ સામે ફતેહમંદીથી લડત ચલાવતો બનાવવો એ પણ પૈસા કરતા બેહેતરજ ગણાશે. એ ઉપરથી સમજી શકાશે કે પૈસા ન હોય તે કારણથી બીજાઓને મદદ કરી ન શકાય એમ કહેવું ફોકટ છે આપણી પાસે રૂપીઆના સીક્કા કદાચ ન હોય પણ અંતઃકરણના સીક્કા અને જીંદગીના સીક્કા તો આપણ દરેક જણ પાસે છેજ. બીજાઓનું ભલું કરવા માટે એ સીક્કાઓનો મન ચાહે તેટલો ઉપયોગ કરવાની ભવસર દરેક જણ ધરાવે છે.

ખોરશેદ રોજે આપણા અશો પેગમ્બર જરથોસ્તનો દીસો એટલે મરણ પામવાનો દીવસ છે. એ દીવસે આ મહાત્માના પવિત્ર ફરોહરની યાદ, તેવણ સાહેબના પરમાર્થી કામોના સ્તુતી, અને એવણને પગલે ચાલવાની કોશેશ કરવા માટેની યાદ તાજી કરવા સઘળા જરથોસ્તીઓએ સાથે મળીને દીનના કાયદા પ્રમાણે આફરીનગાન, બાજ, યજશને, જશન વગેરેની ક્રિયામા સામેલ રેહવાની ફરજ છે પોતાના ઘરોમા પણ દરેક જરથોસ્તીએ આ માહન પુરૂપની આરાધના કરવી સજાવાર છે.

---

બંદગીના ગાયનો મારફતે દાદાર હોરમજદને વખાણવા ઇચ્છીએ છીયે કારણ કે રાસ્તીની મારફતે દીનની બાબતોથી જાણીતો થઇને તે નેક વીચારના, નેક સખુનના, અને નેક કામના મહાજ્ઞાની સાહેબને હુ હવે મારી નજરે નજર ખુલ્લી રીતે જોઉ છું તેની કીર્તિના ગાયનો ગરોથમાન બેહસ્તમા પણ અમો ગાઇશુ

ઉસ્તવદ ગાથા, હા ૪૫, ફ. ૮.

મેહેર રોજથી તે બેહરામ રોજ સુધી મએદી-આરેમ ગાહમ્બારનો જશનો. મએદીઆરેમનો અર્થ વરસનુ મધ્યમા આવવુ. વરસાદ, બરફ વગેરે થ ડીનુ પુર જોરમા આવવુ એવો થાય છે વીસપરદમા એ ગાહમ્બારને સરદી લાવનાર કહયો છે આફરીન પ્રમાણે દુન્યાની આબાદી અને ઉદ્યોગને માટે એ ગાહમ્બારને ટાંકણે જાતજાતના ગોસ્પંદો ઉત્પન્ન કીધાં હતા એ બક્ષેશો માટે ખોદાનો આભાર માનવાના એ જશનના પાચ દીવસો છે

---

અએ હોરમજદ! અગરજે તુ ખરેખર એ પ્રમાણે રાસ્તી અને નેક મનશ્નીનુ અલકારિક રૂપ છે તો આ દુનિયામા મારી તમામ જીંદગી ગુજારવા બાબે મને એવી બક્ષારત કર કે જેથી વધારે ભક્તિભાવથી તારી પરતેશ કરનાર તથા તારી કીર્તિ ગાનાર તરીકે હું તારી નજદીક પહોચુ

અહુનવદ ગાથા, હા ૩૪, ફ. ૬.

કોઇબી જાતના દુઃખ અને આફતનો ઇલાજ બંદગી છે આપણા વહાલાઓ મરણ પામે—મીત્રો આપણને તજી જાય—અને પૈસો ટકો જતો રહે, ત્યારે આપણે કયા જઇયે—કોણનો આસરો શોધ્યે ? એવા પ્રસંગે અહુરમઝદની બંદગી એજ-મતી અસર કરનારી થઇ પડે છે. જીંદગીની જંજાળો ઘણી છે, અને માણસનો માર્ગ મુશકે-લીઓથી ભરપુર છે પણ ગમે એવી આફત યા મુશકેલી વખતે ખરા અંતકરણથી અહુરમઝદને યાદ કરવાથી તે આપણી મુશકેલી દુર કરે છે અથવા તે દુર થાય તે દરમયાન મનનો ગભરાટ ઓછો કરીને શાંતિ બક્ષે છે. બંદગી એક બળ-વાન હથીઆર છે અશો માણસો જ્યારે એ હથી-આરનો ઉપયોગ કરે છે ત્યારે તેની ધાર બહુજ તેજદાર રહે છે પણ બદકારોના હાથમાં તે બહુજ બુડી થઇ જાય છે. બુરાઓના હાથમાં બંદગીનું હથીઆર લગભગ નકામા જેવું છે.

ઇનસાન જો ચાહે તો પાપથી બચી શકે ગુનાહથી બચવાનો એક ઉપાય છે અને તે ઘણો સહેલો છે દરેક વખત કાઇભી ગુનાહ કરવાની લાલચ થતા એકદમ થોભી જવું—હાથ પગ ખાચીને ત્યાજ થભ થઇ જવુ તે પછી મનને વાત કરી વિચાર કરવો કે અહુરમઝદની રાહ ઉપર ચાલનાર, અહુરમઝદને પોતાના આત્મામા સમાવી દેનાર અને આખરે અહુરમઝદ સાથેજ મળી જવાની ખાએસ રાખનાર આસામી પોતાના પાક કીરતારને ખોટો નીવડી આવી જાતનો ગુનાહ કરે એ શુ વાજબી છે? એવી લાલચથી શુ હાથ ઉઠાવવો ન જોઇયે! ગુનાહ કરવાની લાલચ થતા, આપણે જે ઉચ નેમથી આ દુન્યામા આવ્યા છીયે તે યાદ કરતા વાગુઓ પોતે કરવા ધારેલા પાપથી હાથ ઉઠાવશે—અહુરમઝદ પોતે તેઓને તેમ કરવામાં મદદ કરશે.

ગુસ્સો અને અધીરાઇ એ બે ચીજ છોડયા વગર માણુસ સુખી થઇ શકતુ નથી. આ બે જુસ્સા ઉપર જેણે કાબુ મેળવ્યો તે મનની સપુર્ણ શાતી ભોગવી શકે છે—તેને કોઇ ચીજની ફીકર, ચીંતા યા બળાપો રહેતો નથી ઉદાસી, ચીંતા, બળાપો અને ક્રોધ—એ આપણી મુશકેલી, આફત યા બોમારીને દુર કરતા નથી, પણ તેમા સામો વધારો કરે છે. એ સઘળા જુસ્સાઓ માણુસને દુખી કરીને તેની જીદગીને દુકી બનાવે છે જીદગીને સુખી અને ઉપયોગી બનાવવી હોય તો એ જુસ્સાઓને દાબી દેવાની અને એકસરખો શાત ખુશ મીજાઝ રાખવાની ટેવ પાડવી જોઇયે ગમે એવી મુશકેલી યા આફત વચે જે માણુસ પોતાના મીજાઝ ઉપરનો કાબુ ખોઇ દેવાને સાફ ના પાડીને શાત સ્વભાવ જાળવી રાખે છે, તેની આગળ પહેલા નાની મુશકેલીઓ અને રફતે રફતે મોટી આફતો વરીફ બરફની મીસાલે પીગલી જાય છે.

બેહેશ્ત શાનુ બનેલુ છે? તેની દીવાલ ઝવેરાતની મઢી લીધેની નથી-તેના દરવાજા મોતી જડીત નથી-તેના રસતા ઉપર સોનાની ફરસબંદી નથી-બેહેસ્ત કાંઇ જુદીજ ચીજનુ બનેલુ છે અહુરમઝદ તરફની સંપુર્ણ તાબેદારી, અશોઇ અને સઘળાઓ તરફનો બીનસ્વાર્થી પ્યાર-એ ચીજોનુ બહેસ્ત બનેલુ છે જે માણસના અંતકરણમા એ ચીજોએ વસો કર્યો ન હોય, તે બેહેસ્તમા કદીબી દાખલ થઇ શકે નહી એ ચીજોનું બેહેસ્ત પહેલા આપણા પોતાના અંતકરણમા હોવુ જોઇયે-તે વગર આપણાથી બેહેસ્તના દરવાજામાથી પસાર થઇ શકાયજ નહી

---

આ દુનિયામા દરેક ઇનશાનની ઉતમ પૂંજી તેની આબરૂ છે જેની પાસે મલમતા અને પૈસાટકા નહી હશે તે પણ પોતાની હોરમતને દોલત સમજીને સંતોષથી પેતાના દિવસ કાઢે છે.

સૌથી મોટું સુખ લેવામાં નહી પણ આપવામા છે જયારે બીજાઓનુ ભલુ કરવાની નેમથી આપણે કાઇ કામ દીલ લગાડીને કર્યે છીયે, ત્યારે તે ઘણુ જ સરસ થાય છે દરેક કામ માથે ઉઠાવતા અને દરેક કોશેશ કરતા જો અહુરમઝદના નામથી દુન્યાનુ ભલુ કરવાની ખાએસ રાખવામા આવે, તો આયંદે તે કામનુ પરીણામ મોટી ફ્તેહમા આવ્યા વગર રહેનાર નથી. ભલી નેમ રાખ્યાથી આપણી મેહેનતમા અને આપણી જજાળમા મોટો રસકસ ઉમેરાય છે અને તે કામ કુદરતી રીતે ઘણુ સરસ થાય છે આપણે જેઅી કાઇ કામ કર્યે તે કરતી વખતે જો સૌથી પહેલી નેમ બીજા કોઇનુ ભનુ કરવાની રાખ્યે, તો તે કામથી થનારો લાભનો સઉ઼થી મોટો હીસ્સો આપણે પોતાનેજ હાથે આવે છે

---

ભલા અને કીમતવાન વિચારો શરીરના બચાવને માટે ઉત્પન્ન થતી શકિતને પેદા કરનાર યંત્રની માફક કામ કરે છે.

માણુસો દુન્યામાં એકેક પછી જનમે છે, દરેક જણ પોતાની અંગત જોખમદારી સાથે જુદી જુદી જીંદગી ગુજારે છે અને સેવટે દરેક જણ એકેક પછી મરણ પામે છે તેજ મુજબ અહુરમઝદ દુન્યાના સઘળા લોકો ઉપર ભેગી દેખરેખ રાખતો નથી પણ દરેક જણ ઉપર જુદી જુદી નેગાહ રાખે છ આપણુ સઘળાઓને સાથે મળીને અહુરમઝદ આગળ હાજર થવાનુ નથી, પણ દરેક જણને પોતાની કરણીનો જુદો જુદો હીસાબ આપવાનો છે. અમુક પ્રસંગે કાઇ ન ધારેલો બનાવ બની જાય તે ઉપર કાઇ આપણી સરજતનો આધાર નથી, પણ આપણે જેવી જીંદગી ગુજારી હોય અને જેવા કામો કર્યા હોય તે ઉપર તેનો આધાર છે અહુરમઝ ઉપર ઇતબાર રાખીને તેના ફરમાનો તાબેદારીથી બજાવ્યાથી આપણી ભવીષની સરજતનુ ખોખુ તઇયાર થાય છે

"જેમ ખોદાની મરજી!" કાઇબી સારૂં યા માઠું થતા ઘણાઓ એ પ્રમાણે બોલે છે પણ એ "ખોદાની મરજી"નો ખોટો અર્થ ઉઠાવવો જોઇતો નથી આપણે કાઇ સારૂ કામ કર્યે અને તે સફળ થતા, ખોદાની મરજીથા થયુ, એમ કહેવામા ખોટુ નથી પણ આપણે જાણી જોઇને આડે રસ્તે જઇયે અને તેના પરીણામમા કાઇ સકટ ખમવુ પડે ત્યારે કહીએ કે એ તો ખોદાની મરજીથી થયુ તે વાજબી નથી રસ્તેથી પસાર થતા જે દરેક ઘરના બારણા ખુલ્લા હોય તેમા આપણને દાખલ થવાનુ નથી. લોભ લાલચોના દરવાજા, શયતાન આપણને લલચાવીને ફાંદામા ફસાવના માટે ખુલ્લા મેલે છે જાણી જોઇને ખુલ્લી આંખે તેમા દાખલ થઇને તે પછી અહુરમઝદને બદનામ કરવો કે તેની મરજીથી થયું તે વાજબી નથી સબબ, સારૂ નરસુ પીછાણવાની બુદ્ધી અહુરમઝદે ઇનશાનને આપેલી છે.

---

ફારસી શીખવાથી નીતિ મલાહજો ને અદબ અંગ્રેજીથી છુટાપણુ, તકરારી, ઇતરાત ને બેઅદબ.

દરેક માણસ એક ઉદ્યોગી વણકર છે હર ઘડીએ અને હરપળે તે પોતાની જીદગીનું વણતકામ કર્યાં જાય છે માણસનો દરેક વીચાર, દરેક લાગણી અને દરેક જુસ્સો, તે તેની જીદગીના વણતકામમા વપરાતા દોરાઓ છે આપણા વીચારો, શબ્દો અને કામો ભલા કે બુરા હોય તે મુજબ આપણી જીદગીના એ વણતકામના દોરાઓ સ્વચ્છ યા ખરાબયલા હોય છે એ પ્રમાણે આપણુ સઘળાઓ ચાલુ વણતકામ કર્યાં જઇએ છીયે આખી જીદગીની ચાલુ વણતથી તૈયાર થયલુ કપડુ કયામતને દહાડે આપણા આત્માને પહેરવુજ પડશે તે જોતા દરેક ઇનસાન માટે ઘણુજ અગત્યનુ છે કે એ આત્મીક કપડાની વણતમા દાઘદુગ વગરના ફકત સ્વચ્છ દોરાઓજ વપરાય આપણે જો અહુરમઝદની મરજી મુજબ ચાલશું અને તેની મરજીને સદા આધીન થઇશુ, તો તેમ કરીને આપણા આત્માને માટે કાઈભી ડાઘ વગરનો યા કાઇભી સાંધા વગરનો નેકીનો એક સ્વચ્છ સાલો તૈયાર કરશું.

વરસ જેમ ઘણાક દીવસોનુ બનેલુ છે, તેજ મીસાલે એક માણુસની જીદગી એકેક પછીના સખ્યાબધ વીચારો અને કામોની બનેલી હોય છે—આખી જીદગી ઉપર તે દરેક વીચાર અને દરેક કામોનો છાપ પડી રહે છે નાની માયા-મેહેરબાની, નજીવી સખાવતો અને નાના ભોગોથી દયાળુ અને પરમાર્થી જીદગી બને છે. ખરેખરો પ્રમાણીક માણુસ પોતાની જીદગીની નજીવી બાબદોમા પણ પ્રમાણીકપણાને વળગી રહે છે. ખરો ઉમદા નર તે છે કે જે પોતે જે કાઇ કહે, યા કરે, તેમા ખરેખરો અમીરી ખવાસ બતાવે છે. આપણે આખી જીદગી એકજ દીવસમા ભોગવીને પુરી કરતા નથી, પણ દરરોજ થોડી થોડી ભોગવ્યે છીએ દરરોજના એ નાના ટુકડાઓથી આખી મોટી જીદગી બને છે.

---

શતોશી તથા શબુરી રાખનાર પુરશને સદા જીઆફત છે

જેમ જમાનાઓ બદલાતા જાય છે, તેમ નવા નવા ધર્મો હસ્તીમા આવતા જાય છે પણ નેકીના મુળ ધોરણો તો અગાઉ જે હતા, તે આજે બી છે અને હવે પછીબી તેજ રહેશે એક માણુસ ગમે તે ધર્મ પાળતો હોય તેની કાઇ પરવાહ નહી, પણ તે જો દરરોજ પોતાના પાપો સામે લડત ચલાવીને પોતાના અંત કરણને સ્વચ્છ કરવાની કોશેશ કરતો હોય, તો તે નેકીને માર્ગે ચાલતો કહેવાય મહાત્માઓ અને પયગમબરોએ પોતાના ગ્નાન અને અનુભવથી નેકીનો માર્ગ શોધી કહાડયો અને તે માર્ગ લોકોને તેઓ દેખાડી ગયા છે જેઓ પાપને તજી દે છે, તેઓ એજ માર્ગે આગળ વધે છે નેકીનો માર્ગ ગોલાબનુ બીછાણુ નહી, પણ ખાડાખાઓચીયાથી ભરપુર કાટાવાળો માર્ગ છે

અગર તુ ચાહતો હોએ ક પરવરદેગારના કેહરથી તુ બચેલો રેહે તો તેહના મોકલેલા બદાઓ ઉપર મેહરબાની રાખતો રેહજે.

ઈંદરીઓને તૃપ્ત કરવાની ઈચ્છા માણુસને જ્યા સુધી મીઠી લાગે છે, ત્યા સુધી ઉંચ હાલતમાં જવાની ઈચ્છા તેના મનમા ઉત્પન થતી નથી. એ મીઠાશ જ્યારે કડવાસમા ફેરવાઈ જાય છે, ત્યારે માણુસ પોતાની નાસીપાસીમા વધારે ઉમદા ચીજોનો ખ્યાલ કરે છે દુન્યાદારીનુ સુખ ભોગવવાને તે જ્યારે અશક્ત થઈ પડે છે, ત્યારે બેહેસ્તના સુખ માટે તે તલ્લમગાર થાય છે બદી જ્યારે દુ ખ ઉત્પન કરે છે, ત્યારે તે નેકીની શોધમાં નીકળે છે એ મુજબ પાપના પસ્તાવાવા માથીજ ઉચ હાલતે પુગવાની ઇચ્છા માણુસના દીલમા ઉત્પન થાય છે, અને એ પસ્તાવાના બળવાન ટેકાથીજ માણુસ બેહેસ્તના સુખને પુગી શકે છે

---

**બર એહવાલે આન મરદ બાયદ ગીરીસ્ત,**
**કે દખલશ બુવદ નોઝદેહ, ખરચ બીસ્ત.**

તે શખ્સના હાલ ઉપર અફસોસ કરવો જોઇએ કે જે ઓગણીસ કમાતો હોય અને વીશ ખરચ કરે,

શરીરને સાફ રાખવાની જેટલી જરૂર છે તે કરતા દશગણી વધારે જરૂર અંતઃકરણને સ્વચ્છ રાખવાની છે આપણે વીચારથી, લાગણીથી અને ખરાબ ખાસીયતથી અહુરમઝદના માર્ગથી વેગળા જઇયે છીએ, જે સઘળા ઉપર અંતઃકરણનો કાબુ છે આથી અંતઃકરણને જો સ્વચ્છ રાખવાની સંભાળ લીધી હોય તો અહુરમઝદના માર્ગથી વેગળા જવાયજ નહી આપણી અંતરની આત્મીક સ્થીતી કેવી છે તે દરેક જણે તપાસના જોઇયે

---

**અંતર્દ્રષ્ટિ**—બાતેન નજર, જેથી ગમે એટલી દુરની અને ગમે એવા જડ પરદાની પેલીમેર હોતી ચીજો દેખાય છે એ એક રવાનની શક્તિ છે, જે વધુને વધુ ખીલવાથી ગમે એવા દુરના ગ્રહ ઉપરની હસ્તી જોઇ શકાય છે, અને છેવટે એથી હરવેરપ-આગાહ થઇ શકાય છે, એટલે જે કાંઇ થઇ ગયું, થાય છે અને હવે પછી થશે તે જાણી શકાય છે

જીદગીમા ઉચા પ્રકારની ફતેહ મેળવવા માટે માણુસે ચીતા, ઉતાવળ અને ધરપચ—એ ત્રણ ચીજોને છોડી દેવી જોઇયે. ખત રાખીને ચોકકસ મુકરર કરેલા માર્ગે ધીમે ધીમે આગળ વધ્યાથી આયદે તે માર્ગને છેડે જઇ પુગીને ફતેહ મેળવી શકાય છે. પણુ આગળ વધતા જો વચમા આડા નીકળી ગયા યા પાછળ હઠયા, તો ફતેહ સદા દુરની દુરજ રહે છે. સૌથી ઉંચા પ્રકારની ફતેહ મેળવવા માટે જે માર્ગ અખત્યાર કરવાનો છે, તે નેકીનો માર્ગ છે. કોશેશ-વધુ કોશેશ-અને ફરી ફરીથીની કોશેશ વગર એ માર્ગમા આગળ વધી શકાતુ નથી

---

હમેશા કજીઓ કકાસને બાળી નાખ, કારણકે કજીઆ કકાસ એ એક મોટી બલા છે, માણુસને ચિતા વધી તેને દુખ ઉપજે છે, અને છેવટે તેનું ધરબી નાશ પામે છે, યાને તે જીવથી જાય છે.

દુન્યાના સઘળા ઇનસાનોના આપણે કરજદાર છીએ જે દરેક ઇનસાનને આપણે મળીએ તેનુ કાઇક ભલું કરવાની ફરેજ આપણે માથે છે ચુસ્ત જરથોસ્તી તરીકે આ દુન્યામાં આપણુ કામ બદીમા ફસી પડેલા ઇનસાનોને બચાવવાનુ, તેઓને મદદ કરવાનુ અને તેઓને નેકીના માર્ગ ઉપર ચલાવવાનુ છે દરેક દુખી ઇનસાન માટે આપણી પાસે સધ્યારાના કાઇક મીઠા શબ્દો હોવા જોઇએ. જ્યા ગલીચી અને બદી આપણી નજરે પડે ત્યા સ્વચ્છતા અને પવીત્રાઇ દાખલ કરવાની આપણે કોશેશ કરવી જોઇએ જ્યા ક્રોધ, વેર ને બુરાઇ દેખાય ત્યા ધીરજ રાખીને અને બુરાઇના બદલામા ભલાઇ કરીને તે ભલાઇથી એ દુરગુણોને દુર કરવા જોઇએ.

---

અગરજો ફરજદની મોરાદ ચાહવી હોય તો, દરરોજ આવાઅરદવીસુરની ન્યાએશ તથા યસ્ન પઢવી તથા પઢાવવી જારી રાખવી.

અહુરમઝદનુ તાજ તે અશો જીંદગી છે—તેનો રાજદંડ તે શાંતીનો રાજદંડ છે, અને તેનુ રહેઠાણુ દરેક ઇનસાનના અંતઃકરણમાં છે. દરેક અંતઃકરણમાં બે રાજા છે, પણ તે બેમાનો એક ઠગારો અને જુલમગાર છે. તેનુ નામ સ્વાર્થ છે. તેના કામો ગુસ્સો, હવસ, ધીકાર અને મારામારીથી ભરપુર છે બીજો રાજા, તે ખરો રાજકર્તા છે તેનુ નામ "પરમાર્થ" યાને અહુરમજદ છે તેના કામો અશોઇ, પ્યાર, નરમાશ અને શાંતીથી ભરપુર છે. હવે કહો કે એ બેમાના કયા રાજકર્તાને તમો નમશો-એ બેમાથી કયાને તમારા અંતઃકરણમાં તખ્તનશીન કરશો ? ખચીતજ શાંતી અને અશોઇના રાજકર્તાને અંતઃકરણમાં ગાદીનશીન કરવાની દરેક ઇનશાનની ફરજ છે.

---

જે શખસ પોતાની ખુજોરગીને પોહોચેલાઓ સાથે ટંટો ફેસાદ નકામો ઉઠાવે તે ઘણી શરમીંનદગી તથા મલામત શીવાએ બીજુ હાસલ નહી કરે.

પરવરદેગારની રાહરીતી બાબે સવાલો પુછવાનો આપણુ ઇનસાનોને કાઇ પણ હક નથી ફલાણા ધણીના એકપુરા દીકરાને તેણે કા તેડી લીધો અને મરતાને મર નહી કહે એવા એક બીજા ધણીને ખુવાર કાં કીધો એ પુછવાનુ આપણું કામ નથી, બલકે ખરૂ કહીયે તો તેનો ભેદ સમજવાની શક્તિ આપણામા નથી તેથીજ અહુરમજદની રાહનોતીનો ભેદ સમજવા અને તેના કારણો શોધી કહાડવા માટે ફોકટની માથાદુખણ નહી કરતા, ને જેબી કાઇ કરે તે આપણા ભલાને માટેજ છે, એમ માની લઇને તેની ઉપર ઇતબાર રાખવામા વધારે લાભ છે. અહુરમજદની રાહરીતીના ભેદ જો આપણુ ઇનસાનો સમજી શકીયે તો પછી તે ખોદાય કહેવાયજ શાનો? પરવરદેગાર જેબી કાઇ કરે છે તે આપણુ ઇનસાનોના ભલાને માટેજ કરે છે એમ માની લઇને નીરાતે બેસવુ. એના જેવો ઉત્તમ માર્ગ બાજો કોઇ નથી.

મુશ્કેલી યા આફત આવી પડે ત્યારે કોઇ ફરેસ્તા કરાવવાની અને કોઇ આતશબેહેરામને માચી ચહડાવવાની બાધા લે છે, પણ મુશ્કેલી વખતેજ ધર્મને યાદ કરવો અને સુખના દીવસોમા તેને ભુલી જવો એ કાંઇ ખરી ધાર્મીક જીંદગી ગુજારવાની રીત નથી આફત અને ઉદાસી વખતે આપણને ધર્મની જેટલી જરૂર છે તેટલીજ સુખ અને આબાદીના વખતમા પણ અહુરમઝદને યાદ કરવાની અગત છે. જરથોસ્તી ધર્મ આપણી ખુશાનીમા વધારો કરવા માટે જેટલો ઉપયોગી છે તેટલોજ આપણી ગમગીની દુર કરવા માટે અગત્યનો છે મધરાત્રે જેટલા સેતારા આપણને દેખાય છે, તેટલાજ સેતારા ખરી બપોરે બી આસમાન ઉપર હોય છે પણ સુરજના બેહદ ઝળકાટને લીધે એ સેતારાઓ બપોરના આપણે જોઇ શકતા નથી તેજ મુજબ આપણા દુખ અને આફતની સીહા રાત્રે, આપણને સધ્યારો આપનાર જે ઝળકતા સેતારા આપણા ધર્મદીનમા આપણને દેખાય છે, તેજ સેતારાઓ આપણા સુખ અને આબાદીની ખરી બપોરે પણ આપણે માથે ઝનકી રહે છે.

આપણા સમાંવાહલાઓ અને દોસત આસના· વોનીજ કાંઇ આખી દુન્યા બનેલી નથી આપણા કુટુંબ સાથે માલાથી વર્તે અને આપણે આધારે પડેલાઓને સુખ આપવાની કાળજી રાખ્યે તે બેશક વાજબી છે. પણ તેથી કાંઇ એમ નથી ઠરતુ કે આપણા બીજા બાઇબધોને આપણે ભુલી જવા જોઇયે આપણા પોતાના લાભો આગળ વધારવાની કોશેશ કરતાં આપણા સઘના બાઇબધોનો યાને આપાણી આખી કામનો આપણે વિચાર કરવો જોઇયે કુવામા વસ્તો દેડકો તે કુવામાજ આખી દુન્યા સમાઇ ગયલી માને છે તેજ મુજબ ફકત આપણાં કુટુંબનોજ વીચાર કરીને આખી દુન્યા આપણા નાના કુટુંબમાજ સમાઇ ગયલી આપણે માનવી જોઇયે નહી આપણો હમજાતી જયાબી હોય, ત્યા તે આપણો એક બાઇબધજ છે

---

જે માણસ પુરણ તનદુરસ્તીને ઇચછતો હોય તેણે ખાવાના ભાણા ઉપરથી થોડી ભુખ રાખીને ઉઠવુ.

અહુરમઝદ દેખાતો નથી ત્યારે તેને આરાધ્યે કેમ? તેને ખુશનુદ કેમ કરયે? ઘણાઓ આ સવાલ પુછે છે. પણ તેઓએ યાદ રાખવાનુ છે કે અહુરમઝદ દેખાતો નથી, છતા તે દુનીઆમા દરેક ઠેકાણે હાજર છે જેઓ તેને ખરા દીલથી આરાધે છે અને યાદ કરે છે તેઓને, અહુરમઝદ અણદીઠ છતા, તેની હાજરી માલુમ પડીઆ વગર રહેતી નથી દુખ અને આફ્‌ત વખતે ખરાં દીલથી નિકલેલી બંદગીનો જે જવાબ મળે છે અને આફ્‌તની જે શાતી થાય છે તે અહુરમઝદ સીવાય બીજુ કોણ કરે છે! અહુરમજદ દરેક ઠેકાણે અને દરેક વખતે હાજર છે આપણી મરજી પડે ત્યારે કોઇ બી વખતે તેને ખુશનુદ કરનારા કામો આપણે કરી શકીએ એમ છે કોઇમી માણુસ તરફ અહુરમઝદના નામથી માયા મેહેરબાની દેખાડવી તે ખુદ અહુરમઝદ તરફ માયા મેહેરબાની દેખાડવા સમાન છે.

---

બોલત ગઇ થોરી રહી—મન મત વ્યાકુલ હો
વીશ્વાસ ધીરજ મીત્ર હે—તુ રહી કમાઇ મત ખોઇ.

**માહા ૧૧ મો બહમન —**બહમન રોજે બેહમનીઆનનુ જશન, બહમન એ અમશાસ્પદોમા પેહલો છે એનો અર્થ ભલું મન અથવા ભલી અક્કલ કરી થાય છે અશો જરથોસ્ત બેહમનની મારફતે એટલે પોતાના જ્ઞાનનાબળથી અને આસ્નીદે ખરદ એટલે જાતી અક્કલથી ખોદાને મલ્યા હતા એ અમશાસ્પદને ગાય ઢોરની પારવાની કરવા ઉપર મવક્કલ ઠેરવેલો છે ગાએ ઢારને ઇજા પોહચાડવાથી બેહેમન અમશાસ્પદ નાખુશ થાય છે

---

તમો જાણતા તો હશો કે, ફકીરો બે કીસમના હોય છે એક તો સાલેક અને બીજા મજઝુબ સાલેકો તે કહેવાય છે, કે જેઓ કેટલેક દરજજે ખોદાઇ ભેદ સમજે છે તો ખરા પણ બારદાસ્તથી કામ લઈ તે લોકો ચુપ રહે છે અને જે વાતથી તેઓ વાકેફ થઇ જાય તેનો ભેદ કોઇની ઉપર જાહેર કરતા નથી પણ તેથી એમ ન સમજવુ જોઇએ કે, તેઓ લોકોને ખોદાઇ માર્ગ તરફ દોરવતા નથી.

માણસની બે આગળની નાની જીભલી ઘણી-વાર જબરો કમાલ કરે છ તે બીજાઓને ગ્યાન આપીને તેઓને ડહાપણુવાળા બનાવે છે. મીઠા બોલોથી તે દુખ્યાઓને દીનાસો દઇ શકે છે અને દુન્યાદારીની જજાળથી ઉદાસ થઇ ગએલાઓને પાછા આશાવત બનાવે છે ભુલડ અને ઉછાછળા જીવડાઓના કાનમા સાવચેતીના શબ્દો રેડીને તે તેઓની શુધી ઠેકાણે લાવે છે એજ નાનકડી જીભલી ગોથા ખુવેલા મુરડાઓનેબી પાછા જીવતા કરે છે, એમ કહેવામા ઝાઝી સરાધાત નથી આ આપણી જીભલીની એવી મહાન શકતી અહુરમ-ઝદનેજ અર્પણુ કરીને તેને તદન સ્વચ્છ રાખવાની આપણી ફરજ છે. જે હોઠોમાથી "અશેમ" અને "યથા"ના ઘણાજ પવીત્ર કલામો દીવસમાં એક નહી પણુ અનેક વાર બાહર પડે, તે હોઠોને અને જીભલીને ગાલમલોચ ભરયા શબ્દોથી અથવા કોઇની નીદા યા બદગોઇથી કદીબી અપવીત્ર થવા દેવી જોઇયે નહી.

ગયે વરસ આપણે કેટલુ કમાયા તે કાઇ અગત્યની વાત નથી પણ ગયા વરસના વેપાર ધધા યા કામકાજથી આપણી ચાલચલણમા શુ સુધારો થયો અને આપણા સદ્દગુણમા શુ સુધારો થયો તે ઘણીજ અગત્યની બીના છે વેપાર ધધો, કામકાજ, કેળવણી, ખુશાલી, ગમગીની, એ સઘળા આપણા સદ્દગુણોમા વધારો કરવાના સાધાનો છે એક માણસની દોલતમા વધારો થાય તેના કરતા તેના સદ્દગુણમા વધારો થાય તે બહુ વધુ અગત્યનુ છે આપણે જેબી કાઇ કર્યે તેનો મજબુત છાપ આપણા આત્મા ઉપર પડે છે અને એ રીતે આપણા દરરોજના ચાલુ કામકાજથી આપણી આત્મીક જીદગી બધાતી જાય છે આપણુ કાઈ કામ નીશ્ફળબી નીવડે તોપણ તેનો છાપ આત્મા ઉપર પડયા વગર રહેતો નથી

---

એક પૈશો બચાવી રાખવો તે ગોયા બમની કમાઇ કીધા બરોબર છે.

બુરાઇનો બદલો ભલાઇથી વાળે તે ખરો ઇન-સાન બુરાઓને શીક્ષા કરવાનો સહુથી સરસ ઉપાય એ છે કે તેએ સાથે ભલાઇ કરવી તેઓ આપણને હેરાન કરે યા ઇજા કરે તેથી બીહવાની કાઇબી જરૂર નથી તેઓ સાથની સઘળી ખટ-પટનુ એક બદલ કરીને તે અહુરમઝદને સ્વાધીન કરી દીધુ કે બધુ ખનાસ તે ખટપટમાથી અહુરમ-ઝદ આપણને એક બાલબી વાંકો થયા વગર સલામત તેરવી લાવશે, સઘળો મામલો તેને સ્વાધીન કર્યા પછી તે આપણને કોઇબી દુશમન તરફથી જાથુકની ઇજા યા હેરાનગતી થવા દેશે નહી.

---

જશનમા ત્રણ મતલબો સમાયલી છે? ૧ તે દીવસ ખોદાની બંદગીમા ગુજારવો, ૨ દીવસોના ચાલુ કામકાજથી થાક લઇ આસાયશ લેવાનો વખત ૩ તે દીવસ ખાણીપીણી સાથે ભાઇબંધી ને મીત્રાચારી વધારવાનો દીવસ,

માથે ટુવાલ નાખીને નીઆએશ તથા યસતો પઢી જવી, દર હમકારે સુખડ લઇને આતશબેહેરામ જવું, પણ કાંઇ દુખ યા આફત આવતા સુના બાવરા બની જઇને હાયસોમાગ કરવા, એ ખરા જરથોસ્તીની રીત નથી દુખ, આફત યા પલીદી કમ દુર કરવી, તે વખતે અહુરમઝદ ઉપર ઇતબાર રાખીને મનની શાંતી કેમ જાળવવી, તનદોરોસ્તી જાળવવાના નીયમો કેમ પાળવા તે સઘળું એ ભણતરોમાં દર્શાવેલું છે પણ તે છતા એ ભણતરો મોહડેથી બરબડી જનારાઓ ભણતરમા સમાયલા ખજાનાનો લાભ પોતે મુશકેલી વખતે લઇ જાણતા નથી લાકડીઓનો ભારો બાંધીને ઘરના એક ખુણામા નાખી મુકવો અને પહાડ ઉપર ચહડતી વખતે ટેકો લેવા માટે એકબી લાકડી વાપરવી નહી તેવો એ મામલો છે ભણતરોનો અરથ નહી સમજવાની એ મોહકાણ છે

---

સંતોશ એજ દોલત છે, તેજ મનનું ધન છે, જેને સંતોશનો એ ખજાનો હાથ લાગે તેજ ખરો સુખી છે.

નમનતાઇ સાથે ડહાપણ હમેશ જોડાયલુ હોય છે તેથીજ નમનતાઇવાનો માણુસ ડહાપણુ વાપરીને પોતાના ગુસ્સાને તાબેશ કરી જાય છે એટલુજ નહી પણુ બીજાઓના ગુસ્સા આગળમી તે નમી જાય છે બીજાઓ જો તેમની સામે કાઇ અખાળા કહાડે છે, તો નમનતાઇવાલો પુરૂષ લોહીનો ગોટ ગળીને અખાડા કરી જાય છે, યા તો કડવાસભરયા સખુનોના બદલામા મીઠા શબ્દોથી પોતાના મુદઇને અફાળીને કહેલા તીખા શબ્દો કરતા નમનતાઇ સાથ ઉચ્ચારેલા મીઠા વચનોની અસર બહુ વધુ થાય છે પોતાના ગુસ્સાને બેલગામ છુટો મેલી દેનારા આસામીઓ વારવાર મુશકેલી અને હેરાનગતીમા આવી પડે છે, પણુ નમ્ર પુરૂષ એવી હેરાનગતીથી સદા નીરાલો રહે છે

---

દારૂ પીનારને દારૂ મળે નહીં અને દારૂ માટે ઘણી ઇચ્છા થાય ત્યારે કાળા મરીની ચાહ બનાવી ગરમ ગરમ પીવાથી સતોષ મળે છે.

માણસની ખાસીયત બહુ વીચીત્ર છે. પોતાની ફરજ બજાવવાની કાળજી નાખવાને બદલે ખોદા તેની ફરજ બજાવશે કે નહી તે માટે માણસ ફીકરમંદ રહે છે અનાજ ખલાસ થયો છે તે કયાથી લાવશુ? નવા કપડા લેવાના પઇસા કોણ આપશે? દીકરી મોટી થઇ તેને પરણાવવાની જોગવાઇ કયાંથી થશે? ઘણાખરા માણસો એવીજ બાબદો વીશે મનમા મુઝાયા કરે છે પણ તેઓએ જાણવુ જોઇએ કે માણસની એવી સઘળી વજબી હાજતો દુર કરવાનુ કામ ખોદાનુ છે અહુરમઝદ પોતાની એ ફરજ બજાવશે કે નહી તે વીશે આપણને ચીતા રાખવાની કાઇબી જરૂર નથી આપણને જે ચીજની ચીતા રાખવાની જરૂર છે તે આપણી પોતાની ફરજ બજાવવાની જરૂર છે આપણી વાજબી હાજતો દુર કરવાની પોતાની ફરજ અહુરમઝદ બજાવશે કે નહી તે માટે સેહેજબી ચીતા રાખવાની જરૂર નથી, કારણકે અહુરમઝદ આપણને પેદા કરીને આપણાથી દુર જતો રહયો નથી, પણ રાત દહાડો તે આપણી ઉપર નેગાહ રાખે છે.

દુખ તો સઘળાઓ ઉપર પડે છે અને તે મુગે મોહડે સહન કરવા વગર કોઇનો છુટકોજ નથી. પણ દુખની વેદના હીમતથી અને હસતુ મોહડુ રાખીને ખમવી તે એક હુનર છે કે જે સઘળાઓને આવડતો નથી. ઇનશાન ઉપર આવી પડતા દુખની નેમ ઘણી બુલદ છે દુખને એવી રીતે સહન કરવુ જોઇયે કે તેમાંથી કાઇક લાભ આપણે મેળવી શકીયે. દુખ પોતાની સાથે અહુરમઝદ તરફનો સદેશો લેતું આવે છે કે જે સદેશો આપણે સાવચેતીથી સાભળવો જોઇયે

---

મોતના દુઃખ કરતા મોતની બીક આખી જીદગીમા વધારે દુખ દે છે શરીરોમાં સર્વે બધનો મુકામ છે. શરીરોમાથી શ્રદ્ધા કાઢીને આત્મામા શ્રદ્ધા રાખો કે હું તો અજર અમર આત્મા છું અને કોઇ મારો નાશ કરી શકતુ નથી. એવી બીક વગરની હીમતવાન જીદગી ગુજારવાથી સુખ અને ફતેહ મળશે.

બુરાઓ જે બુરાઇ કરે તેની અસર તોડવાનો એ-કજ ઇલાજ છે. ને એ કે તેઓની બુરાઇના બદલામા તેઓ સાથે ભલાઇ કરવી. તેઓ બુરાઇ કરીને પોતાના ભવીશ માટે દુખ અને આફતોનો મોટો સંગ્રહ ભેગો કરવા જાય છે અને પોતાના અજ્ઞાનપણાના અંધકારમા એવી બીના તેઓ સમજી શકતા નથી એજ કારણથી બુગઓને તેઓની બુરાઇ માટે ધીક્કારવા જોઇતા નથી, પણ તેઓ તરફ દયા બતાવવી જોઇયે છે કોઇ આપણને ગાળ દે, આપણી ઉપર ખોટુ બોહતાન મુકે યા આપણી પીઠ પાછળ બદગોઇ કરે, તો તે વખતે સઉથી સરસ ઇલાજ મન ઉપર કાબુ રાખીને ચુપકીદી અખત્યાર કરવાનો છે

— — —

ફકત દવાદારૂથી નહી, પણ મનને શુદ્ધ તથા સાફ બનાવીને તે મારફતે, તથા પવિત્ર કલામો ભણીને તેની બરકતી અસરથી, ઘણા દર્દોનો એલાજ પશ્ચિમના દેશોમા હવે સારા કરવામા આવે છે.

સ તોશનો સદગુણ ઘણો ખુલદ છે. પણ તે છતા પોતાની હાલતમા વધુ સુધારો કરવાની કાઇમી કોશેશ કરયા વગર માણુસ હાથ જોડીને બેસી રહે તે સ તોશી નહી, પણુ આળસુ કહેવાય સ તોશનો અરથ બને એટલી કોશેશો કરવી, પણુ તેવી કોશેશ કરવા સાથ મનમાં કાઇબી ચીતાને ઘર કરવા દેવુ નહી, બને એટલુ બજાવવુ અને તે પછી તેના પરીણામ બાબે મનમા કાઇબી ચીતા રાખ્યા વગર સઘળો મામલો અહુરમઝદની મુનસફી ઉપર છોડી દઇને નીરાંને બેસવુ, તે સ તોગ બદીમા યા અજ્ઞાન-પણુામા સબડયા કરતો માણુસ પોતાની તે હાલતથી રાજી થઇને તેમા સુધારો કરવાની કાઇબી કોશેશ કર્યા વગર નીરાતે બેસી રહે તે સ તોશ કહેવાય નહી

---

"ઉત્તર તરફના ભાગમાંથી, ઉત્તર તરફના ભાગો માંથી, દેવોનો દેવ જે પુર મરકીવાળો અંગ્રેમેન્યુશ તે દોડી આવ્યો" ( વદીદાદ, ૧૯-૧, કાગા )

દુખ અને આફતથી કોઈ મચ્યુ નથી અને કોઇ બચવાનુ નથી તેમાથી રાજા-રાવણ નથી છટકયા, તો આપણા સાધારણ ઇનસાનોનો શુ આસરો? ઘણાઓ દુખથી કટાળીને જીદગીને શ્રાપ દે છે પણ દુખ, આફત, નીરાશી અને કમનસીબી તો દરેકની સરજતમા છેજ. એવા હાદેસાથી આપણી જીદગીને કડવાસભરી બનાવવાની અને બીજાઓ સાથે જુદા છીટા છાંતરા કહાડવાની કાઇ પણ જરૂર નથી એવા હાદેસા વચ્ચેબી દરેક જણે એક બાળકના જેવુ નરમ અને માયાળુ અંતકરણ રાખવાનુ છે અહુરમઝદની મેહેરબાનીથી મુશ્કેલીઓ વચ્ચેબી નરમાશ અને માયાળુ સ્વભાવ રાખી શકાય છે દુખથી કટાળીને બીજાઓ સાથે છીટા શોધવા યા બોહો ચઢાવીને લડવા ઉતરવુ—તેમા લાભ કાઇ નહી પણ નુકશાન ઘણુ છે. તેથી સામા દુશ્મનો વધે છે

મોજમજાહ સૌને વાહલી છે. પણ કાંઇબી હદ વગર મોજમજાહ ભોગવ્યા પછી તેના જે દુઃખદાયક પરીણામો આવે, તે ભોગવ્યા કોઇને ગમતું નથી. જે માણુસ પેટ ભરીને મજાહ કરયા પછી તેના પરીણામો ભોગવવા માગતા નથી તેઓને દુન્યાનો કારોબાર અંધેર અને ખોદાનો ઇનસાફ ઉંધો લાગે છે તેઓ પોતાની ઇચ્છા મુજબ દુન્યાનુ કામકાજ ચાલતુ જોવા માગે છે—કુદરતના કાયદાનો ભંગ કરીને તેની સજામાથી તેઓ છટકવા માગે છે. પણ ખુદરતના કાયદા અચુક તેમજ સંપુરણ છે—તેઓ કોઇનોબી સરોપરો રાખતા નથી. નાના કે મોટા -અમીર કે ફકીર-રંક યા રાય-સઘળાઓને કુદરત એકસરખો ઇનસાફ આપતી જાય છે તેના કાયદાને અને તેના ઇનસાફને નમયા વગર કોઇબી ઇનસાનનો છુટક નથી.

---

દરેક દીનદાર જરથોસ્તીઓએ બંદગી કીધા પછી હરરોજ એકાંત ચિત્તે બલી દુવા માંગવી

પૈસાવાળા પાડોશીને જોઇને ઘણાઓ મનમા મુઝાય છે કે પરવરદેગારે અમને ગરીબ કાય કીધા? પણ એ ભલા માણુસો સમજતા નથી કે સુખ અને શાન્તી તેઓના પોતાના અંતઃકરણમા છે—પાડોશીના પૈસામા નથી પાડોશી પૈસાવાળો હશે, પણ તેથી તે સુખીજ હશે એમ કાંઇ ઠરતુ નથી તે ગાડી ઘોડે ફરતો હશે, પણ તેના ઘરમા કજીયો હશે—કોઇ બીમાર પડેલુ હશે—યા કોઇ કુછંદી ફરજંદોનો તેને રાત દહાડો બળાપો હશે જેઓ પાસે પૈસા ટકા ન હોય, તેઓ કાંઇ ગરીબ કહેવાય નહીં, પણ જેઓ પોતાની લાચારીને સહન કરવાનુ કુવત ધરાવતા ન હોય તેઓજ ખરેખરા ગરીબ કહેવાય આફત કોણ ઉપર નથી પડતી? તેમાથી કોણ બચ્યુ છે અને હવે પછીથી કોણ બચશે? પણ એટલુ યાદ રાખવાનુ છે કે કોઇબી આફત એવી નથી કે જેની વેદના ડહાપણ ભરી રીતે કામ લેવાથી ઓછી ન થાય.

માણુસોને મોટે ભાગે એકલુ રહેવા ગમતુ નથી. આથી સ્ત્રી પુરૂશો પરણીને લગનના ગાઠથી એક થાય છે કે અડીભીડીએ એક બીજાને મદદ લાગે એ ઉપરાત પુરૂષો દોસ્તદારોની તથા સ્ત્રીઓ સહ્ય મીટીઓની સગતમા ફરે છે અલબતા એવી સાચી મજબુત મીત્રાચારી ઘણીવાર આપણને ઉપ્યોગી થઈ પડે છે તેમા કાઇ શક નથી પણ તે આ વાત બી ખરી છે કે આપણા મીત્રો ગમે એવા વફાદાર અને દીનસોઝ હોય તોપણ આ દુન્યાના સુખ દુખ માથી તો આપણ દરેકને એકલાનેજ પસાર થવાનુ છે આપણને કાઇ દુખદરદ થાય છે ત્યારે તેની સઘળી વેદના આપણને એકલાનેજ ભોગવવી પડે છે આપણા ગમે એવા વાહલા ખેશીઓ યા મીત્રો તે વેદનાનો થોડોક ભાગ પોતે ઉપાડી લઇને આપણુ દુખ ઓછુ કરે એ બીલકુલ બનવાજોગ નથી તેજ મુજબ મરણ નજદીક આવતા જ્યારે દુન્યા છોડી જવા પડે ત્યારેબી આપણી સાથે કોઇ આવી શકતુ નથી સુખ દુખનો ભાર પણ દરેકને એકલાનેજ ઉપાડવો પડે છે.

દરયાવમાં કીસ્તી હંકારવાની મુખ્ય મુશ્કેલી કીસ્તીને પાણીની બાહેર રાખવાની નહી, પણ પાણીને કીસ્તીની બાહેર રાખવાની છે. તેજ મુજબ આપણુ જરથોસ્તીઓની ફરજ દુન્યાની જન્જાળો તથા લોભલાલચોથી દુર નાસી જવાની નહી પણ એ જન્જાલો તથા લોભ લાનચોને આપણી આગળથી દુર હાકી કહાડવાની છે. જેમ પાણી વગર કીસ્તીને હંકારી શકાતી નથી તેમજ જંજાળ વગર દુન્યામા જીદગી ગુજારી શકાતી નથી. પણ એ જન્જાળ આપણા અંતકરણને પોતાના કાબુમા ન લે તેની સંભાળ રાખવાની જરૂર છે, કેટલાંક માણસો જન્જાળ અને બલાપાને એટલો બધો મન ઉપર લે છે જેથી તેઓ જીંદગીથી કંટાળીને દુખમાજ પોતાના દીવસો પુરા કરે છે. સુલેહ અને શાંતીભરી જીંદગી ગુજારવાનો ખરો મારગ એ છે કે ગમે એવી મુસ્કેલી અને આફત વચ્ચેબી અંતઃકરણને જન્જાળ અને ચીંતાથી નીરાળુ રાખવુ.

કેટલાકો ભવીષની મુશકેલી માટે મનમા ચાલુ મુઝાયા કરે છે એવો બળાપો કરતી વખતે તો તેઓ તદન તનદોરસ્ત અને પાચ પૈસે સુખી હોય છે પણ તે છતા તેઓને બીક લાગ્યા કરે છે કે રખેને આગળ ચાલતા બીમાર પડી જઇયે, રખેને પૈસા જતા રહે ને મુફલેસીમા આવી પડયે? હવે એ ઉછીકો બળાપો નહી તો બીજુ શુ? લોકોનો મોટો ભાગ એવી રીતે બીનજરૂરી ધારતી ફીકરથી મનમા મુઝાયા કરે છે—જે બીમારી યા જે આફત કદાચ કદીમા આવશે નહી, તે માટે તેઓ રાત દીવસ ફોકટના ધુજ્યા કરે છે. એવી રીતે ભવીષનો વીચાર કરતી વખતે ભવીષને ખ્યાલી દુખ દરદો અને આફતોથી ભરપુર થયલું માની લેવુ તે જીદગી ગુજારવાની ઘણીજ કંગાળ અને અફસોસ કરવા લાયક રીતી છે

---

માનવી! તુ પોતાને પીછાણ, પરમેશ્વરની તપાસણી કરવાની શેખી મા કર, મનુષ્ય જાતને અભ્યાસ કરવા લાયકની બાબત મનુષ્ય છે.

જે પુરૂશ પોતાના નાના ગુનાહોને ઘણાજ ગબીર પ્રકારના લેખીને તેનાથી દર રહેવાની કોશેશ કરે છે, તે આપદે મહાત્માની પંકતીએ પુગે છે ફકત મુર્ખ માણુસોજ ધારે છે કે નાના પાપ કરવામા કાઇ મારુ નથી એવો પુરૂષ જેમ તેમ મારી કુટીને પોતાના મનને મનાવે છે કે જ્યા સુધી હુ મોટી અનીતીમા ફસ્યો નથી ત્યા સુધી હુ સદગુણી અને પહેરેજગાર છુ. પણ ખરૂ જોતાં તો તેનામા સદગુણ યા પહરેજગારી જેવુ કાંઇ હોતુ નથી, અને દુન્યાના લોક તેને તેના ખરા રંગરૂપમા પીછાણી લે છે તેની તરફ કોઇ માનની નજરે જોતુ નથી અને કુદ્રત બીમાર વગરના માણસ તરીકે તેને પસાર કરી દેવામા આવે છે જે નાના પાપોને તે નજીવા ગણે છે, તેજ તેના બેહસ્તના સુખની આડે આવે છે

પરનારી ઝેરી છુરી મત લગાવો અંગ,
દશ શીશ રાવણકે ગયે પરનારીકે સંગ.

કામના બોજાથી નહી, પણ કામના કંટાળાથી ઘણા માણસો મરી જાય છે તેનો અર્થ એ કે કામના ગમે એવા મોટા બોજા છતાં જો જીવ શાંત હોય તો તેથી તનદોરસ્તી ઉપર સહેજ બી માઠી અસર થતી નથી બીજા હાથ ઉપર કામનો બોજો ઘણો ન હોય તે છતા થોડુ બી કામ આવી પડતાં એક માણસ જો કંટાળી જાય અને ફફડી ચટ કીને તે કામ કરે તો તેથી તેની તનદરોસ્તી ઉપર માઠી અસર થવા સાથ તેની જીંદગી દુખી બને છે તેથીજ જરૂરનુ છે કે મેહેનત કરવાને કોઇ એબી કંટાળવુ જોઇયે નહી મેહેનત કરવા, રંજ ખેંચવા અને બીજાઓનુ ભલુ કરવા માટે જાતી ભોગ આપવાને ખાતરજ આપણે આ દુન્યામાં પેદા થયા છીયે. એ વાત ભુલી જઇને ઘણાઓ મોજીલી અઇયાસી જીંદગી ભોગવવાને ફોકટના ફાફા મારે છે, પણ તેઓને યાદ રાખવુ જોઇએ કે બેહરતનું સુખ અને અહુરમઝદના આશીરવાદ રંજ ખેંચીને દુન્યાદારીની ફરજો અદા કરનારાઓનેજ મળે છે.

જ્યાં સુધી માણુસના સંસારનું માડું આસાનીથી ગબડયું જાય છે ત્યાં સુધી તે મનમાં કાંઇક મગરૂરી સાથે માને છે કે હું દુન્યામાં સઘળાઓ સાથે સુલે હરાતીથી અને ભાઇચારાથી વરતું છું પણ એક વાર તેની જીંદગીમાં કાંઇ ખતરો પડયો યા તેના સુખમાં ભંગાણ પડવાની કાંઇ ચીંતા ઉભી થઇ કે તે ઘરના તેમજ બાહેરના સઘળા માણુસો સાથ છીંટાં શોધવા માંડે છે તે વખતે તેની વર્તણુક ઉપરથી ખુલ્લું જણાઇ આવે છે કે તે સુલેહ શાની અને ભાઇચારાને ચાહનારો નહીં પણ ટંટા ફેસાદ, આપસ્વારથ અને વીકાર ઉપર આધાર રાખનારો આસામી છે દુન્યાદારીની પોતાની સઘળી મતા જતી રહે, ખુદ પોતાની ઇજત યા જાન વટીક જવાનો સંભવ ઉભો થાય અને તે છતાં જે માણુસ નેકી અને પરમાર્થના નીયમોને વળગી રહે તેજ ખરો નર લેખાય

## સુધારો.

**પેજ ૨૮૨ માં જે મેહર રોજથી તે બેહરામ રોજ સુધી મએહીઆરેમ ગાહમ-બારના જશન છે તે પેજ ૨૮૬ માં મેહર રોજથી વાંચવુ. મોહર રોજથી નહીં.**

---

પાપનો પસ્તાવો કરવો એ સારી ચીજ છે, પણ પાપથી નીરાળા રહેવુ એ તે કરતામી વધારે સારૂ છે પાપ કરયા પછી બેહેસ્તથી બાતલ થવાના વીચારથી નીરાશ થઇ જવુ, તે કરતા તો પાપ કરયા પછી તોબાહ કરીને ભવીષમા નેકીને મારગે ચાલવાનો ઠરાવ કરવો, એ હજાર દરજ્જે બેહેતર છે વળી અહુરમઝદ જો ચાહે તો પાપ, અને બેહોરમતી-માથીમી આપણુને સુખ લાવી શકે એમ છે એક વાર પાપ કરયા પછી આપણે તે પાપની અસરને કચડી નાખી શકતા નથી, પણ અહુરમઝદ તે પાપના બોજા હેઠળ આપણુને કચડાઇ જતા બચાવી શકે છે.

છતો વરો ને ભુખે મરો! આપણા ઘણા ખરા ઇનસાનોની હાલત એવીજ છે ધનદોલત, વાડી-વજીફા અને દુન્યાદારીની મોજશોખ ઉપર જીપલ મારીને શરીરની ઇદ્રીઓને મને એટલી તૃપ્ત કરવાનો આપણે આતુર રહીયે છીએ બેહેસ્તનુ સુખ આપ-નારી નેકી અને પવીત્રાઇ માટે તો આપણા દીલમા કોઇ ઇચ્છા છેજ નહી, અને તે વગર આપણો આત્મા ભુખે મરે છે. એ "છતો વરો ને ભુખે મરો" નહી તો બીજુ શુ ! દુન્યાદારીની મોજશોખ તે ચાર દીનકી ચદની જેવી છે, જ્યારે બેહેસ્તનુ સુખ હમેશનુ છે અહુરમઝદ એ સુખ આપણને આપવા માગે છે, પણ ઇનસાનો તેની તલબ કરતા નથી

---

એક ખરો જરથોસ્તી ખોવાબમાથી હુશિયાર થતાં બીછાના ઉપર પડી, જેમ એક આળસુ ભેસ કીચલના ખાડામાં પડી આલાબાલા મારે છે તેમ, આલાબાલા મારતો નથી, પણ તે તુરત ઉઠી કામે વળગે છે, અથવા તરત ઉઠીને બીછનામા બેશે છે અને ધેઆન કરે છે

સબસે બડી ચુપ ! આ એક સોનેરી કાનુન છે, પણ કોઇવાર તે સોનાની કીમતનો તો નહીજ, પણ કોડીની કીમતનોબી થતો નથી બે મીઠા શબ્દોથી કોઇ દુખી દરદીને રાહત મળતી હોય, તો તે વખતે ચુપકીદી અખત્યાર કરેલી શા ખપની ? એવા મીઠા શબ્દો આપણી જબાન ઉપર તઇઆર હોવા છતાં આપણે તે બોલીયે નહી અને તે વગર દુખી દર્દીઓના અંતકરણને મુઝાવા દઇયે, તેમા લાભ શો ? આપણે ચુપકીદી પકડી રાખ્યે તેથી કાંઇ આપણે ઘાતકી હઇડાના ઠરતા નથી તે ખરી વાત, પણ પ્યાર અને દીલસોજીની લાગણી બાહેર પાડીને દુખી દર્દીઓને રાહત આપવાને બદરે તે લાગણી આપણા અંતઃકરણમા દામી રાખવામા હાસલ શુ ? તેનો અર્થ તો એમ થયો કે આપણી પાસે ફાજલ રોટલી હોવા છતા આપણા પાડોશીને તે રોટલી નહી આપતાં તેને જાણી જોઇને ભુખે મરી જવા દઇયે છીયે.

---

સતીઆ સત નવ છોડીએ, સત છોડે પત જાય,
સતકી બાંધી લક્ષ્મી, ફીર મીલેગી આય.

પરવરદેગાર કાઇ માત્ર જીવ પેદા કરીને બેસી રહેતો નથી તે જીવ આ દુન્યામા આવી, શરીર ધારણ કરી કરોડો લોકોની ઠઠ વચ્ચે જેમ તેમ પોતાનું ફોડી લેસે, એવી કાઇ ખોદાની નેમ નથી દરેક જીવ સાથે તે દરેકની સરજત પરવરદેગાર અગાઉથી મુકરર કરે છે. દુન્યામા કરોડો અને અબજો જાનોની ગજાવર ઠઠ છતા તે દરેક જીવને ઓળખે છે—ને દરેક તરફ મમતાની નજરે જોય છે ના એટલુજ નહી પણ એ દરેક જીવ પોતાનુ એક પુરૂ બાળક હોય તેના વાહાલથી તેને ચાહે છે એ દરેક જીવ માટે તેણે ઉપયોગી સુખી જીદગી મુકરર કરેલી છે. ઇનસાનો આ દુન્યામા જનમ લીધા પછી જેમ તેમ અફળાઇ ઝીકાઇને પુરા થાય એવી તેની નેમ છેજ નહી તેની નેમ એવી છે કે દરેક જીવે દુન્યામા બની પવીત્ર જીંદગી ગુજારવી

---

આવ હય આદર હય, હય નેનનમે નેહ,
તુલશી વા ઘર જાઇએ, ભર બાલા વરસે મેહ.

જ્ઞાની માણસ પોતા ઉપર પડતાં દુઃખને પોતાની આગલી કરણીના પરિણામ તરીકે માને છે દુન્યામા ગેરઇન્સાફ જેવુ કાંઇ છેજ નહી. એક માણસની જીંદગીમા બનતો દરેક બનાવ, તેની ઉપર આવી પડતું દરેક દુ ખ સુખ, એ બીજુ કાંઇજ નહી પણ તેની આગલી કરણીનુ પરીણામ અને તે કરણી માટે મળતો ચેખ્ખો ઇનસાફ છે કોઇ ગાળ દે યા હેરાન કરે, તેથી બીજુ કાંઇજ નહી પણ આપણી તરફના આગળા તેવાજ કાંઇ કામનુ પાછુ ફરી વળતુ પરિણામ છે તેથીજ એક જ્ઞાની પુરૂશ પોતાની જીંદગીમા બનતા દરેક સારા યા માઠા બનાવને તેમજ પોતા ઉપર પડતા દરેક દુ ખ યા સુખને એકસરખો આવકાર દે છે, અને તે દરેક બનાવ પોતાના ભલા માટેજ બનતો માને છે તે પોતાના દુશ્મનો સાથે મી હેતથી વર્તે છે અને તેઓના શ્રાપના બદલામા તેઓને આશીરવાદ દે છે

---

આવ નહીં આદર નહીં, નહી નેનનમે નેહ,
તુલશી વા ઘર ન જાઇએ, ભર કંચન વરસે મેહ

## ૩૧૬ રોજ આસતાદ-માહ્રા બહ્મન.

મુર્ખ માણસો પોતાની નીરાફળતાનો ટોપલો બીજાઓને ગળે ઓળખવા માગે છે, જ્યારે ડાહ્યા પુરશો તે માટે પોતાનોજ કસુર કસુન રાખે છે દરેક માણસે પોતાની ભુલચુકની જોખમદારી પોતાનેજ માથે લેવી જોઇયે એ ઉપરાત ભુનચુક થાય, યા નીશફળતા મળે તે માટે નીરાન થવાની કાંઇ જરૂર નથી—એ નીશફળતામાંથીજ આપણને મોટુ ડહાપણ મેળવવાનું છે નીશફળતાના અનુભવથી જે ડહાપણ અને ગ્નાન મળે છે, તેવુ નાન ગમે એવા કામેલ શીક્ષક મારફતે મેળવી શકાતુ નથી આપણે જે દરેક ભુલ કરયે અને દરેક ટોકર ખાઇયે, તેમા ઘણોજ અગત્યનો પાડ સમાયલા હોય છે પણ મુશ્કેલી એ છે કે એ પાઠ મેહેનત લઇને શોધી કહાડયે, તોજ તે શીખી શકાય પૈમાની, તનદરોસ્તીની યા બીજી કોઇમી જાતની ખુવારીમા કાઇક ઉત્તમ સુખ સમાયલુ હોય છે

---

પરનારી પ્રસન ભઇ દે ન શકત કછુ ઓર,
મુત્ર પાત્ર આગે ધરે એહી નરકકી ઠોર.

આપણી ભુલો તથા પાપો આપણુને માટે આ-શીરવાદના રૂપમા ફેરવાઇ જાય છે પણ તે કયારે ? તે માટે ખરા અંત કરણથી પસ્તાવો કરવામા આવે ત્યારેજ જીંદગીમા આગળ વધવા માટે એકવારની આપણી ભુલો આપણુને ઘણી કામની થઇ પડે છે પાપના ખાડામા પડવા છતાં, અહુરમઝદની મેહેરબાનીથી તે પાપ આપણા આત્માને નવો જન્મ આપે છે—પણ તેબી ખરા અત કરણથી પસ્તાવો કર્યે ત્યારેજ એ પસ્તાવાના અગારમાથી આપણુને સ્વચ્છ સોના જેવા થઇને બાહેર પડયે છીયે અને બધો મેલ તથા કચરો પાછળ મેલી આવ્યે છીયે પણ યાદ રાખવુ કે ફકત અહુરમ-ઝદજ આપણા પાપોને આશીરવાદના રૂપમા ફેરવી નાખી શકે છે—ને સીવાય બીજા કોઇજ નહી—અને તેબી ખરા અત કરણથી પસ્તાવો કર્યા પછીજ.

---

કફ નાશ પામે—ગોળ આદુ સાથ ખાવો.
પીત નાશ પામે—ગોળ હરડે સાથ ખાવો.
વાયુ નાશ પામે—ગોળ સુંઠ સાથ ખાવો.

માણુસ બળ વગરનો નથી, પણ બળવાન છે. તે જો પોતાના વીચારો ફેરવે, તો વીચારશકતીના બળથી પોતાની સ્થીતી પણ ફેરવી શકે દુન્યામા બનતો દરેક બનાવ વાજબી રીતેજ બને છે-માત્ર એનેફાકથી નહી પણ આગમચથી થયલી ગોઠવણ પ્રમાણેજ બને છે આપણી અજની હાલત તે આપણા આગલા વીચારોનુ પરીણામ છે-આવતી કાલે આપણે જે જુદી હાલતમા જઇશુ તે પણ આપણા હાલના વીચારોના પ્રતાપથીજ જઇશુ. માણુસ પોતાના વીચારોના પરીણામમાથી કદીબી છટકી શકતો નથી. નેકીના કે બદીના, હેતના કે ધીક્કારના, જેવા વીચારો કરયા હોય, તેવાજ તેના સારા યા માહા પરીણામ માનસને ભોગવવા પડે છે માણુસ જે જગાએ અને જે સ્થીતીએ પહોચવાનો મજબુત વીચાર હંમેશ કરયા કરતો હોય, તે જગાએ અને તે સ્થાતી, મોટે યા વહેલે, થોડે યા ઘણે દરજજે તે પહોચ્યા વગર રહેતો નથી.

આ દુન્યામાં આપણુ કામ શુ ? પરવરદેગારે આપણુને અહીયા શા માટે મોકલ્યા ! તે બરાબર સમજવા માટે મનમા મુઝાવાની યા વમાસણુ કરવાની કાંઇભી જરૂર નથી. આજે-આ ઘડીએ આપણુા હાથમાં જેબી કામ હોય, તે બરાબર બજાવવુ, તેમાજ આપણી સઘળી ફરજ સમાઇ જાય છે. આ દુન્યામા પોતાને શુ કામ બજાવવાનુ છે તે બીજાઓ આવીને દેખાડશે એવી વકી રાખીને કેટલાકો બેસી રહે છે અને વરસના વરસો એ મુજબ ફોકટના ગાળી કહાડે છે પણ આ દુન્યાનો ફેરો સફળ કરવાનો એ કાંઇ ખરો માર્ગ નથી. ખોદાએ તમારે માટે શુ કામ મુકરર કરયુ છે તે જો તમારે જાણવુ હોય તો દરરોજ તમારી સનમુખ જે કામ રજુ થાય-તમારા વડીલો યા તમારો શેઠ તમને જે કામ સોપે, તે ખોદા તરફથીજ તમારે માટે મુકરર થયલુ જાણવુ.

ઇન્સાનોએ અહુરમઝદની મરજી મુજબ જીવ વાનુ છે, નહી કે પોતાની મરજી મુજબ અહુરમઝદે આપણુને જે સ્થીતિમા મુકયા હોય, તે સ્થીતિમા રહયા વગર આપણો કાઇ છુટકોજ નથી—તે જ્યાબી આપણુને મોકલે ત્યા જના સીવાય બીજો કાઇ ચારોજ નથી. જીદગીની લડત વચ્ચે ચોતરફથી હાદિસાઓનો મારો પડે, ત્યારે મનની શાતી ખોરવાઈ જાય છે પણુ તે વખતેબી મગજને શાત રાખી એક નાના નીરદોશ બાળકના જેવા સ્વચ્છ અતકરણ સાથ આપણુને વરતવાનુ છે. આપણે માટે અહુરમઝદે નકી કરેલો જીદગીનો ગુચવણ ભરયો સવાલ એજ છે અને આપણે જો તેનેજ આપણા રાહબર તરીકે કબુલ રાખીશુ, તો જીદગીની એ ગુચવણુનો ભેદ ખુલ્લો કરવામા તે આપણુને મદદ કરવા વગર રહેશે નહી.

દુ ખ માણુસને આજેજ કરે છે. કોઇબી સાથે ચીઠઊ ફાડતી વખતે યા બોહે ચઢડાવીને લડવા ઉતરતી વખતે એ વાત દરેક જને ખુબ ગોખી રાખવી જોઇયે છે ઘણા માણુસો અંદરખાનેથી બહુ દુ ખી હોવા છતા મન મોટુ કરીને ચાકરી ધંધે જાય છે અને દુન્યાદારીની ફરજો બજાવે છે. તેથીજ જરૂરનું છે કે જેઓ સાથે આપણે કામકાજ કરતા હોઇયે, અને જેઓના સમાગમમા આપણે આવતા હોઇયે, તેઓ સાથે વણીજ નરમાશથી વરતવુ તેઓ અંદરખાનેથી કેટલા દુ ખી હશે, તે આપણે શુ જાણીયે ? એવા દુ ખી માણુસોને પજવીને તેઓને વધારે દુ ખી કરવામા મોટો ગુનાહ છે આપણા સમાગમમાં આવનારા માણુસો જો બેધ્યાન હોય અને અવીચારીપણે વરતે, તો આપણે તે લઇ ચલાવવુ જોઇયે. બીજા કશાને ખાતર નહી તો તે બીચારાઓનો સંસાર અંદરખાનેથી કેવો દુ ખી હશે, તેનો વીચાર કરીને લઇ ચલાવવુ જોઇયે.

સુખ યા દુઃખ એ બીજુ કાંઇજ નહી, પણ માત્ર માણસના મનની સુખી યા દુઃખી હાલત છે એક લક્ષાપતી શેઠીયો દોલતની રેલછેલમા લેટતો હોવા છતા તે જો નજીવી બાબદો માટે છોટા કહાડીને અફાળઝીક કરતો હોય, તો તેના જેવો દુઃખી બીજો કોણ? બીજા હાથ ઉપર એક ભીખારી બેચાર દોહોડીયા પેદા કરીને ચણા મમરાનો ફાકો મારીને કાંઇબી ફીકર ચીંતા વગર નીરાતે ફર્યા કરતો હોય, તો તેના જેવો સુખી કોણ? એ ઉપરથી માલમ પડશે કે આપણે ગમે એવી ગરીબાઇમાબી મનને નીરાત રાખીને, આપણે આપણા ઘરથી સુખી છીયે એમ જો સંતોશ લઇયે, તો આપણા જેવો સુખી બીજો કોઇજ નહી. કોઇ દોલત મેળવવાની તો કોઇ નોકરીના વહીતરામાથી છુટવાની આશા રાખે છે—કોઇ વીલાયત જવાની તો કોઇ વાડી બંગલે રહેવાની ખાએશ રાખે છે પણ એવી તકલીદી આશાઓ પાર નહી પડવાથીજ માણસ બેદીલ, અસંતોશી અને દુઃખી બને છે.

આવતી કાલ સાથે આપણુને કાંઇ કામ નથી. આવતી કાલની સહવાર પડે, અને તે સાથ નવી જ જાળો શરૂ થાય ત્યારેજ ફક્ત તે જ જાળોને પુગી વળવાનો આપણુને વીચાર કરવાનો છે—તે અગાઉ નહી અને તે જ જાળ શરૂ થવા પછીબી ઝાઝો વિચાર કરવાનો નથી, કારણ કે તે જ જાળને દુર કરવાનું કામ અહુરમઝદનુ છે—આપણુ નથી આવતી કાલના યા આવતાં વરસના કામમાટે આગમજથી ચીંતા કરીને મનમા મુઝાયા કરવુ, તે પરવરદેગાર તરફ અવીશ્વાસ બતાવવા સમાન છે. અહુરમઝદે આપણુને પેદા કરીને આજની ઘડી સુધી આપણી સઘળી વાજમી હાજતો દુર કરી, તો હવે પછીથી આપણે જો નેકીથી ચાલીને તેની તરફ વફાદાર રહીશુ, તો તે કાં નહી દુર કરશે ? આ વાત ધ્યાનમા રાખીને હરેક ઇન્સાને પોતાની સઘળી ફીકર ચીંતા દુર કરી નાંખવી જોઇયે.

ખરાં દીલથી કરેલી બંદગી કદીબી ફોકટ જતી નથી ઘણીકવાર આપણી બંદગીની કાંઇ અસર થતી ન હોય એમ આપણને લાગે છે, પણ ખરૂં જોતા તો તેની અસર જોઇએ તે કરતા બહુ વધારે થાય છે પણ આપણે તે સમજી શકતા નથી આપણે બંદગી કરીને દુવા માગીએ છીએ કે આપણું દુખ દફે થાય અને આપણને રાહત મળે પણ અહુરમઝ જોય છે કે આપણને એ કરતાબી વધારે મોટા આત્મીક સુખની વધુ જરૂર છે તેથીજ તે આપણી શારીરીક હાજતો પાર પાડવા અગાઉ આપણી આત્મીક હાજતો પહેલા દુર કરે છે. વળી આપણે બંદગી કરીને દુઆ ગુજારયે છીએ કે આપણી ઉપર લટકતું વાદળ દુર થાય અને આપણી ચીંતા ઓછી થાય અહુરમઝદ આપણી તે મુરાદ પાર પાડતો નથી પણ તેને બદલે પેલી આફત સામે ફતેહમંદીથી લડત ચલાવીને તેની ઉપર જીત મેળવી શકીયે એવું કુવત તે આપણને બક્ષે છે એ મુજબ દુખ અને આફત અહુરમઝદ પોતે દુર કરી નાખતો નથી, પણ તે દુર કરવાનું કુવત આપણને બક્ષે છે કે જેથી આપણે પોતેજ તેને દુર કરી શકીયે.

**માહ ૧૨ મો અસ્પદાદ:—અસ્પંદાદ રોજે,** અસ્પદાદ જે નારી જાતી અમશાસ્પદ છે તેનુ જશન એ શબ્દનો અર્થ ડહાપણ, સભ્યતા, અને નમનતાઇ વગેરે સદગુણો (જે સદગુણો એક સ્ત્રીમાં જરૂર હોવા જોઇએ) થાય છે એ અમશાસ્પદ જમીન ઉપર મવક્કલ છે જેથી એ દીવસે એ અમશાસ્પદને યાદ કરી સભ્યતાવાળા અને સદગુણી થવા માટે બંદગી કરવી જોઇએ એ દીવસે અસ્પદારની તેમજ **હફ્ત અમષાસ્પદ** એટલે સાતે અમશાસ્પદોની સામતી આરાધના કરવાનો છે

---

ભણવાની ( બંદગી કરવાની ) જગો બનતાં સુધી એકજ પસંદ કરવી. રોજ જગા બદલવી નહી કારણ રોજ એકજ જગામા બેસી બંદગી કરે તો તે જગા ઉપરની વાતાવરણ જે માથ્રવાનીથી પાક થયલી હોય છે તે ભણનારને બંદગીમાં મદદ કરે છે તથા તેના વીજલીક પ્રવાહને જોર આપે છે.

## ૩૩૬ રોજ ખોરદાદ-માહા અસપંદારમદ.

મીજાઝ બરખેલાફ હોય અને મન ઉદાસ થયલુ હોય ત્યારે ભલુ કામ કરવાની સ્થીતીમાં આપણે હોતા નથી અહુરમઝદની શાતી જ્યારે આપણા અંત કરણમા હોય છે ત્યારેજ ફક્ત કાઇથી ખરેખર ઉપ્યોગી કામ બજાવવાને આપણે શકતીવાન થઇએ છીયે. ઉદાસ અંત કરણથી ચેહેરો કુમળાઈ જાય છે અને કુમળાયલો ચેહેરો જ્યાથી જાય ત્યાં પોતાની આસપાસના માણસોમા પણ તે ઉદાસી ફેલાવે છે ચીતાતુર થયલુ મન મીજાઝને કાબુમા રાખી શકતું નથી અને મીજાઝ બરખેલાફ થયો કે જીદગી કડવા- શભરી થઇ પડે છે તે માણસ બીજાઓનુ ભલું કરવા માટે યા દુખ્યાઓની દાદ લેવા માટે નાલાયક થઇ પડે છે તેથીજ જરૂરનુ છે કે દુન્યામા સુખી જીદગી ગુજારવા સાથ બીજાઓને ઉપ્યોગી થઇ પડવુ હોય તો મીજાઝને કાબુમાં રાખીને મનની શાતી જાળવી રાખવી જોઇયે મનની શાતી વગરની જીદગી નકામી થઇ પડે છે.

ભલી અને નેક જીંદગી ગુજારવાનો બદલો મળશે કે નહી તે માટે કોઇએબી ફીકરમંદ રહેવાની જરૂર નથી. ફીકર જો રાખવી હોય, તો અહુરમઝદ તરફની ફરજ વફાદારીથી અદા કરવાનીજ રાખવી તે પછી તેનો બદલો આપણને મળે છે કે નહી તેને સંભાળ રાખવાનું કામ અહુરમઝદનું છે અહુરમઝદના નામથી આ દુન્યામાં બજાવેલી કાંઇપણ સેવા ખરીબી ફોકટ જતી નથી—તેનો બદલો ઇનસાનને મળ્યા વગર રહેતો નથી કોઇવાર આપણી કાંઇ ભલાઇ યા નેકીથી બીજા કોઇ ઇનસાનને કાંઇ લાભ નહીબી થાય, તો પણ તે નેકી યા ભલાઇ આપણને માટે બદલો મેળી જવા વગર રહેતી નથી

---

જે પ્રમાણે તળાવની અંદર રમતી માછલીઓ પાણી ઉપરનાં ગલા કચરાને લીધે દેખાતી નથી, તેમજ દરેક આદમીના અંતઃકરણમાં ખેલતો ખુદા માયા—ભ્રમને લીધે આદમી નજરે પડતો નથી.

દુન્યામા હવા પાણી અને સુર્યના તડકાની જરુરી રેનછેન છે-તેમાથો જેટનુ જોઈએ તેટનુ લેવની દરેકને છુટ છે પણ એ સીવાય બીજી બક્ષેશો આપવામા અહુરમઝદ તેટલીજ રેનછેન કરતો નથી બીજી બાબદોમા અને બીજી બક્ષશોના બાબમા તો દરેક જણુની જેટની હાજત હોય તેટલુજ અહુરમઝદ દરેકને આપે છે તે દરેક ઇન્સાન ઉપર હમેસ પ્યારભરી નજર રાખતો રહે છે અને દર વખતે જેટલી હાજત હોય તેટલી ચીજો તે પુરી પાડયો જાય છ દરેક ઇન્સાનને અનાજ, કપડા પૈસા વગેરે દરેક ચીજ જેટની પુરી પાડી હોય તે પુરી થતા આવે કે તુરત તેને માટે તે ચીજો બીજો જઠો તઇયાર રહે છે અને દરેક જણુને બહુરમઝદ તરફથી એવી બક્ષેશો બરાબર વખતરે મળતી રહે છે યાદ રાખવુ કે વરસ દહાડો યા જદગી સુધી ચાલે તેટનુ ભરી રાખવા માટે આઉથી આપવાનો અહુરમઝદની ઇચ્છા નથી.

જેઓ નેક પુરૂશોની સહ્મા બીરાજવા માગતા હોય તેઓએ નેકી શીખવી જોઇએ તે શીખવાનો સઉથી પહેલો પાઠ એ છે કે માણુસે પોતાની લાગ- ણીઓ અને જુસ્સાઓ ઉપર કાબુ મેળવવો એવો કાબુ મેળવ્યાથી નેક નીતીમાન જીદગી ગુજારે છે એવી જીદગી તેને બેહેસ્તના સુખ ભણી ખેચી લઇ જાય છે જેઓ દર હમકારે આતશબેહરામમાં વહેચાણ કરે, યા દર આતવારે ભીખારીઓને ભેગા કરીને ખેરાત કરે તેઓ માત્ર એ સખાવતથીજ કાંઇ નેક માણુસ ઠરતા નથી. ખરો નેક માણુસ તો તેને કહેવાય કે જેનું અંતકરણ સ્વચ્છ અને જીંદગી પ્રામાણીક હોય

---

"બામદાદને વખતે સુતેલા ઉઠીને પેહેલા એક અશેમવહુ પઢે અને તેજ જગા ઉપર ઉભા રહીને કુશતી કરે પછી નીરંગ, રેતી, લીબુ, યા રાખ લે પછી પાણીથી પાદીઆબ કરે."

## ૩૫૦ રોજ આવાં-માહા અસપહારમદ.

બણતર મોહડેથી બરડી જવુ તે કાંઇ ખરી બંદગી કહેવાય નહી બંદગી કરતી વખતે આપણે જે કાંઇ શબ્દોથી બોલીયે તેનો અર્થ બરાબર સમજવો જોઇયે, એટલુંજ નહી પણ ખુ- અને કરણના ઉકા-ણમાંથી નીકળતા જુસ્સાઓ સાથ, દરેક શબ્દનો અર્થ સમજીને તે ઉચારવો જોઇયે ત્યારેજ તે ખરી બંદગી કહેવાય ફકત એવી રીતે કીધેલી બંદગીજ કારગત લાગે છે-મોહડેથીજ બરડી જઇને કીધેલી નહીં બંદગીનો લાભ મેળવવો હોય, અને તેને અસરકારક બનાવી હોય, તો બંદગી દીલેજાનથી થવી જોઇયે, યાને બંદગી કરતી વખતે આપણો જાન અહુરમજ્દ ઉપર ફીદા કરી નાખીને બંદગીનો દરેક શબ્દ ઉચારતી વખતે સઘળુ ધ્યાન તે ઉપરેજ રોકી નાખવુ જોઇયે અહુરમજ્દ ઉપરના સંપુર્ણ એતબાર સાથ અને તેની તરફની બેહદ જાનફેશાની સાથ, દરેક શબ્દોનો અર્થ સમજીને એકરાર જે બંદગી કીધી હોય, તેજ ખરી બંદગી કહેવા.

ઘેર ઘેલા ને બાહેર ડાહયા, એ ધણીઓની રીત છે ઘરમા બઘરી છોકરા સાથે ખાંઉકરડુ કરે અને બાહેર પાચ લોકમા બેશીને ડહાપણુ ડોળે. એવી ખાસીયત ઘણી ધીકકારવાજોગ છે ઘરમા પોર્યા ટોર્યાની જંજાળ તો ખરી કોઇ સ્કુલનો પગાર માગવા આવે, કોઇને ચોપડીના પૈસા જોઇયે—કોઇને ડાકટરને ત્યા લઇ જવાનુ હોય—અને તેવામા કુણીયો આકડો લઇને આવે એટલે મગજ ઠેકાણે ન રહે અને મીજાઝ ઉપરનો કબુ જતો રહે તે બનવા જોગ છે પણ તેથી કાંઇ એમ નહી ઠરતુ કે તેનો ખાર ભુમબરાડ પાડીને બઇરી છોકરાપર કહાડવો. પોતાના એ વાહલાઓ ઉપર તો એવો અખડ પ્યાર ધરાવવો જોઇયે કે જે કદીબી ખુટે નહી. જરથોસ્તી ધર્મનુ એક ફરમાન કોઇનુબી દીલ નહી દુખવતા સઘળાંઓ સાથે માયાથી વર્તવાનુ છે.

## ૩૯૨ રોજ મોહોર-માહા અસપંદારમદ.

દુન્યાદારીની તકલીફી ચીજોની માયામા લપટાઇ ગએલા માણુસોને મનથી એ "પોતાપણુ" યાને ખુદી સ્વાર્થ છોડી દેવાનુ ઘણુ જ ભારી લાગે છે, પણ આ દુન્યાનુ ખરેખર અને જાવેદાનનુ સુખ તો એ સ્વારથ છોડી દેવામાજ સમાએલુ છે આત્માના તરકીના છુટકારાને લગતા કાનુનો જેઓ સમજતા નથી અને માણુસની મેહેનતના સરજત શુ છે તે જેઓ જાણતા નથી, તેઓ દુન્યાદારીની તકલીફી ચીજોને વળગી રહીને જનમ મરણના ફેરામા અટવાયા કરીને દુખી થાય છે

---

ફરવરદીન યશ્તના ફકરા ૨૫મા જણાવ્યુ છે કે ત્યા પવિત્ર દીનદાર આત્મીઓ મદદગી કરે છે, તથા ત્યા મોટા હજરતના દીનદારેત પરતુ ગણતુ કરે છે, તથા જયા સર્વ સુનેહ સપજ ભરેના થઇ જશન સરખી ક્રિયા કરે છે, ત્યા અશો ફરોહરો જલદીથી આવી પોહોચે છે

સુખની વખતે તો સઉ કોઇ ખુશાલ રહે-તેમા કાંઇ નવાઇ નથી પણ દુ ખની વેદના વચ્ચે મોહડુ હસ્તુ રાખીને ખુશાલ રહેવુ, તેમાં કાઇ અજબ મજાહ છે-ખુદ અહુરમઝદ વટીક તેથી ખુશનુદ થાય છે ગમે એવા દુ ખ અને આફત વચ્ચે ખુશ મીજાઝ રાખ્યાથી તે દુ ખની અરધી વેદના દફે થય છે અને બાકી રહેલી અરધી પીડા દુર કરવા માટે એવડી હીંમત આવે છે મુશ્કેલી સામે લડત ચલાવીને તેને મારી કહાડવાનો ખરો ઉતમ મારગ એજ છે આપણે જો તનના દુ ખ સામે યા બીજી કોઇબી આફત સામે લડત ચલાવીને તેની ઉપર જીત નહી મેળવશુ, તો તે આપણી ઉપર જીત મેળવીને આપણુને વધુ દબાવશે અને વધુ હેરાન કરશે મન મકમ રાખીને મજબુત લડત ચલાવ્યાથી સેતાનબી દુર નાસે છે

---

જે પ્રમાણે આતશ બીજાને રોશની આપતાં પોતે બળી ભશમ થાય છે, તેજ પ્રમાણે દરેક જરથોસ્તીએ લોકોની સેવા કરતા પોતાનો ભોગ આપવો.

## ૩૪૪ રોજ મોશ-માહુા અસપંદારમદ.

જેમ થાક લાગવા પછી શરીરને આસાએશની જરૂર છે તેજ મીશાલે આત્માને તેની ખપી ગએલી શકતીઓ પાછી મેળવવા માટે એકાંત જગાની જરૂર છે, તેટલીજ હાઇક એકાંત જગા માણસના આત્માના સુખ માટે અગત્યની છે ઉંગની આરામેશ પછી માણસના શરીરમા જેમ કામ કરવાની નવી ઉલટ આવે છે, તેજ મીસાલે એકાંત જગાએ ધ્યાન થતા ભલા ખ્યાલી વીચા રોથી આત્માને નેકીના માર્ગમાં અગળ વધવાનું જોર મળે છે જરૂરની આસાએસ અને ઉંઘ વગર માણસનું શરીર જેમ રોગીશટ થઇને નબળું પડે છે તેજ મુજબ જરૂરી ચુપકીદી અને એકાંતવાસ વગર આત્મા નબળો પડી જાય છે દુન્યાદારીની નાશ પામતી ચીજો અને તકલીફે મોજ શોખ વચથી માણુસ જો વખતે વખત દુર થઇને ધ્યાન અખત્યાર કરે નહી, તો તેના આત્માનુ બળ અને નેકી બરાબર ટકી શકે નહી.

માણુસ એક ધરમ પછી બીજાનો અને બીજા પછી ત્રીજાનો અભ્યાસ કરે છે, પણ તેને શાંતી મળતી નથી. તે એક દેશ છોડીને બીજે દેશ જાય છે, પણ ત્યાબી નીરાશી મલે છે તે શીતળ ટેકડી ઉપર યા દરીયાને કાંઠે સુદર મકાન બાધીને આસપાસ ફાકડો બગીચો બનાવે છે, પણ ત્યાબી તેનો જીવ ઠરતો નથી. પણ માણુસ જ્યારે પોતાના અંત કરણુમા છુપાયલા ઇશ્વરી તત્વ-નો આશરો લે છે ત્યારેજ તેને શાતી અને સતોશ મળે છે કાંઇબી ખામી વગરની સ્વચ્છ વરતણુ-કનો કીલ્લો માણુસ જ્યારે પોતાના અંત કરણુમા-બાધે ત્યારેજ તેને હદ વગરની ખુશાલી ઉપજે છે. પાપ જ્યારે એટલા બધા વધી જાય કે તેનો બોજો માણુસથી વધુવાર ઉપાડી ન શકાય, ત્યારે તેને માટે એકજ ઇલાજ છે, અને તે એ કે અહુરમઝદની ગોદમા જઇ બેસવુ, જે અહુરમઝદનુ તખ્ત ખુદ તેના પોતાના અંત કરણુમાજ છે.

માણસ બે દેશોમા એકજી વખતે સાથે રહી શકતો નથી બીજા દેશમા રહેવા જવા અગાઉ પહેલો દેશ તેને છાડવોજ પડે છે તેજ મુજબ બે જાતની જીંદગી માણસ એકી વખતે સાથે ગુજારી નકે નહી નેકીની ભુમીમા નેકીભરી જીંદગી ગુજારવા માટે બદીના દેશોમાથી પહેલા તણે ઉંગરી કરવી જોઇયે બીજા દેશમાં રહેવા જવા અગાઉ માણસ પોતાને વતનથીજ જ્યારે ઉપડે છે ત્યારે ત્યાં રહેતા પોતાના સગાવહાલા દોસ્ત આસનાઓ વગેરે છેલ્લી સલામ કરીને તેઓને છોડી જાય છે—તેઓ સાથનો ઘરોબરો, ભાઇચારો અને પ્યાર, એ સઘળું પાછળ મેલી જવું પડે છે તેજ મીસાલે એક માણસ જ્યારે નેકીની નવી ભુમીમા નવીજ જીંદગી ગુજારવાનો ઠરાવ કરે, ત્યારે બદીના અસલ વતનને અને તેની સાથે સબંધ ધરાવનારી ઇછાઓની મોજમજાહ તથા હવસોને છલ્લી સલામ કરીને પાછળ મેલી આવવા જોઇયે.

દોલત યા કાબેલીયત ધરાવવી તેમા કઇ મોટાઇ નથી એક માણસ પાસે ગમે એવી મોટી દોલત, મોટી સત્તા યા મોટી બાહોશી હોય, પણ તે જો એ સઘળુ ફકત પોતાને માટેજ સધરયા કરે, તો તેથી કાઇ તે મોટો કહેવાય નહી એવા માણસો ફકત જેટલે દરજજે બીજાઓનું ભલુ કરવામા પોતાની દોલત, સત્તા યા બાહોશીનો ઉપયોગ કરે તેટલે દરજજે તેઓ મોટા ગણાય. અહુરમઝદ તરફથી આપણુને જેમી કાઇ બક્ષેસો મળે તેનો ઉપયોગ અહુરમઝદના નામથી બીજાઓના ભલા માટે આપણુને કરવાનો છે ગરીબ લાચારોને મદદ કરવા માટે ખોદા પોતે કાંઇ આસમાન ઉપરથી ઉતરી આવતો નથી, પણ ચોકસ આસામીઓને પોતાના પ્રતીનીધી તરીકે પસદ કરીને તેઓની મારફતે ગરીબ લાચારોને મદદ કરે છે.

નગીગને કમરત આપ્યાથી સ્નાયુઓ ખીલીને મજબુત થાય છે, તેજ મીસાલે મનને સાગ વીચારો કરવાની તએહ પાડવાથી તે પણ ખીલીને મજબુત થાય છે, સારૂ નરસુ કુરતજ પીછાણી લેવાની શક્તીને ખીલવ્યાથી કોઇબી આફત યા મુશ્કેલીનો તોડ કહાડવાની માણુસની શક્તી વધે છે અને તેની જીંદગી ફતેહમંદ નીવડે છે માણુ-સનુ મન ગભરાટ યા ગુચવણથી સદા નીરાળુ રહેવુ જોઇયે કોઇબી મુશકેલી યા આફત આવી પડે તે માટે સદા તઇયાર રહેવુ જોઇયે, અને નહીં કે ગભરાઇને ગુચવણમા પડવુ જોઇયે. સારૂ કે નરસુ પીછાણવાની શક્તીનો ચાલુ ઉપયોગ કરીને તેને ખીલવ્યાથી મન ગભરાટ અને ગુચ-વણથી નીરાળુ રહે છે અને કોઇબી આફતને આસાનીથી પુગી વળી શકે છે.

બેહેસ્ત અને દોજખ આ દુન્યામાજ છે જયા ઓળો હોય, ત્યા તે ઓળા પાડનારી ચીજ હોવીજ જોઇયે તેજ મીસાલે માણુસને ભોગવવુ પડતુ દુ ખ અને સુખ, એ તેની કરણીનો ઓળો યાને પરીણામ છે સારી યા માઠી કરણી કીધી ન હોય, તો માણુસ ઉપર સુખ યા દુ ખ પડે નહી માણુસ જેવા વીચાર અને જેવા કામો કરે તેજ મુજબની તેની ભાવિ-શની સરજત નકકી થાય છે. જરથોસ્તીઓને નેક વી-ચારો-નેક શબ્દો અને નેક કામોના જે ત્રણ મુખ્ય ફરમાનો મળેલા છે તેનો ભેદ એજ છે બીજાઓના લાભને ખાતર નહી પણ ખુદ પોતાના લાભને ખાતર કરવાની ફરજ છે માણુસ જેબી કાંઇ દુ ખ યા સુખ ભોગવે, તે તેની હાલની ચાલુ જીદગીમાંજ કીધેની કરણીનુ પરીણામ હોવુ જોઇયે એમ કાંઇ નથી તેની હાલની જીદગી તો માત્ર જનમ મરણનો એક ફેરો છે. એવા હજારો ફેરાઓથી આખી જીદગી બને છે.

## ૩૫૦ રોજ બેહેરામ-માહા અસપંદારમદ.

શાતી ફકત નેક માણુસો માટેજ છે કુદરતના અચુક કાયદાઓના જ્ઞાનથી શાતી મળે છે અને એ કાયદાઓનું જ્ઞાન નેક અને પરમાર્થી જીદગી ગુજારવાથી મળી શકે છે એકવાર માણુસને એ જ્ઞાન થયુ કે તે પછી તેને માટે નીરાશી, બળાપો યા ધાસ્તી ફીકર જેવુ કાંઈ રહેતુ નથી—ગમે એવા સંજોગો વચ્ચે આવી પડતા છતા તેના મનની સંપુરણ શાતી જળવાઈ રહે છે. કોઈમા ચીજથી તેને દુખ ઉપજતુ નથી પોતાના વહાલાઓ જ્યારે મરણ પામે છે ત્યારે તેઓ જાણે છે કે તેઓનો જીવ માત્ર શરીરથી છુટો થયો છે—જીવ કાંઈ મરી ગયો નથી આથી તેઓના જીવે જે શરીર છોડી દીધુ તે માટે તેઓ વીલાપ કરતા નથી

**બંદગી રોજ કરવીજ જોઈએ,** અને તેની ઉત્તમ અસર ઉપજાવવાને સરસ બનતા તુર્તીક તેને માટે એક એકાત ઓરડો અથવા એકાત જગ્યા પસંદ કરવી

બારે દુંખ અને હાદેસા ખમનારા આસામી-થીઓમાથીજ દુન્યાના મહાન નરો થઇ ગયા છે. દરેક ઇન્સાનના આત્માના ઉંડાણમા ચોકસ ઘણી ઉંચ પ્રકારની ખુબીઓ છુપાઇ રહેલી હોય છે જેને ફક્ત દુખ અને વેદનાનો ચચરાટ ઉપજાવનારો દુખજ જાગરૂત કરીને બાહેર લાવી શકે છે. એક ફોટોગ્રાફર પોતાના પીકચરને અંધારા ઓરડામા લઇ જાય છે અને ત્યા તેને એસીડમાં બોળ્યા પછી તેજ મુજબ ઉપર ખુલ્લુ પ્રગટી નીકળે છે તેજ મુજબ અહુરમઝદ આપણુ ઇન્સાનોને દુંખના અંધારા ઓરડામા લઇ જાય છે અને ત્યા જ્યારે આફત અને હાદેસાની એસીડમા ઇન્સાન બોળાય છે ત્યારેજ તે ઇન્સાનના આત્મામા છુપાયલી મહાન શક્તીઓ બાહેર નીકળી આવે છે. એ મુજબ મેહેનત કર્યા વગર અને સંકટ ખમ્યા વગર આપણી મહાન શક્તીઓને બાહેર લાવી શકાતી નથી.

## ઉપર રોજ રોઆબાદ-માહા અસપદારમદ.

દુન્યાદારીના પાઠો સાથે સરખામણી કરતાં સ્કુલ અને કોલેજના ઘણાજ અઘરા પાઠામાં શીખવાના બહુ સહેલા પડે છે અહુરમઝદે નકી કરેલા એ દુન્યાદારીના પાઠો શીખવામા આપણુ ઘણાખરા માણસો નાશ્ફળ નીવડયે છીયે ગમે એવા અપમાન વચ્ચે ખુશમીજાજ જાળવી રાખવો, ગમે એવું નુકશાન કરનારને દરગુજર કરવો, આપસ્વારથ છોડી દેવો, નેકી કરવી, નમનતાઇથી ચાલવુ અને અશોઇ પાળવી, એ સઘળા આપણુને માટે અહુરમઝદે નકી કરેલા પાઠો છે ખત રાખીને ચાલુ કોશેશ કરતા જતામાં એ પાઠો ઘણા ધીમે ધીમે શીખાય છે ચાલુ મેહનત લઇને ખરેખરી ધારમીક જીદગી ગુજારવાની મજબુત કોશેશ કરવા છતા વારવાર એ કોશેશનું કાઇબી પરીણામ આવતુ આપણુને દેખાતુ નથી, પણ તે છતા અહુરમઝદને પોતે આપણી એ કોશેશોને ટેકો આપ્યા વગર રહેતો નથી

અહુરમઝદ આપણી પાસે શુ માગે છે? એટલુજ કે તમારી ગુંજાસ હોય તેટલુ બજાવો નહી. બની શકે તેવુ કાંઇ કરવાને તે આપણને કહેતોજ નથી આપણી ઘણીજ ગરીબ ગુંજાસ મુજબની આપણે જે કાંઇ તેને અરપણ કરીયે, અને તેની તરફના પ્યારને ખાતરજ અરપણ કરીયે, તે સઘળુ તે કબુલ રાખે છે ફક્ત બેજ ચીજની સંભાળ રાખવાની છે પહેલી એ કે આપણે અહુરમઝને જેબી કાંઇ અરપણ કરીયે તે આપણાથી વધુમા વધુ બની શકે તેટલુ હોવુ જોઇયે, અને બીજી એ કે અહુરમઝદ તરફના પ્યારને ખાતરજ ખરા ભક્તીભાવથી તે અરપણ કરવુ જોઇયે આપણી શક્તી મુજબ અને આપણને મળતી તક મુજબ જેટલુ બની શકે તેટલુ જો આપણે બજાવ્યે, અને અહુરમઝદને ખુશનુદ કરવાને ખાતરજ બજાવ્યે; તો તેથી તેની મહેરબાની આપણી ઉપર ઉતરયા વગર રહેતી નથી.

## ૩૫૪ રોજ દીન-માહા અસપંદારમદ.

માણસ જેમજેમ ઉમરમા વધે છે, તેમ પોતાની સઘળી ઇચ્છાઓ અને હાજતો અહુરમઝદની મુન-મરી ઉપર છોડી દેતા શીખે છે તેનો સબબ એ કે નરમા સુધી પોતાના મરજી મુજબ ચાલ્યાથી અને પોતાની ઇચ્છાઓ પાર પાડયાથી કાંઇબી મોટો લાભ થયલો તે જોતો નથી તેથીજ ઉમર વધવા સાથ અને અનુભવ મળવા સાથ તે દરેક ચીજ અહુર-મઝદની મરજી ઉપરજ છોડી દેવાનું પસંદ કરે છે વખતેકવારે અહુરમઝદ તરફની મોટી બક્ષેશો આપણે જાણી જોઇને જતી મેલ્યે છીએ, કારણકે દુખ યા આફતના ઢાંકણ હેઠળ તે બક્ષેશો આવેલી હોવાથી આપણ તેનાથી દુર નાસીએ છીએ અને અહુરમઝદ ઉપર ઇતબાર ન રાખતા આપણી પોતાની મરજી મુજબ ચાલીને તેમા ખતા ખાઇએ છીએ

-

જેવો પ્રેમ એક મરદ, પારકી સ્ત્રીને માટે રાખે છે, તેવો પ્રેમ જો તે ખુદા માટે રાખે, તો તે ખુદાની દરબારમાં એવો સરસરાટ પહોંચી જાય, કે તેને કોઇબી અટકાવી શકે નહિ.

અહુરમઝદ પાસે માગવું હોય, તો શું માગવું? ખાવાના વાખા પડતા હોય તેઓ રોટલી માગે છે, દુખદરદથી હેરાન થતા હોય તેઓ તનદરોસ્તી ચાહે છે, વાઝીયાઓ પુત માગે છે અને ગરીબ લાચારો પઇસા માટે આજીજી કરે છે કેટલાઓ લોભ લાલચથી બચવા માગે છે, જ્યારે બીજાઓ પોતાની નબળાઇ દુર કરવા માટે કુવ્વત માગે છે કેટલાકો અશોઇમાં આગળ વધવાની ઇચ્છા રાખે છે, ત્યારે બીજાઓ પોતાની કમજ હાલતમાંથી બાહેર નીકળવા માટે અરજ કરે છે પણ અહુરમઝદ પાસે માગવામાં આવતું એ બધું શા ખપનું! જો કાઇમી માગવું હોય, તો અહુરમઝદને પોતાને માંગવો અને તેને લેવા માટે અંતકરણ ખુલ્લું કરી નાખવું અને તેમાં તેને સમાવી દેવો જેને અહુરમઝદ મળ્યો, તેને બધું મળ્યું

---

તુલશી પર ઘર જાયકે, દુ:ખ ન કહીએ રોય,
ન અપના ભરમ ગુમાઇએ, જો હોની હોય સો હોય.

## ૩૫૬ રોજ આસતાદ-માહા અસપંદારમદ.

માણુસની સરજત યા કીસ્મત એ બીજુ કાંઈજ નહી, પણ તેની પોતાની કરણીનું ફળ છે બીજાઓ આપણને જે કાંઈ નુકશાન યા ઈજા કરે છે તે પણ મનની આગલી વળાણનો આપણી ઉપર પાછો આવી પડતો પડછાયો છે ઝીંદગીનું ફળ દરેક માણુસને બરાબર તેની કરણી મુજબ મળે છે,-જગક એ ખબી નહી કે વખતુઆ નહી નેક માણસો પોતાની નેક કરણીને લીધે બીજાઓ તરફની હેરાનગતીથી નરાળા રહે છે મતલબ તેઓને ઇજા કરી શકતુ નથી, યા તેઓની જાતીમાં ખલલ કરતુ નથી નેક માણુસોને જો મા' ઇજા કરવા જાય છે, તો તેની ઇજા કરવાની તાકતીજ જતી રહે છે તેથી બદ્રુ નેક માણુસોને ઇજા કરવાની કોશેશ, પાછી તે ઇજા કરનાર પણી ઉપરજ આવી પડીને તેનેજ નુકશાન કરે છે નેક માણુસો બીજાઓ સાથે સફા બનાવથીજ વરતે છે.

વરસાદ જેમ અનાજના પાક માટે જમીનને તઇયાર કરે છે, તેજ મીસાલે દુખ અને ગમીનો વરસાદ માણુસના અંતકરણને નરમ બનાવીને ડહાપણના પાક માટે તેને તઇયાર કરે છે. એ ગમીના વરસાદથીજ મન શુધ થઇને અંતકરણ ખુશાલ બને છે જ્યારે વાદળ ઘેરાય છે, ત્યારે ધરતી ઉપર અંધકાર ફેલાય છે, પણ પાછળથી એજ વાદળ ધરતી ઉપર ઠંડક ફેલાવીને તેને ફળદ્રુપ કરે છે, તેજ મીસાલે ગમગીનીનું વાદળ માણુસના અંતકરણ ઉપર અંધકાર નાખે છે ખરૂં પણ તેમ કરીને અંતકરણને વધારે ઉમદા ચીજોનું સુખ ભોગવવા માટે તે તઇયાર કરે છે એ ગમગીનીજ માણુસના અંતકરણને નરમ બનાવે છે ગમગીનીએ શીખવેલા પાઠોની માણુસને જે યાદ થાય છે, તેજ તેનું ડહાપણ યાદ રાખવાની જરૂર છે કે ગમગીની સદા ચાલુ રહેતી નથી, પણ વાદળની પેઠે તે થોડાજ વખતમાં વીખરાઇ જાય છે.

લાખો ઘટ સાથે ગોઠવ્યાથી ઘર ન ધાય છે તેજ મીસાલે હજારો અને લાખો વીચારોથી માણસના ગુણદોષ અને વર્તણુક બધાય છે ઘટ જેમ મજબુત અને ખરાબ કે પકવેલી હોય, તેમ મકાન ઘણું ઘરખમ થાય તેજ મીસાલે માણસના વીચાર જેમ ભલા અને પરમાર્થી હોય, તેમ તે સારા વરતનવાળો બનો પ્રશા થઇ શકે એક નબળો માણસ જો પોતે બળવાન હોવાનો વીચાર કરયા કરે, તો તેથી તે પોતાની નબળાઇ દુર કરી શકે દુખી માણસ જો પોતે તનદરોસ્ત છે એમ મજબુતીવાળી માને, તો તેથી તેનું દુખ અને બીમારી દુર થઇ શકે. ટુંકમા વીચારનું બળ એવું જબરૂ છે કે માણસ તે ધડ ચાહે તે કરી શકે છે સારા વીચારોથી તે જેમ ચઢતી સ્થીતીમા આવી શકે છે, તેજ મીસાલે બુરા વીચારો તેને ખરાબ અને કંગાળાયત તરફ ઘસડી લઇ જાય છે. માણસની સુખી યા દુખી જીંદગીનો ભેદ બીજો કોઇજ નહી પણ તેના સારા યા નરસા વીચારો છે,

દરેક માણસને આજે આપણે જેવી હાલતમા જોઇએ છીયે તેવા કાઇ તે તૈયાર બનાવેલો હોતો નથી. પણ તેના લાખો અને કરોડો વીચારો તથા કામોના ભેગા પરીણામ તરીકે આજની હાલતમા તે રજુ થાય છે દરેક માણસ જે જાતના વીચારો તથા કામો ચાલુ ફરી ફરીથી કરયો જાય છે અને તે વીચારો તથા કામો સારા યા નરસા હોય તેજ મુજબ તેની ખાસીયત તથા વરતણુક પણ સારી યા નરસી બધાય છે. એ ઉપરથી માલમ પડશે કે એક માણસ જે ગુણદોશ આજે ધરાવતો હોય તે કાઇ તેને કુદરત તરફથી અનાહીટપે મળેલા નથી, પણ તણે પોતેજ તે પસંદ કરીને ગ્રહણ કરેલા છે. એટલે એમ કે અગાઉ જે જાતના વીચારો તથા કામો તેણે ફરી ફરીથી કીધેલા તે એક ચાલુ આદત જેવા થઇ પડયા અને સેવટે તે ટેવ જાથુકની ખાસીયતમા ફેરવાઇ ગઇ એ મુજબ દરેક માણુસ તેના પોતાનાજ વીચારો તથા કામોના ભેગા સમહ જેવો છે.

કુદરતમા અખુટ ધીરજ છે ઇન્સાનો જો તેની નકલ કરે તો બેહદ ફાયદો પામે એક પુછડીવા તારાને પોતાનો એકજ ગોળ ચકરાવો પુરો કરતા હજારો વર્ષ લાગે છે. જમીનના ભાગને ધીમે ધીમે પાણીથી પોચો કરીને બાજુ નાખતા એક દરીઆવને દશ હજાર વરસ લાગે છે તેજ મુજબ કુલ ઇન્સા નજાતને સંપુર્ણતાની ટોચે જઇ પુગતા લાખો વર્ષ લાગે એ બનવાજોગ છે સઘળી વાતનો ધ્યાનમા લેતા માલમ પડશે કે આપણને ઘડીચપકો યા બે પાંચ વર્ષ તકલીફ દેનારી નજીવી ઝીણુ-સોને આપણે જે હસવા જોગ મોટી અગત આપીએ છીએ, તે મેળવવા માટે જે દોડધામ અને ધમચકરી કર્યે છીએ અને તે નહી મળવાથી નીરાશ અને ઉદાસ થઇ જઇએ છીએ-તે સઘળા માટે આપણે ઇન્સાનોએ ખચીતજ શરમાવુ જોઇએ ધીરજ એ મોટુ ધન છે ધીરજથી માણસ સઉથી ઉચા દરજ્જાની મોટાઇ મેળવી શકે છે.

માણુસો પોતાના અજ્ઞાનપણામા દુખી થાય છે. એ અજ્ઞાનપણાને લીધેજ તેઓનાં અંત કરણમા ધીક્કાર, ક્રોધ અને મારામારીનુ પજરણ ચાલુ રહે છે પણ એ પજરણ ચાલુ રાખીને તેઓ પોતાના દુશ્મનોના અંત કરણમાના ધીક્કારને પોતા તરફ વધુ ઉશ્કેરીને પોતે વધારે દુ.ખી થાય છે. તે બીના તેઓ બરાબર સમજતા નથી ધીક્કાર બતાવનારને પાછો ધીક્કારજ આવી મળે છે ચોરી કરનારને ત્યા બીજો ચોર પહોરાણો ઉતરે છે. બીજાને મારી નાખવાં જનાર પોતેજ ઠાર મારયો જાય છે ટુંકમાં, એક માણુસનાં અંત કરણમા બીજાઓને માટે સારી યા માઠી જેવી લાગણી ઉત્પન્ન થાય, તેવીજ લાગણી બીજાઓ તરફથી તેને પાછી આવી મળે છે. લોકો આ વાત બરાબર સમજીને પોતાનાં મનમાથી કીનો કપટ, અદેખાઇ, ગુસ્સો, વગેરે કહાડી નાખે, તો બીજાઓની કીના, કપટ અને અદેખાઇને પોતા તરફ ખેચાઇ આવતા અટકાવીને તેઓ સુખી જીંદગી ગુજારી શકે.

દુખો બે જાતના હોય છે એક તો કર્મને કાયદે બાકી રહેલા દુખો જે કોઈબી હાલતમા થોડા ઘણા પણ ભોગવ્યા વગર છુટકો નથી, અને બીજા, મનની મલીનતા, સ્વાર્થી ઇચ્છાઓ, અજ્ઞાપણુ, અને વહેમોથી ઉભા થતા હોય છે આ પાછના દુખો આપણે પોતે ચાહીએ તો તે કમી કરી કે સદનતર દુર કરી શકીએ છિયે. તેને માટે મજબુત અને વિચારવંત મનની જરૂર છે

---

બંદાઓનાં કામો માત્ર ચાર ગુણપર રચાયલા હોય છે —જ્ઞાન, ધીરજ, પરેહજગારી અને ઇનસાફ. જ્ઞાન—તે ભલી ચીજોમા ભેળવાઈ બુરી ચીજોથી દુર પકડવા સારૂ છે, અને ભલી ચાલ ચાલવા સારૂ છે, પવિત્રાઈ—તે બુરી ઇચ્છાની વખતે પોતાને અટકાવવો, અને પુરતી ગરજની વખતે પોતાની આબરૂ સાચવી રાખવા સારૂ છે, અને ઇનસાફ—તે ખુશી અને ગુસ્સાને માંપમ રાખવા સારૂ છે.

આજનો ગમે એવો સુધરેલો વખત છે તોપણ જરયોગ્ની દીનનો એક ચમતકાર તો એ લાગે છે, કે આપણી બની બેહેન બાઇઓ ( કે જેઓ પઇસેથી પુર હોય યા ગરીબ અથવા સુધારાવાલા હોય કે નહી હોય તોપણ તેઓ ) પોતાનુ માથુ સફેદ કપડાંથીજ ઢાંકે છે યાને "માથાબાનુ" સફેદ મનમલનાજ કપડાનું બાંધે છે એ કાયદો ઘણો ઉતમ દીસે છે કારણ કે સફેદ માથાબાનું બાંધવાથી માથાં ઉપર સુર્યનો તાપ અથવા સરદ હવા યા કોઇ જાતનો ઉડનો રોગ લાગુ પડતો અટકી શકે છે કાયકે બાત્ર પોકલ હોવાના સબબથી તેના છેડા વાટે રોગીસ્ટ હવા દાખલ થઇ નુકશાન કરે છે

---

હુશીઆર આદમીઓએ ઉશહેન (ગેહ) ના વખતમાં (ખોઆબથી) બેદાર થવુ હાથ અને મોહાને ગોરપદાનો નેરંગ લગાડીને લીબુ યા રેતી પાણીથી ધોવુ, પાક પોશાક પહેરવો તેઓએ નેક નીચારથી રવાનને લગતા સવાબના કામ કરવા."

એક જવાન જે વારવાર કાઇ મનમા ધીમુ બોલતો હતો તેને પુછતા મને જવાબ મલ્યો કે "હુ મારા હમદીનોની કંઈ સેવા કરી શકતો નથી. તેથી જ્યારે પણ હુ કોઇને "સાહેબજી" યાને સલામ કરૂ છુ ત્યારે વિચાર કરૂ છુ યા બોલુ છુ કે "ખુદાના આશીશ તમારા ઉપર સદા રહે" આ પણ એક ઉત્તમ સેવા છે આપણે "સાહેબજી" કહીને બોલીએ છીએ ને બગી રીતે જેના "સાહેબ મહેરબાન" બોલાતુ જોઇએ યાને 'ઇશ્વર તમો ઉપર મહેરબાન રહેજો"

---

"અશેમ વોહુ" (અવસ્તામા ઘણીએક જગોએ ત્રણ ત્રણ અશેમ વોહુ ભણવામા આવે છે) એ ફરી ફરી ભણવાની મતલબ એ છે કે માણસ જાતના હકમાં "અશોઇ" સૌથી સરસ ચીજ છે યાને મનમા રાસ્તી વીચાર કરવો, રાસ્તીજ બોલવા ઉપર જુબાનને વાપરવી, તથા રાસ્તીજ કામ કરવુ ને સાથે પરહેજ-ગારી વાપરવી, મનની તનની પવીત્રાઇ સાચવવી, મનની પવીત્રાઈ સુધારવી, વીગેરે

આતશ નીઆએશ દરરોજ અથવા ચાર હમકારા—અર્દીબેહસ્ત, આદર, સરોષ, બેહરામ રોજે—ભણવામા આવે છે, આ નીઆએશ આત્માની આરાધના જેવી છે એના ફાયદા એજ નીઆએશમાં આવ્યા છે આ નીઆએશ ભણવાથી દીનદાર જરથોસ્તીએનુ બોરેહ ઝઇકાટમદ થાય છે, તેની મોટાઇ વધે છે, તેનો મરતબો વધે છે, તેની અતર રોશની વધે છે, તેને અમર્ગીને લગતી બક્ષેશો મલે છે, તેની જુબાનની ફસાહત વધે છે, તેના રવાનની હુશીયારી વધે છે, તેને જ્ઞાન વધે છે, તેની ચાલાકી વધે છે, તેને ત્યા ફરજદો અફકઇમદ પેદા થાય છે, તેની કરણી શુધારવાથી તેને અદરથી તેના ઉસ્તાદ (આત્મા) તરફથી બસારત, અને, તે નહી તો, રાસ્તીના ધર્મ પર ચાલવાને ફરમાનો મલતા જાયછે

---

તમારા આખા દિનનુ કામ, એ, પણ, ખરી બદગી છે, પણ, તમારા કામમા, સચ્ચાઇ, તથા પ્રમાણીકપણાના ગુણ પ્રકાશવા જોઇએ ।

## ૩૬૬ રોજ ૧લો દાદાર અહુરમજદ.

### (શેહેનશાહ નોશેરવાનની નસીહતો.)

૧ નેક મરદોને પોતાના ખજાનાથી ખુશનુદ કરજે. કામ જે સોપીએ તે જે કોઇ કામ લાયક આદમી હોય તેને સોપીએ પોતે જાણીજોઇ બળામા પડવુ નહી જે કામનો વખત આવ્યો હોય તે કામને હાથથી જવા દઇએ નહી

૨ જે કામ શરૂ કરીએ તેને આગળ પાછળ જોઇ વીચારીને તથા કાએલોની સાથે મશવરત કરીને કરીએ જે ચીજ અજમાવી હોય તેને અજમાવવાની આદત રાખીએ જે ચીજ અજમાવી નવી તેપર ભરોસો કરીએ નહી માલ ને જરને કાજે પોતાની નેકનામી જવામરદીમા કોશેશ કરવી

૩. નેકીનો પેશો કરતો રેહેજે પોતાને રાસ્તીમા મશહુર કરતા રેહવું સોદાગરી ખુશનખતીને જાણવી પોતાની ઉમરને નાદાનીમા ના કહાડતો દાનાઇથી બેહેસ્તનુ કામ કરતો રેહજે.

૪. **બુરાઈના કરનારથી ચેતીને ચાલજે.** તમામ આદમી સાથે મલતો તથા હસતો રેહજે જે બાતનુ ફેલ બદ હોય તેનેથી દુર રેહજે પેતાના અદાજાથી જીઆદે ચાલતો ના કોઈ લડતુ હોય ત્યા ઉભો ના રેહતો તથા આગળથી કોઇ સાથે લડાઇ ના કરતો કોઇનો ટઠો પોતાના સરપર ના લેતો

૫ **બદનામીની** જગો હોય ત્યા ના જતો. ચોર હોય તેની મેહેરબાનીપર ભરોસો ના રાખતો. હાકમ તથા સોદાગરની પાસે આમશાએઓ તથા પડોશી ના થતો પોતાના રેહવાના ઘેર આગળ દુકાન ના કહાડતો બેઅકલ તથા બેઅદબ હોય તેની ખીદમત ના કરતો નાદાન ગરીબ હોય તો તે ઉપર જુલમ તથા રંજ ના કરતો

૬ **ખારી જમીનમાં તું બઉ ના વાવતો.** દરેક ટોળાને અજમાવ્યા વગર એકાએક મનનો ના અજાણ્યા માણસ પાસેથી કરજ ના કહાડતો. કમઅકલની સોહબત ના કરતો.

જેમા કશી એબ હોય તે સાથે દોસ્તી ના રાખતો. જે આદમી ઘણું બુરૂ હોય તેની સાથે જગ ના કરતો. જે બેશરમ હોય તેનેથી બીહતો રેહજે

૭ જે ઓરત જુઆનીદરાજ હોય તેથી દુર રેહેજે તથા પરહેઝ કરજે ખાણું...એકલો ના ખાતો. તારા કરતાં નાનો હોય તથા નાદાન હોય તેપર રેહેમત કરતો રેહેજે

૮ ઓરત તથા છોકરાને કેહે ( કેહવા મુજબ ) તથા તદબીરે કામ કરવુ નહી મકરદાર બુઢી ઓરતને ઘરમા આવવા તથા જવા દેવુ નહી

૯ શાહેર લોકોની જુઆંથી બીહતા રેહેવું ફીનાખોર માણસથી ડરતા રેહેવુ હરેક કોઇનો મરતબો જેવો હોય તેવો જાણતા રહીએ જેનુ નીમક ખાઇએ તેની સાથે ફીનો કરવો નહી

૧૦ જે કાઇ વાત નહી બોલવાજોગ હોય તે મોહો-ડામાથો કહાડીએ નહી જે કામ બદ તથા બુરૂ હોય તે કરીએ નહી.

જીભને બુરૂ બોલવાની આદત પાડીએ નહી આદત રૂડુ બોલવાની રાખીએ કોઇ મશકેરી તથા ભાડ બોલતો હોય તે સાંભળીએ નહી કોઇ વાત છુગી પુછે તેને જવાબ દેઇએ નહી હાકેમના ઘરથી વાત કોઇને કહીએ નહી જે પેશો કરીએ તેમા મશગુલ રહીએ કોઇ કાંઇ પુછે તેને જવાબ દેઇએ. તે પ્રથમ અજમાવી તજવીજ કરીને દેઇએ. મોહોડાનુ બોલવુ તથા દીલની નઇએત એક રાખીએ જે બોલીએ તેજ મનમાંબી રાખીએ.

૧૧ નેકોની પાએદશ તથા ઉઠીઆણે જતા રહીએ નેકો સાથે દોસ્તી રાખીએ નેક તેને કહીએ જે બુનીઆદ તથા હોનરે કાબેલ હોય અગર (તેને-થી) કાંઇ બદ થાય તોબી નેકની દોસ્તી રાખીએ.

૧૨. જેને તારા કરતા એલમ ઘણો હોય તેને બુઝરોગ કહીને માનવો. એલમનો ધણી ગમે તેટલો દુર હોય તોબી તેની સાથે દોસ્તી રાખીએ નેક તેને કહીએ જે બુનીઆદે તથા હુનરે કાબેલ હોય

૧૩ બુઢો તથા પીર મરદ હોય તેની અદબ રાખીએ કોઇની ચીજપર લાલચ ને તમાહ રાખીએ નહી જે આદમી સફ્લુ હોય તેની સાથે મલીએ નહી માદર પેદર તથા ઉસ્તાદનો હક જાણુતા રહીએ. પોતાના એશને બીગાના માફ્ક ગણીએ નહી કોઇને ઘેર મેહેમાનીમા વગર નેડે જઇએ નહી.

૧૪ હરકોઇના બરોસા ઉપર રહીએ નહી અને કોઇ ના સખુનને સાભલીને હરઘડી દીલમાં રાખીએ. કોઇબી વખતે જુઠું બોલીએ નહી પેલી જેહાંનને આ જેહાન વાસતે વેચીએ નહી ગરીબોના માલ ઉપર નજર રાખીએ નહી જેવુ પોતાનુ ચાહીએ તેવુ ખોદાની ખલકને ચાહીએ જવાનીનું કામ હાથથી જવા દેઇએ નહી બુઢાપાનુ કામ જવાનીમા કરી લેઇએ

૧૫ હરદમ ખોદાથી ડરતા રહીએ. ખોદાતાલા દોલત જેમ ધણી વધારે તેમ શુકરાના ઘણા કરતા રહીએ. ફરાખીના દહાડામા ગરીબોને તથા નાદારીઓને ઇઆદ કરતા રહીએ તગીના દહાડામા ફરાખીને વીસરી જઇએ.

૧૬ શીઆલાનુ કામ હુનાલાપર રાખીએ નહી. આ-જનુ કામ કાલપર રાખીએ નહી થયના કામને થયા બરાબર ગણીએ નહી ઓરત જુવાનીમા સેતાબ કરીએ. પીરી તથા બુઢાપામા જુવાન ઓરત કરીએ નહી જો પીરીમા જુવાન ઓરત કરે તો તે ઓરત વફા-દારીથી રહે નહી. જે કામ કરીએ તે હોશ તથા તદબીરે કરીએ. હરેક કોઇને કામ સોપીએ તે તેને લાયકનુ હોય તે સોપીએ

૧૭. બખીલોથી નાહસતા રહીએ. જવામરદીનો પેશો કરતા રહીએ બુઝરોગો તથા મોટાઓની સોહબત રાખતા રહીએ. મુરાદ ચાહીએ તે પાસેથી ચાહીએ. મોટા હોય અને કમીના હીકમતના હોય તેઓથી કાઇ મુરાદ ચાહીએ નહી હરેક સાથે સોહબત રાખીએ

૧૮. જેની સાથે દોસ્તી કીધી હોય તે થોડીક જફા પાડે તોબી તેની દોસ્તી મુકીએ નહી ખોદાતાલા દોલત આપે તો નાદારીમા જે દોસ્ત હોય તેને યાદ કરીને દોસ્તી કાયમ રાખીએ અને તેની ખબર લેઇએ.

૩૭૨ રોજ ૭ મો અમરદાદ અમશાસ્પંદ,

૧૯ બની આદમમાં પોતાને સરવેથા કમતરીન કરી ગણીએ પોતાનો બોજો કોઇ ઉપર મુકીએ નહી ના મેહરબાન દોસ્તોથી નાહમતા રહીએ જે કોઇથી ખનકને આજાર પોહોચે તેને જીવતો તથા મુવો બરાબર ગણીએ.

૨૦ જેની ખસલત બદ હોય તેનેથી પરહેઝ કરતા રહીએ અન્જુમનમા તથા મીજ'સમા બેઠા હોઇએ ત્યારે જુબાન બંધ કરીને બેશીએ. જ્યારે બંદગીમાં બેશીએ ત્યારે મન, ચીત અને દીન એક ઠેકાણે રાખીએ જ્યાસુંધી જીવીએ ત્યાસુધી ખોદાતાનાનુ નામ તથા મોતને ઇઆદ કરતા રહીએ હરદમ ઇઆદ કરીએ કોઇએ આપણા સાથે બદી કીધી હોય તે વીસરી જઇએ તથા કોઇની સાથે આપણું આસાન કરીએ તેબી વીસરી જઇએ બનીઆદમ સાથે નમતા તથા મળતા અને હરેક કોઇનુ નેક ચાહતા રહીએ

( નશીહતો શેઠેનશાહ નોશેરવાની છે )

આ ચોપડી "દીનીયાર સંગ્રહ" જેમા રોજી દી મનશની વીગેરે છે તે ભાગ ૧ લો અને ભાગ ૨ જો નીચે ઠેકાણેથી મલશે

"દીનશાહ મેહરવાન ઇરાની"

"૬૧૭ દસ્તુર રોડ, પુણા" ( ૧-૭-૨૪. )

દુખ જેવું કાઇજ નથી, મનનુ સૌ માની લીધેલુ છે બીજા દુખીઓ તમારા કરતા વધારે દુખી છે એમ માનજો આ જગત્ કલ્પનાની બનાવટ છે, સાચી નથી, મિથ્યા છે એકલો ખુદા સત્ય છે, જગત્ મિથ્યા છે માયાનુ ૪ આ બધુ દુખ છે તમે જીવી જીવીને કેટલુ જીવવાના છો? ત્યારે શા માટે દુખી થવુ? દુખમાથીજ સુખ મળે છે, ભુંડામા પ્રભુએ કાઇ ભલુજ છુપાવેલુ છે તમારા સુખ માટે શુ કરવુ જોઇએ તે તમારા કરતા પ્રભુ વધારે સારૂ સમજે છે. વિચારવાની ટેવ રાખજો. ભુલવાનુ કરજો. વૈરાગમાજ રોકાઇ જજો પરમાત્માની ભક્તિ દુખમા એક ઇલાજ સમજીને બદગી કરજો દુખ વખતે રડશો ને બળાપો કર્યા કરશો તો તમારી પાસે કોઇજ નહી આવશે (દુખીનો દિલાસો)

---

સારા સ્વભાવના, એબ વગરના અને પુર્વીણ શખસને (પછી તે મુફલેસ હોય તો શુ થયુ) પોતાનો જમાઇ કરવો.

ખરી કરકસરથી અને આગળથી દોલત મેલવવાની કોશેશ કરજો દોલતમદ થવાને મહેનત કરજો પણ તેઓને તુરત કહેજો કે દરેક જરદાર માણસને આ બે સવાલોનો જવાબ હમેશા જગત પીતાને આપવા પડશે.

(૧) તમોએ પૈસા કેમ મેલવ્યા? (૨) તમોએ તે કેમ વાપડયા?

તે ઇશ્વર પીતા કહે છે કે સર્વે જગત મારૂ છે આપણો હક જગતની કોઇ પણ ચીજ ઉપર માલેક તરીકે નથી પણ એક ટરસ્ટી તરીકેનોજ હોય છે જ્યારે ખુદા આપણને દોલત ઉપર એક ટ્રસ્ટી તરીકે હક આપે છે ત્યારે આપણા ઉપર યા આપણા કુટુબ ઉપર તેનો ધુમાડો કરવાને અખત્યારી આપતો નથી, પણ તે ખુદાની પેદાયશના સવનાને માટે આપણી અકકલથી તે વાપડવાને માટેજ આપણા હાથમા આપે છે

દોલત તે ઇશ્વર તરફથી આપણા હાથમા મેલાયલુ "ટ્રસ્ટ" છે, સાધારણ કાયદામા જે ટ્રસ્ટી તે મીનકતનો ગેર ઉપયોગ કરે છે, અને પેઢીનો વડો જો સટો કરે છે તે જેટલો ઇશ્વરનો ગુનેહગાર થાય છે તેટલોજ ગુનેહગાર એક દોલતમદ તેના હાથમા મુકાએલી દોલતનો જો ગેર ઉપયોગ કરે છે યા ગેર વીચારથી વાપડે.

સ્પેનામીનો તે શુદ્ધ મન એટલે જ્ઞાન છે, અને અહેરેમન અથવા ગનામીનો તે અશુદ્ધ મન એટલે અજ્ઞાન છે. શુદ્ધ મનવડે નેકી પ્રકટ થાય છે, અને અશુદ્ધ મન વડે બદી પ્રકટ થાય છે રફતે રફતે જ્ઞાન અનુભવથી પ્રબળ થતુ જાય છે, અજ્ઞાન કમી થતુ જાય છે, અને આખરે અંધારા ઓરડામાં બતીની રોશની થતાજ અંધકાર હતો નહિ તેમ રોશનીમા લય થઇ જાય છે તેમ અંતઃકરણમાં જ્ઞાન પ્રકાશતા અજ્ઞાનનો જ્ઞાનમાં લય થઇ જાય છે એવી રીતે ગનામીનો હારી ગયલો કહેવાય છે અને સ્પેનામીનો એટલે માત્ર શુદ્ધ મન ફતેહમદી સાથે પ્રકાશે છે.

---

'જશન' શબ્દ 'યજશ્ન' શબ્દનુ ટુકું રૂપ છે. 'યજ' એટલે આરાધવુ. એ ઉપરથી જશન અથવા યજશ્નેનો અર્થ આરાધના અથવા સ્તુતી થાય છે. ત્યારે જશન કરવુ એટલે આરાધના કરવી, સ્તુતિ કરવી, વખાણ્ કરવી.

દીની ઇલમ એટલા માટે આપવામા આવે છે કે ખુદાની ઇબાદત તથા તેની મેહેરબાની મેલવવા તેમજ નેકી બદીના અંજામોનો શીખવાની ફરજ છે

વિદ્યા છે તે ગરીબની દોલત છે અને તવંગરની શોભા

કાને સાભળેલી તથા નજરે જોયલી વાતોબી ભરોસેદાર હોતી નથી માટે તેને અકકલથી તપાસ્યા વગર કોઇબી આમળ કહી દેવી નહીં

---

હે ખોદા! આ ફુલમા જેમ સુગધ રહી છે તેમ મારા આત્મામા ભાવ સુગધ-એટલે જ્ઞાનાદિ ગુણ પ્રગટ થાઓ, એવુ આ ફુલ આપને સમર્પણ કરી હુ ઇચ્છુ છુ

---

જીંદગી ખાસ અસ્ત, બરાયે બંદગીસ્ત;
જીંદગી બી બંદગી, શરમીંદગીસ્ત!
ઇનશાનો! તમારૂ જીવવુ, બંદગી ઉપર છે!
બંદગી વગરની જીંદગી, ધુળ સમાન છે!

**નિષ્કામ**—કાઇ પણ ફળ, સ્વાર્થ કે હિત વગર કામ કરવુ તે, જેમા માન અકરામજ માત્ર નહીં પણ બેહેસ્ત મળશે કે બદલો મળશે એવો ખ્યાલ પણ રહેવો ન જોઇએ, પણ તે કામ માત્ર ફરજ ( ખોદા ) ખાતરજ થવુ જોઇએ

---

દુનિયામા આગલ વધી પૈસા વધારવાની જેઓને હોસ હોય તેઓ સારૂ બે માર્ગ ખોલ્લા છે યાના તેઓએ પોતાના ચાકરી ધધા વગેરેપર પુરતુ ધ્યાને આપી તે ઉલટ તથા પુર બાહોશીથી ચલાની જેમ બને તેમ દયાનતદારીથી તેમાથી વધારે મને તેમ કરવાની કોશેશ કરવી જોઈએ. યા તો દરેક જાતના ખરચપર બારીક તપાસ રાખી, ઘણી કરકસર કરવી જોઈએ યા તો બને સાથે સાથે કરવુ જોઇએ. જેઓ ચોકસ કારણોથી પોતાની આવક વધારી શકતા નથી, તેઓને બીજાઓ કરતા ખરચમા કરકસર કરવાની ઘણી અગત છે.

દરેક માણુસ ચોકસ મુદ્દત સુધી ચોકસ ગૃહની અસર તળે રહે છે. આ વખતે માણુસમા ચોકસ સત્ગુણ કે દુર્ગુણ બહાર આવે છે, તેમજ તે ચોકસ સુખ કે દુખને આધીન થાય છે "કીસમત"પર આધાર રાખી બેસી રહેવાનુ જરથોસ્તી ધર્મ કહેતો નથી પણ માણુસે કોશેશ કરી બ'દગી ને મેનત કરી પોતાની હાનત સુધારવા તે કેહે છે

– –

**૧—સેતરપાયા, ૨—મહાપાયા, ૩—ખોરશીદપાયા, અને ૪—અસરરોશની** ( યાને ગરોથમાન ) માણુસે આએ જહાન મધે કીધેલા **નેક સવાબી કામોના પ્રમાણુમાં** બેહેસ્તનુ ચહડતુ યા ઉતરતે દરજ્જેનુ મકાન આવતી દુન્યામા તેના રવાનને મલશે બુલ દ **"ગરોથમાંન"** બેહેસ્તનું મકાન તેવાજ ભાગ્યશાળી ઇનસાનોને મળે છે કે જેઓ **પાપથી** ત ન નીરાળા રહી, સઉથી સરસ "અશોઇ"–થી પોતાની જીદગી ગુજારી, જીવતા જીવત દુન્યાની રફા તથા આબાદાનીના કામો કરે છે.

ગુસ્સો એક ઝેરી વસ્તુ છે એ એક જાતનુ ઝેર દિલમાં પેદા કરે છે તે તન-મનને પહેલુ નુકસાન કરે છે. માટે પહેલા તો પોતાનાજ ફાયદાને માટે ખત અને કોશેશથી એને નાબુદ કરવો જોઇએ ગુસ્સો મનની એક જાતની નબલાઈ છે એ ઉભરી આવે ત્યારે મોહુ બધ રાખવુ યાતો તુરત કોઇ બીજી વાત પર મન રોકવુ.

---

બદગી કરવા સારૂ હાથ મોહડુ ધોવા ત્યારથી બદગી પુરી કર્યે ત્યા સુધી કોઇ પણ જુદ્દીનના ખોરેહ સાથે આપણુ ખોરેહ ભેલાય નહી તથા તેનો ઓથો આપણા આગ ઉપર આવે નહીં તેની સબાલ લેવી કાય જે તેમ આપણુ ખોરહે જુદીનના ખોરહે સાથે ભેલાતા આપણી પાક બદગીની અસર તુટી જાય છે યા નબલી પડી જાય છે તેમજ દસ્તાનવાની અને સુવાવડી ઓરતની નજર આપણા ઉપર યા આપણી નજર તેના ઉપર પડી હોય તો તે બદગી પણ રદ ગણાય છે.

તુ કોઈ દુખીનુ દુખ ટાળે તો એ સુકૃત્ય તુ ભુલી જા તેની યાદથી તારા આત્માના તેજ ઝાખા પડી જશે

જે વસ્તુ તારી પાસે નથી, તે બીજા કોઈ પાસે છે—એ તુ ભુલી જા નહિ તો યાદ તને અધીરો બનાવશે ને તે મેળવવા તુ લાલચનો માર્યો વખ્તે પાપ પણ કરે ! માટે ભવિષ્યના પાપ અટકાવવા વર્તમાનને ભૂલી જા

તને કોઇએ દુખ દીધુ તો તે જાલીમને ભૂલી જા. જાણે તે તારે માટે આ પૃથ્વીપર જીવનોજ નથી. તેની યાદ તારા જીગરના જખ્મને રૂઝ આવવા દેશે નહિ

તુ ગરીબ હોય તો ગરીબ છે એમ ભૂલી જા હૃદય વિકાસ પામશે ને મનની ખરી અમીરી પ્રાપ્ત થશે.

તુ અમીર હોય તો નમ્ર થા ને અમીર છે એમ ભૂલી જા તુ દુનીયા જીતી લેશે અમીરીની યાદ તો તને બેવકુફ બનાવશે.

ઇરાની પતેત હીદુસ્તાનમા ઇ સ ૧૭૨૨ ના સાલ પછી જાણીતી થઇ હોય, કારણ કે આ દાહેકામા ઇરાનથી દસતુર જામાસ્પ વેલાયતી તેવણ હીંદુસતાન આવયા બાદ કબીસાની તકરાર પારસી ટોળામા જાગી, અને સેવટે પારસી ટોળામા કદમી અને શહેનશાહી નામે બે ફીરકા પડયા અને તયાર બાદ ચોકસ ભણતરો તેમજ કેટલાક અસલ ભણતરોમા ફેરફાર કદીમી ટોળાના જરથોસ્તીઓ માટે તેઓની ખોરદેહ અવસ્તાની કેતાબોમા દાખલ કરનામા આવયાં આ ઇરાની દસતુરે ફરવરદીન યસ્તની એક નકલ સુરતના પારસીઓને ભેટ કરી આ પહેલા હીદુસ્તાનના પારસીઓમા ફરવરદીન યસ્ત જણાયલી ન હતી ફરવરદીન યસ્ત ન્તુમના કરદા સાથે ફરોક્ષી કરતી વખતે ભણનામા આવે છે એટનાજ કારણે આ ફરોક્ષી ભણવાનો રીવાજ ઇ સ ૧૭૨૨ પછી આપણા પારસી ટોળામા પડયો છે.

ચોક્કસ દિવસો સુધી, એટલે ૭ અથવા ૧૪ અથવા ૨૧ અથવા ચાલીસ દિવસો જે ભણુતર ભણુવામા આવે છે, પણુ તે ભણુતર શરૂ કરવાની અગાઉ પણુ ચોક્કસ ક્રીયા થાય છે તેને "ઝકાત" કહે છે દાખલા તરીકે હુ કોઇ ભણુતર ભણુ છુ, તો મને પહેલા ઝકાત આપની જોઇએ તે શુ છે? દાખલા તરીકે "યા ખુદા" મને સવા કરોડ વખતે પહેલા ભણુવુ જોઇએ, અને પછી અમલ શરૂ કરવુ જોઇએ એ અરસામા ચોક્કસ સાદો ખોરાક લેવો જોઇએ અમલ અથવા ભણુતર તમામ થયા સુધી, લઝઝત આપનારી તમામ વસ્તુઓનો ત્યાગ કરવો જોઇએ એની રીતે જો ભણુતર પુરૂ થશે તો દિલની મુરાદ અથવા ઇચ્છા પુરી થવાની ઉમ્મીદ રાખી શકાય છે

હવે હાફિઝ કહે છે કે, મને એ તમામ આશીરવાદો એજ માટે મળ્યા કે, હુ તમામ લઝઝતોથી બચ્યો, તમામ વાતોનો ત્યાગ કર્યો, દરેક જાતનો ભોગ આપ્યો, ભણુતરની ઝકાત આપી વગેરે વગેરે–પણુ એ સઘળુ કબુલ કરી લેવા પરથી જે ગુંચવાડો છે તે તો દુર થવાનો નથી.

**એક બુઝાર્ગ મરદે આપેલી સલાહ**—ઉત્તર હિંદુસ્તાનમા ઓસ્ત્રેલીઆ દેશથી આવેલા એક ઘણાજ બુઝોર્ગ અંગ્રેજ કે, જેવણ દિલ્હી, આગ્રા, વગેરે મુલકો જોવા આવ્યા હતા, તેવણની મુલાકાત થઈ. તેવણને પુછયુ કે મોટાબા, તમો આટલા જઈફ થયા છેઓ, મને કહો કે તમો તમારી જીંદગીમા સઉથી ઉત્તમ શુ શીખ્યા છો? તેવણે ઘણાજ નરમાશથી પીઠ ઉપર હાથ મુકયો ને બોલ્યા **"મારા બેટા, ભલુ કર અને બે લાતો ઉપરથી પડશે એવી આશા રાખજે."** આની મતલબ આજ થાય છે કે જગતમા ઘણુ કરીને ભલુ કરવા બાદ, વિચારોની મતફેરીઓને લીધે ટીકકાઓ થાય છે અને અપજશ જેવા સાધણો ઉભા થાય છે અને તેથીજ જો એવીજ આશા રાખવાનુ શિક્ષણ આપણને મલ્યુ હોય તો નિરાશ થવાનો સબબ નહી રહેવા પામે જ ન રૂ મેહતા.

---

મરણ તે આપણો એક બીજો જન્મ છે, વધારે ઉમદા, વધારે તક્કા આપનારી હસ્તિમા જવાનું સાધન છે.

જે કંજુસ મનુષ્ય હોય છે અને જેણે દમડી દમડી બચાવી લાખો રૂપીઆ એકઠા કરી તે રૂપીઆનો સેવક બની જીંદગી ગુજારી હોય છે અને મરતા મરતા મરતા પણ એક બદામ સરખી ખરચવા જેણે જીગર ચલાવ્યુ નથી તેની શુ દશા થાય છે? તે આ નાસતાલોકમા આવીને પોતાના દ્રવ્યના ઢગલાને જુએ છે અને કમનસીબે જો તેનો છોકરો અથવા તેની પાછળના સગા તે પૈસાને છૂટે હાથે વાપરતા જુએ છે તો તેનુ કાળજુ કપાઇ જાય છે—ને બળી જાય છે. અને તે પોતે હવે પૈસાનો માલીક રહ્યો નથી એ જોઇ વધારે ને વધારે દુખી થાય છે અને બીજા કોઇ બ્હારના મારનાર વગરેજ જાતે અંદરથી અસહ્ય માર—વેદના—ત્રાસ ભોગવે છે

---

બ શીરીન જબાની વ લોત્ફો ખુશી
તવાની કે પીલી બ મુઇ કશી
મીઠી ઝબાથી નરમાશભરી ઉલટ અને ખુશાલી આપવાથી હાથીની માલ વડે ખેચી શકાય છે

તમને જો જ્ઞાન જોઇતુ હોય તો તેને માટે તમારે મેહેનત કરવી જોઇએ, જો ખોરાક જોઇતો હોય તો તેને માટે તમારે મેહેનત કરવી જોઇએ, અને જો સુખ જોઇતુ હોય તો તેને માટે તમારે મેહેનત કરવી જોઇએ. મેહેનત એ નિયમ છે સુખ કષ્ટની મારફતે આવેછે, અને પોતાને લાડ લડાવવાથી તથા આળસાઇથી નથી આવતું જ્યારે એક માણુસ કામને ચાહવા લાગેછે ત્યારે તેની જીદગી સુખ બનેછે.

---

બદગી કરનાર સતોશી થાયછે અને સવાબી નફો હાસલ કરે છે બદગી કરનારને પત્રીત્રાઇર્યા ચાલવાની ખાહેશ થાયછે બંદગી કરનાર દુનીયઇ તમામ રોગથી બચે છે બદગી તમામ બુરી ખશ-લતનો નાશ કરે છે બદગી આપણુને સારે મારગે ચલાવીને સવાબકાર કરે છે તેથી સારા કામો થાયછે. બદગીથી આ દુનીયાની દોલત તદરોશતી તે આપણુ મેલવી શકીએ છીએ. બદગી આપણુને ગમે તેવી ગરીબીમા પણુ સતોસી બનાવે છે.

"રાત્રે સુતી વખતે આપણે શુ ટોપી પહેરવીજ જોઇએ ? શુ નહિ પહેરી સુવાથી પાપ થયલુ ગણાય ? "પાપ" તે છે કે જેથી કુદરતનો કાયદો તુટે જો માથાને ખુલ્લુ રાખવાથી કુદરતનો કાયદો તુટતો હોય તો તે "પાપ" છે, જો કુદરતનો કાયદો તુટતો ન હોય તો તે પાપ નથી માથામા મગ્જ છે, જે આદમીને આદમી તરીકે ઓળખાવે છે થડી અથવા ગરમીથી તેનુ રક્ષણ થવુ જોઇયે

---

"અહુનવર" તે આખી "યથાઅહુ વઇરયો" સમજવી, અને આખી યથાઅહુવઇરયો તે તમામ અવસ્તા સમજવા સબબકે એ હોનવરના ૨૧ શબ્દો તે દરેક શબદે એકકુ પુસ્તક (નુશક) બનેલુ છે, કે જેને એકવીસ નુશક કહે છે તયારે આ ટુંક સરખામણીથી પણ 'માથ્રવાની" અથવા "તમામ અવસ્તા' ખુદ દાદારની શકતીથી મીનોઇ બનાવતના સાબેત થાય છે, કે જે જરથોસ્ત સાહેબને સપુરદ કીધા હતા

યજશનેની મોતેબર કીયા જરથોસતી કીયાઓમાની સરવથી બુલદ કીયા છે તેના બોતેર હામા પવીત્ર ગાથાઓ સમાઇ જાય છે, હપતન યસતના પુરાતન અવસતા સમાઈ જાય છે, બીજી ઘણી એક યશતોના કરડાઓ સમાઇ જાય છે, બાજના ૭ હાનો સમાવેશ થાય છે, સતુમનો કરડો તથા દહમનુ આફીનગાન એમા આવી જાય છે આ મોતેબર કીયામા ચદઉતર પકુતીની સઘળી અનુદીઠ શકતીઓને મીજદસમા આમ ત્રણ કરવામા આવે છે, તેઓની આરાધના થાય છે, તેઆને મયજદ અરપણ કરવામા આવે છે અને અનેક શરેશટ દુવાઓ ગુજારવામા આવે છે.

---

**સેતમ કશ ગર આહો બર આરદ ઝે દેલ,**
**ઝનદ સુઝ ઉ શોલે દર આબો ગેલ.** સાદી

દુખનો ખેચનાર તથા જુલમનો ખમનાર અગર પોતાના દીલથી એક હાય મારે તો તે હાયનો ભજુકો પાણીમા તથા મટોડીમાં પણ આગ લગાડે.

જેમ મરી અને મસ્યા, જેઓ જમીનમાથી ઉગી નીકળ્યા હતા તેઓ પહેલે પાણી અને પછી ભાજી, પાલો, પછી દુધ અને પછી માસનો ખોરાક ખાતા, તેમ માણસો પણ જ્યારે તેઓનો મરવાનો વખત પહોચે છે ત્યારે પેહેને માસ, અને પછી દુધ, તે પછી રોટી ખાધા ઉપર રહે છે તે ત્યા સુધી કે જ્યારે તેઓ મરણ પામે છે ત્યારે હમેશા પાણીનોજ ખોરાક ખાઇ રહે છે વળી એજ મુજબ હોશેદર માહના હજાગમા (ખાધાની) મરજીની શક્તિ એ મુજબ કમતી થશે કે જ્યારે માણસો એક ખાણુ ખાવા ઉપર ત્રણ દિવસ અને રાત સતોષ સાથે રહેશે પછી દુધના ખોરાકથી દુર રહેસે, તરકારીના ખોરાકથી દુર રહેસે (અને ફકત) પાણીના ખોરાકપર રહેશે સારુયોસ આવશે તેની દસ વરસ આગમચથી વગર ખોરાકે રહેશે (બુનદેહશ બાબ ૩૦)

---

અરદવીસુરને ફીયા વખને અરાધના કરવી સુરજના ઉગવાથી તે સુરજના અસ્ત પામવાના વખત સુધીમા આરાધના કરવી.

ખોદા જેટલો જાહેર છે તેથી વધારે ગુપ્ટ છે, અને તેથીજ ફારસી કવિએ કહ્યું છે, "ન દાનમ ચેઇ, હર ચે હસ્તી તોઇ" (હું જાણતો નથી કે તું શું છે કે કોણ છે, પરંતુ જે પણ છે તે તું છે), અને એક આગળો રોમન ફીલસુફ સેનેકા ખોદા શું છે એવો સવાલ ઉઠાવી પોતેજ તેનો જવાબ આપે છે કે "જે સઘળું તું જોય છ તેનો તમામ જુમનો તથા જે સઘળું તું જોઇ નથી શકતો તેનો તમામ જુમનો, તે ખોદા"

---

ખોદા એક રૂહ (spirit ચૈતન્ય) છે, તેની લાંબી સદીઓ આગમચ જરથોસ્ત સાહેબે પણ એવું જણાવ્યું હતું ખોદા એક રૂહ છે, રોશનીઓની રોશની છે, અમ અર્દા વિરાફનામા ઉપરથી પણ જણાય છે અર્દા વિરાફ મહેસ્તોમાં સરોશ યઝદ સાથે ફરે છે, અને હોરમજદનો અવાજ તેને કાને પડે છે, પણ તેના ખુદ દીદાર તે જોઇ શકતો નથી.

માણુસ ગુજરતા પછી આ દુનયામાં ૩ દીન સુધી તેની પાસબાની સરોશ યઝદ કરે છે, તેટલા માટે તે રવાનની ૩ દહાડા સુધીની સત્રુની ક્રીયા સરોશ યઝદની ક્ષનુમનથી કરવાનુ આપણા ધરમનુ ફરમાન છે યજ. હા ૫૭, ફ ૨૫ મા કહે છે કે "અએ ખુબસુરત અશો સરોશ યઝદ અહીંઆ, બેઉ જીદગીમાં તથા બેઉ દુનયામા અમારી તુ પાસબાની કરજે આ દુનયા જે હાડમદ તથા (બીજી દુનયા) જે મીનોઇ છે તથા તુ અમારી પાસબાની કરજે."

"અશો સરોશ યઝદ રવાનોને બચાવનાર તથા તમામ માણુસોની પાસબાની કરનાર છે

(વડી સરોશ યશ્ત નીરંગ)

---

ગાયો જુદા જુદા રંગની હોય છે, તોયે તે સઘળાનુ દુધ એક સરખુ સફેદ હોય છે, તેજ પ્રમાણે જોકે આપણા સર્વેના શરીરો જુદી જુદી તરેહનાં કે રંગનાં હોય છે તોયે આપણુ સર્વે મધે વસ્તો આત્મા એકજ તરેહનો છે.

કોઇબી પ્રજાનો મોટો ભાગ જ્યાંવેર ધર્મના ફરમાનોને વલગી રહી તે પ્રમાણે વરતે છે ત્યાંવેર તે પ્રજા ટકી રહે છે, પણ જ્યારે ધર્મના ફરમાનો તરફ બેદરકારી અને નાફરમાની વધતી જાય છે અને તે પ્રજાનો મોટો ભાગ સાદી અને સવતંત્ર જીંદગી તજી મોજશોખ અને એશઆરામમાં પડે છે અથવા તેવી વલણ બતાવે છે, ત્યારે તે પ્રજા આસતે આસતે નાશ પામે છે. તેના દાખલા તવારીખ આપણને પુરા પાડે છે એજ કારણોને લીધે ઇજીપશીઅન ગ્રીક, રોમન અને ઇરાની શાહાનશાત પડી ભાગી હતી.

---

નીસ્ત હશાતી મગર યજદાન અથવા ઓમ તેજ ધરમે આઝમ છે કેમકે તેના વડે ખુદ ખુદા મળે છે મુસલમાન ધરમે આઝમની તસબીહ ફેરવતા રહીને, પારસી અહુનવરનો કલામ પઢતા રહીને, ખ્રીસ્તી The Word was God એ સત્ય માનતા રહીને, હિન્દુભાઇઓએ વાણી રૂપ બ્રહ્મ ઓમ છે.

માસીક હાલતવાળી ઓરતો કાદાના બી અથવા રોપાને અડકે તો તેઓની ઉગવાથી શકિત મરી જાય છે અથવા ઘણી નબલી પડી જાય છે એ બીના વાદરાના તરકારી ઉગાડનારા ફરંગીઓ પણ પોતાના જાતી અનુભવથી જાણે છે અને તેથી તેઓ માસીક હાલતવાલી ઓરતોને હાથે એ બીને પાણી સીપાવતા નથી એટલુજ નહી પણ તેણીઓને તે જગાથી દુર રાખે છે

---

સ્ત્રી જાતીને લપતી, વીષય, સંકટની જાળ કે નરકની ખાણ સમજશો નહી, કારણકે સ્ત્રીજાતી એક એવી અમુલ્ય ખાન છે કે જેમ સાધારણ, ઉતરતી પંકતીમા ગણાતા કોલસાની કોઇ કોઇ ખાણમા, ઝગઝગતા-આબદાર કીમતી હીરા પેદા પડે છે, તેમ સ્ત્રીજાતીમા કેટલીક સ્ત્રીઓએ, સરવે મહાન ભકતો, રૂષીઓ, સતવવાદીઓ, મહાતમાઓ અને પયગમબરોને પેદા કરયા છે, જે મહાન નરોએ મનુ'ય જાતી ઉપર બેસંખય ઉપકારો કરયા છે, જેઓની કીમત કીમતીમા કીમતી હીરાઓ કરતા પણ વધુ છે

"હોરમજદ ખોદાય," વાળી આપણી નાહાની બંદગીમા આપણે પઢીયે છીએ કે "દુશમનાન, ક્રિયાન, જદ શેકસ્તે બાદ," એટલે કે દુષ્ઠ મન અથવા પાપી વિચારવાળા તથા ક્રિયાન યાને પરીઓ તુટેલા અને હારેલા થાઓ તેમજ અહુરમજદ યસ્તમા દાદાર હોરમજદ અને પેગમ્બર જરથોસ્ત વચેની જે સવાલ જવાબો આવે છે, તેમાં આપણે એવુ પઢીયે છીએ કે જે શખ્સ દાદાર હોરમજદના પાક સીફાનો નામો જબાન ઉપર લે છે તેને પરીઓ કે દેવો ઇજા કરવાને અશક્ત બને છે.

---

પરમાત્મા એકજ છે પણ તેનો મેળાપ કરવાના ચઢ ઉતર માર્ગો અનેક છે તે માર્ગને ધર્મ કહે છે તેનો અભ્યાસ કરતાં જણાય છે કે પરમાત્માનો મેળાપ કરવા માટે દરેક ધર્મ સ્થાપકને જ્ઞાન મેળવવા મનન કરવાની જરૂર પડી હતી.

## ૩૯૪ રોજ ૨૯ મો મીનો મારેસફંદ.

અજાણુ ગુનાહ માટે પસતાવો કરી સવાબ માટે દરરોજ બંદગી કરી ખોદાને રાજી રાખજો. સાદો પોશાક પેહરજો અને સાદો ખોરાક લેજો. ખાટા તીખા ખોરાકથી બનેતાયા સુધી દુર રેહજો જેથી મગજ મન નેક થવાથી ઇલમ, પવીત્રાઇ હાસલ થાય. વગર જરૂરના અને ફીસીઆરી ભરેલા ખરચો કમતી કરજો જેથી વધુ પઇસા મેલવવાને દીનની વીરૂધ જવુ પડે નહી. પાપથી રોજી, ઉમર તથા મુરાદો ઘટે છે. દુખ મુશીબતો વધે છે. તમામ ફરેસ્તાઓ, અશો ફરોહરો અને ભલી શકતીઓ માટે બંદગી અને દીનની ક્રીયાઓ કરજો યા કરાવજો હાલની હાલત પર સંતોશી થઇને રેહજો મુશકેલી હોય તો મગજ શાંત રાખજો. જેથી મુશકેલી ટળી જશે અને સુખનો વીચાર કરવાંથી તમો હમેશા ખુશી થશો.

---

બેહેરામ યજદ પક્ષીના આકારમા તીરના જેવી ઝડપથી જાય છે.

રવાનને "સજોગીને" તેની જગે મુકી તેની આસપાસ તથા ગેહસારતાં "ગેહાનની આસપાસ ત્રણ 'યથાઅહુવઇરયો' ભણુતા ખીનાથી ત્રણુ "કશ" ખેચવામા આવે છે.

મતલબ કે તે રવાનના કાલબુદની બીગડેલી હવા (કે જેને અવસ્તામા "દરૂજે ન શશ" ના નામથી ઓલખવામા આવે છે) તે બાહેર ફેલાઇ શકતી નથી. કદાચ ફેલાય તો કશની ખુબીથી ધણીજ કમી ફેલાએ છે. વળી કશની ખુબીથી તેટલીજ જગા અપવીત્ર રહે છે અને તેની આસપાસની વધુ જમીનને વાપરવેસ કરવામા કઇ અટકાવ નડતો નથી, તેમજ ગેહાન ઉપર અને તે રવાન ઉપર બુરી શકતીઓ ગલબો કરી શકતી નથી.

---

દાદાર હોરમજદ રૂહ છે, રોશની છે, અને એવોનુ મકાન શરૂઆત કે છેડા વગરની જાથુક, અનંત રોશની છે.

જીદગીની વિદ્યા છે, તે પહેલના પાદશાહો અને રાજાઓન શિખવવામાં આવતી હતી, અને તેટલા માટેજ એ વિદ્યા રાજ વિદ્યા યા રાજ ગુહ્ય નામથી ઓળખાવા લાગી રાજાઓ અને પાદશાહો મારફતે રૈયતમા તે પ્રસરતી હતી માત્ર એ આત્મવિદ્યાનુ જ્ઞાન મેળવ્યાથીજ એક આદમી ખરેખરી મનની શાતિ મેલવી શકે, અને પોતાનુ ખરૂ કર્તવ્ય કરી શકે, પછી તે રાજા હોય કે સાધારણ આદમી હોય.

---

જરથોસ્તી ખોવાબગાહમાથી બીદાર થાય છે, ત્યારે બીદાર થના સાથેજ તેના અ ત કરણમાથી અહુર મજદના શબ્દ તેના હોઠ ઉપર આવવો જોઇયે. આ કામ મેહેનાહથી બને છે કેટલાક ધર્મી માણસોને ઉંઘમા ભણવાની ટેવ હોય છે. જે નીચે મુજબ પરખાય છે અવસ્તાનો કોઇ પણ ભાગ,—અષેમ, યથા, સરોષ બાજ, અરધો ઉંઘમા ભણાયા પછી તેનો બાકી રહેલો ભાગ બીદાર થતા તેઓ હોઠપર લઇને ઉઠે છે.

કોઇ ખોદાનો બંદો રાત દિન તેની દરગાહમા સવાલ કરતો હશે કે તારો ઇન્સાફ એવો તે શું કે દુન્યા તરેહવાર જાતની હાલત ભોગવે છે?—નાકેશ અક્કલ પ્રમાણે જવાબ એટલોજ મળી શકે કે —(૧) જો દુન્યા એક સરખી હાલત ભોગવતી હોય, તો બદી એટલે હદ સુધી લંબાય, કે, હરેક જણ, પોતાનો જાન પોતાના હાથથી લાવી શકે। (૨) કરણીના કાયદા પ્રમાણે હરેક જણને રાખવામાં આવે છે જેની જીંદગીની તમામ આગાહી, પરવરદેગારને માલુમ છે (૩) હરેક જણે પોતાની હાલતપર સંતોષ રાખી, પોતાને પોતાની સ્થીતીમાથી પસાર થવાનુ છે. (૪) અને તેના ગુનાહનો બદલો તેની હાલતપરથી લેવાય છે। (૫) દરેક માણસ એક સરખા હોય તો, બદી અને નેકીની પીછાણ થાય નહિ। અને ખોદાને કોઇ જાણી શકે નહિ (૬) દરેક જણ એક પ્રકૃતીમા હોયતો ધંધો રોજગાર કરે નહિ અને દુઃખ સુખ જેવુ હોયજ નહિ। (૭) જો ખોદાએ આ રીતનો કાયદો નહિ રાખ્યો હોતે તો બેહસ્ત અને દોજખની પરીવાર કોઇ રાખતે નહિ, અને પોતાને કોઇ સુધારી શકતે પણ નહિ.

**જીંદગી કરવામાં** અને ખુદાને પોહચવામા, બાયડી છોકરાઓ તેમજ ધધો વેપાર હરકત કરતાં નથી. ફકત બધામાં સચ્ચાઇ, પ્રમાણીકપણુ જાળવવાનુ છે. અને આવી રીતે બધી ફરજો અદા કરવાથી અંતઃકરણ પવિત્ર થાય છે તેવા પવિત્ર અંતઃકરણમા ખુદાનુ જ્ઞાન થાય છે

**જ્યારે માણસ** મગરૂરી કરનાનુ યાને મોટાઇ દેખાડવાનું મુકી દે, ત્યારેજ તે ખરેખરો સુખીથાય.

**મનમા એવો મજબુત** વિચાર કરવો કે આ બધુ એ જે છે તે "મારૂ નથી" "ખુદાનુ છે"

**હમેશાં** કજીઓ કકાસને બાળી નાખ, કારણકે કજીઓ કકાસ એ એક મોટી બળા છે

**ગમે એવુ અપમાન મળ્યા છતાં તે ખમી** જાય યાને પોતાના મનની શાંતી જાળવી રાખે તે માણસને, પછી બીજા કશાની તરસ રેહેતી નથી

જે કામ કરવુ તે પોતાની ફરજ છે એમ સમજીને કરવુ ફળની બીલકુલ આશા રાખવી નહી ને તે કામ ખુદાને અર્પણ કરવુ.

દરેક ભણનાર જરથોસ્તીની એ પેહેલ્લી ફરીઆદ છે કે ભણતી વખતે પોતાનુ ધ્યાન દુન્યાઇ ખ્યાલો તરફ દોડે છે યાને ભમતું રહે છે હા એ ખરૂ છે એમ દરેકના બાબમાં બને છે પણ તેના ઇલાજો કરતાં તે ધીમે ધીમે દુર થાય છે. આપણે ભણવા બેઠા અને જાહેર મન (ધ્યાન) ભમે છે ત્યારે આપણે તરત યાદ કરવુ જે આપણે કઇ કામ ધંધાના વીચારમાં બેઠા નથી પણ પવીત્ર બંદગી કરવા બેઠા છીયે માટે મનને પાછુ આપણી બંદગીવાલી જગો પર ખેચી લાવવુ. વલી ભમતુ થાય તો ફરીથી તેમ ખેચી લાવવાની કોશેષમાજ રહેવુ એમ થતાં થતા મન ખીલવા માડે છે. આ પ્રમાણે લાબો વખત સુધી ચાલુ રાખ્યાથી બંદગી વેલા ભણનારને પવીત્રાઇનુ ભાન આવે છે. પવીત્રાઇ આમેજ થઇ કે ખોરેહ ખીલવા માડે છે અને જેનું ખોરેહ ખીલ્યુ (પ્રકાશીત થયું) તે અષો પુરૂષ ગણાય છે.

"તપ, જ્ઞાન અને ભક્તી વડે માણસ જાત અનેક સીદ્ધી મેળવી શકે છે યોગ બળથી અગમ-નીગમ જોઇ શકે છે, જાણી શકે છે। મનને વશ કરીને, કોઇ પણ લાલચમા ન ફસાવુ, લોભ કે મોહને ખાતર મનને સંકોચ થાય તે ન કરવુ, પરધન કે પરાઇ સ્ત્રી તરફ દુષ્ટ મન ન દોરવવુ, અને સતય ચાલ-ચાલણુથી માણસોએ સંસારમા રહીને, સુખ-દુખ સહન કરી, કસોટી કરાવી, આતમબળ મેળવવુ જોઇએ, જે માણસે આતમબળ મેળવયુ, તે પરમાતમાને પણ પાસે બોલાવી શકે છે આતમા એજ પરમાતમા। આ જહાન કે મીનોઇ જહાનમા, કેવળ આતમાજ ખરો ગણાય છે. મન આમ પંપાળ છે ધુમો ને વાદળ જેવુ છે। દેહ તો ફક્ત કરમથીજ બંધાયલો છે.

---

ખુદા નિરાકાર હોવાથી જ્યા સુધી આપણુ મન ખીલે નહિ ત્યા સુધી તુરી ચીજો મારફતે તેના તરફ ચિત્ત રોકવુ જોઇએ.

બકરા મેંઢાંની ફરીઆદ—અરે! આપણુ તેમને કાઇપણુ હરકત કરતા નથી, આપણુ તેમને દુધ આપીયે છિયે, આપણુ તેમની માદગીમા તેમને આપણા ઉનના કપડાથી હુંફ આપીયે છિયે, કકડતી થડીમા તેઓને આપણા ઉનના બરનુશે પુરા પાડીએ છિયે, તેઅના બાળકોનુ આપણા ઉનના વસ્ત્રોથી રક્ષણુ થાય છે, તેઓ આપણાથી ઘણાક ફાયદાઓ મેલવે છે, તેઓ આપણુને નિર્દોષતાનાં સ્વરૂપ ગણે છે,—અને તે છતા, તે સઘળાના બદલામા, બુદ્ધિહીન આદમી આપણુને છેવટે કસાઇની છરીના હવાલામા સોંફે છે—કેવી બેવફાઇ!"

---

"કમાઓ તે કરતાં ઓછુ ખરચો" "પોતાની થોડી આવકમા વધુ પઇસા મેલવવા ચાહતા હોવતો પોતાની આવકમાથી અરધા હીસા કરતા વધુ ખરચવુ નહિ, પણુ બાકીનુ બચાવવુ" માટે આબરૂ ઇજત સાથે પઇશો મેલવવા માટે દરેક મનુષ્યે પોતાની આવકમાથી થોડુ થોડુ બચાવી સગ્રહ કરવાની ટેવ રાખવી જોઇએ.

શાન્ત રહી વિષયથી દુર રહેશો તો બેશક જીંદગીના તત્વનું ભાન તમને આવતુ જશે અને એક દીવસે ચેલાને અચરતી લાગશે કે તે કેટલો આગળ વધી ચાલ્યો છે અને તે પણ જાણ્યા અથવા ખબર પડયા વીના કારણ કે ખરેજ આત્મા ખીલે છે ત્યારે ફુલની માફક સમાધાન અને છુપી રીતે ખીલે છે, પણ તેજ વેળા મધુર અને સોહામણો થાય છે, કારણ કે ખોદા અથવા અહુરમદજ્‌ના કીરણ તેની ઉપર પ્રકાશે છે

---

આ જગતમા "આ તો મારૂં છે" "તારૂ નથી" "આ તો મહને આપ ને તુ ન લે" એવા ફુઝુલ ઠાલી ઝગડા ને તેથી ઉપજતી પરેશાની, નાઉમેદી ને દલગીરી ક્યા સુધી એમ ખમતા સેહેવતા રેહશો ? છોડી દો એ ખ્યાલને, મારૂ ને તારૂં કાંઇ નથી એ વ્હેમ છે, ભ્રમ છે, મૃગજળ છે. જે છે, તે તેજ આપનાર છે, જે આપશે, જાળવશે કે લેશે. તેની મરજીને તાબે થા.

ફરવરદીન યસ્તના ફ. ૨૫મા જણાવ્યું છે કે જ્યા પવિત્ર દીનદાર આદમીઓ બંદગી કરે છે, તથા જ્યાં મોટા દરજ્જાના દીનદારતો પઢવુ ગણુવુ કરે છે, તથા જ્યા સર્વ સુલેહ સંપજ ભરેલાં થઇ જશન સરખી ક્રિયા કરે છે, ત્યા અશો ફરોહરો જલદીથી આવી પહોચે છે.

---

માત્ર દવાનુ નામ લેવાથી રોગ જતો રહેતો નથી, પણ ખરેખર દવા પીધાથીજ તેમ થાય છે, બ્રહ્મને વાસ્તવિક રીતે પામવા વગર માત્ર બ્રહ્મની વાતો કરવાથી કાંઇ મુક્તિ મલતી નથી. બાહ્ય પદાર્થ જ્યા સુધી ભિતરના અંતરાયમા ગુમ થઇ જાય નહી, જ્યાં સુધી આત્માનુ તત્વ મેળવાય નહી, ત્યા સુધી બ્રહ્મને લગતી વાતો કરવાથી મુક્તિ મલી શકતી નથી— આવુ માત્ર બ્રહ્મ ક્રમ તો ફોકટમા શ્વાસની બરબાદી કરવા જેવુ છે.

જો આ સંસારમા કોઇનીબી સત્તા અચળ હોય તો તે પૈસાની છે આની સત્તા આગળ સર્વ લાચાર ને પરેશાન રહે છે! ગરીબની ઝુપડી કે રાજાના મહેલમા પૈસા અપુર્વ દરજ્જો ધરાવે છે, પણ એનાથી ઉફનાઇ નહીજ જતા, હમેશ ઇનસાફની રાહે ચાલવુ ઇનસાનને લાજમ છે. પાપો, અનીતી અને બદી આના પ્રતાપે દબાઇ જાય છે ખરી, પણ તે ગેબી સાહેબની ગેબી લાકડીનો અવાજ નથી.

---

આપણી ખરી દોલત જે આપણે કમાતા હોઇએ તે નથી, પણ જે બચાવતા હોઇએ તે છે આપણે જાડા ને મજબુત થઇએ છીએ તે ખાધાથી નહીં, પણ ખાધેલુ પચાવ્યાથી આપણે શીખેલા, વાચ્યાથી થતા નથી, પણ વાચેલુ યાદ રાખ્યાથી થઇએ છીએ

---

હો ખોદા! આ ફૂલથી આપની પૂજા કરી આપની પાસે એ માગું છુ કે મને મોક્ષ રૂપ ફૂલ પ્રાપ્ત થાઓ.

પરમેશ્વરની આજુબાજુ યજદો અને અમેશાસ્પંદોનુ નુરમંદ ટોળુ રહે છે, અને એ નુરી ફિરેસ્તાઓ પરમેશ્વરની ઇચ્છા પ્રગટ કરનારા છે તેમજ એના કાયદાઓ યા દએન અમલમા મેલનારા છે. જશનો જેવી પવિત્ર ક્રિયાઓ થતી હોય, રોશન કીધેલા આતશ ઉપર ખુશબો લોબાન મુકાવતાં હોય, અનસ્તાના સરોદોના નાદ ચાલી રહ્યા હોય, ત્યા ફિરેસ્તાઓ અણદીઠ આવીને આશિર્વાદો, આપણ આદમ જાતને માટે, વરસાવે છે, એવી આપણી માન્યતા છે

---

પેગામ્બર સાહેબ હજી પણ જીવતા જાગતા આપણી નજદીક છે એવો ખ્યાલ હમેશા જીગરમા રાખવો જોઇએ કારણ ખાકી શરીરના નાશ થવાથી માણસનુ મરણ નીપજતુ નથી. તેવણ એવા મીનોઇ રૂપમાં છે કે જે જોવાને હાલમા આપણી બાતેન આંખો શક્તિ ધરાવતી નથી. દરેક ભલા કામોમાં આપણને આપણા પેગામ્બર તરફથી ચાલુ મદદો મલતી રહે છે.

ભોજનની વચગાળે અચરકચર ચગળવુ નહી, હોજરીને આસાએશની જરૂર છે વચમાળે ચગળયા કરવાથી હોજરીની આસાએશ ખોરવાય છે.

ખોરાક સવાદ લઇને ખાવે વધુ સેહેલાઇથી જરપત થાય છે.

આઇસ વડે ખોરાક અથવા પીણુ અતી ઠંડુ બનાવીને લેવાથી નુકસાન થાય છે

ખોરાક દાંતે બરાબર ચાવીને ખાવો જોઇયે.

જમતી વેળા મનને શાંત અને બની શકે એટલુ ખુશાન્દ રાખવુ.

લીલી તરકારી અને ફળ છુટથી વાપરો

---

વિચારોને ચોખ્ખા રાખવા, અંતઃકરણને સ્વચ્છ રાખવા, દરૂજી નાપાકીઓ દુર રાખવા, માંથ્ર કલામો અકસીર છે, બળવાન છે, એવું આપણા અવસ્તામાં જગેજગ જણાવ્યુ છે. અને આ બાબદમા આપણી અહુનવર (યથા અહુ વઇરીયો) અને અશેમવોહુની નાહાની બંદગીઓ યા કલામો અતિશય ચમતકારિક છે.

અરે આય દુન્યાના ખોલામા રમી રહેલાઓ "પેલુ' મહને નહી મળ્યુ." "ઓલુ ધારેલુ' નહી થયુ'," અરે "આય મારૂ ક્યા ગયુ" ને "એ બધુ શુ થયુ" એવી આ નીચ દુન્યાની બેહાયદા બળાપાની કથા-કાહાણી બીજાઓના કાનપર તકલીફ આપવા સારૂ ક્યાં સુધી રેડયા-રડયા કરશો ? આ દુન્યાના પાલણાના ઝોકાઓ ક્યાં સુધી ખાશો ? છોડી દેવો એનો મોહ, કે સુખ પ્રાપ્ત થાય ને મોક્ષ મળે.

---

તદરોસ્તી માટે સ્તોરોગ ચાહ પીવાથી કંઇજ ફાયદે નથી. બીજાં વ્યસનો જેવું ચાહનુ બી એક વ્યસનજ છે. ચાહ વધુ પીવાથી સામુ તદરોસ્તીને બગાડે છે, પાચણ શક્તીને મદ કરે છે અને ભુખને સુસ્ત કરે છે. જેમ દારૂની અસર ભેજા ઉપર થાય છે તેમ ચાહની અસર પણ ભેજા ઉપર થઇ થાકેલાં મનને શાત કરે છે બાકી તદરોસ્તી માટે ચાહ કોઇ બી રીતે જરૂરની હોય તેમ નથી. ઘઉંનુ દુધ, ઓતમીલ રાબડી, કોકો દુધ પુષ્ટીકારક પીનુ લેવુ ચાહે કોઇ કોઇ વા કુમરી લેવી,

"જમશેદનો જલફાટ અને નુર પાછો લઇને ત્રણ જણને આપયો છે તેના ઝનફાટમાથી એક હીસો મેહેર ઇજદને આપ્યો અને બીજો એક હીસો જરથોશ્તને આપયો અને ત્રીજો હીસો જરથોશ્તના બેટા ત્રણ જે પેદા થશે તેને આપસ કે જે હોશે દર હોશે. ફરમાહ તથા સોશીયોશ

**બસા નામે નેકી બ ૫ જાહ સાલ**
**કે યક નામે ઝેશતશ કુનદ પાયમાલ.**

સાદી

જે ધણીએ પચાસ વરસ લગી ધણીએક નેકનામી મેળવી હોય, અને કદી ત્યારપછી એકાદ બુરૂ કામ તે ધણીથી થઇ આવ્યુ હોય તો તે બુરાઇની બદનામીના સબબથી તે તમામ નેકી કીધેલી પાયમાલ થઇ જાય છે

---

કલેશ, કકાશ, તથા કજીઆની વાત અહી સુધી તો પોહચેછે કે કદીમ ખાનદાન તથા પુરાતન ઘરબારને ઊજડ તથા વેરાન કરી નાખે છે.

તનદરોસ્તી માટે આજ બે રસ્તા છે સાદો પુષ્ટીકારક ખોરાક—જેથી દરરોજ ઝાડો સાફ આવે છે દરરોજ નિયમીત કસરતો—જેથી શરીર હલકું થઇ, કામ કરવાનુ જોર—શકિત આવે છે, અગ્નિ પેદા થાય છે, શરીરમાથી ઝેરી પદાર્થો બાહેર નીકલી જાય છે. ઘણી સરખી ચોખી હવા દમમાં જઇ શારીરીક ક્રિયા નિયમસર ચાલે છે, પરિણામે શરીરના અવયવો જોઇએ તેવા મજબુત થઇ તનદરોસ્તી સચવાય છે. અને દરદ કદી પણ આવી શકતુ નથી

---

ભાઇ સાહેબ ! જો તમારૂ દીલ સાફ હશે તો સ્વર્ગ તમારી પાસેજ છે, પણ જો તમો મેલા વિચારો વમાસ્તા હશો, અને કદાપી આખો દહાડો ભણતા ગણતા અને મંત્ર જપતા હશો, તોયે તમોને તે સ્વર્ગીય સુખને પોહોંચી વળવુ મુશકેલ છે જ્યાં અંતઃકરણ સાફ હોય છે ત્યાજ પ્રાર્થના સમાજ હોય છે, ત્યાજ પવિત્ર ભુમી નિર્વાણ હોય છે.

માબાપોની ફરજ છે જે પોતાના ફરજંદો-દીકરાઓ માટે કાળજી રાખવી. જો તેનો ચહેરો ફીકકો દેખાય, આંખમાં અને ગાલમા ખાડા પડેલા લાગે, સુસ્ત અને બેચેન દેખાય તો, તેને કાઈ બુરી છુપી આદત પડી હોય અને પોતાની શકતી ગુમાવતા હોય, અથવા ખરાબ સગતમા હોય, તો તે માટેની ખાનગી ખબર રાખી, માયાની સાથે તેનો ઘટતો ઉપાય લેવો.

---

બંદગી વખતે આસપાસની વાતાવરણ શાંત હોવી જોઇએ આપણા ભણતરમાં કોઇ બી રીતે ખલલ પોહચે યા કઇ ગરબડ થાય તેવું જોઇએ નહીં બંદગી જે આપણે કયે છીયે તે એક ચીતેજ ભણીએ અને આપણું ભણતર સ્પષ્ટ રીતે આપણા કાને સાભળવુ. કાને સાભલી તે ઉપર ધ્યાન રોકેલુ રાખવુ. યાને મોહડાંમાથી નીકલતી પાક અવસ્તા વાની કાને સાભની તે ધ્યાનથી સમજવુ તેનુંજ નામ તે એકામચીત

દરતાંનવાલી તથા સુવાવડી ઓરતોથી ત્રણ કદમ દુર રેહવાનુ ફરમાન છે. (વદી. પ્ર. ૧૬ ફ. ૩)

દસ્તાનવાલી તથા સુવાવડી ઓરતોને ત્રણ કદમ દુરથી ખાણુ આપવાનુ ફરમાન છે, જે વીશે જરતોસ્ત સાહેબના સવાલનાં જવાબમા દાદાર હોરમજદ કેહે છે કે, "જે શખસ દસ્તાનની ઓરતનું ખાણું લઇ જાય તે તેણીથી ત્રણ કદમ દુર ઉભો રેહે." (વદી પ્ર ૧૬ ફ. ૬)

---

સઉથી સરસ ઓરત તો તેજ હોય છે કે જે બધી રીતની સભાળ રાખે. થોડુ બોલે, ધણીને તાબે થાય, ધણીની ખીદમત કરવામા જાતી ભાગો આપે, તથા અકકલ, દાનાઇ, મહોબત, પરીઆઇ પરહેજગારી, શરમ, બક્ષેશ, સતોષ, દબદબો અને દીલમા આનક રાખનારી હોય.

જે પ્રમાણે ગાય—જ્યાસુ'ધી ધ્રામ ગાયની અગ શકતીમા બદનાઇ જાયછે તયાસુધી તે ગ્રામ વાગોળયા કરે છે, તેજ પ્રમાણે એક શોધક, મીનોઇ ગ્નાનનુ અમરત પીયે તો અગાઉ તેને દાનેશમદોના બોલ વચનો જે તેને અક્કલ અનુસાર લાગતા હોય તેવા બોલ વચનો—આખે હૈયાત—ઉપર મનન વમાસણુ કરયા કરવુ જોઇયે'

---

ખુદાને ભુલો ના, કે જેથી ખુદા તમને ભુલે નહી

અમર્ગી એટલે માણસનુ સ્થાન ઉચી નીતિના કાયદાઓ પાલી, અશો જીદગી ગુજારી, હરદમ દાદાર હોરમજદની યાદમા મશગુલ રહી મીનોઇ અને બાતનનુ ગ્નાન મેલવી, અને મનને ચોકસ તાલીમ આપીને દાદાર હોરમજદમા ગરક થાય છે, એ હાલતને અમર્ગી કહે છે.

**દસ્તાન** "કેટલીક પ્રજાઓમાં ઓરતોને દસ્તાન વેળા હનાએદી રાખવાનો બહુ સારો અને માન ભર્યો રીવાજ છે એવુ કહેવામા આવે છે કે દસ્તાનના હીંગામ વેળા રૂહાની શક્તિઓ તે ઓરત તરફ મહેલાઇથી ખેંચાઇ જાય છે, અને તેજ પ્રમાણે હલકી શક્તિઓ પણ ખેચાઇ જાએ છે આવી હાલતની એક ઓરત જો ગમે તેમ ફરતી ફરે તો તેણીના ખરાબ ખોરેહની અસર આસપાસના દરેક આદમીઓ અને વસ્તુઓ ઉપર થાય છે, અને તે સર્વે ઉપર પેલી મેલી રૂહાની શકિતઓની બુરી અસર ફેલાય છે, અને તેટલા માટે કેટલીક પ્રજાઓએ આ હાલતવાળી ઓરતો માટે દુર બેસવાના અને પવિત્રાઇ પાલવાના બંદોબસ્ત ભર્યા નિયમો ઘડયા છે." (H P. B vol. vi, 220

---

જ્યારે પણ કોઇ ઇસ્પીતાલની નજદીકથી પસાર થાય ત્યારે અંદરના દરદીઓને રાહત મળે તે માટે અમુક બંદગીના અને દુઆના શબ્દો બોલવા.

"મહેનત કરી ખાજે પણ ઓશીયાળો ના રહેતો."

"જેટલી આવક હોય તેટલોજ ખર્ચ રાખજે"

"વડીલોની શીખામણ યાદ રાખજે, પણ તકદીલી લોભમા ના જતો"

"હુ મોટો છુ બીજાઓ નાના છે એવુ અભિમાન મનમા ના રાખતો"

"સ્વાર્થીનો ભેદ જાણજે પણ તારો ભેદ ના આપતો."

દુખમા ઇશ્વરને યાદ કરે છે તો સુખમાં કા નહી.?

"તારો હીસાબ તું રાખજે બીજા ઉપર છોડતો નહી"

આજે શુ કમાયો ને કેટલું ખરચયુ તે જાણજે."

---

પારકી સ્ત્રી તે એક છરીજ છે, માટે તેને તુ તારા અગ સાથે લગાડતો ના, કારણકે રાવણ જેવાના દશે માથા પારકી સ્ત્રીને માટે કપાઇ ગયાં, તો તારી શી વિશાદ કે તુ બચી જાય?

**અંગ્રેજો હીંદુસ્તાનમાં આવ્યા ૧૬૧૩.**

ન્યુયોર્ક દેશમા એક જવાન પ્રેમી હતો. શુંજાસ તેની કમતી હતી. તે એક મોટી ઑફીસના ખાતામા નાણાં આપ લે કરવાના કામ ઉપર હતો જીગરે મનુષ્ય સેવક હોવાથી કઇ રીતે બીજાઓની સેવા કરવી તે વીષે મુઝાતો હતો. આખરે તેને એક ઉપાય શોધી કાઢયો જ્યારે જ્યારે પણ તે આખા દિવસમા કોઇને નાણુા આપતો ત્યારે હૃદયની લાગણીથી તે આપનારને માટે મનમા દુવા ગુઝારતો હતો કે, "ખુદા—તમોને સુખી રાખે" જે પણ, કોઇ તેની ટેબલ આગલ નાણાં લેવા આવે તેના ઉપર આ વિચાર તે નાખતો જતો હતો તેના આવા ઉમદા સુદ્ધ ચાલુ વિચારોનુ પરિણામ એ આવ્યુ કે, જે પણ કોઇ તેના હાથમાથી નાણુ લેતુ હતુ તેને એક જાતની અણુદીઠ ખુશાલી લાગતી હતી; અને તેની તરફ માણુસો પ્રેમની લાગણીથા ખેચાઇ જતા હતાં, યાને તે અમુક ઘડીએ તેઓ જાણે પોતાના દુખો પણ વિસરી જતા હતા આ રીતે પૈસાની તગી અને વખતની તંગી છતા આ જવાન મનુષ્ય સેવા કરી શકતો હતો.

**વીકટોરયાએ તાજ પેહેર્યુ ૧૮૩૮.**

સુરતવાળા મોદીજી શેઠ એદલજી ખુરશેદજી સને ૧૨૨૩મા રાહનુમાએ સભા જોગના પત્રમાં લખે છે કે:—

"એ મુકતાદના દહાડાવોમા દીનના ફરમાન કરતા જેટલુ વધારી મુકેછે તે શાફ બેજા ને અણઘટતું છે તેમા શક નહી.'

પુણેવાલા મરહુમ દસ્તુર નોશેરવાનજી જામાસ્પજી જામાસ્પઆસાના રાહનુમાએ સભા જોગ કાગજમા લખેછે કે —

"કરજ કરીને બાજે લોકો પોતાની શકતીથી વધારે ખરચ કરેચ તે અણઘટતું અને ગુનાહભરેલુ છે હરએક ચીજ શકતીથી વધારે કરવી ગુનાહ અવશ્તાથી જાહેર છે"

---

ફુળ, દાત, પુત્ર, રાજા અને ગુણ, એમા મોટુ કાણ ? ફુલ મોટુ કપાસનુ, દાત મોટા તે હળ ખેડવાના, પુત્ર મોટો ગાયનો, રાજાઓમા મોટો મેઘરાજા, ગુણમા મોટો તે હીંમતવાન

**સુરત ઇંગ્રેજને તાબે થયું ૧૮૦૦.**

મરહુમ દસ્તુર હોશંગ એક વાયજમા જણાવી ગયા છે કે "જ્યારે કે અયોરનાનની ક્રિયા યા બંદગી શરૂ થાય જેમ કે આફ્રરગાન ઇત્યાદિ, કે જેમા અથોરનાનોજ બંદગી કરે છે, તે વેળાએ જે બેહેદીન સાહેબો તે મજલેસમા છે તેઓએ કંઇ બી ભણવુજ જોઇએ એવી ફરજ નથી, કાય જે બેહેદીન સાહેબો સારા ચીતથી સાંભળે છે તેઓ તે ક્રિયામા પોતે સામેલ થયલા છે, એવુ આપણી ભલી દીનમા ઘણી જગોએ ફરમાવે છે, જેમ કે આપણી ઘણીએક બંદગીઓ (નયાયશ તથા યસ્તો) ને છેવટે એક ટુંક ફકરો આપણે પઢીએ છીએ કે 'નેમ યજાઇ સુરનવત યસન,' એનો પેહેલવીમા ખુલાશો એમ ફરમાવે છે કે જે બંદગી દીનના દસ્તુરો બજા લાવે છે તેના તે સાંભળેલા કલામોથી હુ તે બંદગીના સામેલ થાઉ છુ"

---

જે કોઇ મોતનો ખ્યાલ પોતાના મનમા હમેશાં રાખે છ તે પોતાને હમેશા સુધારે છે.

એક પાઇ બચાવીએ એક પાઇ કમાવા સરખુ છે દરેક મનુષ્યની ફરજ છે કે પોતે નીતિ અને પ્રમાણિકપણે પોતાનો રોજગાર કરે, અને તેમાથી અમુક ભાગ બચાવી પોતાની સકમાઇનો થોડો ભાગ સખાવતમાં આપે

---

## ઇટ અને માણસ વચ્ચે ફરક.

ખ ક હો નાદાન તુમભી ઔર યહેભી પાક હૈ
ફર્ક હૈ ઇતના કે, તુમ નાપાક હો, એ પાક હૈ,
સુર્ખ હૈ જોહેર ભી ઔર બાતેનભી સુર્ખ એ રગ હૈ,
લય તુમહારા સુર્ખ મુહ, પર દિલકા કાલા રગ હૈ

"અએ નાદાન આદમી જેમ તુ ખાક છે તેમ આ ઇટમી ખાક છે, ફર્ક એટલોજ છે કે તુ નાપાક અને એ પાક છે, આ ઇટ અદર તેમજ બહારથીલાલ છે, જ્યારે માણુસનુ મોહડુ બહારથી સફેદ હોયા છતા તેનુ દિલ (બદીના ધુમાડાથી) કાળુ છે"

ગ્રંથ કલામો એટલા ભેદ ભરેલા છે કે ફારસી લખનારાઓ જરથોસ્તને રમ્ઝગુ એટલે ભેદનો કહેનાર તરીકે ઓળખાવી ગયા છે એ લખાણો ભેદી ને ધાર્મિક હોવાથી, તેમજ અવસ્તા ભાષા હજારો વર્ષ થયા એક બોલાતી ભાષા તરીકે બંધ થયલા હોવાથી, સ્વભાવિક રીતે એમાનુ કઇ કઇક આપણે સહમજી નહિ શકયે પરંતુ આ કારણે સહમજ નહિ પડતા લખાણો હશી કહાડવાને આપણે ઉતાવળા બનવું નહિ, લેકીન તેની પૂરી સહમજણ મેળવવા પ્રયત્ન કરવો

---

## તો હાની દસે રા કસે મી દેહદ
## ખુદા મીદેહાનદ ખુદા મીદેહદ

ઓ બદા, શું તું એમ જાણે છે કે કોઇને કોઇ શખસ આપે છે? એ તો ખોદાતાલાજ સર્વને આપે છે અને તેજ સાહેબ એક બીજાનો હરેક કોઇ પાસે હરેક હીલા તથા બાહાનાથી અપાવે છે.

ચુપકીદીઓ અથવા ખામોશીઓ ત્રણ જાતની હોય છે—પહેલી શબ્દોની ખામોશી યાને વધુ બકચક નહી કરવી, બીજી ખાહેશોની ખામોશી, યાની દુન્યવી ખાહેશો દિલમા ઉઠવા દેવી નહી, અને ત્રીજી વિચારની ખામોશી, યાને બુરા અને નકામાં વિચારો મનમાં આવવા દેવા નહી પહેલી ખામોશી સપુર્ણ છે, બીજી વધારે સપુર્ણ છે, અને ત્રીજી સર્વથી સપુર્ણ છે શબ્દોની ખામોશીથી સદગુણો મેળવાય છે, ખાહેશોની ખામોશીથી શાનતી આવે છે, અને વિચારોની ખામોશીથી અંતરજ્ઞાન ઉત્પન થાય છે શબ્દોની, ખાહેશોની, અને વિચારોની ખામોશી અખત્યાર કરવાથી એક આદમી એક ખરેખરી મિનોઇ ચુપકીદીમા દાખલ થાય છે, જે હાલતમા ઇશ્વર તેના જીવને શબ્દો કહી સભળાવે છે, અને તેને ઘણુજ શ્રેષ્ટ અને સપુર્ણ મિનોઇ જ્ઞાન અને ડહાપણ ઉંડાણથી શીખવે છે

હજ કેવી હોય ? એક શેખ મલવા આવયો અને પુછયુ, તુ કયા જાય છે" તેને કહયુ મક્કાની હજ ઉપર તેણે પુછયુ તારી પાસે શુ નાણુ છે ? મે કહયુ ૨૦૦ સોનાની અસરફી. તયારે તે બોલ્યો ઠીક એ ૨૦૦ અશરફી મને આપ અને મારી આમપાસ ૭ વખત ફર એ તારી સખાવતથી તને કાબાની આસપાસ સાત વેળાએ ફરશે તે કરતા વધુ સવાબ સ પાદન થશે કહે છે તેમ તેણે કરયું અને તે વરસે તે હજ ઉપર નહી ગયો. આ ઉપરથી જણાય છે કે ખરૂ કાબા આપણું હઇયું છે અને બહારના જાત્રાના મથકો જેવા કે કાશી, મથુરા, બીન રાબન, મકકા, ઉદવાડા, એ સઘળાના કરતા હઇયાને વધુ માન અને ઇજત આપવી જોઇયે, તયારેજ ઇનસાન પોતાના જીગરમાજ જે ખોદા ફકત જોવાઇ શકાય છે

---

જે ડાહપણથી જીવે છે તે કદી મરતો નથી. જેની ભલચુકો થોડી છે તે મોટો છે માણસનો ગુપ્ત ખજાનો તેનુ દિલ છે. ખજાનાનો દરવાજો માણુસની જીભ છે.

શેહેનશાહ નોશેરવાન આદેલ એક રોજે બામદાદને વખતે ફરવા નીકળ્યો, ફરતાં ફરતા તેણે શેહેરની બાહેર એક બાગમા એક બુજોરગ મરદને ખોદાની બનદગીમા મશગુલ થયનો જોયો તે મરદ બહુ જઇફ દેખાવાથી નોશેરવાને તેને પુછયુ કે ઓ પીર મરદ, તારી ઉમર કેટલી છે? તે પીર મરદે જવાબ દીધો કે **મારી ઉમર પાંચ વરસની છે.** શેહેનશાહ નોશેરવાનને આ જવાબ બહુ અજાયબજેવો લાગ્યો, તેથી તેણે ફરીથી પુછયુ કે ઓ બુજોરગ મરદ, તુ રાસ્તીથી કેહે કે તારી ઉમર કેટલી છે? તે પરહેજગાર નરે ખુલાસો કીધો કે, અએ નેક પાદશાહ, તુ મને જેવો જોયછે તેવી રીતે તો મારી ઉમર એકસો ને પાચ વરસોની છે, પણ એ જીદગીના પેહેલા એકસો વરસો આ દુનીઆની ખાલી મોજશોખમા અને લોભ લાલચમા મે બીનહાસલે ગુમાવ્યા, તેથી એટલા વરસો તો નકામા ગયલા સમજુછુ હાલ, પાચ વરસ થયાં આ બાગમા બેસી ખોદાની યાદ અને એબાદત સીવાય બીજુ કાંઇ કરતો નથી. અને એવી રીતે **ખોદા તરફની ખરી ફરજ બજાવવામાં ગુજારેલા સખટનાં પાંચ વરસોનેજ મારી ખરી જીદગી** તરીકે ગણુ છું.

અદેખાઇ એ આદમીનો હરહરનો દુશમન છે, અદેખાઇની આગ બહુ જનક છે અને અદેખાઇનો કીડો અનદીય છે જે માણુસનું છુપી રીતે કોરીને લોહી ચુમી લીએ છે અદેખાઇનો રોગી સદા કાયમ પોતાના સીનાને બાલી કબાબ કરે છે, સામાનુ સુખ જોવાઇ ન શકવાની ફીકરમા પોતાની આખોમા આતશનુ પજરણુ રાખી તે અદેખાઇની આગમા પજરી પજરીને પુરો થાએ છે

અદેખુ આદમી પોતે પોતાનુ દુશમન છે પોતાથી ચઢતાઓની ચઢતી જોઇ તે મુજબ કરવાની કોશેશ કરતુ નથી કે કોઇબી તકમીરથી પોતાને સુખી રાખવાના ઉપાય શોધતા નથી પણ નાહેક અદેખાઇના આતશમા બલી જલીને પોતે પોતાને ખુવાર કરે છે, એટલુજ નહીં પણ ખોદાની નજરમાં તકસીરવાર કરે છે.

જેણે અહંકાર તજી ઇશ્વરના હાથમાં તન સોપ્યું, તેને સખ્ત દુનિયાની બીકટ પરિક્ષાઓની ફીકર કરવી પડતી નથી. "જેમ તુ ચલાવે છે તેમ હુ ચાલુ છું!" આ રીતે સહેલ કર્મ બંધનથી મુક્તિ મળે છે, કારણ કે જેણે સર્વ શક્તિઓ મહાત્માઓને અર્પણ કરી, તે પોતાનું નવુ કર્મ ઉપજાવતો નથી એ પછી શ્રી કૃષ્ણનુ વચન છે કે "તેના હીમાયત હશે તે હુ ચુકવીશ" ચેલાએ કાર્યના પરીણામનો વિચાર પણ કરવો નહીં જોઇએ. ક્રાઇસ્ટે પણ લીખ્યું છે કે "કાલે શુ થશે તેની ચીંતા આજે ના કરો."

---

જ્યારે આતશ રોશન થાય છે ત્યારે અંધકાર અને ખરાબ હવા દુર થાય છે અને આતશ પોતે તમામ ગંદચીને બાળીને ભશમ કરે છે પણ પોતે પવિત્ર રહે છે તેમ દરેક જરથોસ્તીએ પોતાનો આત્માનો આતશ રોશન કરી અંધકાર અને બદીનો નાશ કરવો અને દુન્યાના દુરગુણોનો નાશ કરતા પોતે પવિત્ર રહેવુ

તે પેદા કરનાર સાહેબે, આટો પાણી મીઠું વગેરે સરજ્યુ છે, અને તે આપવાવાળો છે તો પછી છીનવી લેનાર કોણ છે?

શા મટે તુ તલપતો ફરે છે, અને શા સારૂ દુખ પામે છે? પહેલા તારે માટે ખોરાક તૈયાર કરીને પછી તને ખાવાને મોહોડુ આપ્યુ છે

જ્યારે તારા માથા ઉપર તે સાહેબનો હાથ છે ત્યારે તુ હવે શુ કામ બીહે છે? હાથી ઉપર ચઢીને બેઠા હોઇયે ને લાખ કુતરા ભસતા (કરડવાને) આવે તોબી આપણે તો નચિંતાઇથી ડોલા ખાયા કરીએ તેમ, જ્યા ખુદાજ આપણા માથા ઉપર હોય ત્યા પછી ચિંતા શાની રાખવી?

ખાના પિનાનાને શુ રડવા બેઠો છે? બાહેરની બધી ચીજો ઉપર પીછોડી ઢાકીને, તેઓને તુ ભુલી જા, અને જગતકર્તાને તારા હૈયારૂપી મદીરમા દાખલ થઇને જો કબીર

દાદાર અહુરમઝદ અશો સપેતમાન જરથોસ્તને કહેછે કે પહેલવહેલુ ઇરાનવેજ નામનુ શહેર, બીજુ શુરીક નામનુ શહેર, ત્રીજુ મરવ, ચોથુ બોખારા, પાચમુ નેશાપુર, છઠ્ઠુ હરેવુ યાને હલમ નામનુ શહેર, સાતમુ કાબુલ, આઠમુ ઓરવે (તુશ), નવમુ ગુરગાન, દશમુ હરેમદ અગીઆરમુ હીતમદ (સીસ્તાન), બારમુ રેએ, તેરમુ ચીન, ચઉદમુ વરે (તાસ્માન) પદરમુ હીંદુસ્તાન, અને સોલમુ ખોરાસાન વગેર પેદા કીધુ, પણ અને સઘળા શહેરોના રહેવાશીઓ એક યા બીજી રીતે બેહદ પાપમા ગીરફતાર થઇ જવાથી આ દુન્યામા પેગમ્બર દાખલ મોકલવાનો બદોબસ્ત કરે છે, કે તેઓ જરથોસ્ત સાહેબની રેહબરીથી પાપ સબબ સમજી ગુનાહથી દુર રહે હાલના વખતમા પણ કાઇ પાપની હદ નથી, અને જરથોસ્ત સાહેબ પછી જે બીજા પેગમ્બરની આવવાની વકી છે તેનો વખત પણ નજદીકમા છે એમ જાણી આપણે તાજુબ થઇશુ નહીં

આ દુનીયાનુ સુખ તે ખરૂ સુખ નથી, તે શહેતાનની લાલચ છે, માછલા પકડવાની જાળ છે, સાપને સપડાવાની મદારીની વાસળી છે, જે તરફ વીષયી માણુસો ખેચાઇ, મોજમજાહના નીશામાં ઘેરાતાજ, સંકટની શુળમા હમેશગીના ભેરવાઇ જાય છે જ્યારે ખરૂ સુખ તો ખુદાઇ રાહે ચાલનામા છે, જે રાહે ચાલનારને કોઇ તેને અટકાવનાર નથી, કોઇ તેને દુઃખ દેનાર નથી કે સંકટની જાળમા ફસાવનાર નથી.

---

ડાકતર ખ. ફ. ખોરી એ ફકરાની નોટમા નીચે પ્રમાણે જણાવે છે—"દસ્તાનવાની એરોને આસા-એશની જરૂર છે તેની તન ઘરબારેન લગતા કામથી દુર રેહવાન ફરમાવ્યુ છે"

"સાએસતનશ્ર સાએસત" નામની જુની પેહેલવી રેવાએતમા પણ દસતાનવાની એરોને દુર રેહવનુ ફરમાન આવેલુ છે અને એક આખું પ્રકરણ એ બાબદપર રોકાયલુ છે.

અવસ્તા પ્રમાણે જેવુ એક બચ્ચું જનમ પામ્યું કે તેનાં માબાપોએ તેને ઉધારવામા ઘણીજ નેગેહદારી રાખવી જોઇએ છે તે બચાની તંદરોસ્તી અને તે બચાનાં ખવ સને બને તેમ સારા રાખવા, અને તેની તદ રોસતી અને ખવામ બીગડે નહી તે માટે પુરતી કાળજીથી મેહનત લેવાની માબાપની ધરમી ફરજ છે, જે જો તેઓ નહી બજાવે તો તે બચામા બીમારી અને બદ ખવાસ પેદા થાય તે માટે તેઓ ગેતીમા તેમજ મીનોઇ જેહાનમા જવાબદાર છે. આપણી દીનના પુસ્તકોમા બચાંઓના ગુનાહ માટે માબાપોને સજા અને તોજેશને પાત્ર ગણેના છે એટને દરેક જરથોસ્તી માબાપે પોતાનુ ફરેજદ બાળપણાા પુખ્ત ઉમરે પુગે ત્યા સુધી તેની ઉંચરતી જીદગીમા તેન નીતીમાન, ધરમી, તનદુરુસ્ત અને લાયક કેળવણીવાળુ બનાવવા કાજે જીવતોડ કોશેશ જારી રાખવી ઘટે છે ખાસ કરીને તે ફરજદની "કેરેક્ટર" યાને ચાલચલણ ઉપર બારીક નજર રાખવી ઘટે છે

તબાક મહેરવાનજી માણેકજી—એવણનો જનમ યઝ. ૧૧૩૭ મા થયલો જણાય છે ૨૨ વરસની ઉમરથી પોતાના કાકા શાપુરજી સાથે ચીનની સફર કીધી હતી મુબઇમા પોતાના બાપની હૈયાતીમા વેપારનો સારો અનુભવ મેળવેલો હોવાથી ચીનમા તેઓએ બહારની આડતનું કામ હાથમા લઇને વરસો સુંધી ચીન ખાતે એક સ્વતંત્ર સોદાગર બની રહ્યા હતા કહે છે, કે મરહુમ સર જમશેદજી પહેલવહેલા યઝ ૧૧૫૮ મા ચીન લઇ ગયા હતા પોતાના મસીઆઇ ભાઇ ( સર જમશેદજી ) ઘણા ગરીબ અવસ્થામા હોવાને લીધે તેવણની બનતી બરદાસ્ત રાખી વેપાર વણજના કામથી એવા માહીતગાર કીધા કે થોડી મુદતમા તે નામદાર પણ વેપારી થઇ પડયા. આ શેઠનુ હેસાન સર જમશે જી મરતા સુધી ભુલ્યા ન હતા. તેનો દાખલો એ છે કે એ શેઠ જયારે જમાનાની ગેરદીશથી વેપારમા નુકસાની ખમવા લાગ્યા ત્યારે તેઓએ માન સાથે સર જમશેદજીએ સમાલી લીધા.

"ભાગી તુકડા થઇ જનારી, ચોરાઇ લુટાઇ ગુમ થનારી, બળી જની ભશમ થનારી, એવી ચીજ તે વાસને બીલકુલ તુ અફ્શોશ ના કર પારકા ઘરમા હરગીઝ હોકમ ના ચલાવ તાહરી પોતાની રોટની તાહરા પોતાના બીસતરા ઉપર નીઆમત સમજાની તેન રાખ ઓરત જાતના ફાંદામા ના ફસ"

---

કોઇપણ મનુષ્ય આ હાડમદ દુનીઆમા ગમે એવી મુશ્કલીની આફતોમા સપડાયલો હોવા છતા તે જો બેહેરામ યઝદની આરાધના કરે તો તે અનેક રૂપમાં અનેક સીકલમા તેની મદદે આવે છે અને તેની મુશકેલીમા આસાની દેખાવે છે કારણ તે નુરમા, બક્ષીશમા, ફાએદાઓ આપવામા, તદુરસ્તી આપવામા, દુખ દેનારાઓની ખરાબીઓને દૂર કરવામા, જાદુગરોની, પરીઓની, જુનમગારોની અનેક તરેહની બદીઓને તોડી નાખવામા સર્વે યઝદોમા વખણાએનો હારમજદનો પેદા કરેલો ઘણોજ વૃદ્ધિનો કરનાર યઝદ છે

ગુનાહથી બચો, જુંઠુ બોલવુ નીરઅપરા ધ
ઇજા કરવો કારજ કરીને તોડી નાખવુ, આતશની ચો
સભાળ નહી રાખવી, પાણીની ખરાબ કરવું, પથર
પુતલાની પુજા કરવી, માઠી નીષ્ટાથી કરજ કાઢવુ, જુ
બોલનારની હીમાયત કરવી બદગી વિના જમ
બેસવુ, જાંગરી કરવી, પોતાના જજમાનોને જુ
બોલવુ, ચોરી કરવી, બદફેલીમા ગીરફતાર રેહ
જદ અસ્તાના જુઠા માએના (અર્થ) કરવા, માહોમ
કલેશ કરાવવો કીન કપટથી છાતી ભરેલી રાખ
કોઇ ઉપર જુલમ કરવો, મરણ પામેલાઓની ક્રિ
છોડવી, ઇશ્વરની નેઆમત લેવા છતા તેની યાદ ભુલ
કોઇ બોલનો હોય તેને ખોટી સલાહ આપવી. મા
આપ્યા પછી પસ્તાવો કરવો, સતોષ છોડી દેવો, સા
સ્થીતીના શુકરાના ભુલી જવા, માબાપોને સતાવ
પુનનુ કામ કરતો હોય તેને ભાગી પાડવુ.

---

કજીઆ કકાસથી નહી પણ ભાઇચારા એ
એકદીલીથી ભલા સારા કામો બજાવાય છે.

જશન આફ્રીનગાનમાં પેહેલો દાદાર હોરમજદ તરફ આપનો ભક્તિભાવ જાહેર કરીએ છીએ અને તેને આરાધીએ છીએ, પછી તેના પેદા કીધેના અશો અમેશાસ્પદોને યાદ કરીએ છીએ, અને પછી યજદો યાને ફિરેસ્તાઓને, અને પછી અશો ફરોહરોને યાદ કરીએ છીએ

---

ઓ દિલ તુ સમજ કે આ દુનિઆમા નાની જુઆની, અને જાની નામના ત્રણ મિત્રો છે પહેલાની મિત્રાચારી આઇતુ હોઇયા કરવાનુ મળશે ત્યા સુધીજ માત્ર રહેશે, માટે તેને થોડુ આપી જલદી ખેરવે નાખવો બીજો મિત્ર મીઠી બોલીનો છે, જેની સાથ લાયક આદરભાવથી વર્તવુ ત્રીજો પોતાના નામ પ્રમાણે આપણી મુશ્કેલી વેલાએ જાન કાઢી આપ નારો મિત્ર છે, માટે તેનો સબધ સદા સાચવી રાખ તેના આભારમા પ્રસગ પડવે જીવ પણ બને તો કુરબાન કરજો

શીકદર— એટલો બેદરકાર તથા તવંગર તું કેઇ રીતે બન્યો ?

હકીમ—હું એ રીતે તવંગર બન્યો છું કે મને થોડી ચીજ ઉપર ઘણી સબુરી છે

શીકદર—ત્યારે શું ? હું તારા કરતા તવંગર નથી ?

હકીમ—બેશક ? તું મારા કરતા તવંગર નથી કારણકે તું ઘણી ચીજો ઉપર થોડી સબુરી પકડે છે અને હું થોડીજ ચીજો ઉપર ઘણી સબુરી અખત્યાર કરૂં છું "

---

મી૦ સેમ્યુઅલ લેંગ કહે છે, " કોઇ પણ ધર્મના શાસ્ત્રમા નહિ હોય એવો સહુથી સંપૂર્ણ અને સત્તમો સમાયલો નીતિનો 'કોડ' જરથોસ્તી ધર્મમા છે બુધીસ્ટ, ખ્રિસ્તીને, યાહુદી ધર્મોમા જે સૈથી શ્રેષ્ટ છે તે સઘળુ આ જરતોસ્તી ધર્મમા સમાઇ ગયુ છે આ સત્ય અને બુજોર્ગ ધર્મને આપણે ગમે તે નામથી બોલાવ્યે તો પણ તે એવો છે કે આજના વખતની સૌથી સરસ ફીલસુફી જલદીથી એજ ધર્મની નજીદીક આવતી જાય છે."

**મીરાસે પેદર ખાહી એલમ પેદર આમુઝ**
**કીન માલે પેદર ખર્ચ તવાન કર્દ બદેહ રૂઝ.**

એ ભાઇ ! જો તુ પોતાના બાપનો વારસો તથા તેની મેળવેની ધન દોલત લેવા ચાહતો હોય તો તારા બાપના જે કાઇ સાગ હુન્નરો તથા નેક એલમ હોય તે શીખી લે, કારણ કે બાપનો માલ તથા પૈસા તુ દશ દહાડામા ખરચ કરી નાખશે, પણ એલમ હુન્નર હસે તો જાવેદાન સુધી રહેશે

---

કદી કોઇનો ગુનાહ તકસીર થઇ જાય તો તેની ખરા દીલથી માફી માગવી તેનો બદલો આપવો અને તેનુ પ્રેમથી પાછુ દીલ જીતી લેવુ અને તેવા ગુનાહ ફરી પાછો કદી કરીશ નહી એવો ખુદાને યાદ કરી પસતાવો કરવો તે ખરી પતેત પશેમાની છે ગુનાહથી છુટવાનો તેજ ખરો રાહ છે બદી કરતા રહેવુ અને પતેત ભણતા રહેવુ તે પતેતની બદગી નહી પણ રાનમાદગી છે

દરેક માણુસનુ મન ભટકતું રહે છે, માટે એના સ્થીર થવા વગર માણુસને સુખશાતી મળતી નથી, અને મનની શક્તી ફોકટ ગુમાય છે. દાખલા તરીકે સુરજમાથી લાખો કીરણો નીકળે છે ને વીખેરાઇ જાય છે, પણ જો આગીઆ કાચમા તે કીરણોને એક જગે એકઠા કરવામાં આવે છે તો આતશ જેમ રૂ વગરે પદાર્થોને બાળી નાખે છે તેમ તે બાળી નાખે છે તેમજ મનના અનેક ભટકતા વીચારોથી મનની શક્તી વીખેરાઇ જાય છે અને એકપી કામ સીદ્ધ થતુ નથી પણ જો મન પાસે એક વખતે એકજ કામ કરાવયે, અને બીજા કામોના વીચારો તે વખતે અટકાવયે, તો પેલા આગીઆ કાચની માફક મન પોતાનુ ખરૂ બળ શુ છ તે દેખાડે માટે આખો દીવસ નાના કામોમાથી મન પાસે એકજ કામ કરાવવુ. સવારમા, દાતણુ કરતા, આરસ્તા ભણુતા જમતા, ધ ધોરોજગાર કરતા, જેબી કમ જે વખતે કરયે, તેજ કામપર મનને ત્યાજ લગાડવુ

ચિંતા એવી ડાકણી છે કે તે માણસનું કલેજું કોતરી ખાય છે, જેના મનમાં ચિંતાએ ઘર કીધું હોય તેને વૈદ બિચારો શું કરી શકે? ક્યાં સુધી તેને દવા આપ્યા કરે? અર્થાત જ્યાં સુધી મનમાંથી ચિંતા જાય નહિ ત્યાં સુધી રોગીનું દુઃખ ઓછું થતું નથી

દુરનો રસ્તો અગરજો આગળ પડે તેવો આડો રસ્તો હોય તોપણ દુરનો રસ્તો જે સીધો હોય તે રસ્તે જા, અને રાંડીરાંડ જો કદાચ પરીની મીસાલની ખુબસુરત હોય તો પણ તે સાથે પરણ મા કર

---

ઓ ખુદા, ગઈ રાતરે મને સારી પેઠ ઉંઘ આવી છે તેથી હું તારો ઘણો ઉપકારી થયો છું આજનો આખો દહાડો તું મારા ઉપર નજર રાખજે ને તને ના પસંદ થાય એવા કોઈબી કામ કરતાં તું મને અટકાવજે ઓ ખુદા, મારા માબાપ, ભાઈ ભાડુઓ, પાડોશી, સગા વાહાલા અને દોસ્ત આશનાઓ ઉપર માહેરૂ હેત થાય ને તેમને હું હરદમ ચાહાતો રહું એવી રૂડી બુધ્ધી તું મને બખશ

હરાનચે તો અઝ એહુરે મન અય ખુદા,
એ કર્દી વ ખાહી કુની અઝ રઝા
બર ઓન કારે તો સઝ્ઝા શોક્રત હઝાર,
બ રાજી શુદેહ મીકુનમ બીશુમાર

(મારા હકમા જે કાઇ અય ખુદા તે હાલ સુધી કીધુ, તથા હવે પછી જે કરશે, તે ઉપર તવકોલ રાખીને, સબુરી અખત્યાર કરીને, અને રાજી થઇને, હુ તારૂ અનહદ અહેશાન માનુ છુ)

(મારા કિસમતમા જે બનાવો બને છે તેથી હુ હમેશ સતોષી રહુ છુ, કારણ મારી પસદગી કરતા ખુદાની પસદગી વધારે શ્રેષ્ટ છે એમ હુ અનુમાન કરૂ છુ)

---

ખુદાએ કીધુ તે થયુ (યાને ભુતકાળ ખુદાનોજ ધારેલો થયો,) હમણા વરીક ખુદા કરે છે તેજ થાય છે, ભવિષમા પણ ખુદાનુ જ ધારેલુ થશે, ત્યારે બીજી બળતી આશા શા કાજે કરો છો?

રવાનો મોહબત અને યાદ માગે છે તેથી આપણે મુકતા'ના દીવસોએજ નહી પણ વરસના ૩૬૫ દીવ- સોમા તેની યાદ કરવી જોઇએ બનાથી વરસ દર મીયાન એમ નહીં થઇ શકે તેથી આખો ટોળો ભેગો મળી રવાનોની આરાધના કરે ત માટે આ મુકતા નાદ દીવસો ઠેરવયા છે એ દીવસોએ બની શકે તો દરેકે પોતાના ઘરમા હલાએદી જગયા રાખી–તયા ફુલ પાન ને મેવો ધરી કુટુંબના દરેક માણસે બદગી કરવી જોઇએ ને અગીઆરીમા એક કળશીઓ મોકલી પોતાની ફરજ અદા થયલી ગણવી નહી જોઇએ.

---

જ્યારે તમો દુન્યાની લાલચાને વશ કરશો ત્યારે તમારા પોતીકા જીવપર પુરતો કબુ મેળવશો, અને સાદા અને સુતરા ખોરાકપર રહેવાનુ પસદ કરશો !

પ્રથમ પોતાની આબરૂથી હાથ ધોઇને પછી હરેક કોઇ આગળ કશી ચીજનો સવાલ કરવા સારૂ યા કાઇ માગવા સારૂ પોતાનો હોઠ ઉઘાડવો, સમમકે માનવુ છે તે નીશ્ચે પોતાની આબરૂ ગુમાવવુ છે.

ઇરાનમા આપણી પાદશાહાત સમાપ્ત થતા, દીન દુશમનોથી આપણા વડવાઓ ઉપર અનેક દુખો પડવા લાગ્યા, તે ઉપરથી પોતાના પવિત્ર ધર્મની જાળવણી માટે પોતનાં સર્વ સુખ સપજો તજીદેઇ દેશનીકાલ થઇ, હિન્દુસ્થાન તરફ આવતા દર્યામા તોફાન થવાથી, એ આપણા દીન ચુસ્ત વડવાઓએ, તે કિરતારની આરાધના કરી, પેલા ફ્રેહમદ કલામો 'અહુનવરના વચનો યાદ કરી, તેની સાક્ષી સાથે ફ્રેહમદ ફરેસ્તા બેહરામ ઇજદની મદદ માગી, એવો એકરાર કીધો હતો કે, અમો સહીસલામત હિન્દુસ્તાનના કિનારા ઉપર ઉતરીને જ્યા રહેઠાણ કરી ઠર પડીશુ, ત્યા બેહરામ ઇજદની નૈયતે આતશની સ્થાપ્ના કરીશું'

તેજ પ્રમાણે આપણા હાડમાર થયલા પણ ધર્મ ચુસ્ત વડવાઓ સન્જાણમા ઠર પડતા ત્યા બેહરામ ઇજદની નૈયતે અતશ પરથ્ના, જે આતશ બેહરામ સાહેબ હાલમા 'ઇરાનશાહ'ના નામથી ઉદવાડામા મોજુદ છે.

૧ જર સંસારી સુખ હાસલ કરવુ હોય તો સ્ત્રી પુરૂષ બનેએ આપમતનગીપણુ તદ્દન રાખવુ નહીં

૨ બનેએ એકી વખતે સાથે ગુસ્સે થવુ નહીં

૩ ઘરમા આગ લાગે તે સિવાય બીજા કોઇ પણ પ્રસંગે મોટેથી બુમો પાડી વાત કરવી નહીં

૪ એકલા હોવો કે બીજા કોઇ પણ સાથે હોય પણ કોઇપણ વખતે એક બીજા સાથે તોછડાઇથી વાત કરવી નહીં

૫ એક બીજાએ સામાની મરજીને શરણ થવાને મનની કોશેશ કરવી

૬ એક બીજાએ પેતાના સુખનો ભોગ આપવાની નેમ દરરોજ રાખવી, અને એનો મહાવરો ચાલુ રાખવો

૭ ખાતરી થાયકે વાક પડયો છે, તોજ વાંક કહાડવો, અને તે પણ હમેશા પ્યારના શબ્દોથીજ

૮ જે ભુલ થઇ હોય તે ઘડી ઘડી યાદ કરીને તાનો નહી મારવો

૯ ગમે તો આખી દુનીઆ તજવી પડે, પણ એક બીજા તરફ બેદરકારી બતાવવી નહીં

૧૦ કાંઇ પણ અરજ અથવા માગણી ઘડી ઘડી કરવી નહી પડે તેની સભાળ રાખવી

૧૧ એક બીજાની લાગણી દુખવીને ટીકા કરવી નહી, કારણ કે તેમા નિચપણુ છે.

૧૨ ગુસ્સો અથવા દિલગીરીને ઘર ઘાલવા દેવુ નહીં

૧૩ જો તમે કાંઇ વાંક કર્યો હોય, તો તે તમારે ખુલ્લા દિલથી કબુલ કરી દેવો, અને પ્યાર ભરેલી માફી મેળવવી.

૧૪ તમારા પ્યારની શરૂઆતમા જે સુખી દિવસો તમે ગુજારયા હોય તે તમારે કદી વિસરવા નહીં

૧૫ શુ થશે તેનો બળાપો કરવો નહી, પણ હાલ શુ છે તે ઉપર શુકરગુજારી કરી સઉથી સરસ માર્ગ લેવો.

૧૬ પરમેશ્વર લગ્ન નકી કરે છે એ વાત કદી ભુલવી નહી, અને તેની મરજી અને દુવાથીજ લગ્ન કેવા નિવડશે તે નકી થાય છે.

તમો ગુણ જે છે તે અજ્ઞાનથી થયલો છે અને તે શરીરમા રહેનારા અવ્રજાઓને ભમાવે છે ગફલત, આળસ, ને ઉઘથી તે બાધી લે છે

સત ગુણ સુખની સાથે જોડી દે છે રજો ગુણ, કરમ ની સાથે જોડી દે છે, અને તમો ગુણ, જ્ઞાનને ઢાકી નાખીને ગફલત સાથે જોડી દે છે.

રજો ગુણ અને તમોગુણ જ્યારે દબાઇ જાય છે ત્યારે સત્ય ગણ રહે છે અને સત્ય ગુણ અને તમો ગુણ દબાઇ જાય છે ત્યારે ર જો ગુણ રહે છે

---

આજારી માણુસનુ દુખ દફે કરવા માટે તેની આગલ અરદીબેહેશત યશતના અવસ્તા પઢવામા આવે છે તે ઓછામા ઓછા ત્રણ દીવસ ભણુવામા આવે છે

આ અરદીબેહેશત યશતના પવીત્ર કલામો એવા ચમતકારી છે કે જે આજારી માણુસનું દુખ તુરત દફે કરી નાખે છે પણ તે કયારે કે જ્યારે ભણુનારમા સપુરણ અશોઇ.

ત્રીસે રોજના નામો ઇજદ અમશાસ્પંદોના નામ ઉપરથી રાખવામા આવેલા છે.

આ ઇજદો ૩ જાતનાછે કેટલાક નર, કેટલાક નારી ને કેટલાક નાન્યતર છે. બહમન, અર્દીબેહેસ્ત, શેહેરેવર જેઓ ગુણ ઉપર મવકકલ છે તે નથી નર કે નથી નારી મેહેર, સરોશ, રામ, અને બેહેરામ એ નરછે. દીન, અરસ્તીસ ગ, આસ્તાદ એ નારીછે. આ ત્રણ જાતના ફરેશ્તાના ૩ ભાગ કરેલાછે, એક કુદતી ચીજનાં ઇજદો (આદર, ખુરશેદ, તીર, ગુઆદ, આસમાન, આવા, મેહેર, જમીઆદ અને અનેરાન ) બીજા ખુબીનાં ઇજદો (બહમન, અર્દીબેહેસ્ત, અશપંદાદ) ત્રીજા દીન તથા માથ્રના ફરેશ્તા (દીન, અને મારેસ્પંદ ) એ શીવાય મેહેર, સરોશ, રશને, અને અને ફરવરદીન એ ૪ ફરેસ્તાઓ આ જગતમાં કામ કરનારા છે, તથા એકમેક સામે નિકટ સબંધ ધરાવે છે.

ઇજદોમા ૭ અમશાસ્પંદો બીજા ઇજદો કરતાં શ્રેષ્ટ શકિત ધરાવે છે.

**અહુરમજદ**—દએપ આદર, દએપમેહેર, દએપ-દીન **બેહુમન**—મોહર, ગોશ અને રામ **અર્દીબેહે-શ્ત**—આદર, સરોશ, બેહેરામ. **શહરીવર**—ખુર, મેહર, આસમાન, અનેરાન **અસ્પંદારમદ**—આવાં, દીન, અર્શીશવંઘ, મારેસ્પંદ **ખુરદાદ**—તીર, ફરવર-દીન, ગુઆદ **અમરદાદ**—રશને, આસ્તાદ, જમીઆદ

---

કુદરત માત્ર આપણને મુસારો અથવા પગાર આપે છે, તે મુસારો અથવા પગાર આપણી મેહેનતથી કમાવો જોઇએ યાને દરેક માણસ પોતે કીધેલુંજ પોતે કમાય છે, ભોગવે છે"

---

બેહેસ્ત એટલે આ જીંદગીમા આપણે જે કાંઇ નેક વિચારો કીધા હોય, નેક વાણી બોલ્યા હોઇએ અને નેક કરણી કીધી હોય તેના ફળ તરીકે ગુજરી જયા પછી આપણું રવાન જે ખુશનુમા બોસ્તાનમા આસાએસ લે છે, તે હાલત તે બેહેસ્ત કહેવાય.

જુવાનીમા જાળવેલુ કુઉવત એ બુઢાપાની દોલત છે તેટલા માટે આપણી મોહતાજસર ખાનુ પીવુ લેવાથીજ જીદગી લાંમી થાય છે જુવાનીમાં ખાવા પીવા તથા મોજમજાહમા પડવાથી દેહ જલદી તુટી જાય છે કેટલુ ખાવુ અને કેટલુ પીવુ એ બાએ નીયમ પાડવાને માટે વઇદોની સલાહ લેવા કરતા આપણી હોજરીનીજ સલાહ લેઇ ખાવાપીવાનો નીયમ પાડવો, તોજ આપણે તનદરોસ્તી અને કુઉવત મેલવી શકીશુ કુઉવત એકઠુ કરવુ એ એક જાતની આપણી દોલત છે જેમ એકમા સીલક પુજી મુકી રાખવામા આવે અને તે પડી પડી એકઠી થાય અને બુઢાપાને વખતે કામ લાગે તેમ જુવાનીમાં સઘરી રાખેલુ જોર ગોયા એક કોથળીમા રહે છે કે જે બુઢાપાને વખતે આપણને કામ લાગે છે

---

જયારે આ શરીરના સઘળા દરવાજાઓથી પ્રકાશ અથવા તેજ નીકળે છે ત્યારે એમ જાણવુ કે સત્વ ગુણુ વધતો જાય છે.

ઓશતા એટલે સેતાયશ કરનાર અથવા નેક અથોરનાન ટોળાનુ બાળક જ્યારથી સુદરેહ પહેરી, કુસ્તી બાંધી દીનની ફરજ અદા કરનારો થાય ત્યારથી તે પોતાના ઉસતાદની નજદીક દીનઆઇનના કામો કરવાની તરબીયત લઇ દીનને લગતી તમામ ફરજો તથા ક્રિયાથી વાકેફ થઇ "નાવર"ની ક્રિયા કરવાનુ સઘળુ શીખી રહી અને પ્રવીણ થાય અને એરવદીનો અમલ કરીને જ્યા સુધી તે "એરવદ"ની પદવી મેળવે નહીં ત્યાં સુધી તે "ઓશને‌ા" ગણાય છે

મોબેદ એટલે પરહેજગાર, આલેમ, દાનેશમદ દીનસુફ જે શખસ મરાતેબની ક્રીયા કરીને હેરબદીના કામમા પુરો પ્રવીણ થઇ "હરવીસગાહ"નો અમલ દીનની શરત મુજબ મોટી પાકી પવીત્રાઈ તથા ચોકસાઇ સાથે ચલાવી જાણે, તેજ શખસ "મોબેદ"ના એલકાબથી ઓળખાય છે.

એરવદ–હેરબદ એટલે ખોદાની પરસતેશ કરનાર, રીઆજત કરનાર ઉસતાદ જ્યારથી કોઇ શખસ દીનઆઇનના સઘળાં કામો શીખી વાકેફગાર થઇ, દીનના ક્રિયાકામોથી ખબરદાર થઇ પવીત્ર અવસ્તાના કલામો શરત પઢવાથી ભલી દીનની ક્રિયાનું કામ કરવાના અમલે પહોચી, એરવદીનુ કામ ચલાવવાને લાયક બની દીનની ક્રીયા, તથા ખોદાતાલાની બંદગીના કામોનો, તથા પોતાની ફરજો બજાવવાનો એલમ હાંસલ કરી, નાવરની ક્રિયા કરી રહે તે પછી જ્યાસુધી તે ખોદાપરસ્તી કરવાના રીઆજત તથા મારેફતના એલમથી વાકેફી મેળવી તે "મરાતબ" અથવા મોબેદીની ક્રીયા કરી "માબે અથવા મરાતેબ" ની પદવી મેળવે નહી ત્યાસુધી તે "એરવદ" ગણાય છે.

શ્રીકૃષ્ણ પરમાતમા કહે છે જે, આદમીઓની, ઉપર મારી અતિષે પ્રિતી અને મોહબત છે તેઓની પાસેથી દુનિયાદારીને સઘળી એશ હશમત, પૈસા–ટકા હું છીનવી લઉં છુ યાને તેમને ગરીબ મુફલેશ બનાવી દઉં છુ"

## મરણ પછવાડેની ક્રીયાઓના ખર્ચ.

હાલ મરણના ખર્ચો પણ વધી પડયા છે, અને તેથી મધ્યમ હાલતના કુટુંબમાં એક મરણ થતાં તેના વડાને મરનાર પાછળના એક વરસની ક્રીયા વગેરેના ભારે ખરચથી ઘણું ખમવું પડે છે, અને કેટલીક વખત કરજ પણ કરવું પડે છે, જેમ થવું ન જોઇએ. મરણ પછી મરનાર સારૂ ચોક્કસ ક્રીયા કામ તથા બંદગી કરવાની તથા દફન તથા ફુલફુળ અર્પણ કરવાની અગત છે, પણ ખરચાળ મીઠાઇ મેવાની મુળ અગત નથી. એક મરનાર પાછળ ચાર દીવસનીજ ક્રીયા કરી ત્યાર પછી તેને વીસારી મેલવી એ જેટલું ખોટું છે, તેટલુંજ ખોટું એક મરણ પછી ૩૦ યા ૪૦ વરસ પછીબી તેને લગતી ક્રીયા ચાલુ રાખવી છે, એ વાજબી નથી.

---

"અંજુમનરે" પુરનો એનેકા રામી બુનદ અના-જરથી બજુનામાં આવે તો ઘણું દરજ્જે કઇની બલા યા આફતમાંથી ખાકી ઇનસાનનો બચાવ થઇ શકે છે.

આપણી વૃદ્ધિને કજે આપણે આ જહાનમાં જન્મ લઇએ છીએ અને આપણા આગળા ભવોની કરણી પ્રમાણે સુખદુ ખ ભોગવી આસપાસનાઓ સાથનો આગળા લેણુ દેણાનો સબધ ચુકવી આપી આપણી વૃદ્ધિમા કાંઇક આગળ વધી વખત આવવે આ ખાકી દેહ તજી મીનોછ જહાનમાં વાસો કરી ત્યા કલ્પી નહિ શકાય એવી નિરાતવાળી સુખવાસી હાલત ગુજારી તે જહાનને લગતી કરણી પ્રમાણેની તેની પણ અવધ પુરી થયાથી જ્યાંથી આપણે તે પડતી મુકી હોય ત્યાંથી જ્યા સુધી તે સપૂર્ણ થઇ આપણે ખુદાના હમશરીક થવાની આપણી સરજતે પુગીએ નહી ત્યા સુધી તે આપણી વૃદ્ધિમા આગળ વધવા માટે આપણે આ જહાનમા ફરી ફરીને જન્મો લઇએ છીએ.

---

તમે નિદા કરોછો, કે પાપ કરોછો. તમો સામા માણુસમા સારા વિચારને બદલે ખરાબ વીચારો ઉભા કરો છો અને એ રીતે દુન્યાના દુઃખોમા વધારો કરો છે.

મરણુ શુ છે તે ઉપર રોશન વિચાર શક્તિથી દરિઆફ્ત કરતાં ગુજર પામેલાંઓને માટે શોક કરવાની જગ્યાજ રહેતી નથી જન્મ સાથેજ મરણુ જોડાએલુ છે, એટલે કુદરતનો તે મહાન નિયમ ખુદાની રહેમ ઉપર રચાએલો હોવોજ એઇએ એમાં શક નથી, એટલે જેમ જન્મને માટે કોઇ શોક કરતુ નથી તેમ ગુજર પામેલાંઓને માટે વિલાપ કરવાનું કારણુ નથી તેમ કીધાથી માત્ર આપણે જાતે દુઃખી થઇએ છીએ એટલુજ નહિ પણ ગુજર પામેલા આપણા વહાલાંઓને અતિ રંજીદા કરી તેમના સુખ અને શાન્તિમા ખલલ કરીએ છીએ એટને જો આપણે આપણા ગુજરપામેલા વહાલાઓને ખરેજ ચહાતા હોઇએ તો તેમને માટે વિલાપ અને શોક કરવાન બદલે તેમને માટે દોઆ અને શાન્તિ ઇચ્છવાથી તેમને ખુશાન કરી તેટલા પ્રમાણુમા તેમના આશીર્વાદ મેળવવા માટે આપણે તેમને માર્ગ કરી આપીએ ધ. પે મા

બઝમના જશનોમા આફ્રીગાનના ચાર કરદા ભણુવામા આવેછે, તેમા ચાર જોરે પેહેલો કરદો અરદાફ્રરવશનો અશો ફ્રરોહરેની યાદમા, બીજો કરદો ચાર જોરે ફ્રનેહમદ ફ્રરેસ્તા બેહેરામ ઇજદનો, ત્રીજો કરદો ચાર જોરે દહમ ઇજદનો, અને ચોથો કરદો આ ખાકી જેહાનના પાદશાહ સરોશ ઇજદનો, પાછના ત્રણે કરદામાં બે જોર હમા અશો ફ્રરોહરની યાદથી અને બે જોરે જીદેહ રવાન હમા અનજુમનને નામે ભણુવામા આવે છે

'બઝમે અહુરમદ'ના સ્થાપક મી૦ દીનશાહ મેહેરવાન ઇરાની, જેઓએ મુફ્ત અને સસ્તા સાહિત્યદ્વારા જરથોસ્તી ધર્મ નીતિ, તવારીખ વીગેરેનો છુટથી ફેલાવો કરીને આપણા મજહબરની ધર્મની મોટી સેવા બજાવી છે અને આપણી ધાર્મિક સન્સ્થા તરફ હમેશા દીલશોજી ધરાવે છે આ બજમ તરફ શરૂઆતથીજ તેઓએ નેક નજર રાખી છે, તેઓના માનાર્થે આ બજમે પોતાની શરૂઆતથી તેમને પોતાના ઓનરરી મેમબર ઠરાવેલા છે" જયુબિલી નવસારી બઝમે બેહરામ ૧૯૨૪ (તે માટે સેવક ઉપકારી છે. દી મે.)

"આપણા પૂજ્ય વડવાઓ અસલ સંકોગ પોતાની ઈરાન વતનની જન્મ ભૂમીમા શ્વહન ન કરી શકવાથી તે બારે હકતાલાપર ભરોસો રાખી, દરિયા દોહવતા હિંદુસ્તાન બણી નીકળી આવ્યા ત્યારે તેઓએ પોતાને સહી સલામત પાર ઉતારવા **બેહેરામ** યઝદની મદદ ચાહી હતી, અને તે યાદમા તેની આરાધના ચાલુ રાખવા દુવા ગુજારી હતી તે પ્રમાણે હિંદુસ્તાન સહી સલામત આવ્યા પછી આ આરાધના દરેક ધરે ચાલુ રહી હતી, પરંતુ જમાનાના ફરતા ચક્કરમા જેમ દરેક ચીજ આવતી જાય છે તેમ આ પવિત્ર બાબદ આવ્યા વિના રહી શકી નહી, અને પરિણામમા હાલ આપણે આ પવિત્ર આરાધના દીન પ્રતીદીન કેટલેક દરજ્જે ઓછી થતી જોઇએ છીએ તે ઉપરથી ફતેહમદ ફરેસ્તા બેહરામ યજદની યાદ ચાલુ રાખવાની પવિત્ર નેમ બઝમની બઝમોમા રાખવામા આવી છે."

મુબઇના પચાએતે પુનેવાલા પટેલ અને દસતુરજી સાથે કરેલી સરતા. તા૦ ૭મી જુન ૧૮૨૪ ને દીને વાડીઆ હોરમજી બમનજી અને પચાતના બીજા ૧૪ સાહેબોએ સોરાબજી પટેલ ઉપર પત્ર લખયો હતો, તેમા દસતુરજી જામાસજી મોકલવાની બાબદ જણાવી લખયુ હતુ કે "જે કાઇ મુબઇની પચાયતનો શરેશતો છે તે પરમાને કામ કરવજો તથા તમારી તરફનો જે કોઇ મોબેદ તથા બેદીન હોય તેનાને બી કેજો જે મુબઇના પચાતના શરેશતા પરમાને ચાલે તથા મુબઇની પચાતના હોકમ વગર કોઇ મરદની ઓરત હોય તે ધણીને બીજી ઓરત કરવા રજા આપશો ના. ને પરજાતની ઓરતના પેતનુ ફરજંદ હોય તેને શદરો પેરાવાની રજા આપશો ના, તથા બહમન રોજે તથા મોહોર રોજે તથા ગોશ રોજે તથા રામરોજને દીને જનાવર કપાવીને ગોશત ખાશો ના એ શીવાએ બીજો જે આપરો કદીમ શરેશતો છે તે પરમાને ચાલજો. (જામે) ડૉ જી જ મોદી. ૧૯૨૪ પુણે દરે-મેહરની જુબેલી દસતુર કેકોબાદ આદરબાદે કરી હતી.

**તબાક**—આ ખાનદાનના મુળ પુરૂષ નવરોજી નામે હતા સાત છોકરાઓ કેટલીક એક દીકરી એના બાપ હોવા સાથે મોટુ કુટુમ પાળતા હતા વળી સાવ ધંધો પણ કમ ચાલવાથી આ કુટુમના પોશણ માટે એવણે પોતાના વતન નવસારીના તે વખતના દેશાઇ પાસથી કરજે નાણુ કહડાવી પોતાના કબીલો નિભાવતા હતા હવે મજકુર નવરોજી ગુજરી જવા પછી તેવણના વડા દીકરા માણેકજીને માથે ઘર કારોબાર ચલાવવાની ફરજ આવી પડી જેમ તેમ મહેનત કરી બિચારા તેઓની પરવરસી કરતા હતા પણ દેશાઇએ તેના બાપને ધારેના પૈસાની ચાપતી ઉઘરાણી કાધી શેઠ માણેકજીએ કરજ અદા કરવાને પોતાને અશકત જોવાથી યઝદેજરદી ૧૧૭૫ મા પોતાના છ ભાઇઓ અને કબીલા સહીત મુમબઇ આવી રહ્યા મુમબઇ જઇ એવણે તમાકુનો ઇજારો લીધો. અસલ પોરચુગીસ ભાષામા તમાકુને **તબાક** કહે છે, અને એવણ એ ધંધો ઘણા લાંબા વખત સુધી ચલાવેતો હોવાથી એવણને " માકા તમાક " ને નામે બોલાવતા હતા.

બાળ અવસ્થામા પોતાની છાતીમાથી પોષણ કરે છે તેથી માતા સુખ આપતી જણાય છે અને તે સહુથી વહાની પણ લાગે છે પણ જ્યારે રમવા જેટલી શકિત આવે છે ત્યારે રમકડા ઓં તો સુખ આપતા જણાય છે કે પેની સુખ અપતી માતા તે રમતા બાળકને છાતીમાં ચાવવા બોલાવે છે તોપણ બાળક રમત છોડતુ નથી એમ કતા નિશાળની જીદગી આવે છે તે દરમ્યાન વાર્તાઓ સુખ આપતી જણાય છે પછી જુવાની આવતા સ્ત્રી સઘળા સુખનું મુળ જણાય છે અને છોકરા અવતરવે તે છોકરાઓમાજ સઘળુ સુખ સમાઇ રહે છે ત્યાર બાદ પૈસા મેળવવામા સુખ સમજાય છે. અને પૈસા કામ જોગા સઘરી શકાયા તો કીર્તિ મેળવવામા સુખ જણાય છે નમીબ યારી આપે કીર્તિ મળી રહ્યા તો વૃદ્ધાવસ્થામા સ્વર્ગ મેળવવાના માત્રનો સુખ આપતા જણાય છે એવી રીતે એક સાધારણ મનુષ્યનુ સુખ આખી જીદગીમા એક સરખુ રહેતુ નથી પણ સમય સમયે બદલાતુ રહે છે.

"ચંદ્રમા એ મનને લગતો યઝદ છે"

"માહતાબ (ચંદ્રમા) એ આપણી પૃથ્વિની માતા છે

ચંદ્રમા આપણી પૃથ્વિ ગોળાર્ધને જીવતદાન આપે છે.

"માહતાબ એ ફરી ફરીની જીંદગીનું અથવા પૂનર્જન્મનું લક્ષણપૂર્વક ચીન્હ હતુ— કારણ કે ચંદ્રમા દર મહીને વધે છે, ઘટે છે, નાશ પામે છે, અને વળી ફરી નવો દેખાવ દે છે"

"માહતાબને વનસ્પતી (સાથે સબંધ છે)"

ગાય ગોસ્પંદનુ તોખમ રાખનાર માહતાબને નેમાજ

"પંદર દહાડા માહતાબ વધે છે, પંદર દહાડા માહતબા ઘટે છે અંધારીના ચાંદને હું જોઉં છું અંધારીના ચાંદને હું કબુલ કરૂં છું" .. ..

"જ્યારે માહતાબની રોશની પ્રકાશે છે (ત્યારે) લીલા રંગના ઝાડોના પીલા જમીન ઉપર દવની મારફતે ફુટેછે"

---

નાહક દુખી થવાના ત્રણ કારણો.—(૧) નખત થના આગમજ માગે છે. (૨) પોતાની કાયનાતથી વધુ માગેછે. (૩) પોતાના શરખા બીજાઓથી ચહડતુ માગેછે.

સ્પેતમાન ઝરથુશ્ત્રને આપણુ ક્રાઇસ્તની ૨,૩૦૦ વરસ કરતા ઓછા આગળ મુકી શકતા નથી આ પ્રમાણે તેવણુ ફકત મોઝીઝની અગાઉ નહીં પણ વળી એબ્રાહમની પણુ અગાઉ થઇ ગયા છે. આગળના જે જમાનામા તેવણુ થઇ ગયા છે તે જ્યારે આપણે ધ્યાનમા લઇએ છીએ ત્યારે જે બુનદ અને ઉમદા વિચારો તેવણુ જાહેર કીધા હતા તેનો જલદીથી યાને ઘણા થોડા વખતમાંજ અનર્થ કરવામા અને ખોટી સમજ ઉડાડવામા આવી હોય તે માટે આપણે અજાયબ થઇશુ નહી, કારણકે તેવણુ જમાનાના બીજા લોગો કરતા જ્ઞાનમા ઘણા ચઢીઆતા હતા. અને તેવણે દુન્યામા તે સાહેબ સચ્ચાઇના પહેલા પેગમ્બર હતા એક એવો આતશ રોશન કીધો છે, કે જે હજારો વરસ થયા છતાં તદન બુજાઇ જશે નહી —(ડા૦ હાઉગની "ઓરીજીનલ સ્પીચ ઑફ ઝોરૉસ્ટર".)

કેટલાકની પાસે જરૂર કરતા વધારે છે, અને તે છતા તેઓ હાયવાય કરે છે, સવક સૌડે થોડુ જ છે, તોએ વધારેની મ્હ્ચ્છા થતી નથી તેઓ પાસે ઘણુ હોવા છતા તેઓ ગરીબ છે, અને મારી પડખે થોડા છત છે તોઆ હુ શ્રીમત છુ તેઓ ગરીબ છે, હુ તવગર છુ, તેઓ માગે છે, હુ આપુ છુ, તેઓને હજી તગી છે, હુ ઉચ્છિત ખિરૂ છુ, તેઓ વધુ મેળવવાના વલખા મરણતોલ જેવા થઇ ગયા, . છતુ છુ સારી તનદરોસ્તી અને સપુર્ણ નચિતાઇ એ મારી દોલત છ મારુ નિખાલસ અતકરણ એ મારો મુખ્ય રક્ષક છે કોઇને લાચ રુસવત આપી ખુશી કરવાની હુ કનવાર કરતો નથી, તેમજ માથા તનાજાની આપી તેનુ દિલ હુ દુખવતો નથી આ કાનુન મુજબ હુ જીવુ છુ, અને આજ કાનુન સાચવતો મારો જાગીશ-જીવશુ છુ

ઓ આ જેહાનના સફર કાજે આવેના મુસાફર, તું તારી ગફલત અથવા બેખબરીના ખાબમાંથી ઉઠ અને તતાર થા, અને આ ઉગતા સૂર્યના બામદાદના વખતને ગનીમત ગણી તે સાહેબની એબાદત કિંવા મુનાજાત કરવાના મશગુલ થા તું કે આ ઉગમણુ દિશા તરફથી ખીલતા ફરેશ્તાએ તારા સુખસપજ માટે રહેમત અને બક્ષેષના દરવાજા ખોલ્લા કર્યા છે, વારતે તુ બી સાવધ થા, અને એક એકાત જગ્યાએ અથવા એબાદતખાનામા બેસી તેના ઉપકારમા તે સાહેબની બદગી કરવા મડી જા આ આસપાસના બાગો મધેના બુલબુલોબી જાગી ઉઠયા છે, અને એ બાગોના બુલબુલ ટોળા મધેના ફુલપાનોબી ખીલતા થઇને તે સાહેબની સેવા કરતા દિશે છે, વાસ્તે તુ પોતેબી તેવીજ વાત અથવા દુવા કર જો આજની કાલની કયામતના પેલી જેહાનના બુલંદ બેહેસ્તનુ સુખ સપાદન કરવાની કાંઇબી ઇચ્છા તું રાખતો હોય તો આ જીંદગીના તારી હૈયાતીના દિવસમાજ ભલાઇ કરી લે.

દુખ માટે દેશી વૈદ્દામા છાલા પાલાના ઈલાજો સાથ મંતર, તંતર, અને જંતરના ઈલાજો હતા. છાલા પાલાના ઈલાજોમા વનસ્પતી વગેરે ચીજોમાથી બનાવેલી દવાથી દરદ સાફ કરવા મંતર (મંતર) એટલે ઈશ્વરનુ નામ દઈને અથવા પવિત્ર શ્લોક બોલીને દરદ મટાડવુ તંતર એટલે ખેલ કરીને અખતરા કરીને અથવા દરદીની રૂખ માચવી ઠગાઈ કરીને તેના મન ઉપર જોઈતી અસર કરી દરદ દફે કરવા. જંતર એટલે કાગળ ઉપર હીસાબી આંકડા લખીને તે કાગળ શરીર ઉપર બાંધી દરદ સારૂ કરવુ

---

પાક યજદાન દાદગર દાદાર હોરમજદની બંદગી પર ઘણુંજ ધ્યાન આપવાની અગત્ય છે તે સાહેબ ખુદ માલેક છે ને સર્વ ચીજોનો પેદા કરનાર પાલનાર ને દુખ મટાડનાર છે માટે દાદાર હોરમજદની આરાધણાની વગીજ જરૂર છે મહરબાર સાંજ કલાક બે કલાક તેની યાદ અને બંદગીમા ગુજારવાથી જીવતાજીવત તેમજ મરણ બાદ અને બીજા અવતારોમા ઘણોજ ફાયદો હાસલ થાય છે એ વીશે ભક્તોના બે મત છેજ નહી.

પ્રાણીઓ તરફ દયા, વડીલને માન અને ખુદા તરફ ચાહ બતાવવામા માણુસની મહોટાઇ છે. સારી વાત, સારી સમજદારી, સારી ચાલ, વખાણુને પાત્ર છે. પવીત્ર જીદગી ગુજારવામા ખરી ખુશાલી છે દોલત, સગાઇ, જુવાની કોઇનો સાથી નથી કામ ક્રોધ, અને લોભ તજવો. સદા ચરણુ થવા, માફી બક્ષવા, અને મીઠા સખુનો વાપરવા દરેક તક શોધવી. મન ઉપર કાબુ રાખવો, સચ્ચાઇ અને સારા માણુસની સગત કરવી. આળસાઇ, જુઠા સાચા અને ઠઠા મશ્કરીથી દુર રહેવુ. તદરોસ્તી, ખુશાલી, અને સારી ચાલ માટે હમેસા ઇચ્છા કરવી ભકિત, પ્રેમ અને શાતી માટે પ્રાર્થના કરો.

---

મન ઉપર કાબુ રાખવાથી દુખમા ઘણો આરામ થાયછે ચીરડાઉપણુ અને અધીરાઇથી હૃદયના ધપકારા વધે છે અને નસોમા લોહી વધારે ઝડપથી દોડે છે, અને એથી ચામડી ઉપર ખરાબ અસર થાય છે તેમજ શરીરના દુખોમાં વધારો થાય છે એથી ઉલટુ ખુદાની ઉપર વીશ્વાસ રાખવાથી અને મન મોટુ કરવાથી દુખમાં ઘણો ઘટાડો થાય છે. એક ખુશાળ હઇયું સારી દવા માફક કામ કરે છે, અને તુટેલા દીલથી હાડકાં સુકાય છે.

જશનનો તેહેવાર અસલી ઇરાનીઓ કેવી રીતે પાળતા હતા. (૧) પાદશાહ અને તેના અમીર ઉમરાવો સઘળા એક જાહેર મીજલશમા સાથે મળતા (૨) ત્વા પવિત્ર આતશને રોશન કરવામા આવતો (૩) સઘળાઓ ખોદાની યાદમા મશગુલ થતા (૪) કજીઓ કકાશ વિસરી જઇ સઘળાઓ એકમેક સાથે મળતા અને ખોદાઇ નેક રાહ અખત્યાર કરતા (૫) એ દિને સઘળાઓ આશાયસ લેતા અને પોતાના દરરોજના ચાલુ કામથી ફારેગ રહેતા (૬) એ દિન ખાનાપીના અને મોજમઝામા ગુજારતા હતા એ પ્રમાણે ફીરદોશી કહે છે કે ખોદાની બંદગી અને આભાર, માહોમાહેમા ભાઇબંધી, અને તનમનને રાહત અને ખુશી એ ત્રણ એ જશનની મુખ્ય નેમો હતી

---

હે ખુદા! જેમ આ સુખદમા શીતલતા રહી છે તેવો શીતલગુણ આપનામા સંપૂર્ણ પ્રગટયો છે, તે ગુણ મારામા પ્રગટે તેટલા માટે હુ સુખદથી અર્પણ કરુ છું

(૧) ઉગમણુ ભણીના લખાણોમા ખુદ અવસ્તા પ્રમાણે જરથોસ્તની જન્મ-ભુમી એક પ્હાડ ઉપર "દરેજી" નામની નદીને કીનારે હતી (૨) જરથોસ્તનો જન્મ ફ્રરવરદીન મહીનો ને ખોરદાદ રોજ (ખોરદાદ સાલ) ને દહાડે થયો હતો, જ્યારે મરણુ દેહ મહીનો ને ખોરશેદ રોજે નીપજ્યુ હતુ. (૩) પોતાની ૩૦ વરસની ઉમરે અસપંદાદ મહીનો ને અદેરાંન રોજે જરથોસ્ત સાહબે પેહેલવેહલી દીન જાહેર કરી હતી. (૪) જરથોસ્ત ૭૮ વર્ષની ઉમરે (શાહગુસ્તાસ્પના રાજ્યના ૬૮ મા વર્ષે) હક થયા હતા (૫) જરથોસ્ત પેગમબરે કુલે જીદગી ૭૭ વરસને ૪૦ દહાડાની ભોગવી હતી (૬) જરથોસ્ત ગુજર્યા ત્યારે બદગીમા હતા, જેમને તુરાની અરજાસ્પના સરદાર તુરબરાતુરે મારી નાખ્યા હતા, તો જો કે તે સરદારનુ મરણુ પણુ જરથોસ્ત સાહેબનાહાથની તસબીથી થયુ હતુ.

બાજ નહી ધરે. પીશાબ કરે અને પછી અને તેને બરાબર સાચવે નહીં તો તે દરૂજી શકતીઓનુ જોર વધેછે.

તેટલા માટે દરૂજી શકતીઓને દુર કરવા તેઓનુ જોર તોડી નાખવા અવસતાના કનામો ભણવા તથા દરેક વખતે "હાજતથી" ફારેગ થયા પછી ફરીથી અવસતાના ચોકસ કનામો પઢી હાથ મોઢુ પગ ( શરીરના ખુલ્લા ભાગો ) ધોઇ કુશતી કરવાનુ આપણા પાક ધરમનુ મજકુર ફરમાન આપેનુ છે બાજ ધરવી તથા ફારેગ થયા પછી ત્રણ કદમ પાછને પગે પાછા ચાલી બાજ મુકવાનું ફરમાન આપવામા આવયુ છે

---

જેઓ ઘણા ઉડા વિચારમા રહેનારા હોય છે અને બોહસીના હોય છે તેઓને કોઇ કોઇ વાર ઉદાસીનો રોગ લાગુ પડે છે એ એક જાતનો પીત વીકાર છે ઘનુ ખરૂ જેઓને પીત્તનો રોગ હોય છે તેઓને ઉદાસી લાગુ પડ છે એવા લોકો શરિર અને મને ચાલાક રહેતા નથી

કામનો ધર્મ તે આખી કોમ માટે એકસરખો હોય છે ખરો પણ તે કોમના સઘળાજ માણસો તે એકસરખી રીતે પાળતા નથી કેમકે માણસોની બુધ્ધિ એકસરખી હોતી નથી દાખના તરીકે કોઇ પતેત ભણવા ભણાવવાથી ગુનાહ માફ કરાવવા નીકળે છે. તો કોઇ લાભ મેળવવા અથવા બલા ટાળવા મરઘાનો ભોગ આપવા નીકળે છે કોઇ ફકત એક દાદાર અહુરમઝદને મદદ માટે પુરતા સમજી તેનીજ યાદ કરે છે તો કોઈ ઇઝદ અમસાસ્પદોની મદદપરજ મદાર બાંધે છે કોઇ દુનિયા તથા બહેસ્તના સુખ ભોગ માટેજ કોશેષ કરે છે, તો કોઇ વળી એવા પણ છેજ કે તેવું સુખ બક્ષનાર ખુદ ખુદાનેજ પામવાની કોશેશ કરે છે બંદગી કરવાના એવા રંગઢંગના જ્ઞાનીઓ એવો ખુલાસો આપે છેકે દરેક કોમના માણસોની બુદ્ધિ તામસી, રાજસી અને સાત્વિક એવા મુખ્ય ત્રણ પ્રકારમાં વહેચાયલી રહે છે અને સર્વ કોઇ પોતપોતાની બુદ્ધિ પ્રમાણે બંદગી યાને ભકિત કરે છે.

સુખ તે શાને કહેવુ અને તે શાથી મળે છે? પૈસા સુખનુ એક સાધન છે, તે ખરી વાત પરતુ શુ અમીર જીવનનો સુખી હોય છે, અને મરણ તનક સુખી રહે છે? ધી ઝાર ઓફ આલ ધી રશીયાસ, રશીઆનો છેલ્લો શહેનશાહ, યુરોપના તમામ રાજકર્તાઓના સહુથી દોલતવાન ગણાતો હતો, અને એની રાનુ પાસ એકેકથી સરસ બેમુલ હીરા મોતીઓના મનનખ દાગીનાઓ હતા પણ, અફસોસ! એ મહા કિમત ગેહનશાહ તથા શેહનશાહ બાનુનો આખર અન્જામ કેવો દુખદાયક આવ્યો, કેવા ત્રાસદાયક મોતથી એઓ મુવા! ઓસ્ત્રીઆના શેહનશાહનો ફેજ કેવો આવ્યો? હંગરી દેશના રાજા, રાણી, અને રાજકુવરો હમણા કયા છે? બીહાળા જરમન સામ્રાજ્ય ઉપર સત્તા ચલાવનાર કેસરના હવડા કેવા હાલ છે?

---

આત્મ જાતની પેદાયશમા અસલથીજ આ બે ની ૧ મેતવની તથા ખમીર થતી છે એક તો એ નાર સુખ જોવુ, અને બીજી એ કે કોઇ દુખ પામવુ

મહેનત કર્યા સિવાય કાંઇ બનતુ નથી, મહેનત વગર કોઇ ચિજ મળતી નથી, વાસણમા ઘી જમી ગયુ હોય તે પણ વાશ આગળી ફીરવ્યા વિના યાને મહેનત વગર નિકળી શકતુ નથી

ગમે એવો એક બળવત માણસ હોય, પણ ઉદ્યમ નહિ કરે તો તે દુખ પામે છે, પાચ અગળા લીધા વગર ખોરાક મોઢામા જઇ શકતો નથી તેમ મહેનત કર્યા વગર કશી ચિજ બની શકતી નથી

જો મન ધીરજ રાખે અને મહેનત કરે તો સર્વં કાઇ બની શકે છે, મહેનત કરી ખોદકામ કરે છે ત્યારેજ જમીનમાથી પાણી નિકળી તેનો કૂવો બધાય છે તેમ મહેનત કર્યાથીજ ફળ પ્રાપ્ત થાય છે

મહેનત કર્યા વગર ખુદા કાઇપણ ( અમસ્થુ ) આપતો નથી, ખેતરમા બીયા વાવે નહિ તો તેમા પાક કયાથી થાય ? કુમાર

---

મનની ઉપર કાબુ ધરાવવાને માટે એટલી ધીરજ અને ચાલુ ખતની જરૂર છે કે જેવી એક આદમી એક ઘાસના તણખાથી ટીપુ ટીપુ પાણી કાઢી એક સમુદ્ર ખાલી કરવાની ઉલટ અને ધીરજ રાખી શકે.

જ્યારે આપણે થોડો વખત મળે ત્યારે ધ્યાનથી જીગરમા લાગે તેમ દમ બહાર નીકળતી વખતે મનમા ખુદા બોલવું પાછો દમ અંદર લેતી વખતે તેજ મુજબ ધ્યાનથી જીગરમા લાગે તેમ મનમા "ખુદા" બોલવુ એ મુજબ થોડો વાર ચાલુ જેવો દમ બહાર નીકળે કે તેની સાથે ધ્યાનથી જીગરમા લાગે તેમ મનમા "ખુદા" બોલવુ પાછો દમ અંદર લઈએ ત્યારે પણ ધ્યાનથી જીગરમા લાગે તેમ મનમા "ખુદા" બોલવુ. એ પ્રમાણે ધ્યાનથી જીગરમા લેતા "ખુદા" "ખુદા" ચાલુ થોડો વાર (જેટલો વખત બને એટલો વાર) બોલવુ આથી થોડા વખતમા આપણી હાલત એવી થશે કે ત્યારેથી આપણુ મન કોઇ કામમા રોકાયલુ નહિ હશે ત્યારે તુરત તે આપોઆપ અંદરથી "ખુદા, ખુદા," કરતુ સમજાશે આ રીત ચાલુ રાખવાથી થોડા વર્ષામા આપણામા અજાયબ જેવો ફેરફાર થશે.

પહેલુ તનદરોસતીનું, બીજુ દીકરાઓનુ, ત્રીજુ સદગુણી ધણીઆણીનુ અને ચોથુ પઇસાનુ સુખ જણાવેલુ છે તેમા આપણે પાચમું અને છેલ્લુ આતમાની મુકતીનુ વધારયુ છે, આતમાની ભાશામા કહીએ તો "રવાન બોખતગી"ના જેવુ ઉમદા સુખ બીજુ કોઇ નથી

અવસતામા કહે છે કે અશોઇમા સઉથી ઉતમ સુખ સમાયલુ છે "જે કોઇ બીજાને સુખ આપે છે તે ખરો સુખી છે" હુમત હુખત અને હુવરશતથી યાને અશોઇથી ચાલનાર બેહેસત યાને આતમાની મુક્તી મેળવે છે અશોઇથી દાદારના દરશન થાય છે.

---

માણુસનુ મન અહિ તહિ ભમતુ બંધ પડીને સાત થયુ છે એમ ત્યારેજ જાણવુ કે જ્યારે નહિ સમજ પડે તેની વાત હોય તે સમજ પડી જાય જેમ અંધારી જગ્યામા દીવો બાળ્યાથી ત્યાંની બધી ચિજો દેખાઇ આવે.

## ૪૭૦ અણધાર્યાં સુખ દુઃખ વીશે.

મનુશ્ય ઉપર અણધારયુ સુખ-દુખ, પડતી-ચઢતી યા આફ્ત, નસીબમા લખયા મુજબ આવી પડે છે જે મનમા કાળી લાય ને બને છે તયારે માણુસ ગભરાઈ જાય છે અને ઇસવરને દોસ દીયે છે એ નસીબમા લખાયલા સુખ-દુખો આગળ આપણુ ચલણ કે ચારો નથી, તમો એ નસીબના લેખને, ગયા ભવના પાપ-પુનય, છઠ્ઠીના લેખ, કરયા કરમનો બદલો, કીરમતનો કહેર કે ખુદાની લાકડીનો ગેબી અવાજ-એવા એક હજાર નામથી બોલાવો, પણ એ નસીબ ઘડનાર યાને સુખ દુખો ઉતપન કરનાર કોઇજ નહિ પણ મનુશ્યનુ મનજ હોય છે

જેનુ મન તેવા વીચાર ઉતપન કરે છે અને તેને અમલમા મેલે છે, જેના ફલો મોડે કે વહેલે, આ કે આવતા ભવમા ચાખવાને આપણુ નસીબ કુદરતીના કાયદા મુજબ ઘણાજ તઇયાર થાય છે, જેનો સબંધ આસમાની સતારાઓ સાથે હોય છે, જે સેતારાઓની ગતી મુજબ મોકલાવહેલાં ફળ ભોગવવા પડે છે

તમારી પાસે જે કાંઇ હોય તે માટે પરવરદેગારના શુક્રાણા કરો અને જે કાંઇ તેમને જોઇતુ હોય તે માટે તેની ઉપર ઇતબાર રાખો તમારી હાલત તમારી મરજી મુજબની ન હોય, તો તમારી મરજીને તમારી હાલત મુજબની બનાવો, યાને તમારી ચાલુ સ્થિતિ માટે સતોશથી શુક્રાના કરો એક માણસ જો પોતાની ચાલુ હાલતથી સતોશ પામતો ન હોય, તો પોતાની મરજી મુજબની ચઢતી હાલતમા આવ્યા પછીબી તે સતોશ પામવાનો નથી.

---

જીવને ખુદાનુ જ્ઞાન થવાનું એટલે ખુદાને પામવાનુ સ્થાન અતકરણજ છે મન અતકરણનીજ એક વૃત્તિ છે અતકરણમા મનને સ્થિર કરવાથીજ જીવ ખુદાને પામે છે. મનજ જીવને ખુદાની નજદીક પહોચાડે છે. અને મનજ જીવને ખુદાથી દુર ભોગ પદાર્થોમાં ધસડી જાય છે ગાથામા પેગમ્બર સાહેબ જરથોસ્ત કહે છે કે વોહુમન એટલે પવિત્ર મન મારફતે ઓ દાદાર હોરમઝદ હુ તમને પહોચુ

## ૪૭૨ શાંત ઉંઘ મેલવવાના ઉપાય.

જેઓને સવપના વગરની શાત અને નીરાને ઉ૧ જોઇતી હોય તેઓએ બીછાને ઉ૧વા જવાની ચાર કનાક આગમજ ખાણુ ખાઇ લેવુ જોઇએ દીવસમા બે વખત ખાવાની ટેવ જે આ અગાઉ ગ્રીસ લોકમા હતી તે ઘણી પસંદ કરવા જોગ છે સવારે ૧૦ વાગે અને સાજે ૬ વાગે હીંદુ જઇન ધરમનું ફરમાન છે કે સુરજ અસ્ત પામે તે અગાઉ રાતનુ ખાણુ ખાઇ લેવુ જોઇયે અને સારી તદરોસતી જાળવવા આ કાયદો બહુ જરૂરનો છે જો ત્રીજુ ખાણુ ખાવુ હોય તો તે ઘણુ હલકુ હોવુ જોઇયે અને ફકત ફરૂટનુ બનેલુ હોવુ જોઇયે

---

દોઝખ એટલે આપણે આ દુનિયામા જે બુરા વિચાર કીધા હોય, બુરૂ બોલ્યા હોઇયે, અને બુરા કામો કીધા હોય, તેના ફળ તરીકે ગુજરવા પછી આપણા રવાનને બહુ દુખની લાગણી થાય છે, તે હાલતને દોઝખ કહે છે

પાક જરથોસ્તી મહજબ અને તેના તરીકા કે રીવાજ મુજબ અનેક ધરમ ક્રીયાઓ નીરમાણ કરવામા આવી છે, પણ તેમાથી કેઇ કરની જરૂરી છે, અને કઇ મરજીઆત છે, તે કાઇક વીભાગો કરવામા આવયા છે, લોકોની ધારમીક લાગણી એવી છે કે કેટલાકો જયારે તેમાની બધી ક્રીયાઓ કરાવે છે, તયારે કાઇકો ઓછી કરાવે છે, એટલ કઇ કરાવવી અને કઇ ન કરાવવી તેની તકરાર અને મતફેરી કોમમા ચાલુ જાયઝ રહેલી છે યજશને વ દીદાદ, વીસપરદ, સીરોની, ફરેસાના નીર ગદીન વગેરે વગેરે ક્રીયાઓ જેટલી ફરજીઆત છે, તેટનાજ મરજીઆત પણ છે, અને તે સઉનાં સજોગો અને સ્થીતીઓને પાલવે તેમજ કરવાની છે. પરતુ ચોક્કસ મરણ કે જીવન ક્રીયાઓ જરૂરી અને ફરજીઆત જેવી છે, તે કરવાની હરેક જરથોસ્તીઓની આઇન ફરજ છે.

---

મોહરદાર ઉપર જુલમ ગુજારી, તેણીને હેરાન કરી, મારી કુટી, દુખી કરી પોતે મીઆજદાર હોવાનો દાવો કરનારાને જોઇ એક રહીશે પોકાર ઉઠાવયો કે "આએ આદમી નથી પણ હેવાન છે."

"હુ મોટો થાવુ," "મને ફલાણુ મળે," એવી એવી આશાઓ જોકે પ્રગટીકરણના શરૂઆતના તબકકાઓ ઉપર રહેનાં માણસો માટે સારી છે, અમુક ચિજ મેળવવાની ઇચ્છા કાંઈ ને મળી, એટલે માણુસને વધુ ને વધુ ઇચ્છા થાય છે, અને હમેશા કાળ આપણી ઇચ્છા પુર્ણ થતી નથી, અને જ્યારે ઇચ્છા પુરી પડતી નથી ત્યારે માણુસને દુખ આવે છે પોતાની સાદેર બની કુદરતે બજાવનો જઇ પોતાની ઇચ્છા માત્ર ખુદાને માટે રાખી હોય તેજ માણુસ ખરો સુખી થાય

---

જરથોસ્તી ધર્મમા સઉથી ઉત્તમ બંદગી દાદગર દાદાર અહુરમજદની છે તે બંદગીનો વખત સહવારના ચાર વાગેથી છ વાગા વેર છે તેટના અરસામા નાહી ધોઇ એક સોજ્જી જગા પર બેસવુ ને આતશપર સુખડ મુકી—નીચનો કનામ ભણીયા કવો "યા દાદગર દાદાર આરમજદ રયામદ ખુરેમદ મીનોઆન મીનો બરતુમ બરેસાદ' ને ઇહને દુઆ માગવી કે તારો આશરો ને તારી ચાહના થાય—ને ચારે દીસાનો નમસકાર કરવો—જો બે કનાક નહી બને તો એક કનાક ભણવુ જોઇએ

હજરત આઝર કયવાન કહેછે કે "હુ [અહુરમજદમા] યજદમા [અહુરમજદ] **યજદ** થયો અને મને મારી કશી ખબર રહી નહી, પણ એટનીજ ખબર રહી કે હુ **યજદ [અહુરમજદ] છુ**, જુદા હતો અને મારી કશી નીશાણી નહીં હતી મને મારા જાનાબી હોશ અને કામ રહી હતી નહી. સર્વેને હુ મારી છાયાની મીશાલે જોવા લાગો અને ઉકુળ તથા નુકુસમા હુજ હતો" કેટલાક લોકો જે આમ કહેછે કે "માણુસ ખુદા કહેવાતો નથી—તે ખુદા થતો નથી.' ખરૂ છે કે જ્યા સુધી માણુસ માણુસ તરીકે છે ત્યા સુધી તે 'ખુદા કહેવાતો નથી," જે આમ માણુસ કહેવામા આવ્યુ છે કે "એકમાથી અનેક અને અનેકમાથી અતે **એકજ** થાય છે," ઉમ્રકહે છે કે—

"ઢુડ ફીરૂ મે યારકો, અપની ફીકમે ચોતરફ,
આપીમે આપ મીલ ગયા પરદા જો મય ઉઠા દીયા.
મેરે સખુનમા સમજો તૂમ ઉસમે નહી હય કુચ્છ ગળત
આપી ખુદા હુવા યહે હમ જબકે ખુદી મીટા દીયા."

અહુનવર, યાને આપણા યથા અહુ વઈરયોના કનામ, માટે ઈજશનેના ૧૯મા હામા કહ્યુ છે કે પરવરદેગારે આસમાન તથા દુન્યા પેદા કીના તેની આગમચનો એ કનામ તેણે બનાવ્યો હતો, અને જો એ અહુનવર બરાબર સમજીને તથા વચનમા બીજુ' કઇ પણ બોલ્યા વગર તથા કોઇ બી પદ મુકી દીધા વગર ગાયનની ઢબમા ભણે આ પુરાતમ હિંદુ ધર્મશાસ્ત્રમા પણ એવુ ચોકસ જણાવેલુ છે કે સૃષ્ટિ બનાવવા પહેલા પરમેશ્વરે 'ઓમ' નો પવિત્ર કનામ યા શબ્દ પ્રગટયો હતો, વળી, ક્રાઇસ્ટના એક ચેના સેંટ જોને પોતાના લખેના ગોસ્પલમા જણાવ્યુ છે કે,

"In the beginning was the Word, and and the Word was with God, and the Word was God."

પેજ ૩૭૨ મા જે ૬૧૭ દસ્તુર રોડ કરીને છાપેલુ છે તે અરજ થવાથી પાછુ સાચાપીરનુ નામ રાખ્યુ છે બગજ ૬૧૭ સાચા પીર હજારૂ —પી. મે.

અહુનવર માથ્રના ત્રણ વિભાગ કવિતા ૩૫મા,

**૧ યથા અહુ વઈર્યો અથા રતુશ અશાત્‌ચિત્‌ હચા.**

જેમ એક અહુ (દુન્યાનો સરદાર) સર્વોત્તમ (યાને સૌથી બલવાન) (આ ખાકી ભુવન પર) છે તેજ મુજબ એક રતુ (મીનોઇ સરદાર) (પોતાના) અષોઇ (ના બલ) ને લીધે (બધાં ભુવનોપર) સર્વોપરિ હોય છે.

**૨ વઙ્‌હેઉશ દજદા મનઙ્‌હો શ્યઓથનનાંમ અઙ્‌હેઉશ મજદાઈ.**

**બહમન** અમશાસ્પંદની બક્ષેસો તેઓ માટે છે જેઓ ખલકતના સાહેબ (દાદાર **અહુરમજ્દ**) ને ખાતર કામ કરી રહ્યા છે

**૩ ક્ષથ્રેમ્ચા અહુરાઇ આ યિમ્ દ્રિગુબ્યો દદત્‌ વાસ્તારેમ.**

અને **અહુરમજ્દની** શક્તિ(ની) તે (શખ્સ) ઉપર (નવાજેશ થાય છે) જે ગરજવન્તોને સહાયતા આપે છે.

સ—ધરતીને મજબુત રાખનારા આ પહાડો કરતા કોઇ ચીજ વધારે મજબુત છે?

જ—લોખડ, જે પહાડોને પણ ખોદી નાખેછે.

સ—લોખડ કરતા કઇ ચીજ વધારે મજબુત છે?

જ—આતશ, કારણ તે લોખડને પીગળાવી નાખેછે.

સ—આતશ કરતા કઇ ચીજ વધારે મજબુત છે?

જ—પાણી, કારણકે તે આતશને બુઝાવી નાખેછે

સ—પાણી કરતા કઇ ચીજ વધારે મજબુત છે?

જ—પવન, કારણ પવન પાણીના વાદળાઓને ધસડી લઇ જઇ શકેછે

સ—પવન કરતા કઇ ચીજ વધારે મજબુત છે?

જ—એક ભલો આદમી જે સખાવત કરેછે

---

નાના દાનથી જ્યારે નસત થવાય ત્યારેજ પ્રિયા, પાખુ મળે છે. ઉત્સાહ ખીલવવા માટે ઉંચા ભક્તિના ગાયણોથી, ખાસ કરી ઉંચા પ્યારના ગાયણોથી, જીગર હમેશા ઉભરાતુ રેહે છે

જો કોઇ આપણું સગુ વહાલુ યા દોસ્ત આસનાવ, આપણાથી દુર દેશમા વસ્તુ હોય, અને તે બીમાર પડયો હોય અથવા કાઇ દુ:ખ આફ્તમા હોય અને આપણે તેનાથી દુર હોવા છતા, દીવસમા ત્રણ ચાર વાર, શાંત પડીને આખો મીચીને, ભલા દીલાસાનાં વીચારો મનમા કરવા જો માંદો હોય તો આ પ્રમાણે વીચાર કરવા જે, હે બાઇ, એ બીમારી યા દુ:ખ યા આફ્ત કાઇ સદાનુ નથી, થોડા વારમાં એમી મટી જશે, અને હે ખુદાવંદ ખુદાના પ્રાથના કરયે કે ફલાણા ધણીને આએ દુ:ખમા શાંતી આપ, એવા એવા વીચારો કરવાથી, તેના આકારો, તે ધણીના હૈયામાં જઇને અઠડશે અને તેને થોડીબી શાંતી રાહાત કરશે.

---

હે ખુદા ! જેમ અગ્નિમા પડેલ ધૂપનો ધૂમાડો ઉંચે ગતિ કરે છે, તે આપના ધ્યાન કે ભકિતરૂપ અગ્નિમા મારા કર્મરૂપ કાષ્ઠ બળી જતા મારો આત્મા સ્વગુણોથી વાસિત થાઓ.

"આફ્તાબ . એ શ્રેષ્ટ સર્વ વ્યાપક ઇશ્વર (નું ચીન્હછે)"

"આતશ એ આફતાબનો પુત્રછે"

"આફતાબના સાત કીરણો તે અહુરમજદ ભેગા સાત અમશાસ્પંદો છે"

"આફતાબ અહુરમજદ છે"

"આફતાબ એ ઇશ્વરની નિશાન છે"

"આફતાબ એ જીંદગી અને પ્રકાશનુ મૂળ છે

"આફતાબ એ જ્ઞાન પ્રકાશ છે"

"આએ આખો જે બહુરમજદની તેને નેમાજ હોજો!"

"બુલંદ (રોશનીઓ) માની આએ ઘણીજ બુનંદ રોશણી (કે જેને ખોરશેદ કહે છે) તેને હમો, અએ હોરમજદ! તારે માટે સઉથી સોહામણુ શરીર ગણીયે છીયે"

---

જે બાનુઓ અને મહસયોનો ઉપકાર રહી ગયો છે તે સરવે તરફથી માફી ચાહુ છુ હી મે. ઇરાની

**ભાગ ૧ લો સમાપ્ત.**

## ૧૦૧ ખુદાના નામો.

બામદાદના વખતમા પુરતી પવિત્રાઇ સાથ, શાત મને નીચે લખેલા પાક દાદાર અહુરમજદના ૧૦૧ નામો જો પઢવાને જારી રાખે તો, પઢનાર ઘણી હરએક આફત યા મુશકેલીમાંથી પોતાને અજાએબ રીતે શાત થયલો જોશે

**યજદ. હરવસપતવાંન. હરવરસપ આગાહ. હરવસપ ખોદા. અબદહુ. અબી–અનજામ. બુનશતહુ. ફેરાખત તહ જમગ. પરજતરહુ. તુમ અફયહુ. અબરવ દ. પરવદહુ આંનઅયાફહુ. હમ–હુઅયાફ. આદરો. ગીરા. આચેમ. ચમના. સફના. અફ્જા. નાશા. પરવરા. આયાનહુ. આયઇન–આયાનહુ. અન–આયાનહુ. ખરોશીદતુમ. મીનોતુમ. વાસના. હરવસતુમ. હુસેપાસ. હર–હેમીદ. હરનેકફરેહુ. બેશતરના. તરોનીસ. અનોશક. ફરશક. પજોહ–દહુદ. ખવાપર. અવખશાયા. અબરજાહુ. અ–સિતોહુ. રખોહુ. વરૂન. અ–ફરીપહુ. બે–ફરી તફહુ. અદુવઇ. કાંમે–રહ. ફરમાંન કામ. આચે-**

ખતન. અ-ફ્રરમોશ. હુમારના. સનાયા. અ-તરસ. અ-બીશ. અરૂરાજદુમ. હુમચુન. મીનો સતીહુગર. અ-મીનોગર. મીનો નહુબ. આદર-બાદગર. આદર-નમગર. બાદ આદરગર. બાદ-નમગર. બાદ-ગેલગર. બાદ ગેરદતુમ. આદર-કીબરીત તુમ. બાદગરજાએ. આબતુમ. ગેલ-આદરગર. ગેલ-વાદગર. ગેલ નમગર. ગરગર. ગરોગર. ગરાગર. ગરાગરગર. અ-ગરાગર. અ-ગરાગરગર. અ-ગુમાન. અ-જમાન. અ-ખુઆન અમુશાત હુશીઆર. ફ્રશુતના. પદમાંની. પીરોજગર. ખુદાવદ. અહુરમજદ. અબરીનકોહુનતવાન અબરીન-નોતવાં. વસ-પાન. વસપાર. બાવર. અહુ. અવખશીદાર. દાદાર. રયોમદ, ખુરેહુમદ. દાવર. કેરફેગર. બોખતાર. ફ્રરશોગર. અષેમ વોહુ ૧.

---

"એક હજાર ને એક ખુદાના નામો જમા કરૂં છું જપવાને માટે"

જરથુસ્ત્ર સાહેબની છબીને પગે પડતા તે અશો સઓશયતના બુલંદ ફરોહરોની માનભરી યાદ કરી તેમને નમસકાર કરવાનો ખયાલ સંભાળભરી રીતે રાખવો જોઇએ છે, તેમજ મુકતાદને પગે પડતા તમામ અશો ફરોહરોની માનભરી યાદ કરી તેમને નમસકાર કરવાનો ઉંચ ખયાન ખાસ કરી રાખવો ઘટે છે મુક-તાદને પગે પડતી વળાએ આપણી પુરાતન રૂઢી પ્રમાણે મુકતાદનો ટુંક નમસકાર, તેના અરથ ઉપર ધયાન આપી, ભણાય તો પછી આ પગે પડવામા બેરાબાર પણ મુરતી પુજાનો ભાસ રહેવા પામે નહી

— —

રોજીને માટે મહતારના પાચ વાગે નાહિ ધોઇ-આતષ પર સુખડ મુકી-હમતી કરી હોસબામ ભણવી ને તરત હફ્ત અમષાસપદની હપતન યશત ભણવી-તદરોગ્ની ભણવી ને ચારે દીસાની નમસકાર કરવી—

પછી બીજી કસ્તી કરી ખોરશેદ-મેહરની નીયાએસ દુવા નામ સેતાયસ ભણવી

કબીર કહે છે કે, ખુદાના દરશન કરવાને હુ ઘણોજ તલપગાર થઇ રહયો છુ, પણ તેનો નુરાની ચહેરો જોવાને મારી ખાલી આખો દીવસ યા રાત અંધકાર જ દીઠ છે,—પણ જો આ દુનીયામા હુ નેક રાહે ચાલુ, સત્યતાને વળગી રહુ, પરોપકાર અને ભલાઇ ભરયા કારયો કરૂ, દુનયવી ખોટી મોજ-શોખ, માયા-વીષયોને તજી દેવુ અને ખુદાની બંદગીમા નીરંતર મચયો રહુ તો આ મારૂ ખાકી શરીર એવુ તો પ્રકાશીત અને ઝળઝળાતુ બને, કે તે ખાકી શરીર ચક-ચકીત રોશનીમા ફેરવાઇ જાય, તે રોશની મારા જીવ રૂપી કાકરાથી સદા સળગતી રહે, જે કાકરો બળતણ માટે તેલને બદલે મારૂ લોહી ચુસી ચુસીને તેનો ઉપયોગ કરે! તો પછી હુ ઇશ્વરને ખુલ્લી રીતે જોઇ શકુ

રોજીને માટે સૌથી ઉત્તમ ઉપાય એજ કે જે ચાકરી અથવા રોજી માટે અરજ કરીયે તેમાથી રૂપીયે-એક આનો અથવા વધુ ધરમ સખાવતમા આપવો ને એકીનદારીથી ચાલવુ.

દરેક જરથોસ્તીએ ત્રણ રીતના દોસ્ત એખતયાર કરવા, જેવા કે પેહેલો દોસ્ત એક ફરેશતાને પસદ કરી હમેશ તેની આરાધના અને સેતાવશ કરવી કે જેથી મુશકેલીના વખતે તે ફરેસતો યારી કરે

બીજો એક દાનાર નેક ખશલતના અકલમદ મરદને પસદ કરી રાખવો કે જે હર વખત નેક સલાહ આપી રાસ્તીનો મારગ બતાવે અને ત્રીજો એક દાના દસ્તુર યા મોબેદને પસદ કરી રાખવો કે જે ધરમ સબધી સલાહ આપી નેક અને રાસ્તીના મારગે ચલાવનાર હોય ( સદદર સફે ૧૯૧ )

---

ફ્રૂટ જમવા પછી નહી પણ જમના અગાઉ અરધા કલાક આગમચ ખાવી, કારણ તેમાંની એસીદ, જે તનદરોસતીને ગુણકારીક તે લોહીની સાથે જોડીને તેવીજ જલદી મલી જાય છે પણ જો જમયા પછી ખાધી હોય તો ખોરાક સાથે ભેલાઇ ગયાથી તેની અસર ઝાઝી માલમ પડતી નથી.

ખુદા દયાળુ છે, કૃપાળુ છે એ દલીલ ખરી છે તેની કૃપાવિના એક પળ પણ કોઇથી ટકી શકાય તેમ નથી પણ જ્ઞાનીઓ કહે છે કે માણુસ માગે તે આપી દેય એવો ખુદા ભોળો કૃપાળુ નથી એમ આપી દેતો હોય તો એવી મતલબી દોષવાળી ભક્તિ કરનારને કાઇ દુખ હોયજ નહિ. સઘળા વાસના ભોગના આનદમા ચકચુરજ હોય, પણ તેમ બનતુ નથી કર્મના પ્રમાણુમા સુખ ભોગના પદાર્થો મળ્યા કરે એવો બદોબસ્ત ખુદાએ પોતાની ખુદરતમા રાખ્યો છે ભક્તિ કરવાથી તેવા પદાર્થો વધારે પ્રમાણુમા ખુદા પહોચાડે તેમા કાઇ ખુદાની ખરી કૃપા નથી દરેક જીવને આત્મજ્ઞાન થાય યાને દરેક જીવ પોતાના આત્માને ઓળખે અને તે જ્ઞાનવડે મુક્તિ એટલે રવાન ખોખતગી મેળવી ખુદામા મળી જઇને હમેશગીનુ સુખ પામે એવી ખુદાએ પોતાની ખુદરતમા રચના રાખી છે તે રચનાની નેમ પાર પડે તેવેજ રસ્તે ખુદા કૃપા દેખાડે છે જ્ઞાનીઓ કહેછે કે તેજ ખરી કૃપા છે.

"તારાજ વિચારમા આ તમામ જીંદગી ગુજરી જાય અને આ ગરદન તારીજ બંદગીમા ઝુકેલી રહે, યા ખુદા, મને લાંબી જીંદગી આપ, પણ તે, કે જે તારીજ ઇબાદતમા રોકાયલી રહે"

તુ ચિંતા ના કર, નચિંત રહે! કાય જે ખુદા તારૂ પુરૂ કરવાવાળો છે, ને તે મહા બળવાન છે, પાણીમા ને જમીનમા જે જીવો છે તેઓની પાસે કાઇ પૈસા નથી, તોપણ તેઓનુ પોષણ થાય છે, તેમ તારૂંબી થશે

---

આતશબેહેરામ આગળથી પસાર થતા કેટલાક સાહેબો નમે છે ને કાઇ ઇટ ચુનાને નમતા નથી, પણ તેઓના ઉંચ વિચાર પાક કેબલા તરફ તથા હોરમજદ તરફ હોય છે

---

"બીજાનો ધર્મ ગમે તેટલો પાળવામા આવે તેના કરતા પોતાનોજ ધર્મ, જે ગમે તેવો હોય, તેમાંજ રહેવુ બેહેતર છે, આપણા ધર્મમાંજ મોત આવેલુ ભલુ છે, બાકી પારકાનો ધર્મ ભયથી ભરપુર છે."

કુશતી કરતો હોય તેની વચ્ચેથી કોઇ બીજા શખસે જવુ નહીં પણ જો અગતનેસર જવુ જ પડે તો ઓછામા ઓછા ત્રણ કદમ અથવા એથીબી વધુ દુરથી જવું એવુ આપણા ધરમનુ ફરમાન છે કે જેમા ઘણાએક બારીક ભેદો સમાયલા દીસે છે

આવા ત્રણ કદમના યા તેથી વધુ કદમનાં ફરમાનો આપવામા આવેલા છે તે કઇ અચલ ફરમાનો આપેના હોય એમ નથી, પણ જેમકે આતશમાં પાણી નામવાની મનાઇ છે તોપણ અગત પડવે નામવા યા છાટવામા આવે છે તે પ્રમાણે કઇ ચોકસ અગતને સર જવુ પડયુ હોય તો એટલાં કદમ દુરથી જવાનુ ફરમાન છે, કારણકે કુસ્તીની બદગી કરનારની સનમુખથી ચાલી જવું એ જરથોસ્તી ધરમની બારીક ફીલસુફી પ્રમાણે નારવા ઠરેછે

કોઇબી કેબલાની સનમુખ બદગી કરતી વખતે તે કેબલાના "પવીત્ર ખોરેહ" ની અસરથી તે બદગી કરનારના ખોરેહને પવીત્રાઇ મલે છે.

"વદીદાદ"—(એરવદ કાવસજી એદલજી કાંગાનો ગુજરાતી તરજુમો, ત્રીજી આવૃતિ, ૫રગરદ ૧૬ મી) —

"અએ દાદાર ! આતસથી કેટલી દુર, પાણીથી કેટલી દુર, પાથરેલી (અથવા બાંધેલી) બરસમથી કેટલી દુર (તથા) અશો માણસોથી કેટલી દુર (તે દસતાનવાળી ઓરતની જગા હોવી જોઇએ ?)

"ત્યારે હોરમજદે કહયુ કે ૧૫ કદમ આતશથી, ૧૫ કદમ પાણીથી, ૧૫ કદમ પાથરેલી બરસમથી (અને) ૩ કદમ અશો માણસોથી દુર (તે દસ્તાનવાળી ઓરતની જગા હોવી જોઇએ)"

---

સેતારાની ગીરદેશ હોય ને કોઇપણ કારણથી જીવ રજીદા થયો હોય તો—દર ગેહમા જુદી કસ્તી કરી એક આતશની નીઆએશ કરવી—બીજુ ભણવુ હોય તો જુદી કસ્તી કરી ભણવુ.

બંદીખાનુ—એક કેદીને ચોકસ બંદીખાનુ ભોગવવુ પડે છે, અને તેની નેમેલી હદ પ્રમાણે તેનો છુટકો થાય છે, પણ જો તેની વતણુક ફરીથી ખુરી માલુમ પડે તો તેને ફરી સજા કરવામા આવે છે। તેજ મીસાલે દુન્યા પણ એક બંદીખાનુ છે, જેમા દરેક જણ વધતા ઓછા પ્રમાણમા ગુનેહગાર છે. માટે તમારી વર્તણુક સારી હશે તો ફરીથી આ જેહાનના દિદાર જોવાની ફરજ નથી

મકતબ—જેમ પાઠશાળામા, જ્ઞાન મેળવી, ઊંચા દરજાપર જવાયછે તેમ, તમારે પણ દુન્યામા રહી ખોદાતાલાના માર્ગપર ચાલી આસ્તે આસ્તે કોઇ ઊંચે દરજ્જે અહિંથી પસાર થવાનુ છે

શેતરંજનો દાવ—જેમ શેતરંજની બાજી રમતા, તરેહવાર જાતના વિચારો એકી વખતે કરવા પડે છે, અને તેપરજ તમારૂ ચીત્ત લગાડી ફત્તેહ મેળવવાની આશા રાખો છો તેવીજ રીતે તમારી ફરજ શામા સમાઇ છે, તેનોજ માત્ર ખ્યાલ કરો અને તે પાર પાડવાને જાનફેશાની કરો

તમામ વારતાની ચોપરીઓનો તુક સાર તથા આજથી ૧૦૦ વરશમાં જે પરહેજગાર પવીતર જરથોસ્તીઓ કોણ થઇ ગીયા તેઓના નામની તુક વીગત લખી આપનારે, શીવકને પુછી લખવુ દી. મે.

---

## બઝમે રૂઝે હોરમજદ.

સને ૧૨૯૭ મા બઝમ સ્થાપી હતી. બઝમની મારફતે જશનો, રેસાલાના વાચણો, ભાશાણો, ધર્મને લગતા ચોપાન્યાઓ અને ચોપડીઓ પ્રગટ કરી મેગ્અરોમા, અને સ્કુલોમા મુફ્ત ફેલાવાને બની આવ્યુ તેનો હીસાબ વારેવાર બહાર પાડી, મને યુરોપ જવાનુ નકી થવાથી, ને ખાતામા પૈસા લેવાનુ કામ મોકુફ કરવામા આવ્યુ અને બાકીના નાણાની બોનો જે હતી તે જુદા જુદા મંડળોમા જે જશન કીયા થતી હતી, તે મંડળોના નામપર કરીને મોકલો થયો છુ ૧૯૦૭ ના માર્ચ મહીનામાં **જામે જમશેદમાં** આખા હીસાબ ઉપરથી જણાશે કે આ બઝમમા મારી થોડી પુંજી સમાઇ ગઇ છે તે ખુશી છુ.

યુરોપની મુસાફરીએ જતી વેળા દસ્તુર કેખુશરોના સરનશીનપણા તળે મેમ્બરો તરફથી એક માનપત્ર અને કાસકટ* ભેટ આપવામા આવ્યા હતા, તેમજ પુણાની કલબ તરફથી ખાનબાહદુર મેહેર હોશ ગ દસ્તુરના સરનશીનપણા તલે એક ખાણુ આપ્યુ હતુ, તથા આપાસાગની કલબના મેમ્બરો તરફથી એક ખાણુ અને શેયાલ એનાયત કરવામા આવ્યાં હતા વળી નવસારી બઝમે બેહરામ તરફથી માનપત્ર અને કાસ્કેટ તેમજ નવસારી રહીશો તરફથી એક માનપત્ર દસ્તુર કેકોબાદ દારાબજી મારફતે આપવામા આવ્યુ હતુ સમસુલ ઓલમા ડોકતર જીવનજી જમશેદજી મોદીએ જમશેદી જામ (રૂપાનુ કપ) ભેટ આપી હતી તે માટે સરવે સાહેબોનો ઉપકાર માનુ છુ

---

*Presented to Dinshaw Merwan J[illegible] by his friends [illegible] admirers on the occasion of his visit to Europe for his [illegible] labour in the cause of Social and Religious [illegible]vancement of his Co Religionists.

જરથોસ્તી ધર્મ કહે છે કે ખુદા રોશની, પ્રકાશ અને સચ્ચાઈ છે. હિંદુ ધર્મ કહે છે કે ખુદા તત્વ, હસ્તી અને શક્તિ છે. કોનફ્યુસીયન ધર્મ કહે છે કે ખુદા જાવેદાની છે. બુધિસ્ટ ધર્મ કહે છે કે ખુદા હમેશની સુલેહ અને શાંતી છે. મોહોમેડન ધર્મ કહે છે કે ખુદા જોગવરી છે, ખુદા સર્વ શકતીવાન મરજી છે. યાહુદી ધર્મ કહે છે કે ખુદા પ્રમાણીકપણુ છે. ખ્રીસ્તી ધર્મ કહે છે કે ખુદા પ્યાર છે.

---

આખા દીવસની મહેનતથી જ્યારે જ્ઞાનતંતુ તથા શરીરના સનાયુઓ થાકી ગયા હોય છે ત્યારે રાતે મોડેથી જમવાથી અને પછી તુરત ઉંઘવા જવાથી શરીરની સુખાકારી બગડે છે, અને ઉંઘમા ખલલ અને બેચેની થાય છે.

દુનિયાના તારણ કરનાર થવુ એટલે શું? તેનો અર્થ એમ છે કે તમે જો જ્ઞાની થાઓ તો તેથી દુનિયાનુ અજ્ઞાનપણુ સહેજ કમતી થાય, તમો પવિત્ર થાઓ તો દુનિયાનુ પાપ લગાર ઓછુ થાય, દુનિયાની દીલગીરીમા તમો ભાગ લેતા હોવ તો દુનિયાની દીલગીરી લગાર ઓછી થાય છે,

આપણો ધર્મ આપણને વેરાગ સન્યાસ લઈને અમસ્થી જપ તપ કરીને દહાડા ગુજારવા ફરમાવતો નથી, પણ તે ફરમાવે છે કે ચપળતા પકડો, ઉદ્યોગી થાઓ, ઉદ્યમ કરો ખરી અને પુરી કોશેશો કીધા વગર, પોપટ પેઠે ખાલી મ ની પટપટી જઇને અને બે હાથ ઉચા ધરીને ખોદા પાસેથી તમારી જે તે મુરાદો માગો તેમા તમારૂ કર્તવ્ય નથી સમાયલુ ઉદ્યમ એ માણસનુ કતવ્ય છે Work is Prayer aborare etc orare કામ તેજ બદગી છે સારા કામમા મહેનત ઉઠાવો તે ખોદાની ભકિત કરવા બરાબર છે

કોઇપણ કામનુ મડાણ કરવા આગળ બીજાઓની મસનહત લે, પણ તે પુરૂ કરવાનો ભરૂશો અ ૧ ઉપર ના રાખ પોતાની જીદગાની માટે પોતાની દોલત અને પોતાના ઘરમ વાગે જાન રીદા રે નકામી મેળવવા વખત ખરચ દોલત મેળવવા મજુરી પકડતા શીખ

સ્પેન્તોમદ ગાથાના ૫૦ મા હામા જરથોસ્ત સાહેબ પોતાના દીનનો ઉજગાર બહાર પાડે છે કે "ઓ દાદાર હોરમજદ! સેતારા, ખોરશેદ, દિ'સ થવાની ખબર આપનાર (બામદાદનું ઝળઝળું), એ બન્ના તાહારી કીર્તિ ગાવાને માટે ગરદેશ કરે છે.

---

ખોરદાદ ને અમરદાદ (ઝાડપાન ને પાણી બને તારા ખોરાક માટે છે—(ગાથા ૩૪-૧૧)

ગાય ગોસ્પંદો માટે (માણસે) મહેનત કરવી જોઇએ (સબબ કે તે) આપણા ખોરાકને માટે વધારો કરનારા છે—(ગાથા ૪-૫)

---

પાક પરવરદેગારે કહયું કે જુઓ! તમામ જમીન ઉપરનો બીજદાર ભાજી પાલો તથા તમામ મેવાદાર ઝાડો મે તમારે માટે પેદા કરયા છે, તે તમો તમામ ખોરાક અરથે લેજો (Genesis Chap. I )

---

અપણને આપણા પ્રાણ જેના પ્રીય છે તેવાજ સરવ પ્રાણીઓને તેઓના પ્રાણ પ્રીય છે એમ બુધ્ધી માન મનુષ્યે જાણવું —ગીતા

"દુધના દોહનારાઓને લાજેમ છે કે ગાય તથા ગોસ્પંદોએ બીજા જાનવરોના બચ્ચાઓને દુધ પીવાડયા બાદ જેટનાનો બચાવ થયો હોય, તેટલુજ દુધ દોહે, કારણ પેના મુગા પશુઓના બચ્ચા ભુખે નહી મરે વળી દુધના દોહનારને ઘટે છે કે દુધ દોહવાની આગમચ પોતાના હાથના નખ ઉતારે, જેથી નાહક તે બીચારા ગરીબ જાનદારને નખ લાગવાથી કષ્ટ ઇજા નહીં થાય" "ધીકાહ"

---

ખુદ ઇરાનમા તો બતુમનો રીવાજ છેજ નહી અને જ્યારે યજશ્ને કે નદીનાદ પછી બાજ ધરવામા આવે છે ત્યારે થોડા નાનો (રોગનીઓ) એક બાફેલુ ઇંડુ અથવા તો એક કાંદો, એક પ્યાલુ પાણી, એક પ્યાલુ દારૂ તથા થોડા તાજા મેવા સીવાય કાંઇ મુકવામા આવતું નથી વળી ઇરાનમા દારૂ દરેક ઘરમા પોતાને હાથે બનાવવામા આવે છે તેથી કરીને તે દારૂ સારૂ અને ચોખ્ખો હોય છે એજ અરજ

દસ્તુર ખો. શે. ઇરાની.

## બંદગી કરવાથી થતા ફાયદા.

પાક રેહમી કીરતાર અને તેના ફ્રતેહમંદ યજદાની હમેશા આરાધના કરવાથી આપણુ ખાકી બંદાઓ ખોદાતાલાના ફરમાન બજા લાવીયે છીએ અને તે ખલકનો ખાવીંદ આપણુ ભલુ કરે છે. તન મનની સુખાકારી બખશવા સાથે આપણી અક્કલમા વધારો કરે છે અને આપણી સરવે મુરાદોને બર લાવી હરેક તરેહથી ને સરવ જ્ઞાની સાહેબ ફાયદો પોહચાડે છે, અને હરતરેહની આફત અને મુશકેલીઓમાથી તે દાવર દાદગર આશાનીથી આપણો બચાવ કરે છે અને આખર વખતે પેલી જેહાનમા બુલંદ બહેસ્ત બક્ષે છે.

---

બંદગીની અસર ચમત્કારી છે ખરી બંદગી દુખી દિલોને દિલાસો છે, સુખીઓને માટે શાતિનુ સ્થળ છે, ખરા જીગરની બંદગી ખુદા સાથે જોડી આપનારૂ એક સાધણુ છે

---

જ્યારે પરીત્રાઇથી માણુપ તયાર થાય છે ત્યારે ગુરૂ અને ખોદા એક મલે છે.

જે કામ અવસ્તા હજી બાકી રહેલીછે તેના એક નાના ભાગનોબી અરથ જો આપણે સમજયે, તો આપણે જોઇ શકીયે છીયે કે જરથોસ્તે સપુર્ણતાનો પોતાનો દાદર સાત મોટા પગઠીયાઓનો બનાવેલો છે અને તે નીચે મુજબછે —(૧) મઝદ એટલે સરજાન, (૨) વોહુમનો એટલે ભનુ મન, (૩) અશ વહીશ્તત એટને ઉતમ પ્રમાણીકપણુ, (૪) હક્ષથ્રવૈર્ય એટલે પસંદ કરેલુ રાજ્ય (૫) સ્પેનતા આરમઇતી એટલે મોટા દીલની નરમતા, (૬) ખોરદાદ એટલે સુખ, (૭) અમરતા એટલે અમરગી મહા દુખોનો આ ક્રમ્મો સઘળા ઇનસાનોના આતમાને બેહેસ્તના મારગ ભણી લઇ જનારો છે

એરવડ ગવ, જેમ તમો મતુમપર ગોસ્ત તથા દારૂ મુકવા વિષે પુછાવો છો તે અશો જરથોસ્ત સાહેબના કામોમા તો એવી બાબદો મલતી નથી મતુમપર ગોસ્ત મુકવાનુ કાંઇ ખાસ ફરમાન નથી.

---

અમો નર, મહાત્મા મલીયા નથી કારણ કે તેટલી લાયકાત હજુર આપણામા નથી

મર ભાલચંદ કહે છે કે "૪૦ વરસની ડાકટર તરીકેની મારી પ્રેક્ટીસ દરમ્યાન મે પોતે દારૂને હાથ લગાડયો નથી અને દારૂ પીવા મારા દરદીઓને કદી પણ ભલામણ કીધી નથી. મુબઇની ૫૦ વરસની મારી ડાકટર તરીકેની કારકીર્દી દરમ્યાન ઘણુએક હિંદીવાનોને તથા તેમના કુટુંબોને દારૂની બદીને લીધે ખુવાર થયલા મેં જોયા છે"

---

બંદગી કરવા બેઠા ત્યારથી બંદગી કરી ઉઠીએ ત્યા સુધી મનને દુન્યાઇ જ જાલમા યા કામ ધંધાને લગતી બાબદો તરફ કદી લેઇ જવુ નહીં પણ મનમા પુરતી ગંભીરતા, નમનતાઇ, હઇયામા પસ્તાવો, પવીત્ર લાગણી, અને નીતીમાન વિચારો સાથે એક ચીતની બંદગીની આમરો આપણા આત્માને શુધ્ધ કરે છે આત્મા શુધ્ધ થયો તો માણસ પોતે ભલુ જ કામ કરે છે અને તે પ્રમાણે પોતાના વિચારમા પવિત્રાઇથી ફાવે છે

---

ખોદાની ચાલુ યાદ કર્યા કરો, એમ કરતા ખોદાઇ પ્યાર ઉત્પન્ન થશે.

## નબલા ગ્રહપરના ભણતરો.

હરકોઇ નબલા **સુર્યની** દશાથી હરકત પોહો ચતી હોય તેણે **ખુરશેદ** તથા **મેહેર નીઆયશ** રોજ પઢવી

**ચંદ્રની** દશા હોય તો **માહાબોખતાર નીઆ-યશ** તથા **ઈઅશાત** પઢવી

**મંગલની** દશા હોય તો **અરદીબેહેસ્ત** અથવા **બેહેરામ ઇઅશાત** રોજ પઢવી

નબલા **બુધની** દશા હોય તો **ખોરદાદ** તથા **તેશતર તીર ઇઅશાત** જરૂર પઢે

નબલા **બ્રહસ્પતીની** ચાલ હોય તો **હોરમજદ ઇઅશાત** રોજ પઢે

નબલા **શુક્રની** ચાલ હોય તો **મોટી હફતન** તથા **તેસ્તર તીર ઇઅશાત** પઢવી

**શનીની** દશામા **આવાં** તથા **હફતન ઈઅશાત** પઢે અને **રાહુ** તથા **કેતુની** દશાપર **મોટી હફતન ઇઅશાત** રોજ પઢે

---

બામદાદમા ઉઠીન કુશાની પખોરી (નીરંગ, લીબુ, રેતી, યા નાખ વઇ) **નીરંગ લેવાની બાજ જરૂર પઢજો.**

## ધંધાની રોકાણને લીધે ટુંકી બંદગી.

પુણાની બઝમે રોજે બહેરામ તરફથી જશન પછી દસતુર કેકોબાદ આદરબાદે "બંદગી કરવાની અગત્ય, અને દરેક જરથોસ્તીએ દરરોજ એક ટુંક બંદગી પણ કરવી જોઇએ" એ બાબદપર ભાશણ કીધું હતુ, જેની મતલબ એ હતી કે આપણ દરેક જરથોસ્તીની ફરજ દરરોજ ત્રણવાર ખોરશેદ મહેરની નીઆએશ, હોરમજદ યસત વગેરે કરવાની છે, પણ હરેક જણ જેઓ કામધંધાની રોકાણને લીધે વધારે વખત ફાજલ પાડી શકતા ન હોય તેઓએ, જરૂર "હુવા વીસપ હુમત, તથા હુવા નામ સેતાએશ," એ બે મોતેબર બંદગીઓ હરરોજ પઢવી, કારણ કે એ બે બંદગીઓ દશ મીનીટમા થઇ શકે છે, જેથી દરેક જરથોસતીને સહેલાઇથી બની શકશે.

રોજ માહા ને ગેહને તનદરોશતી સાથે ભણવુ

---

હમેશા દરેક ગેહમા અને દરેક વખતે ખાનું ખાવાની આગમજ બંદગી–કુસ્તી કરજો,

## દર રોહેની બદમી.

**ગાહે હાવનમાં**—સરોશબાજ, હાવન ગેહ, ખુરશેદ-મેહેર નીઆએશ, દુઆ વીસ્પ હુમત, દુઆ નામ સેતવનાને, ચારે દિશાનો નમસ્કાર, હોરમજદ યસ્ત અને બીજી કોઇબી યસ્ત ભણવી (સવારના પોહોરથી તે બપોરના ૧૨ સુધી)

**ગાહે રપીથ્વનમાં**—ખુરશેદ-મેહેર નીઆએશ અને રપિથવન ગેહ, અર્દીબેહસ્ત યસ્ત (બપોરના ૧૨ થી તે પછલા પોહોરના ૩ સુધી)

**ગાહે ઉજીરનમાં**—ખુરશેદ-મેહેર નીઆએશ, ઉજીરન ગેહ અને સરોશ યસ્ત હાદોખ્ત (પાછલા પોહોરનાં ૩ પછીથી સાંહાંજ સુધી)

**ગાહે અઇવીસ્રુથરેમમાં**—કુસ્તી પાદીઆબ, પેરાગનો નમસ્કાર સરોશ બાજ, અઇવિસ્રુથરેમ ગેહ અને સરોશ યસ્ત વડી (સાંહાંજ પડયા પછીથી તે રાતના ૧૨ સુધી)

**ગાહે ઉશાહેનમાં**—સરોશ બાજ, ઉશહેન ગેહ, હોરમજદ યસ્ત. (રાતનાં ૧૨ પછીથી તે બામદાદ સુધી.)

આતશબેરામ યા આદરાન તથા દાદગાહ વગેરે પવિત્ર આતશ રાખવાના મથકો એ આતશની સંભાળ રાખનાર મોબેદ. પોતાના જજમાનોને એક ચમચાપર આતશની રાખ અથવા જેને આપણે રખીઆ કહીએ છીએ તે લાવી દેખાડે છે જેમાંથી એક આંગળી ઉપર રખીઆ લઇને ધાર્મીક જરથોસ્તીઓ પોતાને કપાળે ચોટાડે છે આ રાખ અથવા રખીઆ કપાળ ઉપર લગાડવા માટે ખોદાશનાશીનુ શીક્ષણ એ છે જે, બે આંખોના ભવાંની વચ્ચે કપાળમાં જે ઉંચુ ચક્ર છે, તે અબોઇથી ખીલવાયા તેનાથી ખોદાઇ નુરો દેખાય છે, માટે રખીઆ લગાડતી વખતે, એવો વીચાર કરવો કે અયે ખુદાવંદ માહારી અબોઇવાલી બીનોઇ ચશમ ઉઘાડો કે જેથી તાહરા નુરને હું જોઉં

---

અયે ખોદાતાલા, આજનો માહરો મુબારક દીવસ તથા એ દહાડાની રાત તમામ વખત સાથે મને મુબારક કર

---

કોઇનું પણ ભલું ચાહવાની ખાહેશ રાખજો સરવે સાથે લાયકીથી વરતજો.

ેજ ૧૭૬ લખવુ. રોજ ૨૬ મો આસતાદ–પેતેશહેમ
ઘહમબાર એ દીનથી દીન ૫) સુધી
ેજ ૨૦૬ માં લખવુ રોજ ૨૬ મો આસતાદ-
અયાથરેમ ઘહમબાર એ દીનથી દી(૫) સુધી.
ેજ ૨૭૬ મા લખવુ રોજ ૧૧ મો ખોરશેદ–શ્રી
જરથોસ્ત્ર પેગમબરનો દીશો, યાને પેગમબર
અશો જરથોસ્ત સાહેબનો હક થવાનો દીવસ
ેજ ૨૮૬ માં લખવુ. રોજ ૧૬ મો મેહેર–મેદી-
આરેમ ઘહમબાર એ દીનથી દીન ૫) સુધી
ેજ ૩૫૬ માં લખવુ રોજ ૨૬ મો આસતાદ–
મુખતાદ એ દીનથી દીન ૧૦ સુધી
ેજ ૩૬૨ માં લેવુ અસપદાદ મહીનો તમામ થયા
પછી દીન ૫) હમસપથમેદેમ ઘહમબાર તથા
ગાથાના છે.

શાંતીથી ચઢતુ કોઇ સુખ નથી. શાતી વગરનું
મધતું દુખ તેટલા માટે શાતી રાખવી કે જેથી કરીને
પંસાર સાગર તરી શકાએ, યાને આત્મા મુક્તી પામે

## ભણતરો કેવી રીતે ભણવાં જોઈએ.

નીરંગે આબેજરનું ભણતર ત્રણ વાર ભણ્યા બાદ સરોષ બાજ ભણવી અને તેના પાચ યથા અહુ વઇર્યો ભણતી વેળાએ પહેલા અહુનવરે જમના હાથને, બીજાએ ડાબા હાથને, ત્રીજાએ મોઢાને, ચોથાએ જમના પગને તથા પાચમાએ ડાબા પગને આબેજર લગાડવો. ત્યાર બાદ સરોજ બાજ પુરી કરવી અને કુસ્તી કરવી

હોશબામની બદ્દી બામદાદને વખતે સુરજ ઉગવા આગમજ ભણાય છે

ખોરશેદ તથા મેહેરની નીઆએશ દીવસની ત્રણ ગેહમાં યાને હાવન, રપિથ્વન તથા ઉઝીરન ગેહમા ભણાય છે.

વીસ્પ હુમતની બદગી હાવન ગેહમાજ ભણવામાં આવે છે અને તેનો સબબ એ હોઇ શકે કે દીવસના મામુલી કામકાજમાં પડવા આગમજ સારા વીચાર, સારા વચન તથા સારા કાર્યની ખુબી ધ્યાનમા રાખવી અને તે મુજબ અમલ કરવાની જરૂર પીછાનવી.

દુઆ નામ સેતાયરન ન્યાએશ તથા યસ્તોની ઝંદગીઓ કરી રહ્યા પછી છેવટે ભણાય છે.

નમસ્કાર ચાર દીશાનો દીવસની ત્રણ ગેહ વેળાએ ભણાય છે. બપોર અગાઉ પુર્વ દીશા તરફ મોહુ કરીને કુસ્ની કરતા હોવાથી એ નમસ્કાર પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ તથા ઉત્તરે એમ એકેક પછી ચારે દીશાએ ભણવો, જ્યારે બપોર પછી ભણતી વેળાએ દીશાઓનો અનુક્રમ આ પ્રમાણે રાખવો —પશ્ચિમ, દક્ષિણ, પર્વ તથા ઉત્તર

માહ બોખ્તાર નીઆએશ બનતા સુધી રરોજ ભણવી, અને ખસુસ કરીને તે દર યાદરાત, પુનમ તથા અમાસને દીને ભણવાની જરૂર ફારસી રેવાયતોમા દર્શાવી છે

અરદ્વીસૂર નીઆએશ દીવસની ત્રણ ગેહ તાને હાવન, રપિથ્વન તથા ઉજીરનમાજ ભણાય છે.

**આતશ નીઆએશ** બનતા સુધી હરરોજ ભણવી, અને ખસુશ કરીને દર અહુરમજદ, અર્દીબેહસ્ત, આદર, સરોષ તથા બેહરામ રોજે ભણવાની જરૂર ફારસી રેવાયતોમા દર્શાવી છે.

**ફ્રા ઓઁાતનો** હા ખાસ કરીને અસ્પંદારમદ મહીનાના આસ્તાદ રોજથી અનેરાન રોજ સુધી ભણાય છે

**સરોષ યસ્ત રાતની** વડી રાતના વખતેજ ભણાય છે

**સરોષ યસ્ત હાદોખ્ત** અઇવિસ્રુથ્રેમ ગેહ સીવાય બધી ગેહમા ભણાય છે

**રોજીંદી બંદગી:** એક જરથોસ્તીને પાચે ગેહમા બંદગી કરવાનું ફરેમાન છે, મગર તે જો ન બની શકે તો હાવન ગેહમા સરોષ બાજ, ગેહ, ખુરશેદ મહેરની નીઆએશ, વિસ્પ હુમત અને દુવા નામ સેતાયશને જેટલી બંદગીઓ તો જરૂરજ દરેક જરથોસ્તીએ હરરોજ ફરજ્યાત તરીકે ભણવી જોઇએ છે. તે ઉપરાત અહુરમજદ યસ્ત પણ જો રોજ ભણાય તો બહુ ઇચ્છાજોગ છે અલબત્તા, જેઓ વધુ વખત ફાજલ પાડી શકે તેઓએ બીજી ન્યાએશો, યશ્નો વિગેરે ભણવી ઘટે છે (ખુરદેહ અવસ્તા, મુ. જ. જશન કમિટી.)

# ફ્રી આપવામાં આવેલી ચોપડીઓ.

| | | |
|---|---|---|
| રેહુમ પેહલા સર જમશેદજીની નસીયતો | ૧૦,૦૦૦ | (જામેજમશેદ) |
| ૭ દગીનીની નેમ | ૧૦,૦૦૦ | (ઑરફનેજ પ્રેસ) |
| સક્તી અને ખુદાના નામ | ૧૦,૦૦૦ | ( ,, ) |
| સુખ કેમ મેલવશો | ૧૦,૦૦૦ | (કયસરે હીન્દ) |
| ઇરાની તથા પારસી લગ્નની વીગત | ૧૦,૦૦૦ | (જામે જમશેદ) |
| ફખીરના દોહરા | ૧૦,૦૦૦ | (મેડન પ્રી પ્રેસ) |
| જવાન્યાઓનો સાથી | ૧૦,૦૦૦ | (જામે જમશેદ) |
| સુખ દુખનો સાથી ... | ૫૦૦૦ | (ચેરાગ પ્રેસ) |
| અફસુને સારે ફરેદુનનુ મ ત્ર | ૧૦,૦૦૦ | (ચેરાગ પ્રેસ) |
| સુખ કેમ મેલવવુ .. | ૧૦ ૦૦૦ | (આનંદ સાગર પ્રેસ) |
| સુખ મેલવવાનો ખરો રસ્તો | ૧૦ ૦૦૦ | (પુના કમરસ્યલ પ્રેસ) |
| ૧૦૧ ખુદાના નામ વીગેરે | ૧૦,૦૦૦ | (ઑરફનેજ પ્રેસ) |
| સુખ મેલવવાનો રસ્તો (બીજીવાર) | ૧૦ ૦૦૦ | (પુના કમરસલ પ્રેસ) |
| થોડા સોનેરી સખુનો | ૧૦,૦૦૦ | (ઑરફનેજ પ્રેસ) |

છાપાખાનાના માલેકોએ એ થોપડી ઘણી કીફાએતે છાપી આપીને તેની સાથે પોતાના પત્રોમા થોડે જાચે વેચાવી આપી હતી તે સરવેનો ઉપકાર માનું છુ

☞ ઉપલી ચોપડી સઘળી ખપી ગઇ છે (ડી મે. ઈ)

## ભલા કર ભલા હોગા.

'નેક વિચાર 'ની ચોપરીમા શેઠ ફી જા મરઝબાને ૧૯૨૨ માં શેવકને મા ૩ પેજ લખાન લખીઉ છે, તેમાથી ટુક લખાન આ તકે લેઇને એ શેઠનો ઉપકાર માનુ છુ

શેવક, દી મે ઈ.

"મારા અસીલ મીત્ર મી૦ દી મે ઇ ને હુ નાનો સ્કુલ બોય હતો ત્યારથી પીછાનતો આવેલો છુ ×××× બીરાદર દીનશાહ વાડી વજીફામા ચમન કરતા એક લખાપતી નથી–××× 'જામે જમશેદ' મા લાગટ એક વર્ષ એઓએ "રૌજી દી મનશની" ચાલુ એડીટ કરી–અને આ પત્રના વાચનારાઓને એટલી પસદ પડી કે "નેક વિચાર' ની હારમાલા એજ ભાઇએ લાગટ એક બીજુ વર્ષ દોડતી કરી ×××× ભલા મી૦ દીનશાહની આવી રૂડી કારોશોમા કોમ ખુશીથી શરીક નહીં થાય? ××××

ફી જા, મ

"બંદા અને બંદગી"—(ભાગ ૧-૨ રૂ.)

[ કર્તા-શો. મ. દેશાઇ—સ્ટેશન રોડ-નવસારી ]

આ પુસ્તકની ૧ લી આવૃત્તિમા, ૧૨ જાતના ફુલો માળી સાથે સવાલ જવાબ શેઠ શો, મ. દેશાઇએ છપાવીલ છે તેમાની ૨) ફુલોનો લઈ એ શેઠનો ઉપકાર માનુ છુ

મોગરો—હે માળી! આજે તુ એવા તે કીયા પુરૂષ
માટે મ્હારા ખીલતા અ કુરોની ચુથાચુથ કરેછે?

માળી— એક ઈરાની બચ્ચાએ પોતાની પુ જીને કાટ
ન ચઢવા દેતા દાનધર્મમા બધી દોલત
ગુમાવી દીધી છે તેહને માટે.

જાય ફુલ—હે માળી! મ્હારા ઊગતા ખીલતા પુષ્પો તુ
આજે કીયા શ્રિમત માટે લઈ જાય છે?

માળી— .સે ઠ વૉટસતન ની પેઠયે પોતાની પાસે જે
કાઈ બચ્ચાનુ પેટ ભરવા માટે રહેલુ તે પણ
વધારે ગરજાઉને આપી દસેલા એક વીરલા માટે

જે સમજી સર્વ પુષ્પો સામટા પોકારવા લાગ્યા —

હે માળી! અમો સર્વેને તે નામ કહી દે બી૦ ડી. મે

"રોજીંદી મનશની"ની ૨૦૦૦ નકલ છાપીને છપાઇ બાદ કરીને રૂ. ૧૦૦૦ ધર્મ ખાતે આપવામાં આવ્યા હતા. એ ચોપડીમા તરજુમો વીગેરે કરવામા બાઇ માણેકજી નાગેજી પદરે મેનત લીધી હતી એ ચોપડી ખપી જવાથી તેમાનો થોડો ભાગ આ ચોપડીમા લીધોછે.

---

રોજી દી નેક વીચારો (જેમસ એલનની બુક ઓફ મેડીટેશન") જેનો તરજુમો વીગેરે શેઠ ફીરોજશા જા. મરઝબાને કીધો હતો તે ૧૦૦૦ ચોપડી ખપી જવાથી તેના થોડા પાના આ ચોપડીમાં લીધાં છે.

---

રોજી દી ગવશની બાર માસ સુધી જામે જમશેદમા દરરોજ છપાઇ હતી તેનો થોડો ભાગ આ ચોપડીમા છે

---

૩ વરસ સુ'ધી દરરોજ જામે જમશેદ પત્રમા રોજીદી મનશની, ગવશની અને નેક વિચારોના લખાણો સેવક તરફથી જામેમા ચાલુ છપાયા હતા તે માટે તેઓના માલેક શેઠ જા. બે મરઝબાનનો ઉપકારી છુ. (મારૂ એમા કાઇએ નથી, માટે જે કાઇ થયુ છે તે તેવોના ચરણે વરૂ છું)

૬૧૭ સચ્ચાપીર સ્ટ્રીટ }
પુના, તા૦ ૧-૧૦-૨૪ }

સેવક, ડી. મે. ઈરાની.

# અરજ.

ફુરસુદે આ ચોપડી બધી રફતે રફતે વાંચી જતી જે બાબદ પસદ પડે તે ઉપર નીશાની કરીને ઘડી ઘડી વાચવાથી દર વખતે કાંઇ ને કાંઇ નવા વિચારો ઉત્પન થશે.

એ ચોપડી ફરી ફરીને વાચ વાચ કરવાથી મનનુ
દુખ દુર થઇ મનનુ સુખ હાશલ થશે.

---

મુસાફરી દરમ્યાનમા જગે જગે પુરફો મલતા
તે ઉતાવલે વાંચી જતા કેટલીએક ન
ધારેલી ભુલ રહી ગઈ છે
બીજી આવૃતીમાં સુધારો વિગેરે દરેક બાબદની
ગોઠવણ કરવામા આવશે.

શેવક, સ્કુલની કેળવણીથી બેનસીબ હોવાથી કાંઇ ખામી હોય તે દરગુજર ઇચ્છુ છ.

પુણા,
તા૦-૧-૧-૨૫.

શેવક,
ડી. એ. ક્ષાની.



એવક દી મે ( યુવાવસ્થામા )

A 4832-Lakshmi Art Bombay, 8



સેવક દીનશાહ મેહરવાન